Chapter. 2

# પ્રકરણ : ૨

## દલિતોની સ્થિતિઃ ગઈકાલથી આજ સુધી


૨.૧ 'દલિત' સંજ્ઞાના કોશગત અર્થ

૨.૨ ભારતીય ભાષાઓમાં દલિતસંજ્ઞાની વ્યાખ્યાઓ

૨.૩ દલિત ચેતનાને સંકોરનારી વિભૂતિઓઃ
જ્યોતિબા ફુલે, ગાંધીજી, ડૉ.બાબાસાહેબ આંબેડકર

૨.૪ દલિત આંદોલનનાં પરિબળો અને પરિણામો

૨.૫ 'દલિત સાહિત્ય' એટલે શું ?

૨.૬ ભારતીય દલિત સાહિત્યની આછી ઝલક

૨.૭ ગાંધીયુગનું ગુજરાતી સાહિત્યઃ દલિતચેતના સંદર્ભે

૨.૮ ૧૯૭૫ પછી કથાસાહિત્ય સિવાય અન્ય ગુજરાતી સાહિત્ય
સ્વરૂપોમાં નિરૂપિત દલિતચેતના

# પ્રકરણ : ૨. દલિતોની સ્થિતિઃ ગઈકાલથી આજ સુધી

## ૨.૧. : દલિત સંજ્ઞાના કોશગત અર્થ

મારા શોધ નિબંધના વિષયના કેન્દ્રમાં 'દલિત' શબ્દ છે. આ શબ્દના વિવિધ મતમતાંતરો છેલ્લા અઢી દાયકામાં ખૂબ જ ચાલ્યા છે તદ્‌ઉપરાંત 'દલિત' શબ્દના જેવી અર્થછાયાઓ ધરાવતા શબ્દો તો પ્રાચીનકાળથી મળે છે. જેના વિશે વિગતે જોઈએ.

ભારતીય સમાજમાં 'શૂદ્ર','અતિશૂદ્ર','દસ્યુ', 'ચાંડાલ', 'અસુર', 'પંચમ', 'અછૂત' 'અંત્યજ', 'હરિજન', 'પદદલિત' ના નામે ઓળખાતા એક સમાજસમૂહને આજે 'દલિત' તરીકે ઓળખ મળી છે. 'દલિત' શબ્દ 'અસ્પૃશ્ય' જાતિઓના પર્યાય રૂપે પ્રયોજાય છે. હિન્દી ભાષાના સાહિત્યકાર ડૉ. આનંદ વાસ્કર કહે છે તેમ 'દલિત શબ્દ ભારતમાં હજુ તો ૬૦-૭૦ વર્ષ પૂર્વે મળ્યો છે.'[૧] 'દલિત' શબ્દની ઉદ્‌ગમ પ્રક્રિયાને તપાસતાં હરીશ મંગલમ્ નોંધે છે.

'' 'દલિત' સંજ્ઞાનો પણ ઈતિહાસ છે. ઈ.સ. ૪૦૦ પછી 'અછૂત' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. 'અસ્પૃશ્ય જાતિ', 'હરિજન', 'અપવિત્ર','અંત્યજ','ચંડાળ', 'ભંગી', 'શૌચ-અશૌચ' અને 'દલિતવર્ગ' વગેરે શબ્દો ક્યારે પ્રયોજાયા ? પ્રાચીન ભારતમાં 'અંત્યજ' અને 'ચંડાળ' શબ્દ પ્રયોગ થતો હતો. કચડાયેલી તમામ જ્ઞાતિઓને તેમના કલ્યાણાર્થે 'દલિત વર્ગ' નામના ખાનામાં ભેગી કરીને મૂકી. પાછળથી સરકારી ગેઝેટમાં આ શબ્દનો ઉપયોગ થયો. બોમ્બે ગેઝેટના 'ગુજરાત પોપ્યુલેશન હિંદુજ' પરના ગ્રંથમાં (જેને માટે ૧૮૭૦માં માહિતીનું સંકલન કરેલું અને જે ૧૯૦૧માં પ્રસિદ્ધ કરેલું) 'પતિત...' 'બિન ઉન્નત' 'અસ્વચ્છ' વગેરે જ્ઞાતિઓનું વર્ણન 'દલિત વર્ગો' ના મથાળા હેઠળના પ્રકરણમાં કરવામાં આવ્યું છે. સત્તર પાના (૩૩૧-૩૪૭)નાં પ્રકરણમાં એક પણ વખત 'અસ્પૃશ્ય' કે 'અસ્પૃશ્યતા' શબ્દ વપરાયો નથી. માર્ક ગેલેન્ટર એવો નિર્દેશ કરે છે કે સૌપ્રથમ સયાજીરાવ ગાયકવાડે મુંબઈના 'ડિપ્રેસ્ડ કલાસીસ મિશન' સમક્ષ ૧૮ ઓકટોબર, ૧૯૦૯ના દિવસે રજૂ કરેલી પોતાની નોંધમાં 'અસ્પૃશ્ય' શબ્દ વાપર્યો હતો અને ભાવવાચક રૂપ તરીકે 'અસ્પૃશ્યતા' શબ્દ સૌપ્રથમ મહારાજાના આશ્રિત એસ.વી.કેતકરે તેના પ્રખ્યાત પુસ્તક 'જ્ઞાતિનો ઈતિહાસ' માં કર્યો હતો. જેથી અસ્પૃશ્ય જ્ઞાતિઓની પાછળથી હરિજન અને અનુસૂચિત જાતિ તરીકે ગણના થઈ પરંતુ 'ભ્રષ્ટતા'-'અપવિત્રતા'ના લક્ષણ રૂપે અસ્પૃશ્યતાની ઘટના પ્રાચીન છે.''[૨] આ પ્રાચીન ઘટનાએ દુર્ભાગ્યે માનસિક બીમારીનું વરવું રૂપ ધર્યું છે જે ૨૧મી સદી સુધીની મહાદુર્ઘટના બની રહી.

આ 'દલિત' વર્ગના લોકો માટે સમયાંતરે સ્વમાન, ગરિમા સૂચક શબ્દો જુદા-જુદા વિદ્વાનોએ પ્રયોજ્યા છે. જેમ કે, વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે 'અસ્પૃશ્યો' માટે 'અંત્યજ' શબ્દ પ્રચલિત કર્યો અને રાજ્યમાં તેને 'અંત્યજો' તરીકે ઓળખાવવાની પરંપરા ઊભી થઈ. ગાંધીજીએ 'અસ્પૃશ્યો' માટે ગરિમાસૂચક 'હરિજન' શબ્દ પ્રયોજ્યો તો ૧૯૩૩માં 'ડીપ્રેસ્ડ કલાસીસ'

---

૧. हिन्दी साहित्य में दलित चेतना, डो. आनंद वास्कर, वाणी प्रकाशन, 1980, पृ.17

૨. વિદિત, હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, બીજી આવૃત્તિ, ૧૯૯૫, પૃ.૧,૨

'પદદલિત' અર્થમાં શબ્દ મળે છે. ડો.બાબાસાહેબ આંબેડકરે ગાંધીજીએ પ્રચલિત કરેલા 'હરિજન' શબ્દનો વિરોધ કર્યો અને 'અંત્યજ', 'બહિષ્કૃત' અને 'પદદલિત'ના અર્થમાં 'દલિત' શબ્દ આપ્યો. આ પહેલાં અસ્પૃશ્યો માટે 'દલિત જાતિઓ' (Depressed castes) અને 'બાહ્ય જ્ઞાતિઓ' (Out-castes) શબ્દો સરકારી વહીવટમાં પ્રચલિત હતા. ઈ.સ. ૧૯૩૬માં 'પ્રગતિશીલ-સાહિત્ય'ના મંચ પરથી 'દલિત' શબ્દનો પ્રયોગ હિન્દી સાહિત્યકાર મુંશી પ્રેમચંદજી કરે છે.

ઝવેરચંદ મેઘાણીના 'યુગવંદના' (૧૯૩૫) કાવ્યસંગ્રહમાંની રચનામાં પણ 'દલિત' શબ્દ જોવા મળે છે.

'અમે કંટકનો પુનિત તાજ પહેરી શિર પરે
આજ પીડિત દલિતોનું રાજ રચવાને આવ્યાં.
અમે જુગ જુગ કેરાં કંગાલ ભાંગી નરકોના દ્વાર
દેતાં ડંગ એકતાલ ધરણી પર આવ્યાં.' [૩]

જ્યારે ઈ.સ. ૧૯૩૭-૩૮ માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૩માં અધિવેશનમાં અધ્યક્ષસ્થાનેથી કનૈયાલાલ મુનશી તેમના વ્યાખ્યાનમાં 'દલિત' શબ્દનો પ્રયોગ કરે છે.[૪] ઈ.સ. ૧૯૫૦માં રચાયેલા આપણા બંધારણમાં 'અસ્પૃશ્ય' વર્ગ માટે 'અનુસૂચિત જાતિઓ' (Scheduled Castes) શબ્દ પ્રયોજાયો, જે આજે સરકારી વહીવટમાં પ્રચલિત છે. ઉર્મિલા બહેન પટેલે એમના શોધ નિબંધ 'ગુજરાતના વિકસતા સમુદાયો' માં આ 'અસ્પૃશ્ય' વર્ગ માટે 'વિકસતા સમૂદાયો'[૫] શબ્દ પ્રયોજ્યો છે. તો શ્રી એચ. આર. આઈઝેકે 'અસ્પૃશ્યો' માટે 'માજી અસ્પૃશ્યો' (Ex - untouchables) શબ્દ પ્રયોગ કર્યો છે. તેમના મત મુજબ ૧૯૫૦ પછી ભારતમાં બંધારણ અને કાયદા દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવેલી હોવાથી હવે કોઈ પણ વ્યક્તિને અસ્પૃશ્ય કહી શકાય નહીં તેથી તેઓ માજી અસ્પૃશ્યો છે. માયાવતી અને કાશીરામે આ વર્ગ માટે વિશાળ અર્થમાં 'બહુજન સમાજ' શબ્દ પ્રયોગ કર્યો છે. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદના પ્રો.કાંચા એલય્યા તેમના પુસ્તક 'मैं हिन्दु क्यों नहीं' - हिन्दुत्व दर्शन, संस्कृति और राजनीतिक अर्थशास्त्र का एक शूद्रवादी विश्लेषण (अनुवाद–ओमप्रकाश वाल्मीकि, साम्य प्रकाशन–२००६) માં દલિતો માટે 'दलितबहुजन' શબ્દ પ્રયોગ કર્યો છે પણ આજે આપણા બંધારણે સૂચવેલ 'અનુસૂચિત જાતિ' ના સમાજ સમૂહ માટે 'દલિત' શબ્દનો વિનિયોગ થાય છે. ભી.ન. વણકર નોંધે છે તેમ ''.... આજે જેને 'દલિત' શબ્દ તરીકે ઓળખીએ છીએ તેમાં ગૌરવપૂર્ણ માનવીય ગરિમાના અર્થમાં, અસ્મિતાદર્શી અસ્તિત્વની સવિશેષ ઓળખના અર્થમાં વપરાઈ રહ્યો છે. ખાસ કરીને ડૉ. બાબાસાહેબની દલિત સંચેતનાની સંકલ્પનાના અર્થમાં 'દલિત' શબ્દ સાહિત્યમાં વપરાઈ રહ્યો છે.''[૬]

'દલિત' શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત ધાતુ 'દલ' માંથી થઈ છે. 'દલ' ના અનેક અર્થો છે. 'દલ' એટલે વિકસવું, ખંડિત થવું, 'दल– दलित हृदयं; गाढोद्वेग द्विधा तु न विधते'[૭] (વેદનાઓના કારણે હૃદયના ટૂકડા થાય પણ નાશ નથી થતો)

૩. યુગવંદના, ઝવેરચંદ મેઘાણી, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૫, પૃ.૭૯
૪. પરિષદ, પ્રમુખોનાં ભાષણો, ભાગ-૧, પૃ.૪૮૦
૫. ગુજરાતના વિકસતા સમુદાયો, ઉર્મિલા પટેલ, પ્ર.આ. ૧૯૮૩
૬. અનુસંધાન, ભી.ન. વણકર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧, પૃ.૩
૭. हिन्दी साहित्य में दलित चेतना, डो.आनंद वास्कर, पृ.17

'ભગવદ્ગોમંડળ' શબ્દકોશમાં 'દલિત' શબ્દનો અર્થ : "ચુર્ણિત, દળેલું, ભાંગેલું, તોડેલું, ચિરાયેલ, તૂટેલ, છૂંદેલું, નાશ કરવામાં આવેલું, પીડિત, ચગદાયેલ, દબાયેલું, કચડાયેલું, રંક, ગરીબ, વિકસેલ, ખીલેલ, હલકું, અધમ."[૮] આપેલા છે.

સાર્થ ગૂજરાતી જોડણી કોશમા 'દલિત' (વિ) "દબાયેલું, કચરાયેલું, પીડિત છે."[૯]

રતિલાલ સાં. નાયક સંપાદિત 'મોટોકોશ' માં 'દલિતનો અર્થ' 'દબાયેલું', કચરાયેલું, પીડિત[૧૦] આપેલા છે.

ભટ્ટ અને નાયકના 'નાનો કોશ' માં 'દલિત' નો અર્થ "કચડાયેલું, પીડિત"[૧૧] છે.

રામચંદ્ર શર્માના 'માનક હિન્દી કોશ' માં 'दलित' (भूतकृदंत) (सं.दल + क्त)

(क) जिसका दलन हुआ है।
(ख) जो कुचला, दला, मसला या रौंदा गया हो।
(ग) टूकडे टूकडे किया हुआ। चुर्णित।
(घ) जो दबाया गया हो। जिसे पनपने या बढने न दिया गया हो। हीन अवस्थामे पडा हुआ।
(च) ध्वस्त या नष्ट किया हुआ ।[१२]

અંગ્રેજીમાં દલિત માટે 'Depressed' શબ્દ છે. Narhari K. Bhatt ની 'English - Gujarati Dictionary of Technical terms in Humanities and social science' માં 'Depressed' નો અર્થ 'અવગત, નીચું કરવું, દબાયેલું, અવસન્ન, અવપીડિત, નિરુત્સાહિત, ખિન્ન, ખિન્નચિત્ત, વિષણ્ણ, ઉદાસ, દુ:ખી, દલિત'[૧૩] છે.

L.R. Galaની 'Gala's Dynamic Dictionary'માં 'દલિત'નો અર્થ "દબાયેલું, પીડિત, down - trodden"[૧૪] છે.

The New oxford Illustrated Dictionary, volume-1માં 'Depress' Push or pull - down, lower, bring low, humble.'[૧૫] છે.

મરાઠી વ્યુત્પત્તિ શબ્દકોશમાં 'दल – नाश करणे– (વિનાશ કરવું)
दलित – नाश पावलेला. दीन– दलित – समानार्थी शब्द"[૧૬] છે.

'મરાઠી શબ્દ રત્નાકર' કોશમાં
"दलित – सं. वि. तुंड विलेले चुर डलेले, मोड ले ले, इंग्रेजी डिप्रेस्ड क्लासेस या शब्दास प्रतिशब्द"[૧૭] છે.

આમ, 'દલિત'ના જે કોશગત અર્થો મળે છે તેમાં અસ્પૃશ્યતાનો સ્પષ્ટ અર્થ જોવા મળતો નથી પરંતુ આજે સાહિત્યના વિશેષણ તરીકે કે સમાજશાસ્ત્રમાં દલિત શબ્દ વપરાય છે ત્યારે અનુસૂચિત જાતિ સાથે એ શબ્દ જોડાઈ ચૂકયો છે.

---

૮. 'ભગવદ્ગોમંડળ'શબ્દકોશ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ.૪૩૩૩
૯. સાર્થ ગૂજરાતી જોડણી કોશ, ગૂજરાત વિદ્યાપીઠ, ચોથી આવૃત્તિ ૧૯૪૯, પૃ.૪૩૫
૧૦. મોટો કોશ, સંપાદક : રતિલાલ સાં. નાયક, પાંચમી સુધારેલી આવૃત્તિ,૨૦૦૧, પૃ.૨૮૮
૧૧. નાનો કોશ, ભટ્ટ અને નાયક, સુધારેલી ૨૯મી આવૃત્તિ, ૨૦૦૦, પૃ.૧૦૫
१२. मानक हिन्दी कोश, तीसरा शण्ड, संपादक : रामचंन्द्र शर्मा, हिन्दी साहित्य सम्मेलन, प्रयाग, पृ.35
૧૩. English Gujarati Dictionary of Technical terms in Humanities and social science Narhari K. Bhatt, Page- 150
૧૪. Gala Dynamic Dictionary, (ગુજરાતી- ગુજરાતી- અંગ્રેજી- પૃ.૯૩
૧૫. The New oxford Illustrated Dictionary volume-1, Page-449
૧૬. વ્યુત્પત્તિ કોશ, સં. આપ્ટે વ્હી. એસ. પૃ.૧૦૦
૧૭. મરાઠી શબ્દ રત્નાકર, સં. આપટે વા. ગો. પૃ.૧૮૦

## ૨.૨ : ભારતીય ભાષાઓમાં 'દલિત' સંજ્ઞાની વ્યાખ્યાઓ

'દલિત' સંજ્ઞા અંગે માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહીં પણ ભારતીય સાહિત્યમાં પણ વિવાદાસ્પદ પરિસ્થિતિ નિર્માણ પામી છે. 'દલિત' સંજ્ઞાને લઈને અલગ-અલગ વિચારધારાઓ સાહિત્ય જગતમાં પ્રચલિત છે. ડૉ. આનંદ વાસ્કરના શબ્દોમાં કહું તો ''आजकाल हरक्षेत्र में दलित शब्द की दुन्दुभि बज रही है। समाज एवं राजनीति में उसका बोल बाला वढ़ता ही जा रहा है।''[૧૮] ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી વગેરે ભાષાઓનાં અભ્યાસીઓએ 'દલિત' સંજ્ઞાની વ્યાખ્યા આપી છે. જેમાંના કેટલાક અભ્યાસીઓએ 'દલિત'ની સીમિત તો કેટલાકે વ્યાપક વ્યાખ્યા કરી છે. સૌપ્રથમ 'દલિત'ની સીમિત અર્થમાં થયેલી વ્યાખ્યાઓ તપાસીએ.

હિન્દી દલિત સાહિત્યકાર કર્વલ ભારતી 'દલિત'ની વ્યાખ્યા આપતા નોંધે છે: ''दलित वह है जिस पर अस्पृश्यता का नियम लागु किया गया है। जिसे कठोर और गन्दे कार्य करने के लिए बाध्य किया गया है। जिसे शिक्षा ग्रहण करने और स्वतंत्र व्यवसाय करने से मना किया गया और जिस पर सछूतोंने सामाजिक निर्योग्यताओ की संहिता लागु की, वही और वही दलित है, और इसके अन्तर्गत वही जातियों आती हैं जिन्हे अनुसूचित जातियां कहा जाता है।''[૧૯] આમ, કર્વલ ભારતી વૈદિકકાળમાં જે વર્ગને 'શૂદ્ર' અને ભારતીય બંધારણમાં 'અનુસૂચિત જાતિ' તરીકે જેને ઓળખવામાં આવે છે તે વર્ગને દલિત કહે છે. કવઁલ ભારતી 'દલિત' શબ્દ અસ્પૃશ્ય વર્ગ માટે પ્રયોજે છે.

રાજકિશોર, ડૉ. શ્યોરાજસિંહ બેચૈન અને કેશવ મેશ્રામ પણ આવો જ અભિપ્રાય ધરાવે છે. રાજકિશોર નોંધે છે : ''दलित शब्द एक वर्गीय शब्द ठहरता है। भारत एक गरीब देश है, वहाँ की आधी आबादी आर्थिक दृष्टि से दलित ही है। यह एक स्वायत देश (राष्ट्रीय देश) है। लेकिन जिन्हे दलित कहा जाता है ऊनका दंश कुछ और है। दलित शब्द ऊन जातियो के अर्थ में रुढ होता जा रहा है जिन्हे पहले 'अछूत' या 'हरिजन' कहा जाता था। इनके लिए कानूनी शब्द अनुसूचित जाति है।''[૨૦] રાજ કિશોર કહે છે કે, અછૂતની પીડા, દુઃખ જુદુ જ હોય છે એ વાત તદ્દન સાચી છે.

ડૉ. શ્યોરાજસિંહ બેચૈન 'દલિત' શબ્દની વ્યાખ્યા આપતા લખે છે : ''दलित वह है जिसे भारतीय संविधान ने अनुसूचित जाति का दर्जा दिया है।''[૨૧] મરાઠી સાહિત્યકાર કેશવ મેશ્રામ નોંધે છે : ''हजारो वर्ष जिन लोगो पर अत्याचार हुआ ऐसे अछूतो को दलित कहना चाहिए।''[૨૨]

---

૧૮. हिन्दी साहित्य में दलित चेतना, डॉ. आनंद वास्कर પૃ.16

૧૯. दलित साहित्य का सौंदर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, प्रथम आवृति, ૨૦૦૫, પૃ.13

૨૦. दलित साहित्य का स्वरुप चिंतन, डॉ. प्रेमलता चुदैल પૃ.16

૨૧. दलित साहित्य का सौंदर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, प्रथम आवृति, ૨૦૦૫, પૃ.13

૨૨. दलित साहित्य का स्वरुप चिंतन, डॉ. प्रेमलता चुदैल પૃ.16

અમેરિકન વિદ્વાન એલનાર જીલિયેટે લખ્યું છે : "Dalit is a comman identity of those indians who are particular socially neglected, untouchables, shudras, suppressed and backward."[૨૩] દલિત જે સામાજિક રીતે અછૂત, શૂદ્ર, બહિષ્કૃત, ઉત્પીડિત અને પછાત છે એવા ભારતીયોની સામાન્ય ઓળખ છે એવું જીલિયટને અભિપ્રેત છે. એલનાર જીલિયેટની જેમ જાણીતા હિન્દી સાહિત્યકાર ઘનશ્યામ શાહ પણ સામાજિક રીતે ઉપેક્ષિત, બહિષ્કૃત વર્ગને દલિત માને છે.: "दलित वह है जो सामाजिक धर्मविधियों के दायरे से बहिष्कृत होता है।"[२४]

રાજસ્થાન દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. કુસુમલતા મેઘવાલને દલિતનો રૂઢ અને સામાજિક સંદર્ભોનો અર્થ અભિપ્રેત છે. "दलित का शाब्दिक अर्थ है कुचला हुआ। अतः दलित वर्ग का सामाजिक सन्दर्भो में अर्थ होगा, वह जाति समुदाय जो अन्याय पूर्वक सवर्णो या उच्च जातियो द्वारा दमित किया गया हो। रौदा गया हो। दलित शब्द व्यापक रूप में पींडित के अर्थ में आता है, पर दलित वर्ग का प्रयोग हिन्दू समाज व्यवस्था के अन्तर्गत परम्परागत रूप में शूद्र माने जाने वाले वर्णो के लिए रूढ हो गया है। दलित वर्ग में वे सभी जातियां सम्मिलित है, जो जाति सोंपान क्रम में निम्न स्तर पर है और जिन्हे सदियो से दबाकर रखा गया है।"[२५] ડૉ. કુસુમલતા મેઘવાલ પણ શૂદ્ર વર્ગને જ દલિત માને છે. હિન્દીના દલિત વાર્તાકાર, નવલકથાકાર મોહનદાસ નૈમિશરાય 'દલિત' અને 'સર્વહારા' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી સામાજિક વિષમતાનો ભોગ બનેલ વ્યક્તિને જ દલિત તરીકે ઓળખાવે છે. આર્થિક રીતે નબળા વર્ગને તે સર્વહારા તરીકે ઓળખાવે છે. તેમણે નોંધેલી વ્યાખ્યા જોઈએ: "दलित शब्द मार्क्स प्रणीत सर्वहारा शब्द के लिए समानार्थी लगता है। लेकिन इन दोनो शब्दो में पर्याप्त भेद भी है। दलित की व्याप्ति अधिक है, तो सर्वहारा की सीमित। दलित के अन्तर्गत सामाजिक, धार्मिक, आर्थिक, राजनीतिक शोषण का अन्तर्भाव होता है, तो सर्वहारा केवल आर्थिक शोषण तक ही सीमित है। प्रत्येक दलित व्यक्ति सर्वहारा के अन्तर्गत आ सकता है, लेकिन प्रत्येक सर्वहारा को दलित कहने के लिए बाध्य नहीं हो सकते... अर्थात सर्वहारा की सीमाओ में आर्थिक विषमता का शिकार वर्ग आता है, जबकि दलित विशेष तौर पर सामाजिक विषमता का शिकार होता है।"[२६]

હવે 'દલિત' સંજ્ઞાની વ્યાપક અર્થમાં થયેલી વ્યાખ્યાઓ તપાસીએ. ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ, નિબંધકાર ડૉ. પ્રવીણ દરજીએ 'દલિત' સંજ્ઞા અંગે વિસ્તૃત ચર્ચા કરી છે : " યુગોથી પ્રકટરૂપે કહેવું હોય તો કહી શકાય કે માનવજાત બે વર્ગમાં વહેંચાઈ ગઈ છે. એક વર્ગ શોષક છે બીજો શોષિત. ધર્મના, કર્મના, જાતના, ઊંચનીચના, દરિદ્ર- અદરિદ્રના, શિક્ષિત - અશિક્ષિતના, ગ્રામ-નગરના, ભદ્ર- અભદ્રના એવા સંખ્યાતીત ભેદોમાં માણસ વિભકત થઈ ગયો છે. ભાષા- પ્રાન્ત, રાષ્ટ્ર, વ્યવસાય વગેરે પણ આ યાદીમાં હજી ઉમેરી શકાય. સકારણ - અકારણ આ દ્વન્દ્વમાં એક શોષક રહ્યો છે, બીજો શોષિત. માણસના માનસમાં પીડનવૃત્તિ ક્યાંક ને ક્યાંક પડેલી છે. જે બલવત્તર છે તે અન્યને પીડતો આવ્યો છે. ન્યાયનું પલ્લું એમ હંમેશ ધ્રુજતું રહ્યું છે. સત્ય માટે, ન્યાય માટે એક વર્ગને

---

૨૩. સાહિત્ય સૃષ્ટિ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩, પૃ. ૧૩૭

२४. आधुनिकता के आयने में दलित, संपादक : अभयकुमार दुबे, वाणी प्रकाशन, प्र.आ,२००२, लेख, अस्मिताओ का सहअस्तित्व, धनश्याम शाह, पृ.209

२५. अपेक्षा, संपादक : तेजसिंह, सितम्बर, 2005, पृ.87

२६.दलित साहित्य का सौंदर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण, पहली आवृत्ति, 2005, पृ.14

હંમેશાં કાંતો મૂંગા બેસી પ્રતીક્ષા કરવી પડી છે કાંતો બંડ કરવું પડ્યું છે. માત્ર આ વાત 'દલિત' પ્રજા પૂરતી મર્યાદિત નથી. 'દલિત'થી આ પ્રશ્ન આગળ 'દમિત' સુધી વિસ્તરે છે. 'મહાભારત'ના કર્ણ કે એકલવ્યથી, કદાચ તેથીય પહેલાંથી આ પ્રશ્ન ચાલ્યો આવ્યો છે. અરે, સમૃધ્ધ થયેલા 'દલિત'નાં પણ તડાં છે ! વધુ સમૃધ્ધ ઓછા સમૃધ્ધને દાબતો, પીડતો આવ્યો છે. સમયે-સમયે નામ બદલાતાં રહ્યા છે પણ કોઈ એક બલવતર અન્યની ધરાર ઉપેક્ષા નિર્ભત્સના કરતો રહ્યો છે. વિશ્વ આખામાં બધે સમયે આવો એક અવહેલના પામેલો, માનવીય અધિકારોથી વંચિત રહેલો કે વંચિત રાખવામાં આવેલો વર્ગ જોવા મળે છે. આવા વર્ગને હું દમિત વર્ગ કહું છું..... 'દલિત' શબ્દનું ખરું અનુસંધાન 'દમિત' આવે છે.''[૨૭] ડૉ. પ્રવીણ દરજી 'દલિત' માટે 'દમિત' શબ્દ પ્રયોજે છે. તેમના મતે કોઈપણ વર્ગ કે વર્ણના વ્યકિતનું કોઈપણ પ્રકારે શોષણ, દલન, દમન થતું હોય, જે માનવીય અધિકારોથી વંચિત છે તે બધાને દલિત- દમિત કહે છે. ગુજરાતી નવલકથાકાર, વિવેચક ડૉ. ધીરેન્દ્ર મહેતા પણ ડૉ. પ્રવીણ દરજીની જેમ જે વર્ગને માનવ અધિકારની રૂએ ન્યાય મળ્યો નથી તેને દલિત માને છે.: ''દલિત ઉપેક્ષિત સંજ્ઞાઃ એક શોષિત કે પીડિત અને બીજો શોષક કે પીડક, જે કોઈ અસ્તિત્વ, સત્તા, સંપત્તિ, મોભો કે બુધ્ધિથી બીજા અસ્તિત્વ દ્વારા દબાય તે એક અર્થમાં દલિત કહેવાય; અને આ પરિબળોને કારણે જે અસ્તિત્વ અવગણના પામે તે ઉપેક્ષિત ગણાય..... પરંતુ જેને લાંબા સમય સુધી દલિત, ઉપેક્ષિત સ્થિતિમાં રહેવાનું આવ્યું છે, એટલું જ નહિ; જેને માનવ અધિકારની રૂએ પણ ન્યાય મળ્યો નથી...... એ તમામ ઉપેક્ષિતો દલિત છે.''[૨૮] આવો જ અભિપ્રાય મરાઠી કવિ નારાયણ સૂર્વેનો છે. તેમના મત અનુસાર ''..... समाज में जो भी पीडित है वे दलित है। ''[૨૯] હિન્દી દલિત સાહિત્યકાર ઓમપ્રકાશ વાલ્મીકિ કોઈ પણ પીડિત, શોષિત, પ્રતાંડિત, વ્યક્તિને દલિત માને છે. ''जिसका दलन और दमन हुआ है, दबाया गया है, उत्पीड़ित, शोषित, सताया हुआ, गिराया हुआ, उपेक्षित –धृणित, रौंदा हुआ, मसला हुआ, कुचला हुआ, विनिष्ट, मर्दित, पस्त– हिम्मत, हतोत्साहित, वंचित आदि''[૩૦] ને દલિત કહે છે.

મરાઠી દલિત સાહિત્યકાર ગોવિંદરાવ વાઘમારે આર્થિક રીતે પછાત વર્ગને દલિત ગણે છે. : ''दलित उसे कहते है, जो आर्थिक रुप से अत्यंत दबा हुआ है.......''[૩૧]

દલિત સાહિત્ય અકાદમીની પત્રિકા 'દલિત વૉયસ'[૩૨] પણ આર્થિક રીતે પછાત વર્ગને દલિત માને છે. મરાઠી દલિત વાર્તાકાર, નવલકથાકાર ડૉ. શરણકુમાર લિંબાલે, નામદેવ ઢસાલ, શંકરરાવ ખરાત, હિન્દી દલિત સાહિત્યકાર માતા પ્રસાદ, ડૉ. પુરુષોતમ સત્યપ્રેમી વગેરે શૂદ્ર- અનુસૂચિત જાતિના લોકો ઉપરાંત અનુસૂચિત જનજાતિ, આદિવાસી, વિમુકત જાતિઓ, વિચરતી જનજાતિઓ, ભૂમિહીન, ખેડૂત, ખેતમજૂર, દાસ, ગુલામ કોઈપણ વર્ગ કે વર્ણના આર્થિક રીતે પછાતને દલિત તરીકે ઓળખાવે છે. ડૉ.શરણકુમાર લિંબાલે તેમના 'दलित साहित्य का सौन्दर्यशास्त्र' ગ્રંથમાં નોંધે છે : ''दलित केवल

૨૭. પ્રતિનિધિ દલિત વાર્તા, સંપાદક : હરીશ મંગલમ્, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭, પ્રસ્તાવનાલેખ- 'અર્થસભર પરિણામનાં પૃષ્ઠો વચ્ચે.'
૨૮. નવચેતન, અંક ૭૪૫, મે,૧૯૮૪, પૃ.૨૫
૨૯. दलित साहित्य का सौदंर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, पृ.15
૩૦. એજન, પૃ.૧૩
૩૧. भारतीय दलित साहित्य : परिप्रेक्ष्य, डॉ. अजय अहमद कुरेशी, वार्णा प्रकाशन, प्रथम आवृत्ति,2003, पृ. 340,341
૩૨. आधुनिकता के आईने में दलित, संपादक : अजयकुंमार दुबे, वाणी प्रकाशन,2002, पृ.45

हरिजन और नवबौद्ध नहीं। गाँव की सीमा के बाहर रहने वाली सभी अछूत जातिया, आदिवासी, भूमिहीन खेत मजदुर, श्रमिक, कष्टकरी जनता और यायावर जातियाँ सभी की सभी 'दलित' शब्द से व्याख्यायित होती है। दलित शब्द की व्याख्या में केवल अछूत जाति का उल्लेख करने से नहीं चलेगा। इसमें आर्थिक द्रष्टि से पिछडे हुए लोगो का भी समावेश करना होगा।''[૩૩] નામદેવ ઢસાલના મતે : ''अनुसूचित जातिया, बौद्ध,श्रमिक, भूमिहीन, कृषक, व भटकनेवाली सभी जातियाँ दलित है।''[૩૪] શંકરરાવ ખરાતઃ ''સામાજિક સમાનતાના દષ્ટિકોણમાંથી 'દલિત' શબ્દ પ્રયોગમાં હિંદુ ધર્મએ તથા સંસ્કૃતિએ વર્ણવેલી અસ્પૃશ્ય એવી જાતિનો સમાવેશ થાય છે પણ તે ઉપરાંત આદિવાસી, વિમુકત જાતિઓ તેમજ વિચરતી જનજાતિઓને જન્મથી જ ધંધાથી તેમજ પરંપરાથી દુર, બહિષ્કૃત, અસ્પૃશ્ય કહીને બાજુએ મૂકયા, જંગલી, ભટકતા ગુનેગાર તરીકે જોયા, તેમને માણસ તરીકે કયારેય મૂલવ્યા નહીં, તેમનો સામાજિક દરજ્જો નીચો-ઓછો જ આંકવામાં આવ્યો. આવી બધી જાતિ-પ્રજાતિઓનો દલિતમાં સમાવેશ થાય છે.''[૩૫] માતા પ્રસાદ તેમના 'दलित साहित्य की प्रमुख रचनाऐ' નામના લેખમાં લખે છે: ''..... हिन्दु समाज में शस्त्र और शास्त्र से पीडित, अपमानित और शोषित समुदाय आते है। उनमे जहां अनुसूचित जाति, अनुसूचित जनजाति, धुमंत जातियो, बंधुवा–मजदूर झोपड पट्टियो में रहकर नारकीय जीवन जीने वाले भी आते है।''[૩૬] ડૉ. પુરુષોત્તમ સત્યપ્રેમી[૩૭] પણ માનવીય મૂલ્યોની સ્થાપ્ના માટે સંઘર્ષરત નિમ્ન વર્ગ, અનુસૂચિત જાતિ અને જનજાતિને દલિત ગણે છે.

ભારતીય દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. સોહનપાલ સુમનાક્ષર બાળક અને પરાશ્રિત-નિરાશ્રિતને પણ દલિત માને છે. ''दलित शब्द की परिभाषा के अन्तर्गत ... सदियो से प्रताड़ित, उपेक्षित, अपमानित, शोषित सामाजिक बंधनो में बाधित एवं बच्चे भी इसी श्रेणी में सामिल है। भूमिहीन, अछूत, बंधुआ, दास, गुलाम, दीन और पराश्रित, निराश्रित भी दलित ही है।''[૩૮]

જાણીતા ગુજરાતી કવયિત્રી સરૂપ ધ્રુવ વ્યાપક ભૂમિકા પર દલિતોનું સંગઠન સાધતા ''દલિત સંજ્ઞામાં હરિજન, આદિવાસી, લઘુમતિ અને નારીનો સમાવેશ કરે છે.''[૩૯] દલિત પેંથર,[૪૦] હિન્દી-સાહિત્યકાર ચેતના રાજપૂત,[૪૧] ડૉ. દયાનંદ બટોહી[૪૨] ને પણ 'દલિત' સંજ્ઞાનો સરૂપ ધ્રુવ જેવો જ અર્થ અભિપ્રેત છે.

---

૩૩. दलित साहित्य का सौन्दर्यशास्त्र, डॉ. शरणकुमार लिंबाले, अनुवाद , रमणिका गुप्ता (वाणी प्रकाशन) प्रथम आवृत्ति,2002, पृ.38

૩૪. आम्ही, दिपावली अंक, 1973, पृ.77

૩૫. दलित साहित्य प्रेरणा आण प्रवृत्ति, पृ.16,17

૩૬. दलित साहित्य की भूमिका, हरपाल सिंह 'अरुष', जवाहर पुस्तकालय, प्रथम आवृत्ति,2005, पृ–6

૩૭. आज की कविता, डॉ. पुरुषोतम सत्यप्रेमी, पृ.41

૩૮. दलित साहित्य ब्राह्मणवाद के खिलाफ खुला विद्रोह, डॉ. सोहनपाल सुमनाक्षर, पृ.1

૩૯. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ભાગ-૫, ધીરુભાઈ ઠાકર પૃ.૨૭૫

૪૦. દલિત સાહિત્ય આંદોલન, ચન્દ્રકુમાર વરઠે, અનુવાદ : ડૉ.આર.એચ વણકર 'સ્નેહસ્વરૂપ', પ્ર.આ.૨૦૦૩, પૃ.૫૪

૪૧. हँस, संपादक, राजेन्द्र यादव, मई, 2002, पृ.52

૪૨. दलित साहित्य दशा और दिशा, माता प्रसाद, प्रथम आवृत्ति 2003, पृ.119

ઉપરોક્ત બધા અભ્યાસીઓથી નરસિંહ ઉજંબા જુદો મત ધરાવે છે. તેમના મતે ''ઐતિહાસિક, ભૌગોલિક રીતે આર્થિક, સામાજિક ને ધાર્મિક રીતે ભારતમાં ને ભારતની બહાર દબાયેલો, કચડાયેલો સામંતી ને જાતિવાદી પરિબળોનો ભોગ બનેલો સમૂહ એટલે દલિત.''[૪૩] નરસિંહ ઉજંબા દલિતનો વ્યાપક અર્થ કરે છે.

આમ, 'દલિત' સંજ્ઞા સંદર્ભે આપણને ઉપરોક્ત બે વિરોધી વિચારધારા પ્રાપ્ત થાય છે. જેમાં કંવલ ભારતી, રાજકિશોર,ડો.શ્યોરાજસિંહ બેચૈન, કેશવ મેશ્રામ, એલનાર જીલિયટ, ઘનશ્યામ શાહ, ડૉ. કુસુમલતા મેઘવાલ, મોહનદાસ નૈમિશરાય વગેરેએ 'દલિત' સંજ્ઞાનો સીમિત અર્થ કર્યો છે. તેમના મતે આપણી સમાજવ્યવસ્થા અંતર્ગત જે વર્ગ 'શૂદ્ર', 'અસ્પૃશ્ય' છે, જેને ભારતના બંધારણમાં 'અનુસૂચિત જાતિ' તરીકે ઓળખવામાં આવે છે તે જ દલિત છે. જ્યારે ડૉ. પ્રવીણ દરજી, ડૉ. ધીરેન્દ્ર મહેતા, નારાયણ સૂર્વે, ઓમપ્રકાશ વાલ્મીકિ, ગોવિંદરાવ વાઘમારે, દલિત વૉયસ, ડૉ. શરળકુમાર લિંબાલે, નામદેવ ઢસાલ, શંકરરાવ ખરાત, માતા પ્રસાદ, ડૉ. પુરુષોત્તમ સત્યપ્રેમી, ડૉ. સોહનપાલ સુમનાક્ષર, સરૂપ ધ્રુવ, દલિત પેંથર, ચેતના રાજપૂત, ડૉ.દયાનંદ બટોહી, નરસિંહ ઉજંબા વગેરે અભ્યાસીઓ જાતિ, વર્ગ, વર્ણ, ધર્મ, લિંગ કે કોઈપણ પ્રકારના શ્રમનો ભેદ પાડ્યા વિના જે કોઈ પણ વ્યક્તિનું કોઈ પણ કારણોસર અથવા કોઈ પણ પ્રકારે (સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય, બૌદ્ધિક, શારીરિક, નૈતિક, જાતીય, શૈક્ષણિક ....) દલન, દમન થતું હોય, ઉપેક્ષા, અપમાન પામતો હોય અથવા તો જેમની સાથે અમાનવીય વ્યવહાર થતો હોય કે માનવીય અધિકારોથી વંચિત હોય તે તમામને દલિતમાં સમાવેશ કરે છે. તેમણે આર્થિક રીતે નબળા કોઈપણ વર્ગને દલિત કહ્યા છે પણ મને તો આ પરિભાષા ભારત સિવાયના દેશો માટે ઠીક લાગે છે કારણ કે ભારતની વર્ણવ્યવસ્થા-સમાજવ્યવસ્થા જોતા આ ઠીક લાગતું નથી. આ પરિભાષા જોઈને એક પ્રશ્ન સહજ રીતે જ મને થાય છે કે એક 'સવર્ણ' (બ્રાહ્મણ) અને એક 'શૂદ્ર' આ બંને આર્થિક રીતે પછાત છે, ગરીબ છે, નિર્ધન,શોષિત અને પીડિત પણ છે છતાં પણ આપણા સમાજમાં આ બંનેનું શું સમાન સ્થાન છે? મારો કહેવાનો હેતુ એ છે કે શું સમાજના લોકો બંનેને એક જ દૃષ્ટિથી જૂએ છે ખરા ? અથવા તો જોશે ? 'નહીં' સવર્ણ-બ્રાહ્મણ આર્થિક રીતે નબળો હોવા છતાં પણ સમાજમાં સન્માનીય છે, જ્યારે શૂદ્રને એ સ્થાન મળી શકતું નથી. એટલું જ નહીં શૂદ્ર-દલિતને તો (બંને સ્થિતિમાં) અપમાનિત, હડધૂત જ થવું પડે છે. બંને સ્થિતિ એટલે કે દલિત આર્થિક રીતે પછાત હોય કે પછી સધ્ધર હોય, જમીનદાર હોય કે પછી જમીન વિહોણો હોય, અભણ હોય કે પછી ભણી-ગણીને ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હોય, ગામડામાં રહેતો હોય કે શહેરમાં રહેતો હોય છતાં જન્મે અછૂત હોવાને કારણે તેને કોઈને કોઈ રૂપે હડધૂત થવું પડે છે, હડસેલા ખાવા પડે છે એ એટલી જ સાચી વાત છે, નક્કર વાસ્તવિકતા છે. ચંદુભાઈ મહેરિયાએ આ સમાજની વાસ્તવિકતા પર પ્રકાશ પાડતા નોંધ્યું છે કે : 'દલિત ચાહે કલેક્ટર હોય કે કમિશ્નર, ડી.જી.પી. હોય કે ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર......... કાસ્ટ કોઈનેય છોડતી નથી. દેશના એક શક્તિશાળી અને સમૃદ્ધ દલિત રાજકારણીના હાથે વારાણસીનું મંદિર અપવિત્ર થયેલું મનાય છે અને તેને ગૌમૂત્રથી

૪૩. 'દલિત શક્તિ', સંપાદક : માર્ટીન મેકવાન, મે,૨૦૦૫, પૃ.૧૨

ધોવાય છે. અલ્હાબાદની વડી અદાલતના બ્રાહ્મણ ન્યાયાધીશ પણ પોતાના પૂરોગામી દલિત ન્યાયાધીશની ચેમ્બરમાં બેસતાં પહેલાં તેને ગંગાજળથી ધોવડાવે છે.'[૪૪] વડોદરામાં ગાયકવાડી રાજમાં પણ ડૉ. બાબા સાહેબ આંબેડકરને રહેવા માટે મકાન મળ્યું નહોતું એ જગ જાહેર વાત છે. ૧૯૩૦માં ઉચ્ચ વર્ણના કારકુને જે દલિત અધિકારી પર ફાઈલ ફેંકીને મારેલી તે દલિત યુવક ડૉ.આંબેડકર જ. તે પણ આપણે સૌ જાણીએ છીએ. માત્ર સામંતી યુગમાં જ નહીં પણ આઝાદીના ૬૦ વર્ષ પછી પણ આપણા સમાજમાં માણસને માણસ તરીકે જોવાનો અભાવ છે! આઝાદી પૂર્વે આ વર્ગના લોકો સાથે જે અસ્પૃશ્યતા પળાતી હતી તે આજે ખાસ કરીને શહેરમાં નથી પળાતી છતાં પણ માનસિક સ્તરે અસ્પૃશ્યતા આજે પણ પ્રર્વતમાન છે જ. ટૂંકમાં કોઈ પણ સવર્ણ-બ્રાહ્મણ ગરીબ હોઈ શકે પણ તે દલિત ન જ હોઈ શકે. સવર્ણ સમાજની વ્યક્તિ આર્થિક પ્રગતિ કરીને ઉપરનો દરજ્જો અથવા ઉચ્ચ પ્રકારનું જીવન જીવવાનો હક મેળવી શકે છે પણ દલિત વ્યક્તિ માટે એ શક્ય નથી કારણ કે દલિત સાથે સામાજિક વ્યવસ્થાની અભડાઈ જતી માનસિકતા શરીર સાથે ચામડીની જેમ જોડાયેલ છે. આર્થિક રીતે નબળો સવર્ણ એ દલિત નથી એટલે જ સમાજ એની ઉપેક્ષા, અવહેલના કરતો નથી. હિન્દુશાસ્ત્રો પ્રમાણે જે વર્ષોથી અસ્પૃશ્યતાનો ભોગ બનતો આવ્યો છે એ જ દલિત વર્ગ સમાજમાં સૌથી વધુ ઉપેક્ષિત થતો રહ્યો છે.

'દલિત' શબ્દનો અર્થવિસ્તાર કરી અનેક નવાં પરિમાણો ઉભર્યાં એ આપણે ઘણાં બધાં અર્થઘટનો તપાસીને જોયું પરંતુ પ્રજાનું માનસ જે વર્ગને હડધૂત કરતું આવ્યું છે તેમાં ઝાઝો ફેર પડેલો જણાતો નથી. વર્ગવ્યવસ્થા આજે તૂટી છે અને કાયદાકીય રીતે ઘણાં પરિવર્તનોને સ્વીકારવાની ફરજ પાડવામાં આવે છે છતાં મને લાગે છે કે મોટા ભાગના પરિવારોમાં માનસિક સ્તરે આ અતિશૂદ્ર વર્ગ તરફ સમાનતાની ભાવનાનો અભાવ જોવા મળે છે. મારા શોધનિબંધમાં મેં 'દલિત'નો સીમિત અર્થ એટલે કે વર્ણાશ્રમ પ્રથાથી કચડાતી 'અનુસૂચિત જાતિ' માટેનો સ્વીકાર્યો છે.

## ૨.૩ : દલિત ચેતનાને સંકોરનારી વિભૂતિઓ :

**જ્યોતિબા ફુલે, ગાંધીજી, ડૉ.બાબાસાહેબ આંબેડકર**

- ભારતમાં સદીઓથી શૂદ્રો અસ્પૃશ્યતાને કારણે ન કલ્પી શકાય તેવી પશુ કરતાં પણ ખરાબ દશામાં જીવન જીવતાં હતા. તે પરિસ્થિતિમાંથી હિન્દુ સમાજને અને શૂદ્રોને બચાવી લઈ હિન્દુ સમાજમાં સમાનતા સ્થાપવા, દલિત સમાજને માનવીય અધિકાર અપાવવા, તેનામાં સ્વમાનની ભાવના જન્માવવા, તેઓને પોતાના અધિકારો માટે જાગ્રત કરવા માટે મધ્યકાળની જેમ અર્વાચીનકાળમાં પણ ભારતના ખૂણે-ખૂણેથી સમયે-સમયે જુદા-જુદા ધર્મગુરુઓ, સંપ્રદાયો, રાજા-મહારાજાઓ, સમાજ સુધારકો દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા હતાં અને આજે પણ પ્રયત્ન થઈ રહ્યા છે. દલિતોધ્ધારના કાર્યો માત્ર દલિતો દ્વારા જ નહિ પણ સવર્ણો દ્વારા પણ થયા જ છે. ટૂંકમાં દલિત સમાજમાં ચેતના જગવનારી મહત્ત્વની વિભૂતિઓ જે ખરા અર્થમાં દલિત સાહિત્યની પ્રેરણાસ્ત્રોત બની તેને વિગતે જોઈએ.

---

૪૪. દલિત શક્તિ, સંપાદક : માર્ટીન મેકવાન, મે, ૨૦૦૫, પૃ.૩૨

## જ્યોતિબા ફુલે

આધુનિક ભારતમાં નવજાગરણની શરૂઆત બંગાળથી થઈ એવું માનવામાં આવે છે, કારણ કે રાજારામ મોહનરાય, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ જેવી વિભૂતિઓને જન્મ આપવાનું શ્રેય બંગાળના ફાળે જાય છે. આપણે જેને નવજાગરણનું આંદોલન કહીએ છીએ તે મહારાષ્ટ્રમાં પણ થયું હતું. આ નવજાગરણ 'દલિત મુક્તિના આંદોલન'નું હતું. આ આંદોલનને જન્મ આપનાર જ્યોતિબા ફુલે હતા. જેમનો જન્મ ઈ.સ. ૧૮૨૭માં થયો હતો. તેમના પિતાનું નામ ગોવિંદરાવ અને માતાનું નામ ચિમનાબાઈ હતું. તેઓ 'માળી' જાતિના હતા.

જ્યોતિબા ફુલે પોતે દલિત હોવાને કારણે અનેકવાર અપમાનિત થવું પડ્યું હતું. સવર્ણોના તિરસ્કારનો, અપમાનનો ભોગ બનવું પડ્યું હતું. એવી એક ઘટના ઈ.સ. ૧૮૪૮માં બની ત્યારે જ્યોતિબા ફુલે માંડ ૨૦ વર્ષના હતા. એક બ્રાહ્મણ મિત્ર તરફથી આમંત્રણ મળતા ફુલે તેના લગ્નમાં ગયા. કેટલાક કટરપંથી બ્રાહ્મણોએ 'માળી' જાતિનો 'એક નીચ શૂદ્ર' પણ તેની સાથે વરઘોડામાં છે, એવું જાણીને કહ્યું કે, 'કેમ રે !' બ્રાહ્મણોની સાથે રસ્તા ઉપર ચાલવાનો તને વિચાર જ કેમ આવ્યો ? નીચ! નાત જાતના આચાર નથી પાળતો ? કે આચાર ભૂલી ગયો છે ? અમારી બરાબરી કરછ ? તારી જાતને સમજે છે શું તારા મનમાં ! .... ચાર ચોપડી ફાડી એટલે કંઈ તારી નાતજાત બદલાઈ નથી ગઈ ! વગેરે અપમાનજનક શબ્દો ફુલેને કહ્યા. ફુલેના આ દુઃસાહસ માટે તેને ખૂબ જ અપમાન સહન કરવું પડ્યું. ગુસ્સા અને અપમાનની આગથી બળતો ફુલે ઘેર પહોંચ્યો અને રડતા-રડતા તેણે આખી ઘટના પિતાને કહી સંભળાવી. ભીરૂ અને ગુલામ માનસ ધરાવતા પિતાએ ફુલેને સાંત્વના આપતા કહ્યું કે,'આપણે શૂદ્ર જાતિના છીએ; બ્રાહ્મણોની બરોબરી કઈ રીતે કરી શકીએ? ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે એ લોકો હંમેશા આપણાથી ચડિયાતા જ ગણાવાના. એમણે ત્યાંથી માત્ર તને કાઢી મૂક્યો. તને સજા ન કરી તે તેનો ઉપકાર ન કહેવાય ? પેશવાઓના શાસનમાં આ પ્રકારના અપરાધ માટે હાથીના પગ નીચે કચડી નાખવાની સજા કરવામાં આવતી હતી પણ ફુલે પોતાના પિતાની જેમ ડરપોક ન હતા. આખી રાત તેઓ સૂઈ ન શક્યા. મિશનરી સ્કૂલમાં ભણેલ ફુલે નાગરિક અધિકારો અને લોકતાંત્રિક મૂલ્યોમાં ખૂબ જ વિશ્વાસ રાખતા હતા. અત્યાર સુધી તે ગરીબોની બાઈબલ માનવામાં આવતી થોમસ પેનની 'રાઈટ્સ ઓફ મેન' વાંચી ચૂક્યાં હતાં. શિવાજી અને જોર્જ વોસિંગટનનું જીવન ચરિત્ર વાંચીને એ સમયે તે અંગ્રેજોને ભગાડી મુકવાનાં સ્વપ્નો જોતા હતા પણ આ સામાજિક અપમાનની પીડાએ તેની આંખો ખોલી દીધી અને તે અંતે એ નિર્ણય પર પહોંચ્યા હતા કે સામાજિક ગુલામી સૌથી ખરાબ ચીજ છે. બ્રાહ્મણવાદી જાતિવાદ ભારતીય સમાજની એકતા અને સંસ્કૃતિનો સૌથી મોટો દુશ્મન છે. એ રાતે જ મનોમન તેણે નિર્ણય કર્યો કે પોતાનું સમગ્ર જીવન સામાજિક અને માનસિક ગુલામીને મૂળમાંથી જ ખતમ કરી નાખવામાં અર્પણ કરી દેશે. એ સમયે બ્રાહ્મણો ખાસ કરીને શૂદ્રોને અશિક્ષિત રાખવા માંગતા હતાં જેથી તેઓ હંમેશા ગુલામ જ બની રહે પણ જ્યોતિબા ફુલે સમજી ગયા હતા કે અજ્ઞાન અને અશિક્ષાના અંધકાર સામે લડ્યા વિના લોકોની મુક્તિ અસંભવ છે. ફુલેએ 'કિસાનો

કા આસૂડ' ગ્રંથની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે,''વિદ્યા કે અભાવ મેં બુધ્ધિ કા હ્રાસ હુઆ, બુધ્ધિ કે અભાવ સે નૈતિકતા કી અવનતિ હુઈ. નૈતિકતા કે અભાવ પ્રગતિ અવરૂધ્ધ હો ગઈ. પ્રગતિ કે અભાવ સે સંપત્તિ લુપ્ત હોગઈ. સંપત્તિકેઅભાવસે શૂદ્ર મિટગએ. સારી વિપત્તિઓકા આગમન અજ્ઞાન સે હી હુઆ હૈ.''[૪૫]

કુલેના મત અનુસાર શિક્ષણ વિના સામાજિક ક્રાંતિ અસંભવ છે આથી તેમણે પોતાના સમાજ પરિવર્તનના કાર્યક્રમમાં શિક્ષણને સૌથી વધારે મહત્ત્વ આપ્યું. કુલેએ પહેલા બધા જ વર્ગ અને જાતિની કન્યાઓ માટે પૂનામાં ઓગષ્ટ ૧૮૪૮ ના રોજ સ્કૂલ ખોલી અને ત્યાર પછી ૧૮૫૧ માં શૂદ્ર બાળકો માટે પણ એક અલગ સ્કૂલ ખોલી. આ રીતે કન્યાઓ અને શૂદ્રો માટે સ્કૂલ ખોલનાર કુલે પહેલાં ભારતીય હતા. તેઓ માનતા હતા કે ભણેલી સ્ત્રી બાળકોમાં પણ ભણતરના સંસ્કાર રેડી શકે અને પોતાના વ્યક્તિત્વ વિકાસ દ્વારા સમાજના, રાષ્ટ્રના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપી શકે પણ તેમના આ પગલાથી રૂઢિચુસ્તોના ગુસ્સાનો પાર ન રહ્યો. 'નરકની ખાણ' મનાતી સ્ત્રીઓ એ પણ શૂદ્ર અને અતિશૂદ્ર, તેમને પવિત્ર વિદ્યા આપવામાં આવે અને એ પણ શૂદ્ર શિક્ષક દ્વારા? શાસ્ત્રોનું આવું ઘોર અપમાન ? સનાતની બ્રાહ્મણોએ હિંદુ ધર્મ ખતરામાં હોવાની  કાગારોળ મચાવીને જ્યોતિબાને 'સમાજના દુશ્મન' જાહેર કર્યા છતાં પણ બ્રાહ્મણોની ધમકીને દાદ આપવાને બદલે જ્યોતિબાએ ભણાવવાના કાર્યમાં તેમની પત્ની સાવિત્રીબાઈને પણ સામેલ કરી. કુલેનાં એ પગલાંથી બળતામાં ઘી હોમાયું. ઉચ્ચ વર્ગના વિરોધના દબાણથી તેના પિતાએ કુલે અને સાવિત્રીને ઘરમાંથી કાઢી મુકયા. એટલું જ નહિ સ્કૂલમાં ભણાવવા જતી વખતે કેટલાક બ્રાહ્મણ લોકો સાવિત્રી પર થૂક, કિચ્ચડ, છાણ, પથ્થર, વગેરે ફેંકતા હતા. તેમજ ભદ્ર સમાજની ગાળો સાંભળવી પડી હતી છતાં પણ સાવિત્રીબાઈ પોતાના કાર્યમાં વિચલિત થયા નહીં. આ બધી આર્થિક સમસ્યા અને સામાજિક વિરોધ વચ્ચે પણ ઈ.સ. ૧૮૪૮ અને ઈ.સ. ૧૮૫૨ ની વચ્ચે કુલેએ લગભગ અઢાર સ્કૂલ છોકરીઓ માટે ખોલી અને એ રીતે સ્ત્રી શિક્ષણ અને શૂદ્રોના શિક્ષણ માટેનું એક જબરદસ્ત આંદોલન શરૂ કર્યું. કુલેની નારી અને શૂદ્રને કેળવણી આપવામાં મળેલી સફળતા જોઈને તેની પ્રશંસા કરતા તે સમયનાં જાણીતા સમાજ સુધારક મામા પરમાનંદે નોંધ્યું છે કે –'' એક મરાઠા વ્યક્તિને અપની પત્નીકો પઢા-લિખાકર ઉસસે બ્રાહ્મણો કી લડકીયો કો પઢા લિખાને કા પ્રયાસ ઉનકે ગઢમેં જાકર કિયા યહ એક અપૂર્વ સાહસ કા કાર્ય થા. લેકિન ઉનકે ગઢમેં રહકર અછૂતોં કે લિયે પાઠશાલાએઁ ખોલના ઔર ઉન્હે સમાજ કે સંઘટક બનાના શેર કી મોંહમેં ઘુસકર ઉસકી અથાલ ઉખાદને જૈસા કાર્ય હૈ.''[૪૬]

ભારતમાં પહેલી રાત્રીશાળા ખોલવાનું શ્રેય પણ કુલેના ફાળે જાય છે. ઈ.સ. ૧૮૫૫માં તેમણે પુનામાં રાત્રી પાઠશાળા ખોલી, આ શાળામાં આખો દિવસ કામ કરતાં મજૂરો, કિસાનો અને ગૃહિણીઓ ભણવા માટે આવતી હતી. એટલું જ નહિ ભારતમાં સૌથી પહેલા કુલેએ અસ્પૃશ્ય બાળકો માટે પુસ્તકાલય પણ શરૂ કર્યું. ટૂંકમાં કોઈ શૂદ્ર વેદ સાંભળે તો તેના કાનમાં ધગધગતું સીસું રેડવાની આજ્ઞા આપતા મનુ ભગવાનની 'મનુસ્મૃતિ' ના સમર્થકોની વચ્ચે રહીને જ્યોતિબા કુલે આ બધુ કરી શકયા એ તેમનાં દઢ મનોબળનો પ્રતાપ હતો.

૪૫. 'किसानोका आसूड, फूले, प्रस्तावना, पृ.3

૪૬. युग पुरुष महात्मा फुले, मुरलीधर जगताप, पृ.44,45

જ્યોતિબા ફુલેના સામાજિક આંદોલનમાં દલિતોધ્ધાર કેન્દ્ર સ્થાને હતો. દલિતો સાર્વજનિક કૂવા અને પરબમાંથી મુક્ત રીતે પીવાનું પાણી ભરી શકતા નહી. એટલું જ નહીં શૂદ્રોના બાળકોને પણ કૂવા અને પરબો પરથી પીવાનું પાણી મળતું ન હતું. પુનામાં પેશવાઓએ જુદા-જુદા સ્થળો પર હોજ બનાવ્યા હતા પણ શૂદ્રોને ત્યાંથી પાણી ભરવાની મનાઈ હતી. ત્યારે શાળામાં આવતા બાળકોને પોતાના ખર્ચે પીવાનું પાણી આપતા હતા. સમાજના લોકોનો ઉગ્ર વિરોધ છતાં પણ પોતાનો કૂવો તેમણે ઈ.સ.૧૮૬૮ માં દલિતો માટે ખુલ્લો મુકાવ્યો હતો પરંતુ પાપ-પુણ્ય અને પુર્વકર્મોના કાલ્પનિક ભયને કારણે દલિતોએ પાણી ભરવાની હિંમત કરી નહીં, ત્યારે જ્યોતિબાએ અછૂતોના હાથ પકડીને કૂવાની પાસે લઈ ગયા, તેમને પાણી ભરવાનું કહ્યું અને પાણીથી ભરેલા વાસણ જાતે તેના માથા પર મૂક્યાં. આ રીતે ફુલેએ શૂદ્રોને હજારો વર્ષોની માનસિક ગુલામીમાંથી મુક્તિ અપાવી.

જ્યોતિબા ફુલે એક મહાન ક્રાંતિકારી સુધારક હતા. જન્મના આધાર પર જાતિ અને જાતિના આધાર પર મનુષ્ય અને મનુષ્યની વચ્ચે ઊંચ-નીચની ભેદ રેખાઓ ખેંચનારી સામાજિક વ્યવસ્થાના તે વિરોધી હતા. આ અન્યાયપરક વ્યવસ્થાનું સમર્થન કરનારી મનુસ્મૃતિની તેમણે કડવી ટીકા કરી હતી. બ્રાહ્મણ હંમેશા બ્રાહ્મણ રહેશે, શૂદ્ર હંમેશા શૂદ્ર, આ પરંપરાની સૃષ્ટિ કરનારા ગ્રંથો અને મતોના વિરોધમાં તેમણે પોતાના લેખન દ્વારા એક રચનાત્મક આંદોલન શરૂ કર્યું. જ્યોતિબા ફુલેના મત અનુસાર સામાજિક અસમાનતાનું મૂળ કારણ વર્ણવ્યવસ્થા છે. આથી તેમણે મનુભગવાનના સિદ્ધાંત ''બ્રહ્મના મુખમાંથી બ્રાહ્મણો, બંને બાહુમાંથી ક્ષત્રિયો, બંને જાંઘમાંથી વૈશ્યો અને બંને પગમાંથી શૂદ્રો જન્મ્યા છે'' એ મતનું ખંડન કર્યું અને તર્કના આધાર પર આ અસંભવ છે એવું દર્શાવીને જણાવ્યું કે, ''યદિ એસા હૈ, તો ઈસ વિશ્વ મેં જો અંગ્રેજ આદિ લોગ હૈં, ઉન્હે બ્રહ્માને અપને કિસ અંગ સે ઉત્પન્ન કિયા ? યદિ બ્રાહ્મણ બ્રહ્મા કે મુખ સે ઉત્પન્ન હુએ, તો સભી બ્રાહ્મણો કી મૂલ માતા બ્રાહ્મણી બ્રહ્મા કે કિસ અંગ સે પૈદા હુઈ ?''

જ્યોતિરાવને આગે કહા હૈ -'' યૌનિ કે બિના મનુષ્ય-પ્રાણી પૈદા નહીં હો સકતા. શરીર વિજ્ઞાન કી યહ વાસ્તવિકતા જ્ઞાત હોતે પર ભી યહ કહના કિ મુખ, બાહુ, જાંઘ ઔર પાંવ સે મનુષ્ય-પ્રાણી ઉત્પન્ન હુએ, મુર્ખતાપૂર્ણ તથા અવૈજ્ઞાનિક નહીં તો ઔર ક્યા હૈ?''

જ્યોતિરાવને પૂછા હૈ-''વિશ્વ કી સભી નદીઓ કા પાની સાગરમેં જા મિલતા હૈ ઔર સભી નદીયાં અપને સાથ લગભગ એક-સી ગંદગી બહાર લે જાતી હૈ; એસી સ્થિતિ મેં જૈસે એક મહા નદી કો અન્ય નદીયોં સે અધિક પવિત્ર કહના મૂર્ખતા હૈ; વૈસે હી અંગો તથા બુધ્ધિ સે એક-સે, સમાનરૂપ સે જન્મ તથા મૃત્યુ કે અધીન ઔર સદ્ગુણો-દુર્ગુણો મેં સમાનરૂપ સે સહભાગી મનુષ્યો મેં સે કુછ લોગ પીઢી-દર-પીઢી પવિત્ર બનકર શ્રેષ્ઠ કૈસે હો સકતે હૈ?''

જ્યોતિબા ફુલે કર્મો તથા ગુણોના આધારે મનુષ્યની જાતિ નક્કી કરવાનું અયોગ્ય માને છે. તે પૂછે છે કે-'' યદિ કિસી મનુષ્ય કે તીન પુત્ર હોં ઔર ઉનમેં સે એક ખેત મેં હલ ચલાકર ફસલ

કરે, દુસરા ભેડ પાલન કરે, તીસરા બાગવાની કરે તો કયા હમ ઈન તીન કામોં કે આધાર પર ઉન્હે ક્રમશઃ ખેતિહાર (કુણબી), ગડરિયા ઔર માલી જાતિ કે કહેંગે? ઈસી પ્રકાર કિસી આર્ય બ્રાહ્મણ કા એક પુત્ર તબલચી હો, દૂસરા મૃત્યુતર શબ-વિચ્છેદન કરનેવાલા વૈદ્ય હો ઔર તીસરા રસોઈયા હો તો કયા ઉનકી અલગ અલગ જાતિયા માની જાએંગી ?''

જ્યોતિબા ફુલેના મત અનુસાર, ''મનુષ્ય કે ગુણાવગુણો કે આધાર પરભી ઉનકી જાતિયાં નિર્ધારિત નહીં કી જા સકતી, કયોં કિ કુછ લોગ અપને પુત્રો કે અચ્છી શિક્ષા દિલાતે હૈં ઔર વે તેજ હોને કે કારણ બડેબડે પદોં કે જિમ્મેદારિયાં સંભાલને યોગ્ય બનતે હૈં, જબ કિ કુછ લોગ અપને પુત્રો કો અચ્છી શિક્ષા દિલાને કા પ્રયાસ કરતે હૈં લેકિન વે મંદબુધ્ધિ હોને કે કારણ મુર્ખ તથા દુરાચારી બનતે હૈં ઔર કોઈ ભી નીચ કાર્ય કરને કો તત્પર રહતે હૈં. ઈસસે સ્પષ્ટ હૈં કિ સદ્‌ગુણ ઔર દુર્ગુણ પીઢીગત નહીં હોતે. સદ્‌ગુણી બૃહસ્પતિ જૈસે મનુષ્યોં કે પુત્ર કભી-કભી સદ્‌ગુણી નહીં હોતે. ઈસી તરહ ધૂર્ત આર્યબ્રાહ્મણો કે પુત્ર હંમેશા શંકરાચાર્ય કે સમાન બુધ્ધિમાન નહીં હોતે. ઈસકે આધાર પર કોઈભી ન્યાયી વ્યક્તિ યહ નહીં હો સકતા કિ કિસી અતિશૂદ્ર ચમાર કા પુત્ર શંકરાચાર્ય કે સમાન મહામુનિ નહીં હો સકતા. ઈસલિએ કિસી વંશિક સમૂહ કો મૂલતઃ હી વરિષ્ઠ યા કનિષ્ઠ અથવા ઊંચ યા નીચ નિર્ધારીત કરકે વરિષ્ઠોં કા કનિષ્ઠો પર વર્ચસ્વ સ્થાપિત કરને કા અધિકાર સૂચિત કરનેવાલા યા વંશિક ભિન્નતા કે આધાર પર મૂલ્યનિર્ધારણ કરનેવાલા કોઈ ભી સિધ્ધાંત વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સે આધારહીન હૈ ઔર વહ માનવતા, સદાચાર ઔર નૈતિક તત્ત્વો મેં વિસંગત હૈ.''[૪૭]

જ્યોતિબા ફુલેએ મહાર, માળી, ચમાર, કોળી, કુંભાર, સિમ્પી, નાઈ વગેરે પછાત વર્ગની જાતિઓના લોકો માટે કાર્ય કર્યું, દલિતોને પોતાના વિરુધ્ધ થઈ રહેલા અન્યાયો સામે લડવા માટે તૈયાર કર્યા તેમજ દલિતોમાં આત્મસન્માનની ભાવના જન્માવી. ડૉ. આંબેડકરે ફુલેના કાર્યોથી પ્રભાવિત થઈને પોતાનું પુસ્તક ''Who where the shudras ?''મહાત્મા જ્યોતિબા ફુલેની પવિત્ર સ્મૃતિમાં અર્પણ કરતા નોંધ્યું છે કે - '' આધુનિક ભારતના મહાન શૂદ્ર મહાત્મા જ્યોતિબા ફુલે હિંદુઓના નીચલા વર્ગોને, ઉચ્ચતર વર્ગો પ્રત્યેની ગુલામીથી સભાન બનાવનાર અને ભારતને માટે સામાજિક સ્વાતંત્ર્ય વિદેશી શાસન મુક્તિ કરતા વધુ અગત્યનું હોવાનું પ્રબોધનાર ''[૪૮] કહ્યા છે.

જ્યોતિબા ફુલે માત્ર સ્ત્રી અને શૂદ્રોને કેળવણી આપીને અટકી ગયા ન હતા. તે જાતિ-વર્ગના ભેદભાવ રાખ્યા વિના ધાર્મિક, સામાજિક, આર્થિક વગેરે ક્ષેત્રમાં પણ ગુલામી ઈચ્છતા ન હતા આથી જ તેમણે ઈ.સ. ૧૮૬૪માં વિધવા વિવાહનું સમર્થન આપીને વિધવાઓના વિવાહ કરાવડાવ્યા. તેમજ વિધવાઓના અવૈધ બાળકોના પાલન-પોષણ માટે ઈ.સ. ૧૮૬૩માં 'બાળહત્યા પ્રતિબંધ ગૃહ' ખોલ્યું. વિધવાઓની ગુપ્ત તથા સુરક્ષિત પ્રસૂતિ માટે પ્રસૂતગૃહ ખોલ્યું. કાશીબાઈ નામના વિધવાના પ્રસૂતિગૃહમાં જન્મેલ બાળકને દત્તક લીધો. ફુલેના 'બાળહત્યા પ્રતિબંધ ગૃહ' વિશે મામા પરમાનંદે લખ્યું છે કે- '' ઉંચી બાતિયો કી જો વિધવાએ કુમાર્ગ પર ચલી ગઈ, જોતિરાવને ઉનકી ભુતદયા તથા

૪૭. युगपुरुष महात्मा फुले, मुरलीधर जगताप, पृ.128,129

૪૮. શૂદ્રોની ખોજ, ડૉ. આંબેડકર, અનુવાદ, મૂળજીભાઈ વી.ખુમાર

ભાતૃભાવ સે રક્ષા કી, ઉન્હોને કઈ વિધવાઓ કો બાલહત્યા જૈસે ગંભીર અપરાધ સે બચાયા. ઈસ ત્યાગ કા સચમુચ કોઈ જોડ નહીં હૈ'' [૪૯]

ફુલેએ બાળ વિવાહનો વિરોધ કર્યો. બાળ વિધવાઓના મુંડનને રોકવા માટે નાઈયોનું સંગઠન બનાવ્યું અને વિધવાઓના મુંડનને રોકવામાં તેઓ સફળ પણ થયા. ધર્મવિષયક ખ્યાલોને દઢ બનાવવાના હેતુથી જ્યોતિબાએ ઈ.સ. ૧૯૮૩ માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી, કારણ કે બીજી સંસ્થાઓમાં સમાજ સુધારા કરતાં પ્રાર્થના અને આધ્યાત્મિક કલ્યાણ જેવી બાબતોને વધારે મહત્ત્વ અપાતું હતું. રાજારામ મોહનરાય વેદોને દૈવી ગણતા હતા, જ્યારે વેદોને કે કુરાન, બાઈબલ જેવા કોઈ પણ ધાર્મિક ગ્રંથોને ઈશ્વરની દેણ માનવા તૈયાર ન હતા. આ બધા જ ગ્રંથો માનવ રચિત હોવાની તેમની દઢ માન્યતા હતી. પ્રાર્થનાસમાજ અને બ્રહ્મોસમાજ સમાજના ઉચ્ચ વર્ગમાં પ્રચલિત હતા, જ્યારે જ્યોતિબાની 'સત્યશોધક સભા'ની શરૂઆત મહાર અને માંગ જ્ઞાતિના દલિતોથી થઈ.

જ્યોતિબા ફુલેએ ઈ.સ. ૧૮૭૯ માં મુંબઈમાં મિલ મજૂરોનું પહેલું સંગઠન બનાવ્યું. જમીનદારોના જુલ્મોથી પીડિત ખેડૂતોને પણ મદદ કરી ઉપરાંત ફુલેએ દારૂબંધીની પણ હિમાયત કરી. એટલું જ નહીં ગ્રંથો લખીને જ્યોતિબાએ શૂદ્રો તથા અતિશૂદ્રોને જાગૃત કર્યા અને સવર્ણ વર્ણોની માનસિક દાસતામાંથી મુક્તિ અપાવવાનો પ્રયાસ કર્યો. ફુલેની પહેલી રચના 'તૃતીય રત્ન' (૧૮૫૫), ૧૮૬૯માં ત્રણ પોવાડા લખ્યા. 'છત્રપતિ શિવાજીરાજે ભોંસલે યાંચા પોવાડા', બીજુ શિક્ષણ-વિભાગના બ્રાહ્મણ અધ્યાપકનું અને ત્રીજુ 'બ્રાહ્મણોની ચાલાકી'નું. 'ગુલામગીરી' (૧૮૭૩) મહત્ત્વનું પુસ્તક છે. આ પુસ્તકનો હેતુ જણાવતા તેઓ પ્રસ્તાવનામાં જણાવે છે કે,

'' સેંકડો વર્ષથી, બ્રાહ્મણ લોકોનું રાજ્ય બન્યું ત્યારથી શૂદ્રાદિ-અતિશૂદ્રો સતત દુઃખ વેઠી રહ્યા છે અને જાત-જાતની યાતનાઓ અને આફતોમાં દિવસો વેઠી રહ્યા છે એ વાત તરફ એ બધાનું ધ્યાન ખેંચાઈને તેઓ એ વિશે બરાબર વિચાર કરે અને ભટ્ટ બ્રાહ્મણોના અન્યાયી જુલમોમાંથી મુક્તિ લેવા પ્રેરાય એવો છે. ''[૫૦] આ ગ્રંથમાં ફુલેએ બ્રાહ્મણવાદ પર પ્રહાર કર્યો છે ને શૂદ્રોને બ્રહ્મરાક્ષસોના દાસત્વમાંથી મુક્ત થવાનો સંદેશો આપ્યો છે.

કંવલ ભારતીએ લખ્યું છે કે -

जोतिबा फूले की कविताओं में दलित विमर्श संपूर्ण शूद्र अतिशूद्र वर्ग के लिए नवजागरण का विमर्श है । 'कुनबी स्त्री' शीर्षक उनकी अखंड कविता की ये पंक्तियां बेहद विचारोतेजक है.

मुरगा बांग दे रहा था सुबह/ पीसना शुरु करती है । शूद्रजापा ।।
गीतों का शोरगुल, पति जागता । बैलों को ले जाता चराने ।।
सूर्योदय होता गोबर गोठ करती टोकरी में ढोती । कूडा–करकट भी ।।
धूर्त आर्य उसको कुलंबिन कहते । गुणों में कम नहीं थी । जोति कहै ।।
बाह्मवी नहीं डालती खेतों में मूत्र की खाद । गजरा बालों में ।

૪૯. युगपुरुष महात्मा फुले, मुरलीधर जगताप, पृ.75
૫૦. જોતીરાવ ફુલે, સંજય શ્રીપાદ ભાવે, પ્ર.આ.૨૦૦૬, પૃ.૨૭

जानवरों के पीछे गोबर नहीं चुनती । गोहर नहीं बनाती । मजदूरी से ।।
करती नही शूद्रोकी पिसायी–कुटा थी । लिपाई–पुतायी । पेट के लिए ।।
ब्राह्मणी शूद्रों का आंगन नहीं बुहारती । घर नहीं पोतती । जोति कहे ।।

क्या इसमें संदेह किया जा सकता है कि 70 के दशक में जो दलित साहित्य मराठी में उभरा उसकी पृष्ठभूमि में जोतिबा फूले का रचना–कर्म नही था''[૫૧]

ટૂંકમાં જ્યોતિબા ફુલેએ માત્ર શૂદ્રોની જ સેવા ન કરતા સમગ્ર મનુષ્ય જાતિની સેવા કરી. આથી જ ૧૧મી મે, ૧૮૮૮ ના પૂનાની એક વિશાળ લોકસભામાં ફુલેના વૈચારિક અને સામાજિક સંઘર્ષ માટે તેમને જનતાએ પ્રેમથી 'મહાત્મા'ની ઉપાધિથી સન્માનિત કર્યા. એ સભામાં રાવબહાદુર શ્રી વિઠ્ઠલરાવ વંડેકરે ફુલેના કાર્યોની પ્રશંસા કરતા કહ્યું કે, ''જોતીરાવ કી ઉગ્ર તપસ્યા કે કારણ મહારાષ્ટ્ર કે સ્ત્રી-પુરૂષો કો માનવ અધિકારો, જાગૃતિ ઔર ચેતના કી સ્થાયી ધરોહર મિલ ગઈ હૈ. ઈસ લિએ જોતીરાવ સચ્ચે મહાત્મા હૈ.'' ગાંધીજીએ પણ પોતાના એક લેખમાં ફુલેને 'સાચા મહાત્મા' કહ્યા છે. ઈ.સ. ૧૯૩૨ માં યેરવડા જેલમાં કેદ થયેલા મહાત્મા ગાંધીને જ્યોતિબાના ઉમદા કાર્યોની જ્યારે જાણકારી મળી ત્યારે તેમણે કહ્યું કે જ્યોતિબા ખરા અર્થમાં મહાત્મા છે.'' ગુજરાતના વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડે પણ જ્યોતિબાના કાર્યોથી પ્રભાવિત થઈને ફુલેની સંસ્થાઓ માટે આર્થિક સહાય આપી અને તેમના ઉત્તમ સેવાકીય કાર્યો બદલ ' હિન્દુસ્તાનના બુકર ટી વોશિંગ્ટન' ની ઉપાધિ આપવાનું જાહેર કર્યું હતું. સંજય શ્રીપાદ ભાવેએ કહ્યું છે કે ''મહાત્મા ફુલે રગેરગ કર્મશીલ-એક્ટિવિસ્ટ હતા. અભ્યાસીને નતમસ્તક બનાવનારું તેમનું જીવન દલિત પીડિત લોકોના ઉત્થાન માટેના ત્યાગ અને પ્રતિબદ્ધતાનું વિરલ દષ્ટાંત છે. તેમનું જીવનકાર્ય અત્યારના ભારતમાં પ્રેરણાદાયી અને પ્રસ્તુત છે.''[૫૨]

## ગાંધીજી

દલિતોના ઉત્કર્ષ માટે ગાંધીજીએ કરેલાં રચનાત્મક કાર્યો હંમેશા યાદ રહેશે. ગાંધીજીએ અછૂતોના દરજ્જાને ઊંચો લાવવાની દષ્ટિએ 'પૂના કરાર' પછી ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૩૨ ના રોજ 'અછૂતો' માટે 'હરિજન' શબ્દનો પ્રયોગ પ્રચલિત કર્યો હતો. ગાંધીજીને 'હરિજન' શબ્દ પસંદ હોવાના બે મુખ્ય કારણ હતા. ૧. હરિજનનો અર્થ ભગવાનના ભક્ત થાય છે અને ભગવાન બીજા કરતાં દુઃખિયાનો બેલી વધુ કહેવાય છે, માટે ભગવાનને આ દલિતો બીજા કરતા વધુ પ્રિય છે અને એ શબ્દમાં ક્યાંય નીચાપણા કે તિરસ્કારપણાની ગંધ સરખીયે નથી. તેમણે તો એટલે સુધી કહ્યું હતું કે '' હું તો હરિજન થવા મથું છું પણ તમે હરિના જન થવાના અધિકારી છો '' [૫૩] પણ આ 'હરિજન' શબ્દનો એ સમયે વિરોધ થયો હતો અને તેને અસંસદીય જાહેર કર્યો હતો કારણ કે દક્ષિણના કેટલાક રાજ્યોમાં 'હરિજન' શબ્દનો ઉપયોગ અનાથ બાળક માટે થતો હતો જે હોય તે પણ ગાંધીજીનો આશય તો દલિતોના ઉત્કર્ષ માટેનો જ હતો.

---

૫૧. दलित विमर्श की भूमिका, कँवल भारती, द्वितीय संस्करण,२००२, पृ.107
૫૨. જોતીરાવ ફુલે, સંજય શ્રીપાદ ભાવે, પૃ.૪૧,૪૨
૫૩.'હરિજન', ગાંધીજી, ૪-૪-૧૯૩૬

આજે ઘણા બધા લોકો કહે છે કે ગાંધીજીએ દલિતો માટે શું કર્યું ? પણ જ્યોતિબા ફુલે, ડો.આંબેડકરની જેમ ગાંધીજીએ પણ સાવ નાનપણથી જ અસ્પૃશ્યતાને અભિશાપ માની હતી. તેથી જ તેઓ કહી શકતા હતા કે," હું મારી પત્નીને પરણ્યો તે પહેલાં ઘણાં વખત પર અસ્પૃશ્યતાનિવારણને વર્યો હતો."[૫૪] ગાંધીજીનો ઈશારો પોતાના નાનપણના એ પ્રસંગ પ્રત્યે હતો કે જ્યારે તેમણે પોતાની વહાલસોઈ માતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ ઘરમાં પાયખાનું સાફ કરવા આવતા ઉકાભાઈ ભંગીના સ્પર્શથી અભડાઈ જવાય એ વાત સ્વીકારી નહોતી. આ પ્રસંગ ગાંધીજીની આત્મકથા વાંચનાર સૌ કોઈ જાણે છે પણ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિને કારણે ગાંધીજીને અંગ્રેજોથી જે રીતે અપમાનિત થવું પડ્યું હતું તેમાં જ અસ્પૃશ્યતા નિવારણના મૂળ રહેલા છે. ત્યાર પછી તો ગાંધીજીએ હરિજનોના ઉધ્ધારને જ પોતાના જીવનનું એક લક્ષ્ય બનાવી દીધું હતું. ભારતની આઝાદી માટે જે અનેક રચનાત્મક કાર્યો ગાંધીજીએ હાથમાં લીધા હતા તેમાં હરિજનોના ઉત્કર્ષ માટેનો પણ એક મુદ્દો હતો. ઈ.સ. ૧૯૩૦ પછી તો ગાંધીજી અસ્પૃશ્યતા નિવારણના કાર્યને સૌથી વધારે મહત્ત્વ આપતા હતા. તેમાંયે 'પૂના કરાર' પછી ૧૯૩૨ના ઉપવાસ અને ત્યાર પછીની ઘટનાઓ તથા ડૉ. આંબેડકર સાથેના સીધા સંપર્કથી ગાંધીજીનો અસ્પૃશ્યતા નિવારણ અંગેનો નિશ્ચય વધુ દૃઢ અને વધુ તીવ્ર થયો હતો.

શ્રી નારાયણ દેસાઈએ ગાંધીજીના કાર્યો સંદર્ભે યોગ્ય જ કહ્યું છે કે, 'શું રાજકારણમાં કે શું સમાજકારણ, ગાંધીજીની સૌથી મોટી શક્તિ એ હતી કે, તેઓ જે વિચારતા કે કહેતા તે તરત આચરણમાં મુકતા. એમનું જીવન જ એમની વાણી બની રહેતું.'[૫૫] તેથી તેમના વિરોધીઓ ઢીલા પડતા અને એમની સાથે મતભેદ ધરાવનારા પણ એમને વિશે આદર ધરાવતા. 'પૂના કરાર' પછી ઈ.સ. ૧૯૩૩-'૩૪ની ઐતિહાસિક હરિજન યાત્રા દરમિયાન ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણનો વાવાઝોડાની માફક પ્રચાર કર્યો હતો પણ એમના શબ્દોની પાછળ આખી જિંદગીના આચરણનું બળ હતું. દક્ષિણ આફ્રિકામાં એમણે 'પંચમ' જાતિના લોકોને પોતાના કુટુંબમાં કુટુંબના સભ્યો તરીકે વસાવ્યા હતા. એક જણના પેશાબનો પોટ સાફ કરવાની માનસિક તૈયારી ન દેખાડી તેથી તેઓ પોતાની પત્નીને ઘરમાંથી કાઢવા સુધી તૈયાર થઈ ગયા હતા. અમદાવાદમાં કોચરબ આશ્રમમાં અંત્યજ કુટુંબને વસાવવા અને અંત્યજ કન્યા લક્ષ્મીને દત્તક લેવાને કારણે આખા આશ્રમને અમદાવાદના વૈષ્ણવો પાસેથી મળતી આર્થિક મદદ બંધ થઈ ગઈ હતી અને તેઓ અંત્યજ વાસમાં જઈને રહેવાનો વિચાર કરતા થઈ ગયા હતા. આજ કારણસર તેમણે પોતાના પ્રાણપ્રિય સાથી અને ભત્રીજા મગનલાલ ગાંધીનો ત્યાગ કરવાની માનસિક તૈયારી બતાવી હતી અને છ માસ સુધી એમને આશ્રમમાંથી બહાર પણ મોકલી આપ્યા હતા. કસ્તુરબાએ પતિનો ધર્મ એ જ મારો ધર્મ છે એમ વિચારીને મનને મનાવી ન લીધું હોત તો તેમનો પણ ત્યાગ કરવાની તૈયારી ગાંધીજીએ આ પ્રસંગે દેખાડી હતી. અનેકવાર ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્નને લઈને ઉપવાસ દ્વારા પોતાના પ્રાણનું સ્વાર્પણ કરવાની તૈયારી દાખવી હતી અને હરિજન યાત્રા

૫૪. નવજીવન ગાંધીજી, ૯/૧૧/૧૯૩૧, પૃ.૮૯
૫૫. મારું જીવન એ જ મારી વાણી, નારાયણ દેસાઈ, પૃ.૧૭૦

દરમિયાન અનેકવાર કાળા ઝંડાનું સ્વાગત વેઠયું હતું, એકથી વધારે વાર એમના ઉપર હુમલા પણ થયા હતા છતાં પણ ગાંધીજી પોતાના કાર્યમાં લીન હતા. દા.ત. ૨૫મી જૂન ૧૯૩૪ને દિવસે મહારાષ્ટ્રની યાત્રા શરૂ કરવા તેઓ પૂના ગયા હતા. ત્યાં મ્યુનિસિપાલિટીના હોલ તરફ જતાં હતા ત્યારે એમની ગાડી ધારીને તેની પર બોમ્બ ફેંકવામાં આવ્યો. તેઓ તો બચી ગયા હતા કારણ કે તે મોટરમાં તેઓ નહોતા પણ એમના કેટલાક સાથીઓ ઘાયલ થયા હતા. એ અંગે ગાંધીજીએ કહ્યું હતું કે –

''મને શહીદ થવાની તાલાવેલી નથી ઉપડી પણ જેને હું મારો પરમ ધર્મ સમજું છું એવા કર્તવ્યને આચરતાં અને કરોડો હિંદુઓની સાથે જેને હું મારો પરમ ધર્મ સમજું છું તેની રક્ષા કરતાં જો મારે શહીદ થવાનું વાટમાં આવતું હશે તો તે ખરી કમાણી જ હશે અને ભવિષ્યનો ઈતિહાસકાર કહેશે કે, અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવાના પ્રયત્નમાં જરૂર પડ્યે હરિજનોને સારુ પ્રાણ પણ આપવાની મેં કરેલી પ્રતિજ્ઞા અક્ષરશ પળાઈ...''[૫૬]

ગાંધીજી કથની અને કરણીની એકતામાં વિશ્વાસ રાખતા હતા. આથી કોઈ પણ કાર્ય બીજા પાસેથી કરાવતા પહેલાં પોતે જ એ કાર્ય કરતા. તેમણે કર્મની પૂજાના સિદ્ધાંતને પોતાના જીવનનો મંત્ર બનાવી દીધો. ગાંધીજી જેટલી ઉત્સુકતાથી પ્રાર્થના કરતા હતા એટલી જ ઉત્સુકતાથી આશ્રમમાં ઝાડું લગાવવાનું કામ કરતાં હતા. હરિજનોના ઉત્કર્ષ માટે તેમણે જે ધન એકઠું કર્યુ હતું તેનો ઉપયોગ દલિતોની શિક્ષણ તથા તેના આર્થિક વિકાસનાં અનેક કાર્યો માટે કર્યો હતો. ગાંધીજીના પ્રયાસને લીધે જ દેશના સેંકડો મંદિરો અને કૂવાઓ હરિજનો સારુ ખૂલ્યા હતાં. ગાંધીજીની હરિજન યાત્રાના કારણે જ અલ્લાહાબાદમાં તમામ મંદિરો અસ્પૃશ્યો સારુ ખૂલી ગયા. કલકતાનું વિખ્યાત 'કાલિઘાટ' મંદિર ખૂલ્યું. મુંબઈનું વિઠોબા–રુક્મિણી મંદિર અસ્પૃશ્યો સારું ખુલ્લુ મૂકવામાં આવ્યું. કરાંચીમાં વિદ્યાર્થીઓના સત્યાગ્રહ પછી જસરાજ મંદિર ખુલ્લુ મુકાયું. મદ્રાસનું સૌથી રૂઢિચુસ્ત ગણાતું કંડસ્વામી મંદિર ખુલ્લુ મુકાયું. ત્રિપુરાના મહારાજાએ પોતાના રાજ્યનાં તમામ મંદિરોને અસ્પૃશ્યો સારું ખુલ્લાં મુકયા. બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી આનંદશંકર ધ્રુવે અનેક બ્રાહ્મણોની સાથે હરિજનો ભેગા મળીને એક પંગતમાં ભોજન લીધું. ઈરોડની મ્યુનિસિપાલિટીએ ઠરાવ કર્યો કે જે હોટેલ'અસ્પૃશ્યો'ને સેવા ન આપે તેને લાઈસન્સ ન આપવા અને બધા કૂવાઓ હરિજનો સારુ ખુલ્લાં મુકયા. મીરાંબહેન ગાંધીજીની ઐતિહાસિક હરિજનયાત્રામાં સાથે હતા. પોતાની આત્મકથામાં મીરાંબહેને આ કષ્ટદાયી યાત્રાનું વર્ણન હરખભેર કર્યુ છે, '' અસ્પૃશ્યતા દૂર કરવા માટે બાપુએ કરેલા અવિરત પ્રયત્નોનું ફળ હવે દેખાવા લાગ્યું. ધર્મઝનૂની રૂઢિચુસ્ત હિંદુઓને ખરેખરી બીક પેઠી.''[૫૭] ટૂંકમાં મારું જીવન એ જ મારો સંદેશ એમ કહેનાર ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના કામની કોઈ મૂઢમતી જ અવહેલના કરી શકે. ઈ.સ. ૧૯૩૪માં ગાંધીજીએ 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના કરી હતી. જે આજ સુધી હરિજનોની સેવાના કાર્યમાં રત્ત છે. તે જ કાળમાં ગાંધીજીએ પોતાનાં મુખપત્રોને 'હરિજન','હરિજન બંધુ' અને 'હરિજન સેવક' એવા નામો આપ્યા હતા. જીવનના છેલ્લા દિવસ સુધી ગમે તેટલા કામ વચ્ચે પણ ગાંધીજી હરિજન

૫૬. મારું જીવન એ જ મારી વાણી, નારાયણ દેસાઈ,પૃ.૧૬૯

૫૭. એક સેવિકાની આત્મકથા, મીરાંબહેન, અનુવાદ, વનમાળા દેસાઈ, પૃ.૧૬૭, ૧૬૮

સેવા સારુ ફાળો ઉઘરાવવાનું ચુકતા નહી. નારાયણ દેસાઈએ કહ્યું છે કે ''ગાંધીજીના ઉપવાસે અસ્પૃશ્યતાનું નિર્મૂલન કર્યું નહોતુ પણ  અપ્રતિષ્ઠિત કરી દીધી હતી. ગાંધીજીના ઉપવાસ પછી અસ્પૃશ્યતાને કોઇ સામાજિક પ્રતિષ્ઠા રહી નહોતી. તે એક શરમનો વિષય ગણાતી થઈ ગઈ હતી. અસ્પૃશ્યોની વાજબી માગણીઓ વિશે પહેલાં તો નરી ઉપેક્ષા થતી, તે હવે શક્ય રહ્યું નહોતું. એમના અવાજમાં ઉપવાસે નૈતિક તાકાત ભરી દીધી હતી. ગાંધીજીના તપે સવર્ણ હિંદુઓને પોતાના સમાજ-શરીરને ખાઈ જતાં સેંકડો વર્ષોથી લાગેલા રોગ વિશે સભાન અને સક્રિય કર્યા હતા.''[૫૮]

ગાંધીજી સમાજના સૌથી પછાત, તિરસ્કૃત અને અપમાનિત દલિતોને પોતાની સમાન માન્યા અને તેમણે અસ્પૃશ્યાતાનો ખૂબ જ વિરોધ કર્યો અને કહ્યું કે (૧૯૨૧) ''જો અસ્પૃશ્યતા ચાલુ રહેશે તો માત્ર હિંદુ ધર્મ નહિ પણ હિન્દુસ્તાન ખતમ થઈ જશે.... મારે ફરી જન્મ લેવો નથી પણ મારે ફરી જન્મવાનું જ હોય તો મને અછૂત તરીકે ફરી જન્મ મળે જેથી હું તેમના દુ:ખો, સંકટો અને તેમને સહેવા પડતા અપમાનોમાં ભાગીદાર બની શકું. આમ ઈચ્છવાનું કારણ એ છે કે આથી મને અને તમને દુ:ખજનક સ્થિતિમાંથી ઉગારી શકું, આથી હું પ્રભુને પ્રાર્થના કરુ છું કે, જો મારો ફરી જન્મ થવાનો હોય તો તે 'બ્રાહ્મણ', 'વૈશ્ય' કે 'શૂદ્ર'નો નહિ પરંતુ 'અતિશૂદ્ર' નો થવો જોઈએ''[૫૯]

ઠેઠ ૧૯૧૬માં પણ ગાંધીજીએ કહ્યું હતું કે, ''અસ્પૃશ્યતાને કાઢવા સારુ આ શીશ સમર્પિત છે''[૬૦] અને એ જ સાલમાં તેમણે એમ પણ કહ્યું હતું કે, ''હું તો કોંગ્રેસના પ્રમુખપદે કોઈ અસ્પૃશ્યને બેઠેલો જોવા ઈચ્છું છું.''[૬૧]

ગાંધીજી આધ્યાત્મિક શક્તિના ઉપાસક હતા અને મનુષ્યના હૃદય પરિવર્તનના સિદ્ધાંતમાં વિશ્વાસ રાખતા હતા. નારાયણ દેસાઈએ પણ નોંધ્યુ છે કે ''ગાંધીજી અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્નને માનવીય દષ્ટિએ નૈતિક પ્રશ્ન તરીકે જોતા હતા, જેથી એને માટેનો ઉકેલ તેમને સવર્ણ હિંદુઓના માનસ પરિવર્તનનો દેખાતો હતો''[૬૨]

ટૂંકમાં દક્ષિણ આફ્રિકાથી ગાંધીજીના સ્વદેશ આગમનથી અવગણાયેલા, કચડાયેલા, તિરસ્કૃત, હાંસિયામાં ધકેલાઈ ગયેલા, પીડિત શોષિત જનતા સક્રિય થઈ, તેમનામાં ચેતનાનો સંચાર થયો. ગાંધીજીના રાષ્ટ્રીય ચળવળના વિવિધ પગલાથી સમાજ સુધારાને ઝડપી વેગ મળ્યો. ગાંધીજી લખે છે, ''મારા પ્રયત્નો એવા ભારતવર્ષને માટે હશે જે ભારતવર્ષમા પ્રજાના વર્ગોમાં ઊંચનીચના ભેદ નહિ હોય, જે ભારતવર્ષમાં તમામ કોમો હળીમળીને રહેતી હશે, એવા ભારતવર્ષમાં અસ્પૃશ્યતાનાં પ્રશ્ને અથવા કેફી પીણાં જેવા પદાર્થોને સ્થાન હોય જ નહિ શકે. સ્ત્રીઓ પુરુષો જેટલા જ હક ભોગવશે''[૬૩]

---

૫૮. મારું જીવન એ જ મારી વાણી,નારાયણ દેસાઈ, પૃ.૧૭૧
૫૯. ગાંધીજી, નવજીવન, ૧૭૪,૧૯૨૧, પૃ.૨૪
૬૦. નવજીવન, ગાંધીજી, ૯-૧-૧૯૨૭, પૃ.૧૭
૬૧. ગાંધી એન્ડ આંબેડકર : સવિયર્સ ઓફ અનટચેબલ્સ, ચૌહાણ શેષરાવ, પૃ.૨૪૯
૬૨. મારું જીવન એ જ મારી વાણી, નારાયણ દેસાઈ, પૃ.૧૭૨
૬૩. મારા સ્વપ્નનું ભારત, ગાંધીજી, પૃ.૧૧૨

ગાંધીજીને માત્ર રાજકીય આઝાદી નહીં પણ સામાજિક ગુલામીમાંથી પણ છેવાડાના માણસને મુક્તિ અપાવી હતી. જ્યાં અદ્વૈતની ભાવના હોય એ સંસ્કૃતિમાં રહેલી અસ્પૃશ્યતાની બદી એમને કનડતી હતી. તેથી તેમણે અસ્પૃશ્યતાને હિન્દુધર્મનું કલંક ગણાવી. ગાંધીજીના વિશ્વપ્રેમના આદર્શે જનતાને યુગો લગી અવગણાયેલા, ભૂલાયેલાં, હડધૂત થયેલાં ભાઈ-ભાંડુ તરફ વાળ્યા અને આપણી નાનકડી આંખમાં સમાય છે એટલું જ જગત નથી તેનું ભાન કરાવ્યું. ગાંધીજીની વિચારધારાથી જેમ સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું તેમ આપણા સાહિત્ય પર પણ એ પરિવર્તનની અસર થઈ. ગાંધીજીની વિચારધારાનો જબરો પ્રભાવ એ સમયના સાહિત્યકારો પર પડયો પરિણામે સાહિત્ય વાસ્તવદર્શી બન્યું. જે વિષયો તુચ્છ, અસ્પૃશ્ય રહ્યા હતા તે વિષયો પર પણ રચનાઓ થઈ.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર

દલિતો-પીડિતોના અધિકારો માટે જીવનભર સંઘર્ષ કરનાર ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાના આંબવડેના અછૂત 'મહાર' જાતિના રામજી શકપાલને ત્યાં ૧૪ એપ્રિલ, ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશમાં મહૂની લશ્કરી છાવણીમાં થયો હતો. ડૉ.આંબેડકરના જન્મ સમયે ભારતમાં બ્રિટિશ શાસન હતું. શૂદ્રોની સ્થિતિ દયનીય હતી. તેમની પીડાનો પાર નહોતો. ડૉ.આંબેડકરને બાળપણમાં સતારાની શાળામાં જ જાતિને કારણે કડવા અનુભવો થયા જે તેમને જીવનભર વેદના આપતા રહ્યા હતા. વર્ગની બહાર બેસીને ભણવું પડે, વર્ગમાં કાળા પાટિયા પાસે પહોંચી દાખલો ગણી ન શકાય, ગૃહકાર્ય દૂરથી બતાવવું પડે, શિક્ષકને પ્રશ્ન પણ પૂછી ન શકાય, શાળાની પરબે પાણી મળે નહિ, મુંબઈની એલ્ફીસ્ટન હાઈસ્કૂલના ભૂદેવો-બ્રાહ્મણો આ મહારને સંસ્કૃતભાષા-દેવવાણી ભણાવવાની ચોખ્ખી ના પાડે! પરિણામે 'પર્શીયન' ભણવી પડે! આ ઉપરાંત ધોબી કપડા ધૂવે નહિ, કોઈ વાળંદ વાળ કાપે નહિ. આમ, આવી અનેક યાતનાઓ વેઠી હતી. અહીં એ બાબત પણ નોંધવી ઘટે કે આ બધાં ખારાં જળ વચ્ચે મીઠી વીરડીની મધુર યાદ પણ હતી. શાળાના એક બ્રાહ્મણ શિક્ષક કૃષ્ણાજી કેળુસકર, વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા વગેરેએ તેમની વેદના પર શીતળ લેપ લગાડ્યો હતો. ગાયકવાડની શિષ્યવૃત્તિની સહાયથી વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે ગયા. શિષ્યવૃત્તિની શરત પ્રમાણે ૧૯૧૭માં વડોદરામાં 'સૈનિક સચિવ' તરીકે નોકરીમાં જોડાયા. ડૉ.આંબેડકર ઈંગ્લેન્ડ-અમેરિકાની સુપ્રસિદ્ધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી અધિકારી બન્યા છતાં એમનું જન્મે અછૂત હોવું આડે આવ્યું- "....પટાવાળો ફાઈલો છૂટી ફેંકે, ટેબલને અડકે તો અભડાઈ જાય, કચેરીમાંથી બહાર નીકળે તો જાજમ વાળી લ્યે, હાથ નીચેના માણસો તેમની સાથે રકતપિત્તના દર્દી જેવો વ્યવહાર કરતા. વળી, તેમને રહેવા મકાન કેમ અપાય? આખું વડોદરા ખૂંદી વળ્યા પરંતુ કોઈ મકાન આપવા તૈયાર નહોંતા, એદલજી સોરાબજી બનાવટી નામ ધારણ કરી પારસી બાવાની વીસી-હોટલમાં હાલ પૂરતો મુકામ કર્યો પરંતુ અગિયારમાં દિવસે અગ્નિપૂજકોને આ અસ્પૃશ્યની ખબર પડી......'વીશી' વટલાઈ ગઈ...લબાચા ફેંકી આંબેડકરને અપમાનિત કરવામાં આવ્યા"[૬૪] આ દુ:ખદ અનુભવ વર્ણવતા ડૉ. આંબેડકર લખે છે.

૬૪. डॉ. आम्बेडकर व्यक्तित्व-कृतित्व, डॉ. जाटव डी. आर, प्र.आ. 1984, पृ.38

"હું આખો દિવસ મકાન માટે ભટકયો, મને કયાંય મકાન ન મળ્યું, કેટલાક મિત્રો- હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમોને મળ્યો હતો પરંતુ તેમણે જુદા-જુદા બહાનાં કાઢી મને રવાના કરી દીધો. મારી મતિ મુંઝાઈ ગઈ, મને કશુંય સુઝતું નહોતું કે હવે મારે શું કરવું ? મારું હૃદય ભરાઈ આવ્યું. એક વૃક્ષ નીચે બેસી હું ચોધાર આંસુએ રડી પડયો"[૬૫] અસ્પૃશ્ય સમાજમાં જન્મને કારણે વડોદરામાં થયેલી આ અવહેલનાએ ડૉ.આંબેડકરનું સમગ્ર જીવન-મિશન, દિશા બદલી નાખી. આ ઘટનાથી '....અધિકારી આંબેડકરમાંથી 'સંઘર્ષવીર'આંબેડકરનો આવિર્ભાવ થયો'[૬૬] ટૂંકમાં આ બનાવથી જે સમાજમાં પોતે જન્મ્યા છે તેના પરના શોષણ, અન્યાય, અત્યાચારોને નાબૂદ કરવાના સંઘર્ષના બી રોપાયા. તેમણે સોગન લીધા કે ... "If i fail to do away the abominable thraldom an inhuman justice under which the class, into which i was born has been groaning i will put an end to my life with a bullet"[૬૭] ("જે સમાજમાં હું જન્મ્યો છું તે દલિત સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ઘૃણાજનક, ગુલામીયુક્ત અત્યાચારો દૂર કરવામાં હું નિષ્ફળ નિવડીશ તો બંદૂકની ગોળી વડે મારા દેહનો અંત આણીશ")

ડૉ.આંબેડકરે પોતાના જીવનકાર્યનો આરંભ 'હોમરૂલ'ની માંગણી કરતા ભારતીયો માટે નિમાયેલા 'મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા અંગેની સાઉથબરો સમિતિ સમક્ષ અસ્પૃશ્યોના મતાધિકાર માટેનું આવેદનપત્ર આપીને કર્યો ત્યારબાદ જાતિપ્રથા સામે જંગ ખેલવા સદીઓથી મૂક એવા પોતાના સમાજની વેદના, પીડાને વ્યકત કરવા કોલ્હાપુરના છત્રપતિ શાહુ મહારાજની મદદથી ઈ.સ.૧૯૨૦ની ૩૧મી જાન્યુઆરીએ 'મૂક નાયક' સામયિક શરૂ કર્યું. ૨૭ એપ્રિલ ૧૯૨૭ના રોજ 'બહિસ્કૃત ભારત" સામયિક શરૂ કર્યુ, તેના દ્વારા દલિતોમાં જાગૃતિ આણવાનો પ્રયાસ થયો. ૨૫મી જુલાઇ, ૧૯૨૪ના રોજ'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના કરી, સામાજિક સંઘર્ષને સંગઠનનું રૂપ આપ્યું, તેમણે 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો' નો મંત્ર આપ્યો. દલિતોમાં પોતાના અધિકારો માટેની જાગૃતિ લાવવા એપ્રિલ, ૧૯૨૫માં માલવણ (રત્નાગીરી) મુકામે મુંબઈ ઈલાકાના દલિતોની ડૉ.આંબેડકરની અધ્યક્ષતામાં પ્રથમ પરિષદ મળી. તેમણે દલિતોના માનવ અધિકારોની વાત કરી, સદીઓથી ચાલ્યા આવેલા અન્યાય, અત્યાચાર, શોષણ સામે આંદોલન કરવાની હાકલ કરી અને દલિતોની સ્વાભિમાનની ભાવનાને ઢંઢોળતા બુલંદ સ્વરમાં કહ્યું-

"અહીં એકઠા થયેલા દલિતો તમારી દુદર્શા કેવી છે ? તમારા દુઃખી ચહેરા જોઈ, તમારા દીનતાભર્યા શબ્દો સાંભળી મારું હૃદય ફાટી જાય છે. તમો તમારા દુઃખી જીવન દ્વારા દુનિયામાં દુઃખ દર્દમાં શા માટે વધારો કરો છો? તમે માતાના ગર્ભમાં કે જન્મતાની સાથે જ કેમ મરી ન ગયા ? હજુયે તમે મરી જાવ તો દુનિયા ઉપર તમારો ઉપકાર થશે. દુનિયા ઉપરથી દુઃખ દર્દનો ભાર ઓછો થશે પરંતુ જો તમે ખરેખર જીવન જીવવા માંગતા હો તો જિંદાદીલીથી જીવો. આ દેશના અન્ય નાગરિકોને

૬૫. આર્ષદ્રષ્ટાઃ ડૉ.બાબાસાહેબ આંબેડકર, ડૉ. પી.જી.જ્યોતિકર, દ્વિતીય આવૃત્તિ,૧૯૯૮, પૃ.૫
૬૬. ગુજરાતની દલિતોધ્ધારની આંબેડકરની ચળવળનો ઈતિહાસ,૧૯૨૦-૧૯૭૦, ડૉ. પી.જી.જ્યોતિકર, પૃ.૩૫
૬૭. Dr. Ambedkar Life and Mission- keer D., Second Edition-1962- Page.521

રોટી, રહેઠાણ અને વસ્ત્રો મળે છે તે તમને પણ મળવા જોઈએ. આ તમારો જન્મસિદ્ધ અધિકાર છે. આ માનવીય હક્કો હાંસલ કરવા તમારે આગળ આવવું પડશે. નિર્ણય લઈ સંગઠિત થઈ સંઘર્ષ કરવો પડશે''[૬૮]

ડૉ. આંબેડકર જાતિવિહીન સમાજની સ્થાપના માટે સતત મથતા હતા, તેમણે દલિતોમાં શિક્ષણનો પ્રચાર પ્રસાર થાય તે માટે પણ પ્રયત્નો કર્યા, સોલાપુરમાં દલિત વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, મુંબઈમાં વાચનાલય અને મહાર હોકી કલબની સ્થાપના કરી. તેમની મુંબઈ પ્રાંતિક કાઉન્સિલના સભ્ય તરીકે વરણી થતાં તેમણે સાથી સભ્ય ડૉ.પી.જી. સોલંકીની સાથે રહીને દલિતોના ઉત્થાન માટે 'સ્ટાર્ટ કમિટી'ની રચના કરી. તા.૧૯,૨૦ માર્ચ, ૧૯૨૭ના દિવસે ડૉ.બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં થયેલા 'મહાડ જળ સત્યાગ્રહ' દલિત આંદોલનનો મુખ્ય પડાવ હતો. ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં મોટી સંખ્યામાં પદદલિતોએ અસ્પૃશ્યતાના પાપ સામે પુણ્ય પ્રકોપ વ્યકત કરી મહાડ ચવદાર તળાવમાંથી જયઘોષ સાથે પાણી પીવાના પોતાના માનવીય અધિકારો પ્રસ્થાપિત કરવાનો સત્યાગ્રહ કર્યો અને રૂઢિવાદી હિન્દુઓને પોતાના સંગઠનનું પાણી બતાવી આપ્યું. આ સત્યાગ્રહનું દલિત આંદોલનોમાં મહત્વનું સ્થાન છે. આ મહાડ જળ સત્યાગ્રહને દલિતોના સ્વાભિમાન, સ્વતંત્રતા, જાગૃતિ તથા ન્યાય માટેનો ઐતિહાસિક સંઘર્ષ પણ કહી શકાય. ચંદુ મહેરિયા આ સત્યાગ્રહ સંદર્ભે નોંધે છે– '' મહાડ જળ સત્યાગ્રહ અને મનુસ્મૃતિના દહનથી ડૉ.આંબેડકરે દલિતોના દબાયેલા આક્રોશને પેટવ્યો. આ બંને ઘટનાઓ દલિતોના સામાજિક ન્યાય માટેના ઐતિહાસિક કાર્યોમાં અત્યંત મહત્ત્વની બની રહી''[૬૯] આ સત્યાગ્રહની પ્રશંસા કરતા હિમાંશુ રાય લખે છે કે–''આ ઘટનાએ દલિતોમાં એકતાની અદ્ભુત ચેતના જગાવી, એમનામાં ધાર્મિક અંધવિશ્વાસનો વિરોધ કરવાનો ઉત્સાહ પેદા થયો, ત્યાં જ બાબા સાહેબના નેતૃત્વએ એમને પોતાના અધિકારો માટે સજાગ કર્યા''[૭૦]

ડૉ.આંબેડકરે 'મનુસ્મૃતિ'ની જાહેરમાં હોળી કરી હિન્દુઓને પડકાર કર્યા પછી દલિતોનાં ધાર્મિક અધિકારો માટે મંદિર પ્રવેશનો પ્રશ્ન હાથમાં લીધો. ૨ માર્ચ,૧૯૩૦ના રોજ નાસિકના કાલારામ મંદિર પ્રવેશ માટેના અધિકારનો સત્યાગ્રહ કર્યો. આ માણસાઈના અધિકાર મેળવવાની લડત હતી. આ ઉપરાંત ડાં.આંબેડકરે હિન્દુ એકતા માટે આંતરજાતીય લગ્નો પર ભાર મૂક્યો અને વર્ણાશ્રમપ્રથાનો સખત વિરોધ કર્યો હતો. લંડનમાં ૨૦મી નવેમ્બર ૧૯૩૦ના રોજ યોજાયેલ પ્રથમ ગોળમેજી પરિષદમાં તેમણે દલિતોના અધિકારોનું જાહેરનામું રજૂ કર્યું. તેઓ જીવનભર વર્ગવિહીન, જાતિવિહીન સમાજરચના માટે મથતા રહ્યા. દલિતો–શોષિતોના ઉત્થાન માટે સતત ચિંતન કરતા હતા. પોતાના સમાજને તેમણે કહ્યું કે ,આપણા ઉદ્ધાર માટે આપણે જાતે જ સંઘર્ષ કરવાનો છે.

હિન્દુ ધર્મમાં રહીને અસ્પૃશ્યતા નાબૂદ કરવાનું તેને અશકય લાગતાં તેમણે ૧૩મી ઓકટોબર ૧૯૩૫ના રોજ થયેલા પરિષદમાં હિન્દુ ધર્મથી છેડો ફાડવાનો નિર્ણય જાહેર કર્યો અને કહ્યું: ''એક હિન્દુ તરીકે હું જન્મ્યો તે મારા હાથની વાત નહોતી પરંતુ એક હિન્દુ તરીકે હું કદાપિ મરીશ નહીં''[૭૧]

૬૮. डॉ.आम्बेडकर व्यक्तित्व, कृतित्व, डॉ. जाटव डी. आर. प्र.आ. 1984, पृ.105,106

૬૯. ડૉ.આંબેડકર, ચંદુ મહેરિયા, છઠ્ઠી આવૃત્તિ,૨૦૦૨, પૃ.૧૧

૭૦. ભારતીય દલિત આંદોલન: એક સંક્ષિપ્ત ઈતિહાસ, મોહનદાસ નૈમિશરાય, અનુવાદ : કાંતિ માલસતર, પૃ.૭૦

૭૧. ડૉ.આંબેડકર, ચંદુ મહેરિયા, છઠ્ઠી આવૃત્તિ,૨૦૦૨, પૃ.૧૮

ડૉ.આંબેડકરનું માત્ર દલિતોના ઉત્થાનમાં જ નહિ પણ ભારતના જાહેર જીવનમાં લગભગ તમામ ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન રહ્યુ છે. ડૉ. પી.જી. જ્યોતિકરે નોંધ્યું છે કે- ''ડૉ. આંબેડકર કર્મશીલતા અને વિચારશીલતાના સુભગ સુંદર શિવમ્ સમન્વય સ્વરૂપ હતા''[૭૨]

ડૉ.બાબાસાહેબ આંબેડકરે અનેક યાતનાઓ વેઠીને પણ દલિતોના ઉત્કર્ષ માટે સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક, રાજકીય પરિવર્તન લાવવા મથામણ કરી હતી, આખુ જીવન હોડમાં મૂક્યું હતું. તેમણે સાહિત્યકારોને સંબોધીને કહેલું કે,

''તમે તમારાં સાહિત્ય સર્જન દ્વારા ઉદાત્ત જીવન મૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરો. તમારા વિચારો સંકુચિત કે સીમિત ન રાખતાં તેમને ઉદાર અને ઉદાત્ત બનાવો. તમારી વાણીને ચાર દીવાલોમાંથી મુક્ત કરો. તમારી કલમનો પ્રકાશ તમારા જ આંગણામાં મર્યાદિત ન રાખતાં ગામેગામનાં ગહન અંધારા દૂર કરવા ચોમેર ફેલાવો. તમારે ભૂલવું ન જોઈએ કે આપણા એક અલગ દેશમાં ઉપેક્ષિતોનું, દલિતોનું અને દીન-દુખિયારાંઓનું એક અલગ વિશ્વ છે. તેમનું દુઃખ, તેમની વ્યથા સમજો અને સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉન્નત બનાવવા તમે તમારી સર્જનશક્તિ સમર્પિત કરો, ખરી માનવતાં એમાં જ છે.''[૭૩] ડૉ. આંબેડકરની પ્રેરણાથી તેમના નિર્વાણ બાદ ૧૯૬૦ની આસપાસ મહારાષ્ટ્રમાં દલિત સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું.

આ ઉપરાંત ભગવાન બુદ્ધ, બ્રહ્મસમાજ, પ્રાર્થના સમાજ, આર્યસમાજ, રામકૃષ્ણમિશન, થિયોસોફિકલ સોસાયટી, પ્રણામી સંપ્રદાય, સત્કૈવલ સંપ્રદાય જેવી સંસ્થાઓ, નારાયણ ગુરુ, છત્રપતિ શાહુજી, સરસયાજીરાવ ગાયકવાડ, સ્વામી અછૂતાનંદ, પેરિયાર રામાસ્વામી નાયકર, ઠક્કરબાપા, પરિક્ષિતલાલ, હરીશચંદ્ર ઠાકોરા, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જોગેન્દ્રનાથ મંડલ, બાબુ જગજીવનરામ વગેરે દલિત ચેતનાને સંકોરનારી વિભૂતિઓ છે. આ વિભૂતિઓના યોગદાનને અવગણી શકાય એમ નથી.

## ૨.૪ : દલિત આંદોલનનાં પરિબળો અને પરિણામો

લગભગ ચાર દાયકાથી મહારાષ્ટ્રમાં 'દલિત સાહિત્ય'ની ચળવળ શરૂ થઈ. 'દલિત સાહિત્ય' એક સાહિત્યિક આંદોલન તરીકે નિર્માણ પામ્યું હોવા છતાં તે વાસ્તવમાં તો સામાજિક આંદોલનમાંથી જ ઉદ્ગમ પામેલું છે એટલે સામાજિક આંદોલનના સંદર્ભમાં પણ દલિત સાહિત્યનો વિચાર કરવો પડે.

ચાર વર્ણમાં વિભાજિત હિંદુ સમાજવ્યવસ્થામાં દલિત સમાજ સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય સ્વાતંત્ર્યથી વંચિત રહ્યો છે. સદીઓથી પશુથી પણ બદ્તર જિંદગી જીવી

૭૨. આર્ષદ્દષ્ટા : ડૉ.બાબાસાહેબ આંબેડકર, ડૉ.પી.જી.જ્યોતિકર, દ્વિતીય આવૃત્તિ, ૧૯૯૮, પૃ.૧૧
૭૩. એજન, પૃ.૧૭

રહેલા દલિતોને હિંદુ ધર્મ, વર્ણવ્યવસ્થાએ જે સ્થાન આપ્યું હતું તે ગામની, નગરની પછવાડે હતું અને જ્યાં માત્ર અંધકાર ને અંધકાર જ હતો. હિંદુ હોવા છતાં તેની હિંદુમાં ગણતરી થતી નહોતી. આ અહેસાસ, અનુભૂતિ વેદનામય છે અને આ વેદના કોઈ એક વ્યક્તિની નહીં સમગ્ર દલિત વર્ગની છે. વંચિત, ચેતનહીન આ સમાજના સૂતેલા આત્માને ઢંઢોળવાનું કામ પહેલા ફુલેએ કર્યું. ફુલે સામાજિક આંદોલનના પ્રથમ નેતા હતા. સામાજિક વિષમતાને નાબૂદ કરવા, ઈશ્વર અને ભકત વચ્ચેના દલાલોને નષ્ટ કરવા, બધા માટે શિક્ષણના દ્વાર ખોલવા વગેરે કાર્યક્રમોને લઈને તેમનું આંદોલન આગળ વધી રહ્યું હતું. ફુલેના કાર્યોની વિગતે ચર્ચા આગળ કરી હોવાથી અહીં પુનરાવર્તન કરવાનું ટાળું છું.

ઈ.સ. ૧૯૨૦ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા અને તેમણે 'અસ્પૃશ્યતા નિવારણ' આંદોલન ચલાવ્યું પરિણામે પીડિત, શોષિત, દલિત જનતા સક્રિય થઈ, તેમનામાં ચેતનાનો સંચાર થયો. ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ જેમ સામાન્ય જનતા પર પડ્યો તેમ એ સમયના ભારતભરના સાહિત્યકારો પર પણ પડ્યો. આ સાહિત્યકારોએ દલિતોની વેદનાને વાચા આપી. દલિતોને સાહિત્યમાં સ્થાન મળ્યું પણ ડૉ. ભરત મહેતા નોંધે છે તેમ, ''જેમ-જેમા આઝાદી નજીક આવી તેમ-તેમ દલિતોને ફફડાટ થયો કે બિનદલિતો પૂર્વવત્ વર્તશે તો? થોડી ઘટનાઓ પણ એવી બની. હિંદુ હોવાનું ગૌરવ સ્વીકારતા ગાંધીજીની હિંદુના હાથે હત્યા થઈ, અસ્પૃશ્યતા નિવારણની જેહાદ જગવનાર ગાંધીજીને અસ્પૃશ્યોના નેતા આંબેડકર સાથે વિવાદ થયો. ભારતના બંધારણના ઘડવૈયા આઝાદ થયા પછી ભારતને 'રાષ્ટ્ર' તરીકે ગણવા તૈયાર નથી ! (Nation is a Pre-mature concept for India)આ દિવસોમાં પુનઃ દલિત પીડિતની સંવેદના ગુજરાતી સાહિત્યમાંથી વિલીન થવા માંડી. સુંદરમ્- પન્નાલાલ જેવા લેખકોનું પોંડિચેરી ગમન શરૂ થયું. મંગલદિન આવવાની પ્રતીક્ષા કરતા ઉમાશંકરે 'દેશ આઝાદ થતાં' તો થઈ ગયો કે 'છિન્ન ભિન્ન છું' જેવા નિરાશાવાદી ઉદ્ગારો પ્રગટાવ્યા''[૭૪] પણ ફુલેના વિચારો અને કાર્યો. ડૉ. આંબેડકરના પ્રેરણાસ્રોત બન્યા અને તેમની લડતો દલિત વર્ગ માટે પ્રેરક બની રહી. ડૉ.આંબેડકરે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરીને બૌદ્ધ ધર્મના મુખ્ય ત્રણ તત્ત્વ સ્વતંત્રતા, સમાનતા અને ન્યાય પ્રાપ્તિને સંઘર્ષનો મુદ્દો બનાવીને દલિત મુકિત આંદોલનને સક્રિય બનાવ્યું. જે હિંદુ ધર્મએ અને જાતિપ્રથાએ અંધકારમય જીવન જીવવા માટે દલિતોને મજબૂર કર્યા અને સત્તા, સંપત્તિ અને શિક્ષણથી વંચિત રાખ્યા એવા ધર્મ અને વિચારધારા વિરુધ્ધ તેમણે આંદોલન કર્યું. સમયાંતરે પોતાના ભાષણો દ્વારા અને 'મૂકનાયક' (૧૯૨૦) સામયિક દ્વારા ક્રાંતિકારી વિચાર દલિતવર્ગ સમક્ષ રાખતા રહ્યા.

સમાજમાં કે સાહિત્યમાં પરિવર્તન એ કોઈ એક મીનિટે થતુ નથી હોતું. એની પૂર્વભૂમિકા રૂપે અથવા પીઠબળરૂપે અનેક વર્ષોથી સમાજમાં એ ભાળેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તમાન હોય, કયાંક-કયાંક ધુમાડા નીકળતા હોય, કયાંક નાનો-મોટો ભડકો પણ થતો હોય પરંતુ વર્ષોના સળવળાટ પછી કોઈક આંદોલન જોર પકડતું હોય છે એમ મને લાગે છે. દલિત મુક્તિ આંદોલનની ખરેખર શરૂઆત ડૉ.આંબેડકર દ્વારા ૨૪ ડિસેમ્બર ૧૯૨૭ના 'મનુસ્મૃતિ' ના દહન અને દલિતમુક્તિ સંગ્રામને જોડીને

---

૭૪. પ્રતિબદ્ધ, ડૉ. ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫, પૃ.૨૯,૩૦

જોવી મને જરૂરી લાગે છે કારણ કે મનુસ્મૃતિના દહન દ્વારા હિંદુ ધર્મની વિષમ સમાજ રચના અને મૂળભૂત બ્રાહ્મણવાદી વિચારધારા પ્રતિ વિરોધ પ્રગટ કર્યો હતો. મહાડના ચવદાર તળાવમાં સત્યાગ્રહ દ્વારા અસ્પૃશ્યતા વિરુધ્ધ સંઘર્ષ કર્યો અને માનવ અધિકારો મેળવવા માટે દલિતવર્ગને જાગૃત કર્યા તો નાસિકનું પ્રસિદ્ધ કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ આ સંઘર્ષની પછીની કડી હતી. આ ક્રાંતિકારી ઘટનાઓ દ્વારા ડૉ. આંબેડકર દલિતમુક્તિ સંગ્રામની શક્તિ વધારી રહ્યા હતા. ડૉ. આંબેડકરે દલિતોને માટે શિક્ષણને મહત્ત્વ આપવા ઔરંગાબાદમાં મિલિંદ મહાવિદ્યાલયની સ્થાપના કરી. આ મહાવિદ્યાલયમાં મહારાષ્ટ્રના ખૂણે-ખૂણેથી દલિત વિદ્યાર્થી શિક્ષણ લેવા માટે આવવા માંડ્યા. આ મિલિંદ મહાવિદ્યાલય દલિત આંદોલનનું કેન્દ્ર બની ગયું. શિક્ષિત, સુસંસ્કૃત દલિત યુવકોના મનમાં પોતાના જીવનનાં અનુભવોને શબ્દાંકિત કરવાની પ્રબળ ઈચ્છા થઈ. આરંભમાં સામાજિક વિષમતા વિરુધ્ધ આક્રોશયુક્ત લખાણો લખાયા. દલિત અન્યાય, અત્યાચાર સામે બોલતો થયો, લખતો થયો ને ધીમે-ધીમે કવિતા, વાર્તા લખવા માંડી. એ સમયે પ્રશ્ન હતો તેના પ્રકાશનનો કારણ કે સર્જક અને તેના વિષય દલિત જીવન સંબંધિત હતા પણ ડૉ. મ.ના. વાનખેડ તે સમયે મિલિંદ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ હતા. તે વિદ્યાર્થીઓની મુશ્કેલીને સારી પેઠે સમજતા હતા. તેમણે કહ્યું કે "इस व्यग्रता को देखकर मैने मेरे सहयोगियो की सहायता से दलितो के सांस्कृतिक और शिक्षा के केन्द्र में 'दलित साहित्य मंच' की स्थापना का निश्चय किया। मराठी साहित्य क्षेत्र में विशिष्ट वर्ग का वर्चस्व होने एवं काम संबंधी गलत दृष्टिकोण के कारण दलित जीवन इससे पहले कभी भी साहित्यिक विषय नहीं बन सका। इस तरह का अन्याय न केवल समाज के साथ है बल्कि साहित्य के साथ भी है। इस बात की गंभीरता को देखकर हमने सन् १९६७ में 'मिलिन्द साहित्य सभा' की स्थापना की। जिसके अंतर्गत 'अस्मिता' पत्रिका का प्रारभं हुआ। 'मिलिन्द साहित्य सभा', 'अस्मिता', 'अस्मितादर्श' और दलित साहित्य के आंदोलन का जन्म डॉ. आंबेडकर की विचारधारा से प्राप्त प्रेरणा और लेखको मे जागृत सामाजिक दायित्व के अहसास से हुआ है।"[૭૫] 'અસ્મિતાદર્શ' ઉપરાંત બીજા અનેક સામયિકોએ દલિત સાહિત્યના આંદોલનને દિશા આપવા અને તેના વિકાશમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

ઈ.સ. ૧૯૬૬માં 'સિદ્ધાર્થ સાહિત્ય સંઘ' નામની સાહિત્ય સંસ્થાની સ્થાપના થઈ. જેનું નામ પાછળથી 'મહારાષ્ટ્ર દલિત સાહિત્ય સંઘ' પડ્યું. આ સંઘની સ્થાપના પછી દલિત સાહિત્યના સર્જન અને પ્રકાશનમાં ગતિ આવી. આ રચનાઓ રિપબ્લિકન પાર્ટી દ્વારા પ્રકાશિત 'જનતા', 'પ્રબુદ્ધ ભારત', 'બહિષ્કૃત ભારત', 'મૂકનાયક' વગેરે સમાચારપત્રો તથા અન્ય પત્રિકાઓમાં પ્રકાશિત થવા માંડી. આની પૃષ્ઠભૂમિમાં 'મહારાષ્ટ્ર દલિત સાહિત્યસંઘે' દલિત લેખકોનું પ્રથમ સંમેલન ૨જી માર્ચ ૧૯૫૮ના મોરબાગ, દાદર, મુંબઈમાં બંગાળી હાઈસ્કૂલના હોલમાં યોજાયું. તેની અંતર્ગત 'દલિતવર્ગાતીલ વાંડ્મયાચા દષ્ટિકોણ કાય અસાવ' (દલિત સાહિત્યની દષ્ટિ કેવી હોવી જોઈએ?) વિષય પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં દલિત સાહિત્ય સંમેલનની અનિવાર્યતા વિશે બન્ધુ માધવે 'પ્રબુદ્ધ ભારત' માં લખ્યું છે: "जिस प्रकार लेनिन के क्रांतिकारी विचारो का रुसी लेखको

૭૫. हंस, संपादक राजेन्द्र यादव जून, 1998, पृ.163

ने अपनी रचनाओ द्वारा प्रचार करके रश्यिन क्रांति की मदद की थी, उसी प्रकार डॉ. बाबा साहेब आंबेडकर के विचारो को गाँव–गाँव तक पहुंचाने का कार्य दलित साहित्यकारो का है।''[૭૬]

દલિત લેખકોના આ પ્રથમ સંમેલનથી દલિત સાહિત્યના આંદોલનને એક નક્કર આધાર મળ્યો. આ સંમેલનમાં ભાગ લેનાર સર્જકોમાં ઘનશ્યામ તલવટકર, આર.બી. મોરે, દિનેશ લખમાપૂરકર, ટી.પી. અડસૂલ, રામ ઉપશામ, જનાર્દન વાઘમારે, અણ્ણા રળપિસે, દાદા રુપવતે, મન્ધુ માધવ, ભાઈ નરેન્દ્ર મોરે, ચોખા કાંબલે, મ.દુ. તામ્હળેકર, યાદવરાવ ગાંગુર્ડે તથા ડી.વાય. કાંબલે વગેરે હતા. આ લેખકો રિપબ્લિકન પાર્ટીના હતા અથવા તો તેના કાર્યકર્તા હતા. ડૉ. આંબેડકરના મૃત્યુ પછી રિપબ્લિકન પાર્ટીમાં તિરાડ પડી ગઈ અને તે બે ભાગમાં વહેંચાઈ ગઈ. આ વિભાજનથી 'મહારાષ્ટ્ર દલિત સાહિત્ય સંઘ' પણ બે ટૂકડામાં વહેંચાઈ ગયું. જેમાં એક 'મહારાષ્ટ્ર બૌદ્ધ પરિષદ' અને બીજી 'મહારાષ્ટ્ર બૌદ્ધ સાહિત્ય સભા' (ડૉ. આંબેડકરના બૌદ્ધ ધર્મના અંગિકાર પછી 'દલિતો' માટે 'નવ બૌદ્ધ' શબ્દ પ્રયોજવામાં આવ્યો). આ બંને સાહિત્યિક સંસ્થાઓનું દલિત સાહિત્ય આંદોલનને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

પરિસંવાદો, અધિવેશનોનો પણ દલિત સાહિત્યના આંદોલનને ગતિ આપવામાં મહત્ત્વનું યોગદાન છે. ડૉ. ચન્દ્રકુમાર વરઠે નોંધે છે કે : ''૧૯૫૩માં ઔરંગાબાદ (મરાઠાવાડ)ના પ્રા.શ્રી.સુખરામ હિવરાલેની અધ્યક્ષતામાં મુંબઈમાં 'દલિત સાહિત્ય પરિષદ'નું અધિવેશન મળ્યું હતું. આ દલિત સાહિત્યકારોનું પ્રથમ અધિવેશન કહેવામાં આવે છે. આ અધિવેશનથી સાચા અર્થમાં આ આંદોલનને સક્રિય ગતિ મળી અને દલિત સાહિત્યકારોમાં જાગૃતિ આવવા લાગી. જેના પરિણામે અનેક સ્થળોએ સંમેલન, અધિવેશન, ચર્ચાઓ, પરિચર્ચાઓ, ગોષ્ઠિઓ વગેરેનું આયોજન થવાં લાગ્યું.''[૭૭] ત્યાર પછી ૧૯૫૮માં અણ્ણાભાઉ સાઠેની અધ્યક્ષતામાં 'બૌદ્ધ સાહિત્ય સંમેલન' યોજાયું. ૧૯૬૭માં ભૂસાવળમાં ડૉ. મ.ના. વાનખેડેની અધ્યક્ષતામાં 'બૌદ્ધ સાહિત્ય સંમેલન', ૨૯ ફેબ્રુઆરી ૧૯૬૯માં 'મહારાષ્ટ્ર બૌદ્ધ સાહિત્ય પરિષદ' જેના અધ્યક્ષ રાજા ઢાલે હતા. દલિત સાહિત્ય આંદોલનને સાચી દિશાનો સંકેત કરવામાં અને તેના ઉપર ચર્ચા વિચારણા કરવાના હેતુથી અનેક સંમેલન, શિબિર, પરિસંવાદોનું સમયાંતરે આયોજન થતું રહ્યું છે. દલિત સાહિત્યને વૈચારિક ભૂમિકા પ્રદાન કરવાનું કાર્ય પણ આ ગોષ્ઠિઓમાં જ કરવામાં આવ્યું છે.

દલિત સાહિત્યના પ્રેરક પરિબળ તરીકે 'દલિત પેંથર' ને અવગણી શકાય તેમ નથી. ભારતમાં વસતા દલિતો જેવી જ સ્થિતિ અમેરીકન નીગ્રોની હતી. અમેરીકન નીગ્રો અને ભારતીય દલિતોની તુલના શરણકુમાર લિંબાલેએ તેમના 'दलित साहित्य और अमेरीकन नीग्रो साहित्य'[૭૮] નામના લેખમાં કરી છે. નીગ્રોએ ગુલામ જેવી દશામાંથી મુકત થવા પ્રબળ સંઘર્ષ કર્યો હતો ને પોતાનું આગવું સાહિત્ય રચ્યું

૭૬. हंस– संपादक - राजेन्द्र यादव मार्च,2000, पृ.103

૭૭. દલિત સાહિત્ય આંદોલન, ડૉ. ચન્દ્રકુમાર વરઠે, અનુવાદ, ડૉ. આર.એચ. વણકર (સ્નેહ સ્વરૂપ), ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩, પૃ.૬

૭૮. 'दलित और अश्वेत साहित्य कुछ विचार', संपादक : चमन लाल, भारतीय उच्च अध्ययन संस्थान, शिमला, प्रथम आवृत्ति, 2000, पृ.20

હતું. નીગ્રો લેખકોએ 'Black Panthers'ની સ્થાપના ૧૯૬૬માં કરી હતી. 'Black Panthers'ની પ્રેરણાથી મહારાષ્ટ્રમાં ૯મી જુલાઈ, ૧૯૭૨માં 'દલિત પેંથર'નો જન્મ થયો. શરણકુમાર લિંબાલે નોંધે છે: ''सन १९७२ में ब्लेक पेंथर नामक अमेरीकन नीग्रो के लडाकु संगठन के समान 'दलित पेंथर' नामक दलित युवको के लडाकु संगठन का उदय हुआ।''[७९] 'દલિત પેંથર' એક આંબેડકરવાદી યુવાસંગઠન છે. દલિતો પર થઈ રહેલા અત્યાચારોને કારણે આ સંગઠને સ્વતંત્ર દિવસને 'કાળો દિવસ' ના રૂપમાં મનાવ્યો અને કાળા ઝંડા લઈને શહેરમાં સરઘસ કાઢ્યું. આ સંગઠનની સ્થાપના પછી મરાઠી દલિત સાહિત્યમાં વેગ આવ્યો. દલિત પેંથર અને દલિત સાહિત્યના સંબંધ અંગે પ્રા. મોઈન શાકીર જણાવે છે કે, ''इस बात पर गौर करना चाहिए की दलित साहित्य और दलित पेंथर आंदोलन का संबंध बहुत गहरा है । वास्तव में विद्रोह की अभिव्यक्ति और क्रांति के जोश का अहसास साहित्य के माध्यम से ही विकसित हुआ हैं''[८०] ડૉ.ચંદ્રકુમાર વરઠેએ પણ નોંધ્યું છે કે, '' પેંથર' દ્વારા લખાયેલું સાહિત્ય દલિત સાહિત્યના આંદોલનને ગતિશીલ બનાવવામાં વધારે સહાયક સિદ્ધ થયું.'[૮૧]

મરાઠી દલિત સાહિત્ય ક્યારથી લખાવા માંડ્યુ તે અંગે ઘણાં મતભેદો પ્રગટે છે. આ અંગે ડૉ.ચન્દ્રકુમાર વરઠે નોંધે છે કે, ''ડૉ.બી.આર.આંબેડકર દ્વારા સંપાદિત અને પ્રકાશિત સમાચાર પત્ર 'મૂકનાયક' ના પ્રકાશન (૩-૧૧-૧૯૨૦)થી દલિત સાહિત્યનો પ્રારંભ માનવો જોઈએ કારણ કે ડૉ.આંબેડકરે દલિત સમાજમાં જાગૃતિ લાવવા માટે સૌપ્રથમ સમાચારપત્રને જ પોતાનું માધ્યમ બનાવ્યું હતું. પોતાની યોજનાઓ, તેમના ઉદ્દેશ્યો અને પથ પ્રદર્શક નવી દિશાઓ અને દશાઓને દલિત સમાજ સુધી પહોંચાડવાનું કાર્ય ૧૯૨૦ થી 'મૂકનાયક' દ્વારા ડૉ.આંબેડકરે આરંભી દીધુ હતું''[૮૨] રાજા ઢાલે[૮૩] પણ ૧૯૪૮ પહેલા દલિત સાહિત્ય લખાઈ રહ્યું હતું તેવું જણાવે છે પણ મરાઠી દલિત સાહિત્ય એક આંદોલનના રૂપે ૧૯૬૦ પછી લખાવા માંડ્યું.

ગુજરાતી દલિત સાહિત્યનો આરંભ મહારાષ્ટ્રના મુકાબલે ઘણો મોડો થયો છે. એક બાબત નોંધવી જોઈએ કે અભણ દલિતો પોતાની વેદના-સંવેદનાને ભજનો અને કથાઓ દ્વારા વાચા આપતા. ધીમે-ધીમે દલિતો ગામડામાંથી શહેરમાં આવ્યા, ભણ્યા, તેઓ સ્વતંત્ર રીતે વિચારતા થયા. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન વખતે કેટલાક યુવાનો આંદોલિત થયા અને સામાજિક વિષમતાની સામે તેઓએ સમાન હક્કની માંગણી કરી. મરાઠી દલિત પેંથરની પ્રેરણાથી ૧૪મી એપ્રિલ ૧૯૭૮ના રોજ 'દલિત પેંથર' સામયિક શરૂ કર્યું, જેના તંત્રી રમેશચંદ્ર પરમાર અને સંપાદકો નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી અને યોગેશ દવે હતા. આ સામયિકમાં પદ્ય રચનાઓ લખાવા માંડી પણ ૧૯૮૧ના અનામત વિરોધી આંદોલને દલિત સાહિત્યના પ્રવાહને બળુકો બનાવ્યો. સરકાર દ્વારા દલિતોને અનામત આપવાનો હેતુ તો મત મેળવવાનો હતો, દલિતોના કલ્યાણ કરવાનો નહીં. ૧૯૮૧ના અનામત વિરોધી આંદોલન વખતે નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામમાં સવર્ણોએ ખ્રિસ્તી દલિતો ઉપર હીચકારો

૭૯. એજન, પૃ.૨૦
૮૦. હંસ,સંપાદક : ડૉ.રાજેન્દ્ર યાદવ, ઓકટોબર,૨૦૦૧, પૃ.૧૩
૮૧. દલિત સાહિત્ય આંદોલન, ડૉ.ચન્દ્રકુમાર વરઠે, અનુવાદ ડૉ.આર.એચ.વણકર, 'સ્નેહ સ્વરૂપ', પૃ.૮
૮૨. એજન, પૃ.૫
૮૩. એજન, પૃ.૫

હુમલો કર્યો અને તેમના સંખ્યાબંધ ઘરોને આગ ચાંપી. પરિણામે ગામડે-ગામડે દલિત સવર્ણો વચ્ચે કોમવાદી માનસ તીવ્ર બન્યું. સામાજિક અસમાનતા, અન્યાય, અત્યાચાર સામે ઝઝૂમવાનું માથે આવતા શિક્ષિત દલિત જાગૃત બન્યો. તેનામાં વેદના અને ચેતનાનો ચિત્કાર જાગી ઊઠયો.૧૯૮૧ના અનામત આંદોલને દલિત ચેતનાને સક્રિય કરી, એટલું જ નહીં આ આંદોલને દલિતોમાં એકતા લાવવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. એકલ-દોકલ પ્રયાસ કરી રહેલા દલિત કર્મશીલો અને સાહિત્યકારોને નજીક લાવ્યા. ૧૯૮૫ના અનામત આંદોલને પણ દલિત સાહિત્યના સર્જન માટે મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. આ બંને આંદોલનને પરિણામે સામાજિક, રાજકીય પરિવેશમાં ઉથલપાથલ મચી ગઈ. તત્કાલીન રાજકારણીઓએ મતબેંક માટે સમાજમાં ભાગલા પડાવ્યા, લોકોને લડાવી માર્યા. આ અનામત વિરોધી આંદોલન અને તેના પરિણામો વિશે હરીશ મંગલમ્ નોંધે છે કે;

"ઈ.સ. ૧૯૮૧ અને ઈ.સ.૧૯૮૫માં સમગ્ર ગુજરાતમાં આપણને અનામત આંદોલનના નામે એક આયોજિત યુદ્ધનો કહો કે સામંતી મનોવૃત્તિના વરવા રૂપનો ભયંકર જાત અનુભવ થયો. ચોમેર જાતિવાદનું ઝેર પ્રસર્યું અને જે કામ થતાં વર્ષોના વર્ષો લાગત તે કામ થયું દલિતોમાં એકતા આણવાનું. ગુજરાતની સામાજિક-રાજકીય પરિસ્થિતિઓએ ઐતિહાસિક કરવટ લીધી. કહેવાતી ઉચ્ચ જાતિ પ્રત્યેનો દલિતોનો રહ્યો-સહ્યો વિશ્વાસ પણ ડગી ગયો. કચરાયેલા વર્ગના કલ્યાણાર્થે બંધારણના સમાવિષ્ટ આદર્શો અને ભાવના પર કુઠારાઘાત થયો. આ ઘટના માનવીય ઈતિહાસમાં કાળો ડાઘ બનીને વિસ્તરી રહી. આ હળહળતા અન્યાય સામે યુવાન દલિત સાહિત્યકારોનો વિદ્રોહ ભભૂકી ઉઠયો. ગુજરાતી દલિત સાહિત્યની શરૂઆત પદ્ય રચનાઓથી થઈ"[૮૪] સાહિત્યકાર અને સમાજશાસ્ત્રી ડૉ.વિદ્યુત જોષી પણ દલિત સાહિત્યના પ્રેરક પરિબળ તરીકે ૧૯૮૧ અને ૧૯૮૫ના આંદોલનને ગણાવે છે. તે જણાવે છે કે "જેને પ્રચલિત ભાષામાં અનામત વિરોધી આંદોલનો કહેવામાં આવે છે તે ઈ.સ.૧૯૮૧ અને ૧૯૮૫નાં બે દલિત વિરોધી આંદોલનોએ ગુજરાતના દલિત સાહિત્યને ચાલના પૂરી પાડી છે."[૮૫] આવો જ મત ભી.ન.વણકરનો છે. તે લખે છે કે,"ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનને કારણે દલિત જનતાની વેદનાને વાચા મળી..."[૮૬] ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલન ઉપરાંત ૧૯૮૯માં સાબરડામાં થયેલ આંદોલન પણ આ સંદર્ભે મને ઉલ્લેખનીય લાગે છે. "૧૯૮૯માં જૂન મહિનામાં ઉત્તર ગુજરાતના સાંબરડા ગામનાં ત્રણસો એકત્રીસ દલિતોએ સવર્ણ આતંક સામે એક નવી જાતનું બંડ પોકાર્યું-સામૂહિક રીતે એક જ ઝાટકે પોતાનાં ઘરબાર છોડી દઈને......." પોતાના પેટ ખાતર નહીં પણ સ્વમાન અને સલામતી ખાતર તેઓ બધા ગામમાંથી હિજરત કરી ગયા. આ શાંત-સૌમ્ય-સંયત બળવાનો સરકાર પાસે તાત્કાલિક કોઈ જવાબ નહોતો એટલે એમાંથી પેદા થયું એક સફળ સામાજિક આંદોલન જે ચાર મહિના ને દસ દિવસ ચાલ્યું અને છેવટ સુધી અપરાજેય રહ્યું"[૮૭]

---

૮૪. તાદર્થ્ય, નવેમ્બર, ૧૯૮૮, પૃ.૩૧

૮૫. સાહિત્ય અને સમાજ, ડૉ. વિદ્યુત જોષી, પાર્શ્વ પ્રકાશન, પૃ.૮૦

૮૬. પ્રત્યાયન-ભી.ન.વણકર, પૃ.૧૨૫

૮૭. સાબરડાથી સ્વમાનનગર, હર્ષદ દેસાઈ, ચંદુ મહેરિયા, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫, પૃ.૧

ગુજરાતના દલિત સર્જકોને આંબેડકરની પ્રત્યક્ષ પ્રેરણા નથી મળી કે મરાઠી દલિત સાહિત્યનો પણ ખાસ લાભ નથી મળ્યો પણ અનામત વિરોધી આંદોલનના હડહડતા અન્યાય સામે દલિત શિક્ષિતોનો રોષ ભજન કે કથાને બદલે જવાળા રૂપે ફૂટયો ને આંદોલનનારૂપે દલિત સાહિત્ય સર્જાવા માંડયું. દલિત મુક્તિ આંદોલન અને દલિત સાહિત્ય આંદોલન એકબીજાના પર્યાયના રૂપમાં જન્મેલ આંદોલન છે. દલિત મુક્તિ આંદોલન સામાજિક સ્તર પર સક્રિય હતું, તેનાથી પ્રેરણા લઈને દલિત સાહિત્ય આંદોલન સાહિત્યિક ક્ષેત્રોમાં નવી ચેતનાનો વિસ્તાર રચી રહ્યો હતો. ડૉ. મોહન પરમાર ગુજરાતી દલિત સાહિત્યના ઉદ્‌ભવ અંગે નોંધે છે–

''આપણે ત્યાં ૧૯૮૧ના અનામત આંદોલન પછી દલિત સાહિત્યના સાચા પગરણ મંડાયા તે વખતે મિલો બંધ થવાથી એક બાજુ ગરીબીની વ્યથા અને બીજી બાજુ સામાજિક અસમાનતા સામે ઝઝૂમવાનું માથે પડતા દલિત જાગૃત બન્યાં.... દલિત સાહિત્યનો જન્મ અસ્પૃશ્યતા, સામાજિક અસમાનતા, ધર્માંધતા, અત્યાચારો વગેરે 'અનિષ્ટો'સામે આક્રોશ વ્યક્ત કરવાના ભાગ રૂપે થયો''[૮૮] અજિત ઠાકોર આ સંદર્ભે નોંધે છે કે–''આજની દલિત સર્જક ચેતના માનવદ્રોહી, રાષ્ટ્રદ્રોહી અને ધર્મદ્રોહી બ્રાહ્મણવાદી વર્ણવ્યવસ્થાના રહેંસી નાખતા કઠોર અનુભવમાંથી ઉદ્‌ભવી છે''[૮૯]

ગુજરાતી દલિત સાહિત્યના ઉદ્‌ભવમાં મનુવાદી વર્ણવ્યવસ્થા, દલિતોની દયનીય સ્થિતિ, વિશ્વની ક્રાંતિઓ, ફુલે, ગાંધીજી, ડૉ.બાબાસાહેબ આંબેડકર વગેરેના વિચારોનો પ્રભાવ, મરાઠી દલિત સાહિત્યનો સંપર્ક, ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનો, દલિત પેંથર, ખામ થીયરી વગેરે પ્રેરણાસ્ત્રોત બન્યા. બ્રિટીશ સમયમાં ઔપચારિક બનેલું શિક્ષણ ધીમે-ધીમે વ્યાપક બનતા દલિત વર્ગમાંથી પણ લેખકો આવવાનું શરૂ થયુ અને તેમણે પોતાના વર્ગનું આલેખન કર્યું. આઝાદી પછી આ પ્રક્રિયા વેગીલી બની, એમાંય ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત આંદોલનના કારણે દલિતોની વસ્તી સળગાવાઈ, જેના કટુ અનુભવના કારણે એકાએક શિક્ષિત બનેલો દલિત કલમ હાથમાં લે છે ને બિન દલિતો દ્વારા શરૂ થયેલું દલિત સાહિત્ય હવે દલિત લેખકો દ્વારા સમૃદ્ધ બને છે. મરાઠી દલિત સાહિત્યની જેમ ગુજરાતી દલિત સાહિત્યના આંદોલનને ગતિશીલ બનાવવામાં સામયિકોનું પણ યોગદાન છે. 'દલિત પેંથર', 'કાળો સૂરજ', 'ગરુડ', 'દલિત બંધુ','અજંપો', 'મુક્તિનાયક', 'દિશા', 'સર્વનામ', 'નયામાર્ગ', 'દલિત મિત્ર', 'દલિત મુક્તિ', 'સમાનતા', 'અભ્યુદય', 'પ્રગતિજ્યોત', 'તરૂસ', 'અક્ષય', 'સમાજમિત્ર', 'અવસર', 'હયાતી','દલિતશક્તિ', 'દલિત અધિકાર', 'દલિતચેતના' ઉપરાંત 'તાદર્થ્ય''વિ'-દલિતવાર્તા વિશેષાંક', 'શબ્દસૃષ્ટિ' 'પરબ' વગેરે. 'ગુજરાત દલિત સાહિત્ય અકાદમી' (૧૯૯૭) પણ દલિત સાહિત્યના પ્રસાર અને પ્રકાશનમાં મહત્વની ભૂમિકા નિભાવી રહી છે. તો અમદાવાદની 'દલિત અધિકાર' સંસ્થા પણ દલિત સાહિત્યના ગ્રંથોની ગોષ્ઠિના કાર્યક્રમો યોજે છે. દલિત પત્રકારત્વને પણ ઉવેખી ન જ શકાય.

આમ, સામાજિક ક્રાંતિના એક ભાગ રૂપે દલિત સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. દલિત સાહિત્ય સામાજિક પરિવર્તનની અનિવાર્યતાને લઈને પ્રગટ થયું છે એમ પણ કહી શકાય.

૮૮. ગુજરાતી સાહિત્ય કોશ, ભાગ-૩, પૃ.૧૮૨

૮૯. દલિત ગુજરાતી વાર્તા,૧૯૯૫, સંપાદક : અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા, પ્રસ્તાવના લેખ

## ૨.૫ : 'દલિત સાહિત્ય' એટલે શું ?

P/Th 11422

'દલિત' સંજ્ઞાની જેમ 'દલિત સાહિત્ય, એટલે શું ? તે અંગે પણ ઘણા અભ્યાસીઓએ વિવિધ મતો પ્રગટ કર્યા છે. કેટલાક વિધ્વાનો દલિતો દ્વારા દલિતો વિશે લખાયેલા સાહિત્યને જ દલિત સાહિત્ય માને છે. જેમકે, પંજાબી સાહિત્યકાર ગુરુદયાલ સિંહ લખે છે, ''दलित लेखकों द्वारा रचा गया साहित्य ही दलित साहित्य है।''[૯૦] તો પ્રેમકુમાર મણીના મતે ''दलितो के लिए दलितो के द्वारा लिखा जा रहा साहित्य दलित साहित्य है।''[૯૧] આવો જ મત પ્રો.ગ્ય.વિ.સરદેશમુખનો છે. તે લખે છે કે, ''દલિત જીવનનું દર્શન કરાવનારા, દલિતોની વિચાર ભાવના પ્રગટાવનારું દલિતોએ જ લખેલું સાહિત્ય એટલે દલિત સાહિત્ય''[૯૨] કવિ રાજેન્દ્રકુમાર બૌદ્ધને પણ આવો જ અર્થ અભિપ્રેત છે. : ''બહુજન-શોષિત સમાજનું સાહિત્ય જે દલિતો દ્વારા લખવામાં આવ્યું હોય તે દલિત સાહિત્ય છે''[૯૩] તો મરાઠી દલિત સાહિત્યકાર કેશવ મેશ્રામ કહે છે કે, ''હજારો વર્ષો સુધી જેમની સાથે અન્યાય થયો છે એવા અસ્પૃશ્યોને દલિત કહેવા જોઈએ અને એમના વર્ગના જ લેખકોએ સર્જેલા સાહિત્યને દલિત સાહિત્ય કહેવું જોઈએ''[૯૪] દલિત ચિંતક કંવલ ભારતી જણાવે છે કે, ''दलित साहित्य से अभिप्राय उस साहित्य से है । जिसमें दलितों ने स्वयं अपनी पीड़ा को रुपायित किया है । अपने जीवन संघर्ष में दलितो ने जिस यथार्थ को भोगा है, दलित साहित्य उनकी उसी अभिव्यक्ति का साहित्य है ।.....''[૯૫] જાણીતા હિન્દી સાહિત્યકાર મેનેજર પાંડેય દલિત સર્જક દ્વારા સ્વાનુભૂતિપૂર્વક લખાયેલા સાહિત્યને જ સાચું સાહિત્ય ગણે છે: ''मेरे विचार में करुणा और सहानुभूति के सहारे गैर दलित लेखक भी दलितो के बारे में अच्छा साहित्य लिख सकते है । लेकिन सचा साहित्य वही है जो दलितो द्वारा अपने बारेमें या सवर्ण समुदाय के बारेमें लिखा जाता है क्योंकि ऐसा साहित्य सहानुभूति और करुणा से नहीं, बल्कि स्वानुभूति से उपजा होता है ।''[૯૬] મેનેજર પાંડેયના આ વિચારના સમર્થનરૂપ મરાઠી દલિત સાહિત્યકાર દયા પવાર જણાવે છે કે : ''અન્ય ભારતીય લેખકો કરતાં દલિત લેખકોની ચેતનાનું ચરિત્ર મૂળભૂતપણે અલગ છે. દલિત લેખકની ચેતના ઉચ્ચવર્ણીય લેખકની ચેતના કરતાં ઘણી જુદી છે. ઈતિહાસ પ્રત્યેનો એનો અભિગમ અનોખો છે. એવી જ નિરાળી એની સમજ છે. જે સારાંશ એ હાથવગો કરે છે તે અને જે દુઃખ દર્દ, પીડાઓ એના માર્ગમાં આવે છે તે જુદાં જ છે.''[૯૭] દયા પવાર પણ સ્વાનુભૂતિપૂર્વક લખાયેલા સાહિત્યને જ દલિત સાહિત્ય માને છે. ગુજરાતી દલિત સાહિત્યકાર ભી.ન.વણકર સ્વાનુભૂતિ ઉપરાંત વિદ્રોહને પણ અનિવાર્ય ગણે છે. તે નોંધે છે કે, ''આધુનિક

---

૯૦. दलित और अश्वेत साहित्य : कुछ विचार, संपादक : चमन लाल (भारतीय उच्च अध्ययन संस्थान, शिमला,2001) पृ.53

૯૧. अपेक्षा, संपादक :तेजसिंह, सितम्बर,2004, पृ.87

૯૨. अस्मितादर्श दि.अं,1977

૯૩. आश्वस्त, संपादक : डॉ.तारा परमार, जून,2006, पृ.9

૯૪. प्रबूद्ध भारत दि,4/3/58 पृ.27

૯૫. दलित साहित्य का सौन्दर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि (राधाकृष्ण–,2005) पृ–14,15

૯૬. दलित साहित्य की अवधारणा और प्रेमचंद : संपादक : सदानन्द शाही, पृ.52

૯૭. ઓલ ઈન્ડિયા દલિત રાઈટર્સ 'કોન્ફરન્સ, હૈદરાબાદ,અધ્યક્ષીય, વકતવ્ય, દયા પવાર

યુગચેતનાને ઢંઢોળતી, પ્રસ્તાપિત મૂલ્યોનો ઈન્કાર કરતી, નવા અર્થોની, નવા સંદર્ભોની ખોજ કરતી દલિત અસ્તિત્વની, અસ્મિતાની સંવેદના પ્રગટ કરતી, સ્વાનુભૂત યાતનાની સચ્ચાઈપૂર્ણ વિદ્રોહી અભિવ્યક્તિ એટલે દલિત સાહિત્ય''[૯૮] આવો જ અર્થ મરાઠી લેખક ડો.વાનખેડને અભિપ્રેત છે. તે લખે છે : ''દલિત લેખકો દ્વારા દલિતોના વિષયમાં લખાયેલ ક્ષોભકારી, વિદ્રોહકારી સાહિત્ય એટલે દલિત સાહિત્ય''[૯૯]

ડૉ. ધર્મવીર દલિત સાહિત્ય દલિત લેખક દ્વારા લખાયેલ હોવું જોઈએ એ તો ખરું જ પણ તેમાં દલિત પીડા, યાતનાની સાથે-સાથે મુસ્કાન, ઝંખનાને પણ સ્થાન હોવું જોઈએ એવું નોંધે છે. : ''दलित साहित्य वह है, जिसे दलित लेखक लिखता है........ दलित–साहित्य की परिभाषा में पीड़ा से लेकर मुस्कान तक है । इसमे रोने के बजाय मुस्कान की खोज के द्वारा समग्रता और पूर्णता की और मनुष्य का प्रयाण है ।.....''[૧૦૦]

દલિત સાહિત્યનો મૂળથી વિચાર કરનારા ઉપરોકત વિદ્વાનો, અભ્યાસીઓ ગુરુદયાલસિંહ, પ્રેમકુમાર મણી, પ્રો.ગ્યં.વિ. સરદેશમુખ, કવિ રાજેન્દ્રકુમાર બૌદ્ધ, કેશવ મેશ્રામ, કંવલ ભારતી, મેનેજર પાંડેય, દયા પવાર, ભી.ન. વણકર, ડો.વાનખેડ અને ડૉ.ધર્મવીર વગેરેના અભિપ્રાયોના મૌલિક વિચારોમાંથી જે એક વિશિષ્ટ બાબત ધ્યાનમાં આવે છે તે એ છે કે આ વ્યાખ્યાઓ દલિત માણસની આજુબાજુ વણાયેલી છે અને દલિત મનુષ્યના જીવનનું માત્ર દલિત લેખકો દ્વારા સ્વાનુભૂતિપૂર્વક આલેખાયેલ ચિત્રણને જ સાચુ દલિત સાહિત્ય માને છે.

પણ સાહિત્ય જગતમાં બીજો એક મત પણ પ્રવર્તે છે. જે દલિત જીવનની સ્થિતિઓની સમસંવેદના દ્વારા કલ્પનાના આધાર પર અથવા તો 'સહાનુભૂતિપૂર્વક' દલિતેતર લેખકો દ્વારા કરેલ ચિત્રણને પણ દલિત સાહિત્ય માને છે. હિન્દી દલિત સાહિત્યકાર દયાનંદ બટોહી જણાવે છે કે, ''एक आम धारणा रही है कि दलित साहित्य दलित साहित्यकारो की रचनाएँ है । ऐसा कोई दुराग्रह, ऐसा कोई बंधन साहित्य के लिए कदापि संभव नहीं है । कबीर और रैदास, प्रेमचंद और निराला कोई भी दलित रचनाकार हो सकता है । उन्होने नीति, धर्म, वर्णगत भावना से उपर जा कर साहित्य को मानवता के घरातल पर प्रतिष्ठित किया है ।''[૧૦૧] ગુજરાતી સાહિત્યના વિવેચક દીપક મહેતા માત્ર વર્ણ જ નહિ વર્ગની પણ વાત કરે છે. તે નોંધે છે : ''દલિત સાહિત્ય એ કોઈ એક વર્ગ કે વર્ણનું સાહિત્ય નથી. દુનિયામાં જ્યાં-જ્યાં દલિત, પીડિત, શોષિત, ક્ષુધાંત સમાજ હોય તેની સાથે ચૈતસિક અને ભાવાત્મક ઐક્ય નિપજાવી શકે તે દલિત સાહિત્ય''[૧૦૨]

---

૯૮. શબ્દસૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, નવેમ્બર-૨૦૦૩. લેખ-ગુજરાતી દલિત સાહિત્ય : વિહંગાવલોકન, ભી.ન.વણકર, પૃ.૧૪૭

૯૯. 'सूड' उपन्यासः प्रस्तावना. डॉ. वानखेडे, पृ.23

૧૦૦. दलित साहित्य (वार्षिकी), 1992 संपादक , जय प्रकाश कर्दम, लेख, दलित साहित्य की परिभाषा, समग्रता और पूर्णता की ओर, डॉ.धर्मवीर, पृ.39-49

૧૦૧. साहित्य और सामाजिक क्रांति, डॉ.दयानंद बटोही, पृ.32

૧૦૨. પરબ, માર્ચ-૧૯૯૪, પૃ.૨૮

ગુજરાતી દલિત સાહિત્યની 'પરબ' માંડનાર તરીકે જાણીતા હરીશ મંગલમ્ જે કોઈ પણ કર્તાની કૃતિમાંથી દલિત વિશ્વ પ્રગટતું હોય તેને દલિત સાહિત્ય ગણે છે. તે દલિત સાહિત્યની વ્યાખ્યા આપતા લખે છે:''દલિત સાહિત્ય એટલે દબાયેલા, કચરાયેલા વિશે લખાયેલ સાહિત્ય કે જેમાં દલિતોની મનઃસ્થિતિનું પ્રગટીકરણ થતું હોય, દલિતોના સંવેદનો અભિવ્યક્ત થતાં હોય અને દલિત સમાજના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવી હોય એવી ભાવાભિવ્યક્તિવાળા સાહિત્યને દલિત સાહિત્ય તરીકે ઓળખાવી શકાય''[૧૦૩] આવો જ અભિપ્રાય મરાઠી કવિ નારાયણ સૂર્વેનો છે. તે નોંધે છે: ''महार, चमार, माँग, कसाई, भंगी जैसी जातियाँ की स्थितियों के प्रश्नों पर विचार तथा रचनाओं द्वारा उसे प्रस्तुत करनेवाला साहित्य ही दलित साहित्य है''[૧૦૪]

ગુજરાતી વાર્તાકાર અજિત ઠાકોરે દલિત સાહિત્યની સૂક્ષ્મ વ્યાખ્યા આપી છે : ''દલિતોનું શોષણ,દમન,પીડા,વિદ્રોહ, સંઘર્ષ અને ગૌરવ જેવા ભાવો દલિત સાહિત્યમાં સમાવેશ પામે છે પરંતુ દલિત પરિવેશ અને દલિતજન સમાજનું સ્વાભાવિક ચિત્રણ (જેમાં દલિત નર–નારીઓના માનવસહજ કામ, રાગ, દ્વેષ, ઈર્ષા, છળ, અહં, આડંબર, લાલચ, લોભ, કાયરતા, મિથ્યાભિમાન, નિર્વેદ, હર્ષ, ઉદારતા, ભક્તિ, સમર્પણ, શૌર્ય, સરળતા જેવા ભાવોનું નિરૂપણ સમાવેશ પામે છે). એમ સર્વે અંશોની અભિવ્યક્તિ દલિત સાહિત્ય જ કહેવાય બલ્કે દલિત પરિવેશમૂલ કૃતિ પણ દલિત સાહિત્ય જ ગણાય... દલિતજનની ઓળખની સ્પષ્ટ મુદ્રા જે કૃતિમાંથી પ્રકટ થતી હોય એ દલિત સાહિત્ય જ છે''[૧૦૫]

મરાઠી દલિત સાહિત્યકાર બાબુરાવ બાગૂલ વર્ણવ્યવસ્થાનો વિરોધ કરનાર અને કોઈ પણ વર્ગ કે વર્ણના મનુષ્યને પુરસ્કારનારા સાહિત્યને દલિત સાહિત્ય તરીકે ઓળખાવે છે.: ''વ્યક્તિની મુક્તિનો પુરસ્કાર કરનાર, મનુષ્યને મહાન સમજનાર, વંશ–વર્ણ અને જાતિ શ્રેષ્ઠતાનો સખત વિરોધ કરનારું જે સાહિત્ય છે તે દલિત સાહિત્ય.''[૧૦૬] બાબુરાવ બાગૂલ જેવો જ મત ડૉ.રામકૃષ્ણ રાજપૂતનો છે. તે લખે છે : ''वर्णाश्रम व्यवस्था के अन्तविरोध, विसंगतियो, विषमताओ और सवर्ण पक्षधरता को नकारने, तदजनित ऊद्‌भूत रुढियो, परंपराओ, आदर्शों और मान्यताओ के चक्रव्यूह को तोड़कर समता, स्वतंत्रता और बंधुत्व भाव उत्पन्न करने हेतु लिखे जाने वाले साहित्य को हम दलित (सद् या सम्यक्) साहित्य कह सकते है ।''[૧૦૭] આમ, બાબુરાવ બાગૂલ અને ડૉ.રામકૃષ્ણ વર્ણવ્યવસ્થાનો વિરોધ કરીને સ્વતંત્રતાને મહત્ત્વ આપી સમાનતાની વાત કરે છે.

ગો.પુ.દેશપાંડે જણાવે છે કે, ''દલિત સાહિત્ય એટલે દલિતોએ અથવા દલિતો માટે લખાયેલું સાહિત્ય જ નહીં પણ દલિત સંવેદનામાંથી જન્મેલું સાહિત્ય''[૧૦૮] ગો.પુ.દેશપાંડેથી આગળ

---

૧૦૩. એકવચન, હરીશ મંગલમ્, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ,૨૦૦૩, પૃ.૭

૧૦૪. दलित साहित्य का सौंदर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, पृ.9

૧૦૫. દલિત ગુજરાતી વાર્તા, ૧૯૯૫, સંપાદકઃ અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા, પૃ.૫

૧૦૬. दलित साहित्य का सौंदर्यशास्त्र, ओमप्रकाश वाल्मीकि, पृ.16

૧૦૭. प्रज्ञा पत्रिका, डॉ.रामकृष्ण राजपुत, मार्च–जून,1995, पृ.90

૧૦૮. सत्यकथा,मार्च,1973, पृ.9

વધીને કવિ અનિલ ઉર્ફે આ.રા.દેશપાંડે લખે છે કે ''દલિતોના જીવનની સંવેદનાપૂર્ણ સભાનતા રાખીને લખેલું સાહિત્ય તે જ દલિત સાહિત્ય''[૧૦૯] જયા મહેતા પણ આવો જ મત ધરાવે છે - ''દલિતની સભાનતા જાળવતી ને અભિવ્યકત કરતી નિર્મિતી એટલે દલિત સાહિત્ય''[૧૧૦]

આપણે દલિત સાહિત્યના સીમિત અને વ્યાપક અર્થો જોયા. અગાઉ જોયું તેમ કેટલાક અભ્યાસીઓ દલિતો દ્વારા દલિતો માટે લખાયેલા સાહિત્યને જ સાચું દલિત સાહિત્ય માને છે પણ માત્ર દલિતો દ્વારા લખાયેલ સાહિત્ય એટલે દલિત સાહિત્ય એવો સંકુચિત-સીમિત અર્થ દલિત સાહિત્યનો ન જ કરવાનો હોય. મારી દષ્ટિએ તો દલિત સમાજના પ્રાણપ્રશ્નો, સમસ્યાઓ, દલિતોની વેદના-સંવેદના, દલિતોની જીવનશૈલી, રીતરિવાજ, માન્યતાઓ, ખાણીપીણી, અંધશ્રદ્ધા, પોતીકી બોલી, દલિત પરિવેશ, એમની ઝંખનાઓ, અરમાનો, ગૌરવ, ઉલ્લાસ, દલિત જનની આગવી ઓળખ અને વર્ણવ્યવસ્થાનો વિરોધ કરી માનવ-માનવ વચ્ચે પ્રેમભાવના જેમાં શબ્દસ્થ કરવામાં આવી હોય એવી ભાવાભિવ્યક્તિવાળું સાહિત્ય એટલે દલિત સાહિત્ય, પછી ભલે તે દલિત કે દલિતેતર દ્વારા શબ્દસ્થ થયું હોય. ટૂંકમાં દલિત માણસનું સર્વાંગીણપણે અવમૂલ્યન કરનાર ભારતીય વર્ણવ્યવસ્થા-સમાજવ્યવસ્થા,સંસ્કૃતિ, પરંપરા, ભાગ્ય, ભગવાન, પુર્નજન્મ, હિન્દુશાસ્ત્રો અને હિન્દુ સંસ્કૃતિની ઓળખ આપનાર-બ્રાહ્મણવાદી મીથો, પ્રતીકો, વિચારોની વિરૂદ્ધ વિદ્રોહ પોકારીને એ (દલિત) માણસની પ્રતિષ્ઠા તેમજ માનવતાનું મૂલ્ય ફરીથી પ્રસ્થાપિત કરવા માટેના સંઘર્ષને પ્રેરણા આપનાર, તેમની અસ્મિતાને જાણનાર તથા દલિતોને ન્યાય, સમાનતા, સ્વાતંત્ર્ય માટેની આકાંક્ષા તેમજ સ્વપ્નોને પલ્લવિત કરનારો, ગતિ-પ્રગતિમાન એવો એક વિચાર-ભાવના-સંવેદનાનો હુંકાર એટલે દલિત સાહિત્ય.

મારા શોધ નિબંધમાં મેં દલિત સાહિત્યની એ વ્યાખ્યા સ્વીકારી છે કે દલિત સાહિત્ય દલિત કે બિનદલિત કોઈ પણ લખી શકે. દલિત સર્જકો પણ બિનદલિત સાહિત્ય નિરાંતે લખતા હોય છે ! તો સામા પક્ષે બિનદલિતો પણ પ્રભાવક દલિત સાહિત્ય આપી શકે છે એ સંભાવના સ્વીકારવી જોઈએ. સતીપ્રથાની આગ સૌથી પહેલી રાજા રામમોહનરાયને વધારે લાગી હતી ! એ સાચુ છે કે દલિત સાહિત્યનો સર્જક દલિત સમાજમાંથી આવતો હોય તો એની પાસે સચ્ચાઈનો રણકો, અનુભવનું ભાથું હશે પરંતુ સર્જકતા એ એવી શક્તિ છે જે પરચિત્ત પ્રવેશ પણ કરી શકે, ક્રૌંચ વધથી કેવળ ક્રૌંચ પક્ષી જ નહીં પણ વાલ્મીકિ સુદ્ધા વીંધાય જાય છે અને રામાયણનું સર્જન થયું. તેવી જ રીતે બિનદલિત સર્જક ભલે દલિત પરિવેશથી દૂર રહ્યા હોય પરંતુ જો એનામાં તીવ્ર સંવેદનશીલતા હોય તો તે દૂર રહે રહે પણ દલિત સમસ્યાને પ્રભાવક રીતે વાચા આપી શકે છે. ટોલ્સટોય પોતે જમીનદાર હતા પણ એમણે રસિયાના ખેડૂતોનું આલેખેલું ચિત્ર બેનમૂન હતું. રસિયામાં ક્રાંતિ પછી લેનિન જ્યારે એક છાત્રાલયની મુલાકાતે ગયા ત્યારે વિદ્યાર્થીઓ જે લેખકોને વાચતા હતા તેમના નામ પૂછયા. લેનિનને આશ્ચર્ય થયું કે કોઈ ટોલ્સટોયને વાચતું જ ન હતું ! એમણે પૂછયું કે ટોલ્સટોયને કેમ નથી વાચતા ! ત્યારે વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો કે એ તો જમીનદાર છે, અમે એને શા માટે વાચીએ. વિદ્યાર્થીઓનો આ જવાબ

૧૦૯. महाराष्ट्र टाईम्स दि, 14/11/1970

૧૧૦. મનોગત, જયા મહેતા, પૃ.૨૮૩

સાંભળ્યા પછી લેનિને ટોલ્સટોય પર ચાર લેખો લખીને સમજાવ્યું કે, ટોલ્સટોયના સાહિત્યમાં રસિયાના ખેડૂતોની હાડમારીનું દર્દનાક ચિત્ર મળે છે. એન્જલસ પોતે ઉદ્યોગપતિ હતા પરંતુ મજૂર ક્રાંતિ વિશેના એમના વિચારો અજોડ છે. રવીન્દ્રનાથ ટાગોર અતિ સુરક્ષિત ધનિક કુટુંબમાં ઉછરેલા હતા પરંતુ એમની વાર્તાઓમાં બંગાળી ગ્રામજનતાની અનેકવિધ વેદનાઓ કળારૂપ પામી છે. તેથી એ સ્વીકારવું જ રહ્યું કે બિનદલિત દ્વારા પણ પ્રભાવક દલિત સાહિત્ય મળી શકે. આજે આપણી પાસે કિશોર જાદવ જેવા જન્મે દલિત લેખક દલિત સાહિત્ય નથી લખતા અને જન્મે બિનદલિત એવા જયંત ગાડીત પાસેથી 'બદલાતી ક્ષિતિજ' જેવી રચના મળે છે. વધુમાં ગાંધીયુગમાં રા.વી.પાઠક, સુંદરમ્, ઉમાશંકર જોશી કે પેટલીકર એકેય જન્મે દલિત નહોતા ને તેમ છતાંય ચિરસ્મરણીય દલિત કૃતિઓ આપી શક્યા છે. પ્રેમચંદજીને પણ યાદ કરી શકાય. આમ, આ બધા ઉદાહરણો મારી સ્થાપનાને સ્પષ્ટ કરશે એમ માનું છું. અહીં મને જાણીતા મરાઠી દલિત સાહિત્યકાર રાજા ઢાલેનો 'દલિત સાહિત્ય કોણ રચી શકે ?' અંગેનો વિચાર નોંધવાનું મન થાય છે. તે જણાવે છે કે ''જે કોઈ પણ વ્યક્તિ આ સમાજરચના વિરુદ્ધ અને સાંસ્કૃતિક વ્યૂહ વિરુદ્ધ લડાયક દષ્ટિકોણ લઈને સાહિત્ય સર્જન કરે અને રસ્તો ભૂલેલા સમાજને સાચો રસ્તો ચિંધશે તે સાચો દલિત સાહિત્યકાર હશે અને એનું સાહિત્ય પણ દલિત દષ્ટિકોણથી રચાયેલું હશે.''[૧૧૧] પંજાબી દલિત સાહિત્યકાર ચમન લાલ પણ આવો જ ઉમદા વિચાર ધરાવે છે.: ''अप्प दीपो भव को मानकर गैर दलित लेखक भी दलित साहित्य के सृजक हो सकते है।''[૧૧૨] એવું તે નોંધે છે.

## ૨.૬ : ભારતીય દલિત સાહિત્યની આછી ઝલક

મધ્યકાલીન અને અર્વાચીન માનવતાવાદી વિચારકોનાં પરિણામે દલિતોના અંધારા ખૂણા તરફ સર્જકોનું ધ્યાન ખેંચાયું પરિણામે ભારતની પ્રત્યેક ભાષાના તે ગાળાના (અર્વાચીન) સર્જકોથી માંડી આજ સુધી જે સાહિત્ય લખાયું તેમાં 'દલિત સાહિત્ય' પણ રચાયું છે. અલબત ભારતીય સાહિત્યના વિવિધ ઈતિહાસોમાં દલિત સાહિત્ય રચનારા સર્જકો કે કૃતિઓને સ્થાન અપાયું નથી પરંતુ આજે દલિત સાહિત્ય વિવેચનમાં આવા છૂટી ગયેલા મુદ્દાઓને પુનઃ કેન્દ્રમાં મૂકવામાં આવી રહ્યા છે અને પરિણામે જ્યારે આપણે ભારતીય દલિત સાહિત્યનું સરવૈયું તૈયાર કરીએ તો આશ્ચર્ય થાય તેટલી સિદ્ધિઓ ભારતની ચારે દિશાના સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મારો સંશોધનનો વિષય તો ગુજરાતી દલિત કથાસાહિત્ય પૂરતો મર્યાદિત છે પરંતુ એને એક વ્યાપક સંદર્ભમાં જોઈ શકાય તે માટે અહીં ભગિની ભાષાઓના સાહિત્યની આછી ઝલક આપવાનો પ્રયાસ કર્યો છે. ભાષા પરત્વેનું જ્ઞાન ન હોવાને કારણે અને અનુવાદ ઉપલબ્ધ ન હોવાને કારણે મૂળ કૃતિઓ સુધી જઈ શકાયું નથી પરંતુ જેટલું હાથવગું બન્યું તેના આધારે ભગિની ભાષાઓના દલિત સાહિત્યની આછી ઝલક આપવાનો પ્રયાસ કર્યો છે.

---

૧૧૧. जातक, दि-1/3/77

૧૧૨. हंस, राजेन्द्र जादव, मार्च, 1998, पृ.21

## ૧. મરાઠી દલિત સાહિત્ય

મરાઠીમાં દલિત અને દલિતેતર સર્જકો દ્વારા કવિતા, વાર્તા, નવલકથા, આત્મકથા, નાટક વગેરે વિપુલ પ્રમાણમાં લખાયાં છે. નારાયણ સુર્વેનો 'માઝી વિદ્યાપીઠ', અર્જુન ડાંગલેનો 'છાવણી હલતે આહે', જ.વિ. પવારનો 'નાકેબંધી', વામન નિમ્બાલકરનો 'ગાવકુસાવા', 'હેરીલ કવિતા', પ્રહલાદ ચેંદવનકરનો 'ઓડિટ', કેશવ મેશ્રામનો 'ઉત્ખલન', ત્ર્યંબક સપકાલેનો 'સુરંગ', ભીમસેન દેઠેનો 'હોરમલ', પ્રકાશ જાધવનો 'દસ્તખત', યશવન્ત મનોહરનો 'ઉત્થાન ઝમ્ફા' વગેરે નોંધપાત્ર દલિત કાવ્યસંગ્રહો છે. મરાઠી દલિત કવિઓ અન્યાય, અપમાન, સામાજિક, આર્થિક, ધાર્મિક વિષમતા, અત્યાચારો, ગુલામગીરી અને પરંપરા સામે વિદ્રોહ કરે છે. તેઓ સમાનતા, સ્વતંત્રતા, ક્રાંતિ ઝંખે છે. નામદેવ ઢસાળ કહે છે–

'ઘોર બંદીવાસ ...?
મારા લોહીમાં, પ્રજાળતા આ અગણિત સૂર્યો હવે ગામ ગામ, નગર નગર,
આગ લગાવી દેશે.'

તો કવિ અર્જુન ડાંગલે નીજી અસ્તિત્વ સાથે અસ્મિતાસભર જીવવા માંગે છે,
'હું ઝંખુ છું એવું જ જીવન જીવવાનું જેમાં પોતીકાપણું હોય.'

આઝાદ ભારતમાં ગુલામ કરતા દલિતોની સ્થિતિ બદતર છે. આથી દયા પવાર 'મહાનદેશને' પૂછે છે–

'હે મારા મહાન દેશ !
ક્યાં સુધી ચાલશે તારો છૂતાછૂતનો ખેલ !
અમે રહીએ છીએ ગામની બહાર એમાં અમારો દોષ ?
દેશની બહાર તો નથી રહેતા ને ?'

નામદેવ ઢસાળ 'ગોલપીઠા'માં દલિતોની વેદનાને રોષપૂર્વક વ્યક્ત કરે છે જુઓઃ
'સ્વાતંત્ર્યતા કઈ ગધ્ધિનું નામ છે.'

વર્ણવ્યવસ્થાને કારણે જ દલિતોને વેઠવાનું આવ્યું છે. આથી વામન નિમ્બાલકર વર્ણવ્યવસ્થાને ધિક્કારે છે–

''મનુના વંશજો..... હું તમને ગાળો દઉં છું,
તમારા ગ્રંથોને ગાળો દઉં છું,
તમારી સંસ્કૃતિને ગાળો દઉં છું,
તમારા પાખંડીપણાને ગાળો દઉં છું,
હું આ બધું બોલવા નહોતો ઈચ્છતો
પરંતુ મારા હાથ જાગી ગયા છે.''

મરાઠી સાહિત્યમાં દલિત વાર્તાએ મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દલિત વાર્તાકારોમાં અણ્ણાભાઉ સાઠે, શંકરરાવ ખરાત, બાબુરાવ બાગૂલ, દયા પવાર, ઉર્મિલા પવાર, શરણકુમાર લિંબાલે, કેશવ મેશ્રામ, અર્જુન ડાંગલે, યોગિરાજ વાઘમારે, વામન હોવાલ, બન્ધુ માધવ, નામ શિંદે બાબુરાવ ગાયકવાડ, આશા થોરાત, કુમુદ પાવડે વગેરે નોંધપાત્ર છે. પ્રા બાલકૃષ્ણ કવઠેકર નોંધે છે કે ''શ્રી બાબુરાવ બાગૂલના પ્રથમ વર્તાસંગ્રહ 'જે વ્હામી જાત જોરલી હોતી' (જયારે મેં મારી જાત છુપાવી હતી) ના પ્રકાશનની સાથે મરાઠી સાહિત્યમાં દલિત વાર્તાનો જન્મ થયો''[૧૧૩]

દલિત લોકોના કેટલાક દુઃખો તો જન્મજાત હોય છે. તેનું મુખ્ય કારણ ભારતીય સમાજવ્યવસ્થા છે. આવી જડ, કઠોર, રૂઢિચુસ્ત સમાજવ્યવસ્થાને પરિણામે દલિતોના સંસ્કાર, શિક્ષણ, પ્રામાણિકતા, કાર્યદક્ષતા, વૈચારિક પ્રગલ્ભતા જેવા ગુણો માટીમાં ભળી જાય છે. આ દાહક, કઠોર વાસ્તવિકતાનું આલેખન બાબુરાવ બાગૂલની અનેક વાર્તાઓમાં જોવા મળે છે. 'જયારે મેં મારી જાત છૂપાવી હતી' એક શિક્ષિત દલિત યુવકની કથા છે. કથાનાયક નોકરીને કારણે બીજા ગામમાં જાય છે. મકાનની શોધખોળ કરે છે પણ ન મળતાં તેને પોતાની અસલી જાતિ છુપાવવી પડે છે ! એક દિવસ જ્યારે તે પોતાની જાતિ પ્રગટ કરે છે ત્યારે આસપાસના સવર્ણ લોકો તેને ખૂબ જ મારે છે. ત્યાંથી બચીને નીકળેલો કથાનાયક કહે છે: '' उन्होंने मुझे थोडे ही मारा? वे तो मनु को पीट रहे थे।''[૧૧૪] અહીં નાયકની માત્ર વ્યક્તિગત વ્યથા પ્રગટ નથી થતી પરંતુ ધર્મપ્રેરિત સમાજવ્યવસ્થાની સામે તેનો આક્રોશ વ્યકત થાય છે. બાબુરાવ બાગૂલનો 'મોત સસ્તુ થઈ રહ્યું છે' પણ ઉલ્લેખનીય વાર્તાસંગ્રહ છે.

દલિત પેંથરની વિચારધારાથી રંગાયેલા અર્જુન ડાંગલેનો ''हे बाँधा वारची मानसे'' સગ્રંહમાની 'બુદ્ધ મરી ગયા' મહાર અને માતંગ પેટાજાતિઓના આંતરિક દ્વંદ્વની વાર્તા છે. ડૉ. આંબેડકરની પ્રેરણાથી મહાર સમાજના લોકો બુદ્ધધર્મ અપનાવે છે પરંતુ માતંગ સમાજે બુદ્ધ ધર્મ અપનાવ્યો નથી એટલા માટે મહારો માતંગોની અવહેલના કરે છે. પોતાના કૂવેથી પાણી ભરવાની પણ ના પાડી દે છે. ડૉ. આંબેડકરના સ્વપ્નને પોતાના જ સમાજના લોકો દ્વારા તોડવામાં આવતા જોઈને ચિંતિત બને છે તેની પરાકાષ્ઠા વાર્તાન્તે આવે છે. અશોકના પિતાની લાશ પડી છે પણ અશોક માતંગો સાથે હળીમળી ગયો હોવાથી તે લાશ ઉપાડવા તૈયાર થતા નથી ! અશોક સમાજની માફી માંગે તો જ લાશ ઉપાડવા તૈયાર છે. બીજી તરફ માતંગ એના પિતાની લાશને અગ્નિ આપે એ માટે અશોકની માતા તૈયાર નથી. તેને એ પણ ડર છે કે તેઓ ભૂત બની જશે. અંતે અશોક લાચારીવશ સમાજની માફી માંગે છે. ટૂંકમાં પ્રતિષ્ઠાનું પ્રતીક બનેલી જાતિ બધા સિદ્ધાંતોની હત્યા કરી નાખે છે. વાર્તાના અંતે અશોકને બાપની જેમ બુદ્ધ પણ મરી ગયો છે એવી અનુભૂતિ થાય છે.

---

૧૧૩. મરાઠી દલિત સાહિત્ય વિશેષાંક, સંપાદક, મહીપસિંહ, અંક,૫, ડિસેમ્બર-૧૯૮૧, પૃ.૫૭
૧૧૪.दलित कहानी संचयन, संपादकः रमणिका गुप्ता, प्रथम आवृत्ति, 2003, पृ. 219

યોગીરાજ વાઘમારેના 'ઉદ્રેક', 'બેગડ', 'ગુડદાળી' નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. તેમની 'જીવન નિર્વાહ' વાર્તાનો નાયક સમા અને ભિવા માનું હાડપિંજર વેચીને જીવવાની મજબૂરી ધરાવે છે પરંતુ ત્યાં તે હળીમળી મુશ્કેલી વેઠવાની હિંમત પણ રાખે છે. તેઓ હારતા નથી, જીવવાની જિજીવિષા એમનામાં પ્રબળ છે. દારૂણ ગરીબીનું ચિત્રણ આ વાર્તામાં જોવા મળે છે. શરણકુમાર લિંબાલે પાસેથી 'દેવતા આદમી' અને 'દલિત બ્રાહ્મણ' વાર્તાસંગ્રહો મળે છે. 'તેમની જાતિ ના પૂછો' ખૂબ જ ચર્ચિત વાર્તા છે. વાર્તાનાયકનું લોહી પેલી વૃધ્ધ સ્ત્રી કે જેને ત્યાં તે જાતિ છૂપાવીને રહેતો હતો અને તેનો પૂરો પ્રેમ પામે છે પણ એ વૃધ્ધ સ્ત્રીના મનમાં સંસ્કારોથી વણાયેલી દઢ ઘૃણાને નાબૂદ ન કરી શકયો. જ્યારે તે સ્ત્રીને જાણવા મળે છે કે પોતાને લોહી આપનાર તો દલિત છે, ત્યારે સ્ત્રી એને અપરાધીના પાંજરામાં ઊભો કરી દે છે. જાણે કહેતી હોય 'તારી એ હિંમત કે દલિત થઈને મને લોહી આપ્યું?' 'દલિત બ્રાહ્મણ' વાર્તામાં દલિત આંદોલનને તોડવા અને તેની તીવ્રતા ઓછી કરવા માટે સ્વયં દલિતોની અંદર પ્રવેશ કરતો બ્રાહ્મણવાદ છે. આ વાર્તામાં શરણકુમારે મનોવૈજ્ઞાનિક શૈલીથી આ સવાલ ઉઠાવ્યો છે. સમીર જોશી અને દિનેશ કામ્બલેની વચ્ચે સેતુ રચતો પ્રસંગ હૃદયસ્પર્શી છે. લિંબાલેની 'સફેદ મખ્ખી', 'ઓછી જાતકા', 'જૂતા ચોર', 'આત્મકથા' વગેરે જાણીતી વાર્તાઓ છે.

ડૉ. બાબાસાહેબનું વ્યક્તિત્વ દલિત સમાજ માટે પ્રેરક બન્યું આથી ડૉ. બાબાસાહેબ દ્વારા શરૂ કરાયેલ આંદોલન અને તેના જીવનકાર્ય આધારિત ઘણી નવલકથાઓ લખાઈ છે. જેમાં હરિભાઉ પગારેની 'યુગપ્રવર્તક', હિ.ગો. બનસોડેની 'મુક્તિસંગ્રામ' બંધુ માધવની 'વર્ગ સમ્રાટ', 'રમાઈ' ,વા.સ. હાટેની 'યુગવિધાન' અને 'યુગધર' નોંધપાત્ર છે. આ ઉપરાંત બાબુરાવ બાગૂલની 'સૂડ' (પ્રતિશોધ) 'અઘોરી', કેશવ મેશ્રામની 'પોખરણ', 'હકીકત', 'જટાયું', શંકરરાવ ખરાતની 'હકાલભટ્ટી', 'ગેસ્ટ હાઉસ', 'મુક્તિ મી મુક્તિ', સુધારકર ગાયકવાડની 'શૂદ્ર', ના.રા.શેડેની 'કાંજળી રાત્ર' (કજરાતી રાત), 'તાબડા દગડ' (લાલ પત્થર), 'વિલાસિની', માધવ કોંડવિલકરની 'અર્જુન ઉજાડાયઅ આહે' ('અભી સુબહ નહીં હુઈ', 'અનાથ', 'છેદ', 'વેધ', 'જપાટ લેલા'(પાગલ), મધુ મંગેશની 'ભાકરી આળી ફુલા' (રોટી અને ફુલ), નામદેવ ઢસાલની 'હાડકી હાડવાળા', અશોક વ્હટકરની 'મેલલં પાણી' (મરા હુઆ પાણી), '૭૨ મૈલ', નામદેવ કાંબલેની 'રાઘવ વૈળ' (પ્રભાત), વિ.સ. ખાંડેકરની 'દોહમને', માલ ખાંડેકરની 'ચંદનવાડી' અને શરણ કુમાર લિંબાલેની 'નરવાનર', 'હિન્દુ' વગેરેમાં દલિત સમાજનું ચિત્રણ છે. શરણકુમાર લિંબાલેએ 'હિન્દુ' નવલકથાના 'મનોગત'માં નોંધ્યું છે– ''हिन्दु समाज का विषम ताना– बाना और विक्रत जाति व्यवस्था इन दोनो का पोस्टमोर्टम करने हेतु ही यह हिंदू उपन्यास लिखा गया है। इस देश पर जाति व्यवस्था का जो कलंक है उसे मिटाए बगैर यह देश सुंदर नहीं हो सकेगा। जाति व्यवस्था के खिलाफ बोलने का अर्थ है राष्ट्रीय एकता की, सौंदर्य की भाषा बोलना।''[११५]

---

११५. हिंदू, शरणकुमार लिबाले, अनुवाद– सूर्यनारायण रणशुभे, प्रथम आवृत्ति, 2005, पृ.9

આ નવલકથાના કેન્દ્રમાં તાત્યા કાંબલે છે. તે ગામનો પટેલ નથી પણ આંદોલનનો પટેલ છે. તે ગામના દલિતોને આંબેડકરની નજીક લાવે છે અને હિંદુધર્મ તથા વર્ણવ્યવસ્થાની અમાનવીય પરંપરા તથા પ્રથાઓ, રિવાજોની વિરુધ્ધ પોતાના ભાઈ-ભાંડરું, સમાજને સંઘર્ષ કરવા માટે પ્રેરે છે. એટલા માટે ગામના સવર્ણો દ્રારા તેની હત્યા કરવામાં આવે છે. તાત્યા કાંબલે ભલે મરી ગયો પણ તેના વિચાર જીવતા રહે છે. જુલ્મ તથા અન્યાયની વિરુધ્ધ ગામના દલિતોને આજે પણ પ્રેરણા આપી રહ્યા છે. તાત્યા કાંબલેની હત્યાના જુલ્મમાં સવર્ણોને પોલીસ ગિરફતાર કરે છે. સજાથી બચવા માટે સવર્ણો પ્રપંચો રચે છે. અંતે સવર્ણો દ્રારા તેનો બચાવ થાય, દલિતોના આંદોલનને કમજોર કરવા માટે તાત્યાના ભાઈ સદાનંદ કાંબલેને રાજનીતિમાં લાવી દલિતોને ભડકાવે છે. બીજી તરફ દલિતો પણ તેમનો સામનો કરે છે. ધ્યાનપાત્ર બાબત એ છે કે દલિતોની હત્યા મુશ્લમાન, ઈસાઈ નથી કરતા. બૌદ્ધ પણ દલિતો પર અન્યાય, અત્યાચાર નથી કરતા, સિખ પણ નહીં તો હિંદુઓ દલિતોને શા માટે રંજાડે છે? દલિતોનું હિંદુ હોવું એ શું સવર્ણોને સ્વીકાર્ય નથી ?

'હિંદુ' માં મહારાષ્ટ્રના એક અંચલપુર ગામના સામાજિક પરિવેશનું આલેખન છે. ત્યાના દલિત મનુવાદી માનસિકતામાંથી મુકત થઈને હિંદુ દેવતાઓની મૂર્તિઓને જમીનની અંદર દાટી દે છે ને હિંદુ પરંપરાનો ત્યાગ કરે છે. 'હિંદુ' દલિત ચેતનાની નોંધપાત્ર નવલકથા છે.

સમગ્ર ભારતીય દલિત સાહિત્ય પર દષ્ટિ કરતાં જાણવા મળે છે કે માત્ર મરાઠી ભાષામાં જ વિપુલ માત્રામાં સત્ત્વશીલ દલિત આત્મકથાઓ મળે છે. જેમાં દયા પવારની 'બલૂત' (અછૂત), કિશોર શાન્તાબાઈ કાળેની 'છોરા કોલ્હાટી કા',લક્ષ્મણ ગાયકવાડની 'ઉચલ્યા' (ઉઠાઉગીર), લક્ષ્મણ માનેની 'ઉપરા', શરણકુમાર લિંબાલેની 'અક્કરમાશી', પ્રા.ઈ.સોનકાંબલેની 'આઠવણીચે પક્ષી' (સ્મૃતિની પાંખે), શંકરરાવ ખરાતની 'તરાલ અંતરાલ', માધવ કાંડવિલ્કરની 'મુકામ પોસ્ટ દેવાચે ગોઠણે', રામ નગરકરની 'રામ નગરી', રમાકાન્ત જાદવની 'રમાકાન્તની સ્મૃતિઓ', કુમદ પાવડેની 'અંતરસ્ફોટ', મલ્લિકા અમરશેખની 'ત્રણ ધ્વસ વ્હાયત આહે', નરેન્દ્ર જાધવની 'અમારો બાપ અને અમે' વગેરે આત્મકથાઓએ મરાઠી સાહિત્યમાં ખરભળાટ મચાવી દીધો છે. આ આત્મકથાઓમાં મહારાષ્ટ્રના જુદા-જુદા દલિત સમાજની વ્યથા-કથા, કઠોર વાસ્તવનું આલેખન થયું છે.

તાજેતરમાં જ એક મરાઠી સાહિત્યકારનું અવસાન થયું. જેમનું નામ વિશિષ્ટ છે કિશોર શાન્તાબાઈ કાળે. પિતૃસ્તાક સમાજમાં કોઈ વ્યકિત પોતાના નામની પાછળ માનું નામ લખે ત્યારે એનો પિતૃસ્તાક સમાજ સામેનો રોષ જોઈ શકાય છે. આ કિશોર કાળે ગામડાઓમાં જમીનદારો માટે નાચનારી સ્ત્રીનું સંતાન. નાચનારી કયારેક જમીનદારોથી ભોગવાય અને એનાથી જે અવૈદ્ય (નાજાયજ ઓલાદ) સંતાન. આ કિશોર સ્વબળે M.B.B.S.બન્યો પણ પોતાની માની સ્થિતિને ભૂલી શકયો નથી જેનું પ્રભાવક ચિત્રણ 'છોરા કોલ્હાટી કા'મા જોવા મળે છે.

સ્ત્રી હોવું એ જ પિતૃસ્તાક પુરુષપ્રધાન સમાજમાં ગુનો ગણાતું હોય ત્યારે દલિત સ્ત્રી હોવું એ તો પડ્યા ઉપર પાટુ સમાન. એમને તો બેવડો માર સહન કરવાનો. આ રચનામાં દલિત સ્ત્રીઓની વ્યથાનું ચિત્ર છે.

કિશોર શાન્તાબાઈ કાળેની 'છોરા કોલ્હાટી કા' માં મહારાષ્ટ્રના કોલ્હાટી સમાજની વ્યથાકથા આત્મકથકની સ્મૃતિરૂપે આલેખાઈ છે. અહીં કિશોરના બાળપણથી માંડી ડૉક્ટર બન્યા સુધીની સંઘર્ષ યાત્રાનું ચિત્રણ થયું છે. આત્મકથકે 'હું' જેટલું જ મહત્ત્વ પોતાના કુટુંબિજનોને આપ્યું હોઈ આ વ્યક્તિકથા ન રહેતા સમાજકથા બની રહે છે.

કોલ્હાટી સમાજની સ્ત્રીઓ નાચ-ગાનનો વ્યવસાય કરે છે. આ નાચનારીઓ દીવાની જ્યોતની માફક બળતી રહીને બીજાને આનંદ આપે છે. સ્ટેજ પર મનોરંજન કરતી સ્ત્રીઓની પડદા પાછળની નગ્ન વાસ્તવિકતા કિશોરની મા શાંતાબાઈ, માસીઓ સુશીલા, શોભા, બેબી તથા બીજી અનેક સ્ત્રીઓ દ્વારા પ્રકાશમાં આવે છે. સમાજનો ધનિક વર્ગ એમના નાચ-ગાન દ્વારા આનંદ મેળવે છે એ તો ઠીક પણ એ નાચનારી સ્ત્રીના પરિવારજનો- દાદા, બાપ, ભાઈ વગેરે એની આવક પર જલસા કરે છે. !! કોઈ ધનિકને નાચનારી ગમી જાય તો એનો બાપ-ભાઈ એની પાસેથી મોં માગ્યા પૈસા લઈને એ વ્યક્તિની રખાત બનાવવા તૈયાર થઈ જાય છે!!. સ્ત્રી પોતાની મરજીથી કોઈ પુરુષ સાથે પરણી શકે નહીં અને જો પરણે તો તેને નાત બહાર કાઢવામાં આવે છે. કુસુમ કાંબલે એનાથી ઉતરતી નાતના યુવક સાથે ભાગી જાય છે તો કોલ્હાટી સમાજ તેને અપનાવતો નથી! કેટલાક ધનિકો નાચનારીઓનો ભરપેટ ઉપયોગ કરી સંતાનોની ભેટ ધરી રઝળતા મૂકીને ચાલ્યા જાય છે. જેમકે, કિશોરનો બાપ નાગદેવરાવ તેની રખાત પત્ની શાંતાબાઈ અને દીકરા કિશોરને છોડીને જતો રહે છે. ભવિષ્યમાં કિશોર પોતાની સંપત્તિમાં ભાગ ના પડાવે એ માટે તેને નામ, અટક પણ આપતો નથી. આથી જ કિશોરને તેના નામ પાછળ માતાનું નામ લખાવું પડ્યું છે પણ માધવરાવ, શિવાજીરાવ, સોપનરાવ જેવા રૂપલોલુપો નાચનારીના બાપ-ભાઈ જેટલા તો નિર્દય નથી જ. અહીં સૌથી વધારે નિર્દય, નિષ્ઠુર તો છે કિશોરના દાદા કોડિંબા. કિશોર કહે છે કોડિંબા તો અમારા સમાજનું પ્રતિનિધિ પાત્ર છે. તેણે સાવકીબેન જીજીથી માંડી પોતાની પાંચેપાચ દીકરીઓનો વેપલો કર્યો છે! કોડિંબા પૈસા માટે બહેન, દીકરીને વેશ્યાવાડામાં ધકેલવા તૈયાર થઈ જાય છે. કોડિંબા પૌત્ર કે પૌત્રીની એટલા ખાતર દેખભાળ રાખે છે કે નાચવા ગયેલી કે રખાત બનેલી દીકરી પૈસા મોકલતી રહે! જેથી દારૂ-માંસ-મટનના કાર્યક્રમોને આંચ ન આવે! પરિવારની ઉપરવટ જઈને જો નાચનારી કોઈની રખાત બની જાય તો એના સંતાનને પરિવારજનો પડાવી લે જેથી કરીને આવક બંધ ન થઈ જાય. કિશોરની મા શાંતાબાઈને માસ્તરાણી બનવું હતું પણ કોડિંબા તેને નાચનારી બનાવી દે છે. આમ તો સમાજમાં સ્ત્રીના જન્મને સાપનો ભારો, પથરો, આફત, નરકની ખાણ જેવા કુપુષ્પોથી વધાવાય છે પણ કોલ્હાટી સમાજમાં છોકરી જન્મે તો સમાજ ખુશ ખુશ થઈ જાય છે. માત્ર કોડિંબાના પરિવારમાં જ નહીં પણ આખા કોલ્હાટી સમાજમાં સ્ત્રીનો ઈચ્છાના એક પદાર્થ તરીકે ઉપયોગ થાય છે.

આ આત્મકથામાં સ્ત્રી-પુરુષના સંકુલ સંબંધો, સંવેદનાનું સૂક્ષ્મ નિરૂપણ જોવા મળે છે. કૃષ્ણરાવ વડકર જેવા શાંતાબાઈને હૃદયપૂર્વક ચાહનાર પુરુષો પણ છે. રમેશ પાટિલ પણ શોભા માસીને લાંબો સમય સંભાળ રાખે છે. આજીવન શોષણ કરનાર કોડિંબાની બહેન જીજી ખાવા-પીવાની સંભાળ રાખે છે કિશોર નોંધ છે. કે મા ખરીદનારને ત્યાં હોય ત્યારે દાદા-દાદી કિશોરની જે દશા કરે છે એ જોઈને માસી સુશીલા શોભાને થાય છે કે ભવિષ્યમાં અમારા બાળકોની આ જ દશા થશે?

કોલ્હાટી સમાજના કેટલાક આગવા રિવાજો પણ છે. જેમાં 'ચિરા' ઉતારવાનો રિવાજ છે. આ રિવાજમાં જો કોઈ ધનિકને નાચનારી ગમી જાય તો તેને રખાત બનાવવા માટે 'ચિરા' ઉતારવાની રસમ કરવી પડે છે. અહીં ધારાસભ્ય નાગદેવ રાવે શાંતાબાઈ સાથે 'ચિરા' ની રસમ કરેલી. આ સમાજમાં સ્ત્રીઓને વારંવાર પતિ બદલવો પડે છે. શાંતા અને શોભાને ત્રણ-ત્રણ પતિઓ છે. બીજો 'બેઠક'નો રિવાજ છે જેમાં નાચવાનો કાર્યક્રમ પૂરો થયા પછી પૈસાદાર વ્યક્તિ બેઠક રાખે ને મનફાવે તેવો વ્યવહાર તેની સાથે કરે. આમ, આ આત્મકથા દ્વારા લેખકે ડૉકટર બન્યા સુધી પોતાને જે અપમાન, અન્યાય, થયા તે, તેનો સંઘર્ષ અને સાથે સાથે કોલ્હાટી સમાજનો પારદર્શક દસ્તાવેજ આપે છે. ડૉ. ભરત મહેતા નોંધે છે ''.... આવી આત્મકથા આપીને ચીંથરે વીંટયા અનેક રત્નો તરફ પણ સમાજના સભ્યોનું ધ્યાન ખેંચ્યું છે. એ અર્થમાં એની કલાત્મકતા ભલે ઊણી ઉતરે, એમાં 'આત્મ' કથાના સ્થાને સમાજકથા કેન્દ્રમાં રહે પણ દલિત નારીના નિર્મમ બયાન તરીકે આ દસ્તાવેજી કૃતિનું પણ મૂલ્ય છે.''[૧૧૬]

'છોરા કોલ્હાટી કા' માં આત્મકથકની વ્યથા-કથાની સાથે સાથે કોલ્હાટી સમાજની સ્ત્રીની કરુણ કથની હૃદયદ્રાવક રીતે આલેખાઈ છે.

લક્ષ્મણરાવ ગાયકવાડે ૧૯૭૭માં પોતાની આત્મકથા 'ઉઠાઉગીર' (ઉચલ્યા) નામે લખી. લક્ષ્મણ ગાયકવાડનો જન્મ ૧૯૫૬માં મહારાષ્ટ્રના લાતૂર જિલ્લાના ધનેગામમાં 'ઉઠાઉગીર'(ચોર) જાતિ માં થયો હતો. બ્રિટિસ સરકાર દ્વારા આ જાતિને 'ગુનેગાર' જાહેર કરવામાં આવી હતી. લક્ષ્મણ જે જાતિનો છે તેને 'સંતા મુચ્ચર' પણ કહેવામાં આવે છે. તેલુગુ ભાષામાં સંતા એટલે બજાર અને મુચ્ચર એટલે ચોરી કરનાર. ટૂંકમાં 'સંતામુચ્ચર'નો અર્થ અઠવાડિક બજારમાં ચોરી કરનારી જાતિ. મહારાષ્ટ્રમાં આ જાતિને અનેક નામથી ઓળખવામાં આવે છે.: પાથરુટ, ટકારી ભામટા, ઉચલે, ગીરનેવડાર, કામાટી, ઘંટીચોર, વડાર વગેરે.

લક્ષ્મણે પોતાના બાળપણના દિવસોને યાદ કરીને લખ્યું છે કે એ વખતે તેના દાદા લિંગપ્પાને પોલીસ ઉઠાવી ગઈ અને દાદી તરસાબાઈ પર ઘર ચલાવવાની જવાબદારી આવી. તે મેળામાં જઈને ચોરી કરતી, નાના બાળક અને સ્ત્રીઓના ગળામાંથી સોના-ચાંદીના હાર ચોરી લેતી અને શાહુકારો પાસે તેને પાણીના ભાવે વેચીને ઘર ચલાવતી. દાદાના કારણે વાસના કેટલાક લોકોને પોલીસ પકડીને લઈ ગઈ. પછી વાસના લોકોનું પંચ બેઠું અને તેમણે નિર્ણય કર્યો કે લિંગપ્પાને કારણે ધંધો કરવો મુશ્કેલ છે માટે તેને મારી નાખવો જરૂરી છે. અંતે એક રાત્રે લિંગપ્પાની ઝૂંપડીમાં જઈને પંચાયતના સભ્યોએ મારી નાખ્યો અને તેની લાશના ટૂકડે ટૂકડા કરીને રફેદફે કરી નાખી અને આ આખી ઘટના સંકેલાઈ ગઈ.

૧૧૬. સંદર્ભ સંકેત, ડૉ.ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૯, પૃ.૮૦

ઉઠાઉગીર જમાત તરીકે ઓળખાતી આ જાતિના લોકો પોલીસ પ્રમાણપત્ર વિના બહારગામ જઈ શકતા નથી! પોલીસ તો 'પાથરુટ છું' કહેતાની સાથે જ તૂટી પડે. 'જેલમાં નાખીશ'ની ધમકી આપી પૈસા પડાવે. આ સમાજના લોકો ચોરી છોડીને મહેનત મજૂરી કરવા ઈચ્છે છે પણ તે ઉઠાઉગીર જાતિના હોવાને કારણે કોઈ તેને નોકરીએ રાખતું નથી. આથી તેની ભૂખે મરવાની સ્થિતિ સર્જાતી. આ આખો સમાજ પશુવત જીવન જીવે છે. લક્ષ્મણ તેના ઘરની સ્થિતિ વિશે લખે છે: ''हमारा घर बहुत ही छोटा था । उसमे सभी भोग चीलर की तरह भरे रहते। एक ही छप्पर के नीचे बकरियां भी बांधी जाती और आदमी– औरते भी सोते। मैं और हरचंदा बकरियों के पास सोते।..... रातमें वे पेशाब करती। उनकी पेशाब ठीक मेरे नीचे फैलती। बकरियों की वह गरम पेशाब जाड़ी की उस ठंड में सुखद लगती। जाडे सें परेशान में सोचता कि बकरियां लगातार गरम मूतती रहे ताकि ठंड तो न लगे''[११७]

લક્ષ્મણ અને તેની આખી જમાતને ખાવાના પણ સાંસા હતા. કૂતરા અને માણસો સાથે જ ખાતા. ઘંટી પર મીઠું નાખીને એનું પડિયું ચાટવાના દિવસો પણ લક્ષ્મણે જોયા છે. લક્ષ્મણની મા દૂધ વેચાતું લઈ વેચતી. ક્યારેક એ દૂધ બગડી જાય ત્યારે મા રડે પણ લક્ષ્મણ ખુશ થતો કે આજે બગાડેલા દૂધની વાનગી તો ખાવા મળશે. ક્યારેક કોઈ ધનિકને ત્યાં જમણવાર હોય ત્યારે આ જમાત એઠવાડ માંગવા ઉપડી જતી. લક્ષ્મણ કહે છે– ''અમારી બાજુમાં કૂતરા પતરાળી ચાટવા ગરદી કરતા. એક બાજુ કૂતરા પતરાળી માટે ભસતાં તો બીજી બાજુ અમને 'આલજો રે'ની બૂમો પાડતાં.''[૧૧૮] ઘણીવાર ભૂખને ઠારવા લક્ષ્મણ મસાણમાં ભૂતપ્રેત માટે જે ખાવાનું મુકેલ હોય તે પણ ખાવા જતો! તેઓ માછલી, હરણ, ગીધ, નોળિયાં, ઘો, સસલા, ઉંદર, ખિસકોલી, જંગલી કૂતરા, મોર જેવા જીવોનું માંસ-મટન પણ ખાતા! માણસો પણ પશુની જેમ વેચાય. લક્ષ્મણના એક સંબંધી ઈટીએ પેટનો ખાડો પૂરવા માટે પૈસા ન હોવાથી પોતાની દોઢ વરસની દીકરીને બસો રૂપિયામાં વેચી દીધી. આ ઘટનાથી વિચલિત થઈને લક્ષ્મણ નોંધે છે: ''स्वतंत्रा के ४० वर्षो के बाद भी हमारे लोगो को पेटभर खाना नहीं मिलता, हाथो को काम नहीं दिया जाता, तन के लिए कपडा नहीं मिलता, इस कारण वे लोग अपने बच्चे को बेचकर अपनी जरुरते पूरी कर लेते है। अगर स्वाभिमान से जीना असंभव हो रहा हो। तो इस स्वतंत्रताका उपयोग क्या है।''[११९]

ઉઠાઉગીર જાતિમાં ચોરી કેવી રીતે કરવી તે શિખવાડવામાં આવતી. ચોરી કરવાનું શીખી લીધા પછી એ વ્યક્તિએ પોતાની પહેલી છ મહિનાની કમાણી શિક્ષકને આપવી પડતી. લક્ષ્મણના ત્રણે ભાઈ ચોરી કરવાનું કામ કરતા. ક્યારેક-ક્યારેક લક્ષ્મણ પણ તેની સાથે જતો અને તે એક જગ્યાએ બેસીને ચોરીનો માલ સંભાળતો. લક્ષ્મણના પિતાને ચાલવામાં તકલિફ હોવાથી ચોરી કરવા જતા નહીં. તે ગામના એક ખેડૂતને ત્યાં માળી તરીકે કામ કરતા. માર્તંડે આખી ઉઠાઉગીર જમાતમાં જુદી માટીના હતા. તે લક્ષ્મણ ચોરી કરે એવું નથી ઈચ્છતા. તે લક્ષ્મણને નિશાળમાં ભણવા મૂકે છે. શાળામાં થયેલા અનુભવ વિશે લક્ષ્મણ કહે છે– ''મને નિશાળમાં એકાદ જંગલી પંખી ને મરઘાંઓમાં છોડી

૧૧૭. ઉઠાઉગીર, લક્ષ્મણ ગાયકવાડ, પૃ.૭૦
૧૧૮. એજન, પૃ.૭૫
૧૧૯. એજન, પૃ.૮૦

મૂકવા જેવું લાગતું. મરઘાં જેમ પંખીને ચાંચ મારી-મારીને હેરાન કરે તેમ બામણા-મરાઠાના છોકરાઓ કરતા.'' લક્ષ્મણ સ્કૂલ ગયાને ત્રણ-ચાર દિવસ જ થયા ને કેટલાક છોકરાઓને ઝાડા-ઉલ્ટી થઈ ગઈ. આથી પાડોશીઓએ કહ્યું કે લક્ષ્મણ સ્કૂલ જાય છે એટલે જ બીમારી આવી છે ! જાત પંચાયતે લક્ષ્મણ ગામ છોડે અથવા ભણવાનું છોડી દે એવો નિર્ણય કર્યો પરંતુ કુલકર્ણી ગુરુની સમજાવટથી લોકો સમજી ગયા. લક્ષ્મણના પિતા, લખમણે નામ કાઢ્યું ,કહી તેને સતત પ્રોત્સાહિત કરતા. તેના પિતા લક્ષ્મણને 'ભણવાનું છોડીશ નહી' ની સલાહ આપતા. મા-બાપે કષ્ઠ વેઠી, મહેનત કરી, ચોરીથી દૂર રાખી, સંઘર્ષ કરીને લક્ષ્મણને ભણાવ્યો પરિણામે તેની રહેણી-કરણી બદલી ને જુદી રીતે વિચારતો થયો. પહેલા એક મહિને નહાતો લક્ષ્મણ હવે દર રવિવારે પીવાના પાણીની ટાંકી ઘસીને સાફ કરે છે. જેથી સહુને લીલ બાઝેલું પાણી ન પીવું પડે. વિષમ સમાજવ્યવસ્થા જોઈને તેને ઘણી વાર થતું કે અમને કામ ધંધો કોઈ આલે નંઈ એટલે ચોરી કરવી પડતી તો અમારી આખી જાતને જ ચોર ગણવાની ? આવું કેમ ? અમને સારી રીતે કેમ જીવવા નથી દેતા ? શાહુકાર પાસેથી વ્યાજે પૈસા લઈને મારી માએ પોલીસોને કેમ આપવા પડે છે ? અને શાહુકારનું દેવું વધતા તે ફેડવા મારા ભાઈઓએ ચોરી કેમ કરવી પડે છે ?.....એવું મને જેમ વાચતા આવડવા લાગ્યું તેમ થવાં લાગ્યું અને મરાઠીની પહેલા પાના પરની પ્રતિજ્ઞા કેટલી ખોટી છે તેવું રોજ થતું અને ઉદાસ થઈ જતો. નસીબને દોષ દેતો, દેવોને પોકાર પાડતો અને ચૂપચાપ યાતના સહન કરતો હું ચોર જાતિમાં ભણતો ગણતો ઊછરતો હતો.'' લક્ષ્મણ કાપડની મિલમાં અને અન્ય જગ્યાએ નોકરી કરે છે. મજૂરોનું સંગઠન પણ બનાવે છે. ટૂંકમાં લક્ષ્મણ સંઘર્ષ કરતો કરતો પોતાનું આગવું વ્યક્તિત્વ ઊભુ કરે છે ને પોતાના દબાયેલા, કચડાયેલા વર્ગમાં જનજાગૃતિ માટે મનથી વળગ્યો રહે છે.

લક્ષ્મણ ગાયકવાડે પોતાના સમાજના રીત-રિવાજો, રહેણી-કરણી, ખાણી-પીણી, એમના વહેમો, અંધશ્રદ્ધાઓ, જાતપંચાયત અને વાસનું વર્ણન કર્યું છે. લક્ષ્મણને તેના પિતાએ નિશાળે મૂક્યો ત્યારે વાસમાં ઝાડા-ઊલ્ટી ફાટી નીકળ્યા એ વખતે વાસે બાપ-દીકરાને ઉધડા લીધેલા ! માથામાં જૂ પડે તો માતાને બકરો વધેરવાનો રિવાજ, સાયબૂ તાતા માછલી પકડીને ઘેર આવતો ત્યારે થૂંકતા જેથી ભૂત ન વળગે અને જો ભૂત વળગે તો વાંકો ચાલે જેથી કરીને ભૂત ભાગી જાય ! મનની ઈચ્છા પૂર્ણ કરવા માટે નરબલિ આપવાની, દારૂ તો તેમના જીવનનું અંગ જ બની ગયું હતું. જાત પંચાયતની સજા પણ કેવી વિચિત્ર છે.! શંકરે પોતાની દીકરી પર બળાત્કાર કર્યો તો તેને છોકરીના મૂતરથી શંકરની મૂછો સફાચટ કરવાની સજા થઈ ! એક સ્ત્રીને મરાઠા સાથે પ્રેમ થયો તો એ સ્ત્રીની દીકરીના લગ્નમાં એ સ્ત્રીને માથું બોડું કરાવવાની સજા. જાતપંચાયતના આ રિવાજોથી લક્ષ્મણની ખોપરીને ખાલી ચઢી જાય છે. લક્ષ્મણના વિવાહનું પણ રસપ્રદ વર્ણન છે. લક્ષ્મણને લોકસભાની ચૂંટણીમાં બહુજન સમાજવાદીપાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો દુઃખદ અનુભવ સવિગતે આપ્યો છે. આપણી રાજકીય વ્યવસ્થા, નઘરોળ પોલીસ વ્યવસ્થા ને કાનુન વ્યવસ્થા વગેરે પર પણ પ્રકાશ પાડ્યો છે.

સ્વરૂપની દષ્ટિએ જોઈએ તો આ આત્મકથા કરતા સમાજકથા વિશેષ લાગે છે. ઉઠાઉગીર સમાજનો દસ્તાવેજ અહીં જોવા મળે છે. ભાષા સાદી-સરળ અને વાતચીત શૈલીની છે.

ડૉ.ભરત મહેતા નોંધે છે કે "આત્મકથાની ઊડીને આંખે વળગે તેવી મર્યાદાય સંકલના (એડિટીંગ)ની છે."[૧૨૦] તે વાત સાચી છે.

આ આત્મકથા લખવાનો હેતું લક્ષ્મણ ગાયકવાડ જણાવે છે કે- "પોતાના સમાજની વ્યથા અન્યોને જણાવી, પૂર્વગ્રહો છોડાવવાનો અને સ્વ સમાજને સંગઠિત, શિક્ષિત થવા અપીલ કરવાનો છે." ચંદ્રકાન્ત ટોપીવાળા નોંધે છે કે – "આ આત્મકથામાં એવું ઘણું છે જે આપણી સુરુચિના રૂંવાડાં ખડા કરી દે, આપણી શિષ્ટતાનું નાક દબાવી દે પણ એમાં કોઈ પણ ટાપટીપ વગર નિખાલસતાથી થયેલું લખાણ એક ઉપેક્ષિત સમાજનો પારદર્શક દસ્તાવેજ આપે છે."[૧૨૧] આમ, આ આત્મકથામાં પાથરૂટ સમાજની દુર્દશાનો ચિતાર વાંચતા કોઈ પણ ભાવકની આંખ ભીની કરી જાય છે. આ આત્મકથાને દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર ઉપરાંત મરાઠીના ઘંટી પુરસ્કાર, મુકાદમ પુરસ્કાર અને સમતા પુરસ્કાર પણ મળ્યા છે.

'ઉપરા'ના લેખક પ્રસિદ્ધ સાહિત્યકાર અને સામાજિક કાર્યકર્તા લક્ષ્મણ માને છે. જેનો ગુજરાતી અનુવાદ સંજય શ્રીપાદ ભાવેએ કર્યો છે. જેને તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. લક્ષ્મણ માને કૈકાડી જાતિના છે. લક્ષ્મણ માને આ સમૂહોને 'પારકા' એટલે કે 'ઉપરા' કહીને ઓળખાવે છે. આ સમાજની સ્થિતિ અંત્યજો કરતાય ભૂંડી છે. સવર્ણ સમુદાયે આ સમૂહને વિના વાંકે ગુનેગાર, ભટકતો, ભૂખ દુઃખમાં સબડતો કરી મૂક્યો છે. અહીં આ સમૂહનો અત્યંત દુઃખદ, કટુ વાસ્તવનો આત્મકથનાત્મક દસ્તાવેજ છે. કૈકાડી ખાવાની શોધમાં ગધેડાં પર ઘરવખરી લઈને સતત એક ગામથી બીજા ગામ ભટક્યા કરે છે. આ સમૂહ જ્યારે એક ગામથી બીજા ગામ જાય ત્યારે દગડુ રાખાશો એમનાં ગધેડાં પરનો માલસામાન તપાસે કે કાંઈ ચોરીનો માલસામાન તો સંતાડીને નથી ઉપાડી જતાને ? લક્ષ્મણનો બાપ લક્ષ્મણને માસ્તર બનાવવાના સપના જુવે. લક્ષ્મણે વહવાયાનું જીવન જીવતા જીવતા શિક્ષણ મેળવ્યું. મા સતત કહેતી રહે કે આપણું જીવન તો કૂતરાથીય હલકું. પૈસા આવે ત્યારે બાપ ભગવાનને ભજે. નિશાળ ચાલુ હતી, ગધેડાની પીઠ પર બાપને જીવનમાં રુચે નહીં. તે કહે – 'મોત આવ્યું હતું પણ આવરદા ખૂટી નથી.' બેન્ડવાજા વગાડવાનું શીખી લીધુ, જે ગામની વરદી આવે ત્યાં વગાડવા જવાનું. પાટીલને ત્યાં જમણમાં ખાવાનું લેવા જતાં હડધૂત થવું પડ્યું, પેટનો ખાડો પૂરવા કેળની વાડીમાં ભરાયો, માર પડ્યો. અનેક સંઘર્ષ, યાતના વેઠયા પછી હાઈસ્કૂલનું ભણતર પૂરું કર્યું. કૉલેજમાં પ્રા.દાભોલેની ચર્ચાઓથી પ્રેરાઈ સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી. મુખ્ય ધારાના સમાજ સાથે તાલ મેળવવાના હેતુથી મરાઠી મકાન માલિકની દીકરી શશી સાથે લગ્ન કર્યું. માબાપની ઉપરવટ જઈ બીજી જાતિની છોકરી સાથે લગ્ન કર્યું એટલે ઘરમાંથી બહાર કાઢયો. ગામ છોડી દેવું પડ્યું. અંતે જ્ઞાતિપંચમાં સ્વીકારવા મા બાપે વિધિ કરી. કૈકાડી સમાજના લોકો રીતરિવાજો, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓમાં જીવે છે. લક્ષ્મણનો બાપ મંતરતંતર ને ભગવાનમાં માને. વહવાયાઓ મેળામાં ખેલ કરે, મરઘાં ખાય, દારૂ પીએ. જાતપંચાયતની સજા પણ વિચિત્ર છે. પોલીસોની જોહુકમી

૧૨૦. સંદર્ભ સંકેત, ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, પૃ.૭૫

૧૨૧. રચનાવલી, ચંદ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૨, પૃ.૨૨૮

પણ રૂવાડા ખડા કરી દે તેવી છે. 'છોરા કોલ્હાટી કા' ની જેમ 'ઉપરા'માં પણ દલિત સ્ત્રીઓની સ્થિતિ કરુણ છે. 'ઉપરા'માં લેખકે કહ્યું છે કે 'જે જીવ્યો', જે વેઠ્યું, અનુભવ્યું, જોયુ એ બધું એમનું એમ જ લખતો ગયો.... 'ઉપરા'એ મારામાં રહેલા પારકાપણાની શોધ હતી. લક્ષ્મણ માને આત્મકથા લખવા પાછળનો હેતુ જણાવે છે– ''પેઢી દર પેઢી ગધેડાની પીઠ પર ઘરો બાંધીને રઝળતા માણસોની વેદના સમાજ સમજી લઈ શકે તોપણ 'ઉપરા'નું લેખન સાર્થક થયું એમ હું કહીશ''. 'ઉપરા'ને દિલ્હી સાહિત્ય અકાદમીનું બહુમાન મળ્યું છે. લેખક નોંધે છે કે– ''સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મને પ્રદાન કરતી વખતે 'સાહિત્ય અકાદમી'ના અધ્યક્ષ શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું કે આટલી યુવાનવયે આટલું સારું પુસ્તક લખ્યું એ ગૌરવપ્રદ છે.''[૧૨૨]

દયા પવારની 'બલૂત'નો ગુજરાતી અનુવાદ 'અછૂત' નામે સુરેન્દ્ર દોશી 'નિશિગંધ' એ કર્યો છે. આ આત્મકથામાં દયા પવારે પોતાના ચાલીસ વર્ષની જીવનયાત્રા આલેખી છે. અહીં દયા પવારની ભીતરમાં બેઠેલા 'દગડૂ' સાથેનો સંવાદ છે. દયા પવાર તેના નિવેદનમાં નોંધે છે: ''ડૉ.બાબાસાહેબ આંબેડકરની ચળવળનું સૂક્ષ્મ સૂત્ર મેં 'બલૂત' માં બતાવ્યું છે. આ ચળવળની મૂખ્ય બાબત તરફ પણ મેં ધ્યાન દોર્યું છે. આ ચળવળને આવેલો સોજો પણ મેં બતાવ્યો છે. જે દલિત આજે નવી રીતે મધ્યમ વર્ગમાં જાય છે, એમની હાલત ત્રિશંકુ જેવી થઈ છે. શરમજનક જીવન જીવી રહેલા બહું મોટા સમાજને આપણે પાછળ છોડ્યો અને આપણે ઉપર ચઢ્યાં એનું દુઃખ 'બલૂત' માં વ્યકત થાય છે. સતા તરફ જવા માટે મુઠ્ઠીભર નેતાઓએ દલિતો અને દલિતોની ચળવળનો દાદર જેવો ઉપયોગ કર્યો અને દલિત ચળવળનું 'સ્લો પોઈઝનિંગ' થઈને આ ચળવળ કેવી નબળી પડી ગઈ એ તરફ મેં આંગળી ચીંધી છે.''[૧૨૩]

મહારાષ્ટ્રમાં મહાર અને અન્ય પછાત જાતિના લોકોને મરાઠા લોકોને ત્યાં અનેક પ્રકારના કાર્યો કરવા પડતા અને તેના બદલામાં અનાજની સિઝનમાં અનાજ આપવામાં આવતું. ગામનો બધો માલ તાલુકે પહોંચાડવાનો, ગામમાં આવેલા અધિકારીઓના ઘોડાની સાથે દોડવાનું, તેના જનાવરોની દેખભાળ કરવાનું, તેને ચરો-પાણી નીરવાનું, ઢંઢેરો પીટવાનું, ગામમાં થયેલા મૃત્યુની સૂચના ગામે-ગામે પહોંચાડવાની, મરેલા ઢોર ખેંચવાના,લાકડા ફાડવાના, ગામના મેળામાં વાજા વગાડવાના, વરરાજાનું નગરના દ્વારે સ્વાગત કરવા જવાનું વગેરે કામો મહારોના ભાગે આવતા અને આ કામોના બદલામાં તેઓને 'બલૂત' મળતું. ગરજ સરી કે વૈદ્ય વેરીની જેમ ખેડૂતો મહારોને કહેતા– ''અરે ઘેડો! તમારી મા ને! કામ કરવું નથી ને બલૂત લેવા સૌથી આગળ. શું તમારા બાપનું અનાજ છે.''[૧૨૪] બલૂત એકઠી કરવાની પ્રક્રિયા ખૂબ જ અપમાન જનક હતી. મહારોની સાથે કૂતરા-બિલાડા જેવો વ્યવહાર કરવામાં આવતો. દલિત વિશ્વ અહીં તંતોતંત ઝીલાયું છે. 'બલૂત' સંદર્ભે ડૉ. અજમેરસિંહ કાજલ નોંધે

---

૧૨૨. ઉપરા, લક્ષ્મણ માને, અનુવાદ, સંજય શ્રીપાદ ભાવે, સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩, પૃ.૧૪
૧૨૩. અછૂત, દયા પવાર, અનુવાદ, સુરેન્દ્ર દોશી (નિશિગંધ), દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૩, પૃ.૭
૧૨૪. એજન, પૃ.૮૭

છે- ''अछूत का उदेश्य है कि समाज का सम्पन्न वर्ग अपनी मानसिकता बदले और जातीय आधार की विरासत के अपने मनधडंत पैमाने को त्याग दे। दलितो के सामाजिक बराबरी चाहिए''[૧૨૫] આ આત્મકથાને વધાવતા મુકેશ માનસ જણાવે છે કે- ''अछूत दलित साहित्य में आत्मकथात्मक लेखन का प्रस्थान बिंदु है। दलित जीवन की असहनीय और बेबाक अनुभुतियां इसमें से झांक–झांक पडती है। 'अछूत' के दया पवार को मराठी दलित साहित्यकार ही नहीं भारतीय दलित साहित्य का भी इतिहास पुरुष बना दिया।''[૧૨૬]

આમ, આ આત્મકથાઓમાંથી પસાર થતા એક બાબત એ સ્પષ્ટ થાય છે કે આ આત્મકથા કરતા સમાજકથા વિશેષ બને છે. મહારાષ્ટ્રના વિવિધ દલિત સમાજની નકર વાસ્તવિકતા સામે આવે છે. દલિત લેખકો ઉપરાંત દલિત લેખિકાઓ દ્રારા પણ આત્મકથા લખાઈ છે તેથી તેના અનુભવો અને દષ્ટિના સ્તરમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. બીજી એક વસ્તુ એ પણ સામે આવે છે કે દલિત પરિવાર અને સમાજ કમજોર થતાં બહારનો સમાજ સૌથી વધારે આક્રમણ મહિલાઓ પર કરે છે. આવી સ્થિતિમાં દલિત સ્ત્રીનું અસ્તિત્વ વધારે ખતરામાં રહે છે.

મરાઠી નાટક અને એકાંકીમાં પણ દલિત સંવેદના આલેખાઈ છે. અવિનાશ ડોલસનું 'નાવન સલેલા ગાંવ' ('નામ વગરનું ગામ'), પ્રેમાનંદ ગજવીનું 'ઘોટ ભર પાણી' ('ખોબો ભરી પાણી'), મિ.શા.શિંદેનું 'અંધારાનું અંતરમન' વગેરે ખૂબ જ જાણીતાં દલિત નાટકો છે. દલિત આંદોલનને વેગ આપવામાં દલિત નાટકોનું પણ યોગદાન છે.

## ૨. હિન્દી દલિત સાહિત્ય

હિન્દી સાહિત્યના ઈતિહાસ પર દષ્ટિ કરીએ તો જાણવા મળે છે કે હિન્દી સાહિત્યના આરંભથી જ કાવ્યમાં દલિત ચિત્રણ જોવા મળે છે. સિધ્ધો, નાથો, સરહપા, સંત નામદેવ, એકનાથ, નાભાદાસ, તુકારામ, સંત કબીર, સંત રવિદાસ, દાદૂ દયાલ, પલટુ સાહબ, સુંદરદાસ વગેરે સંત કવિઓની વાણીમાં દલિત ચેતનાનો સૂર સંભળાય છે. નાથુરામ શર્મા 'શંકર'એ પણ દલિતોના દુઃખ, દર્દને પોતાની કવિતાનો કેન્દ્રિય વિષય બનાવ્યો. ત્યાર પછી દ્વિવેદી યુગમાં પણ દલિતોની વેદના-સંવેદના આલેખાઈ. સપ્ટેમ્બર ૧૯૧૪ના 'સરસ્વતી'માં પટનાના હીરા ડોમની 'अछूत की शिकायत' કવિતા પ્રગટ થઈ. વસુધાના સંપાદક પુન્નીસિંહ નોંધે છે કે, 'हिन्दी में यधपि उस समय तक दलित साहित्य जैसी कोई चीज नहीं थी और किसी डोम के द्वारा इस तरह के तेवर वाली कविता लिखने की तो कल्पना भी नहीं की जा सकती थी। कई विद्वान इस कविता की विषय वस्तु और उसके तेवर को देखते हुए इसको हिन्दी दलित साहित्य की पहली कविता मानते है।''[૧૨૭] ભોજપુરી ભાષામાં રચાયેલ આ કવિતામાં એક અછૂત ભગવાનની સામે પોતાની પીડા, વ્યથાનું વર્ણન કરે છે. આ વર્ણન મર્મસ્પર્શી છે.

૧૨૫. दलित साहित्य (वार्षिकी) संपादक, जय प्रकाश कर्दम, 2001, पृ.75
૧૨૬. अपेक्षा, संपादक, तेजसिंह, जुलाई-सितंबर,2003, पृ .110
૧૨૭.भारतीय दलित साहित्यः परिप्रेक्ष्य, संपादक अनुवाद, पुन्नीसिंह, कमला प्रसाद, राजेंद्र शर्मा, वाणी प्रकाशन, प्र.आ.2003 पृ.65

"हमनी के रात–दिन दुखवा भोगत बानी;
हमनी के सहेबे से मिनती सुनाइब।
हमनी के दुख भगवान ओं न देखताजे;
हमनी के कबले कलेसवा उठाइब।
हमनी के राति दिन मेहनत करीले जां;
दुइगो रुपयवा दरमहा में पाइबि।
ठकुरे के सुख सेत घर में सुतल बानी;
हमनी के जोति जोति खेतिया कमाइबि।
हमनी के इतरा के निगिचे न जाइलेजा;
पांके में से भरि–भरि पिअतानी पानी।
पनहीं से पिटि पिटि हाथ गोड तुरि दैले;
हमनी के एतनी काही के हलकानी"[१२८]

આ દલિત સંવેદનાની કવિતા છે. દલિતોની સામાજિક, ધાર્મિક સ્થિતિનું અહીં વર્ણન છે. ભગવાન પર વ્યંગ છે. બધાનું કલ્યાણ કરનાર ભગવાન પણ દલિતોનું કલ્યાણ કરવામાં અક્ષમ છે. અહીં ઈશ્વરનો નકાર છે. ધર્મ અને સામાજિક રૂઢિઓ પ્રત્યે અસંતોષનો ભાવ પ્રબળપણે પ્રકટ થયો છે. છાયાવાદમાં પણ નિરાલાએ 'वह तोडती पत्थर', भिक्षुक दीन' જેવી કવિતાઓ લખીને સામાજિક વિષમતા પર પ્રહાર કર્યો છે. નાગાર્જુને પણ દલિતો, પીડિતોની વેદના-સંવેદનાને અભિવ્યકત કરી છે. સમયાંતરે દલિત-બિનદલિત કવિઓ દ્વારા સામાજિક વિષમતા, જાતિભેદ, વર્ણવ્યવસ્થા, શોષણ, અન્યાય વગેરેનો વિરોધ થતો રહ્યો છે. મૈથિલીશરણ ગુપ્ત, સિયારામ શરણ ગુપ્ત, ગયા પ્રસાદ શુકલ, ધુમિલ વગેરે નોંધપાત્ર કવિઓ છે. લગભગ ૧૯૭૫ પછી ગુજરાતી દલિત કવિતાની જેમ વિપુલ પ્રમાણમાં જન્મે દલિત કવિઓ દ્વારા કવિતાઓનું સર્જન થયું. મહત્ત્વના કાવ્ય સંગ્રહોની અહીં નોંધ કરું છું. કંવલ ભારતીનો 'तब तुम्हारी निष्ठा क्या होती?', ઓમપ્રકાશ વાલ્મીકિનો 'बरस बहुत हो चुका', ડૉ. પુરુષોતમ સત્યપ્રેમીના 'मूक माटी की मुखरता', 'सवालो के सूरज', રમણિક ગુપ્તાનો 'अब मुरख नहीं बनेगे हम', ડૉ.દયાનંદ બટોહીનો 'यातना की आंखे', ડૉ. એન.સિંહનો 'सतह से उठते हुए', 'दर्द के दस्तावेज', સોહનપાલ સુમનાક્ષરનો 'सिंधु घाटी बोल उठी', શ્યોરાજ સિંહ બેચૈનનો 'क्रौंच हुं मै', ડૉ. કુસુમ વિયોગીનો 'व्यवस्था के विषघर', 'टुकडे टुकडे दंश', કર્મશીલ ભારતીનો 'कलम को दर्द कहने दो', 'पीडा जो चीख उठी' આ ઉપરાંત મોહનદાસ નૈમિશરાય, માતા પ્રસાદ, જયપ્રકાશ કર્દમ વગેરે મુખ્ય છે. હિન્દી દલિત કવિતાના સંપાદનો પણ થયા છે. આ કવિઓએ એમની રચનાઓ દ્વારા ધર્મ, વર્ણવ્યવસ્થા, પરંપરા, ઈશ્વર, સવર્ણ માનસિકતા પર આકરા પ્રહારો કર્યા છે. કંવલ ભારતીની 'तब तुम्हारी निष्ठा क्या होती?' કવિતા વર્ણવ્યવસ્થા, ધર્મના આચાર્યો, મહાચાર્યો તેમજ ધર્મગુરુઓ પર તીવ્ર પ્રહાર કરે છે. પરંપરાગત કુરિવાજોનું ખંડન કરે છે.

---

૧૨૮. એજન, પૃ. ૬૫,૬૬

'यदि वेदों में लिखा होता
बाहमण बहमा के पैर से हुए है पैदा।
उन्हें उपनयन का अधिकार नहीं।
तब, तम्हारी निष्ठा क्या होती?
यदि धर्मसूत्रो में लिखा होता
तुम ब्राह्मणो, ठाकुरो और वैश्यो के लिए विधा, वेद–पाठ और यज्ञ निषिद्ध है।
यदि तुम सुन लो वेद का एक भी शब्द
तो कानों में डाल दिया जाय पिघला शीशा।
तब, तुम्हारी निष्ठा क्या होती?'

એટલું જ નહીં અંતે કૅવલ ભારતી લખે છે–

'यदि रामायण में राम
तपस्वी–धर्मनिष्ठ ब्राह्मणो का करते कत्ले आम.
तब, तुम्हारी निष्ठा क्या होती?
यदि तुलसीदास मानस में लिखते
पुजिए शूद्र सील गून हीन।
विप्र न गुन गने ग्यान प्रवीना
तब, तुम्हारी निष्ठा क्या होती?'[१२९]

અહીં કૅવલ ભારતીએ દલિતોની જગ્યાએ બ્રાહ્મણોને મૂક્યા છે જેથી કરીને તેમને અહેસાસ તો થાય. જો વાસ્તવમાં એવું હોત તો બ્રાહ્મણોની નિષ્ઠા શું વેદોમાં હોત?

કૅવલ ભારતીની 'शम्बूक' કવિતા બદલાતી જતી સમાજવ્યવસ્થા તરફ સંકેત કરે છે.

''शम्बूक (हम जानते है)
तुम उलटे होकर तपस्या नहीं कर रहे थे.
तुम्हारी तपस्या एक आंदोलन थी
जो व्यवस्था को उलट रही थी।''[१३०]

હિન્દી દલિત વાર્તાઓની વાત કરવી હોય તો સૌ પ્રથમ મુન્શી પ્રેમચંદજીને યાદ કરવા જ પડે. ગુજરાતી સાહિત્યમાં ૧૯૩૫ માં ઉમાશંકર જોશીનું 'ઢેડના ઢેડ ભંગી' એકાંકી લખાયું. બરાબર આ જ વર્ષમાં અંગ્રેજીમાં મુલ્કરાજ આનંદની 'અનટચેબલ' નવલકથા અને હિન્દીમાં મુન્શી પ્રેમચંદનો 'ઠાકુરકા કૂઆ' વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. આ સંગ્રહની નવેનવ વાર્તાઓમાં પીડિત, શોષિત, દલિત, અને ખેડૂતવર્ગનું ચરિત્રચિત્રણ છે અને તેમાં બ્રાહ્મણ પાત્રો, બ્રાહ્મવાદનો વિરોધ અને ધર્મમાં રહેલી

---

१२९. हिन्दी काव्य में दलित काव्यधारा, माता प्रसाद, पृ, 309,310
૧૩૦. એજન, પૃ.૩૧૦

અસહિષ્ણુતાને ખૂબ જ નીડરતાથી આલેખ્યાં છે. તેમની 'ઠાકુરકા કૂઆ', 'સદ્‌ગતિ', 'કફન', 'પુસકી રાત', 'ઘાસવાલી', 'દૂધ કા દામ' નોંધપાત્ર વાર્તાઓ છે. 'ઠાકુરકા કૂઆ' માં આભડછેટનો મુદ્દો ઉપસાવ્યો છે. 'ठाकुर का कुँआ' कहानी केवल एक कुआ नहीं है, बल्कि सारा हिन्दु समाज ठाकुर का कुआ है, जिसमें अछूतों को डूब मरने की तो सुविधा है, पीने के लिए पानी लेने की सुविधा नहीं।[१३१] માય ડિયર જયુની 'જીવ' વાર્તાના નાયક ભગાનું સ્મરણ કરાવતું પાત્ર 'સદ્‌ગતિ' વાર્તાનું દુખી ચમાર છે. 'સદ્‌ગતિ'માં માંદગી માથી બહાર આવેલો દુખી ચમાર દીકરીના લગ્નનું મુહૂર્ત જોવડાવવા માટે ભૂદેવ પંડિત ઘાસીરામ પાસે આવે છે. પંડિત એક તોતિંગ થડિયું દેખાડીને કહે છે કે આના નાના-નાના ટુકડા કરી નાખ, પછી સાંજે મુહૂર્ત કાઢી આપીશ. દરમિયાન પંડિતનું ભરપેટ જમણ, નિરાંતની નિંદરની પડછે પરસેવે રેબઝેબ દુખી ચમારની સ્થિતિ આલેખાઈ છે. ગાંઠાળું થડિયું તૂટતાં-તૂટતાં તો દુખીનો જીવ નીકળી જાય છે. ગોંડની ધાકધમકીને કારણે કોઈ ચમાર તેની લાશ ઉપાડવા ન આવતા અંતે પંડિત પોતે વહેલી પરોઢે દુખીની લાશના પગમાં દોરડું બાંધીને ગામ બહાર ઢસડી નાખી આવે છે. વાર્તાનું 'શીર્ષક' 'સદ્‌ગતિ' વ્યંગમય છે. વેઠ, વૈતરાના બદલામાં મળેલું અમાનવીય મૃત્યુ અને બ્રાહ્મણને હાથે થયેલો અંતિમસંસ્કાર સહૃય ભાવકને હચમચાવી જાય છે. બ્રાહ્મણોનો દલિતો પ્રત્યેનો તિરસ્કારભાવ અહીં સૂપેરે ઝીલાયો છે. પ્રેમચંદજી ઉપરાંત સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' ની 'चतुरी चमार 'અને 'बिल्लेसुर बकरिहा ' પણ ઉલ્લેખનિય છે.

હિન્દીમાં પણ ૧૯૮૦ પછી દલિત વાર્તાઓનું દલિત અને બિનદલિત વાર્તાકારો દ્વારા વિપુલ માત્રામાં ખેડાળ થયું છે. પ્રકાશિત વાર્તાસંગ્રહોમાં મોહનદાસ નૈમિશરાયનો 'आवाज', ઓમપ્રકાશ વાલ્મીકિના 'सलाम', 'धूसपैठिये', ડૉ. દયાનંદ બટોહીનો 'सुरंग', સૂરજપાલ ચૌહાણનો 'हैरी कब आएगा', ડૉ. સુશીલા ટાકભૌરેના 'टूटता बहम' અને 'अनुभुति के घेरे', કુસુમ વિયોગીની 'चार ईंच की कलम', કાવેરીનો द्रोणाचार्य एक नहीं।' સત્યપ્રકાશનો 'चंद्रमौलि का रक्तबीज', 'प्रहलादचंद दास', 'पुटस के फुल', સ્વરૂપ ચંદનો 'दलित अंत द्वंद', ડૉ. શત્રુધ્નકુમારનો 'हिस्से की रोटी', બુધ્ધ શરણ હંસનો 'तीन महाप्राणी', ડૉ. આર.એમ.એસ. વિજયીનો 'अभिशप्त लोक', વિપિન બિહારીના 'अपना मकान', 'पुनर्वास' અને 'आघ पर अंत' આ ઉપરાંત કેટલાક સંપાદનો પણ થયા છે જેમાં ડૉ. કુસુમ વિયોગીના 'समकालीन दलित कहानियां', 'चर्चित दलित कहानियां' અને 'दलित महिला कथाकारो की चर्चित कहानियां', ડૉ. એન.સિંહના 'काले हाशिए पर' અને 'यातना परछाइयां', રમણિક ગુપ્તા દ્વારા સંપાદિત 'दुसरी दुनिया का यथार्थ' અને ડૉ. રજતરાની 'मीनू' દ્વારા સંપાદિત 'हाशिए से बाहर' વિશેષ રૂપમાં ઉલ્લેખનીય છે. આ ઉપરાંત ડૉ. શ્યોરાજસિંહ 'બેચૈન', કર્મશીલ ભારતી, પ્રેમ કાપડિયા, ડૉ. ઉમેશકુમાર સિંહ, રત્નકુમાર સાંભરિયા, ડૉ. જયપ્રકાશ કર્દમ, રમણિકા ગુપ્તા, ડૉ. સી.બી.ભારતી, બી.એલ.નાયર, ડૉ. પુરુષોત્તમ સત્યપ્રેમી,ડૉ. કુસુમ મેઘવાલ વગેરે વાર્તાકારોએ દલિત સાહિત્યના આંદોલનમાં પોતાનું ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે. આ વાર્તાકારોએ દલિતોની વેદના, સંવેદના, પ્રશ્નો, સમસ્યા વગેરેનું ચિત્રણ કર્યું છે.

---

૧૩૧. रचनाकर्म, संपादक, डॉ.मायाप्रकाश पाण्डेय, अक्टूबर-दिसम्बर, 2004, पृ.69

સમાજ જીવનની વરવી વાસ્તવિકતાનું આલેખન હિન્દી દલિત વાર્તાઓમાં પણ જોવા મળે છે. સમાનતા, સ્વતંત્રતાનો ઢંઢેરો પીટતા લોકોના દંભને બી.એલ.નાયરે તેની 'चतुरी चमार की चाट' માં ઉઘાડો પાડ્યો છે. વાર્તામાં ચંદન ચૌબે લગ્નની સિઝન થતા ગામમાં બીજું કોઈ કામ ન મળતા તે શહેરમાં ચાટની લારી લગાવે છે. તેની લારીની પાછળ એક ચ્હાની દુકાન છે. ત્યાં ચ્હા પીવા આવનાર લોકો સમાચાર પત્રો વાંચે છે અને ચર્ચા કરે છે. એક દિવસ ચૌબે સાંભળે છે: ''भाई अब तो चमार मुख्यमंत्री और राष्ट्रपति भी बनने लगे है भला अब छूआ छूत कहा रह गई है।''[૧૩૨] આથી ઉત્સાહિત થઈને ચૌબે પોતાના ગામમાંથી મિત્ર ચતુરી ચમારને બોલાવી લે છે. એવું વિચારીને કે પોતે હવે ચાટ તૈયાર કર્યા કરશે અને ચતુરી વેંચ્યા કરશે પરંતુ જ્યારે ચતુરી ચાટની રેકડી લઈને જાય છે તો તેનો જાતીય ભાવ જાગી ઊઠે છે અને તે એક પેઈન્ટરની પાસે જઈને રેકડી પર 'चंदन चौबे की चाट 'ની જગ્યાએ 'चतुरी चमार की चाट' લખાવી દે છે. જયારે તે નિયત કરેલી જગ્યાએ રેકડી ઊભી રાખે છે ત્યારે ત્યાં કેટલાક જુવાનીયાઓ આવીને તેને ગાળો ભાંડતા કહે છે કે અમે તો સમજદાર છીએ એટલે બચી જઈશું પણ બાળકો તો નાદાન છે. તે ચાટ ખાઈને પોતાનો ધર્મ ભ્રષ્ટ કરી દેશે અને ધમકી આપતા કહે છે કે જો કાલ અહીં દેખાઈશ તો તારા હાથ પગ ભાંગી નાખીશું ! આ ઘટના અંગે જયારે ચતુરી ચંદન ચૌબેને બતાવે છે ત્યારે ચંદન ચૌબે કહે છે– ''चतुरी तुम गांव लौट जाओ। अभी तुम्हारी चाट बिकने का समय नहीं आया है।''[૧૩૩] આઝાદી મળી પણ સમય બદલાયો નથી તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. ભારતીય સમાજની સમાનતા, બંધુતા અને સ્વતંત્રતા પર કેટલું મોટું પ્રશ્ન ચિન્હ છે?

જાતિગત ભેદભાવની ભાવના માત્ર અભણ લોકોમા જ નહીં પણ શહેરમાં રહેતા શિક્ષિત લોકોમાં પણ છે તેની અનુભૂતિ જયપ્રકાશ કર્દમની 'नो बार' વાર્તા કરાવે છે. એક બ્રાહ્મણ પરિવાર પોતાની શિક્ષિત યુવાન પુત્રી માટે યોગ્ય વરની શોધ માટે સમાચારપત્રમાં જાહેરાત આપે છે. જાહેરાતમાં અન્ય બાબતોની સાથે-સાથે 'नो बार' (જ્ઞાતિબાધ નથી) લખેલ છે. જાતિ, ધર્મનું કોઈ જ બંધન નથી. આથી જાતિવાદમાં ન માનનારો અને આંતરજાતીય વિવાહ કરવાની ઈચ્છા ધરાવતો ઉચ્ચ અધિકારી રાજેશ તે અનિતા સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકે છે. અનિતાને પણ રાજેશ ગમી જાય છે. તે તેની સાથે હરવા- ફરવા જાય છે પણ એક દિવસ અનિતાના પિતાને રાજેશની વાતચીત પરથી તે દલિત હોવાનો આભાશ થાય છે. આથી તે અનિતાને કહે છે– ''वह सब तो ठीक है कि हम जाति–पाति को नहीं मानते और हमने मैट्रिमोनियल में 'नो बार' छपवाया था, लेकिन फिरभी कुछ चीजें तो देखनी ही होती है। आखिर 'नो बार' का यह मतलब तो नहीं कि किसी चमार– चुहडे के साथ...''[૧૩૪] ટૂંકમાં આંતર જાતીયના નામ પર કોઈ પણ વર્ગ કે વર્ણની સાથે વિવાહ કરી શકાય છે પરંતુ દલિત સાથે નહીં! વિપિન બિહારીની 'अपनी सीमाए' વાર્તા ગ્રામ્ય સમાજમાં વ્યાપેલ જાતિભેદની વ્યવસ્થાની સત્ય હકીકત બહાર લાવે છે.

---

૧૩૨. दलित कहानी संचयन, चयन एवं सम्पादन, रमणिका गुप्ता, प्रथम संस्करण,2003, पृ.130

૧૩૩. એજન, પૃ.૧૩૪

૧૩૪. એજન, પૃ.૬૦

ડૉ. દયાનંદ બટોહીની 'सुरंग' વાર્તા શિક્ષણ જગતમાં વ્યાપેલા જાતિગત ભેદભાવને અભિવ્યકત કરે છે. એક દલિત વિદ્યાર્થી સંશોધન કરવા ઈચ્છે છે પરંતુ બ્રાહ્મણવાદી પ્રાધ્યાપકો દ્વારા જુદી-જુદી અડચણો તેના માર્ગમાં ઊભી કરી તેને સંશોધન કરતો રોકવામાં આવે છે. આ પ્રાધ્યાપકોને બીક એ છે કે તે સંશોધન કરીને યુનિવર્સિટિમાં પ્રાધ્યાપક બની ન જાય. ડૉ. એન.સિંહ આ વાર્તા સંદર્ભે જણાવે છે કે- ''सवर्णों के एकछत्र साम्राज्य में सेंध है। दूसरे, इससे दलितो की प्रगति और स्वाभिमान के रास्ते भी खुलते है। इसलिए दलित शोधार्थी के रास्ते में सिद्धांत, विचार और योग्यता के कांटे बिछाए जाते है ताकि उस पर चलने से पूर्व ही दलित छात्र लहुलुहान हो जाए। बटोही की यह कहानी एक ऐसा सच है जो भोगकर लिखा गया है।''[१३५] ડૉ.શ્યોરાજસિંહ 'બેચૈન'ની 'શોધ' વાર્તા પણ સવર્ણ પ્રાધ્યાપક દ્વારા દલિત વિદ્યાર્થીનીની જાતીય શોષણની છે.

સવર્ણોની બેવડી નીતિ પણ કેટલીક વાર્તાઓમાં જોવા મળે છે. એક તરફ સવર્ણ સમાજ દલિતોની ઉપેક્ષા કરે છે, તેમના પડછાયાથી પણ અભડાય છે તો બીજી તરફ સ્વાર્થ-સિદ્ધિના પ્રસંગોએ અસ્પૃશ્યતા મહત્ત્વહીન બની રહે છે ને તેનો 'ભરપેટ ઉપયોગ' કરી લે છે. ખાસ કરીને દક્ષિણ ભારતના મંદિરોમાં 'દેવદાસી' પ્રથાના નામ પર પૂજારીઓ દ્વારા તથા સામાન્ય જીવનમાં અન્ય લોકો દ્વારા દલિત સ્ત્રીઓ પર થતાં બળાત્કાર, જાતીય શોષણ આ માનસિકતાનું જવલંત ઉદાહરણ છે. પ્રેમ કપાડિયાની 'હરિજન' વાર્તા દેવદાસીઓના જીવન પર કેન્દ્રિત છે. અહીં ધર્મના નામ પર દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ થાય છે. આ વાર્તામાં દેવદાસી પ્રથાના નામ પર દલિત કુવારી છોકરીઓનું જીવન બ્રાહ્મણ પૂજારીઓની ભોગની બલિ ચઢે છે. તેને મંદિરની ચાર દિવાલોની વચ્ચે કેદ રહીને જીવન પસાર કરવું પડે છે. સૌથી મોટી કરુણતા તો એ છે કે તેના દ્વારા જન્મેલ બાળકને પિતાનું નામ સુદ્ધા મળતું નથી! પરબતિયા નામની દેવદાસીનું બાળક 'પ્રેમ' ભણવા માટે સ્કૂલ જાય છે તો સ્કૂલના અન્ય સવર્ણ બાળકો તેને 'હરામી' કહીને પજવે છે. ઘરે આવીને પોતાના પિતાનું નામ માને પૂછે છે ત્યારે મા-પરબતિયા તેને કહે છે-''बेटा.... ये हमारी बदनसीबी है कि तेरे बाप का पक्का पता नहीं... जो औरत रोज नए मर्द के साथ सोती हो, उसके बच्चे के बाप का नाम कैसे पता चल सकता है।''[१३६] પરબતિયાના આ વિધાનથી એ રહસ્ય સ્ફૂટ થાય છે કે આ દેવદાસીના ધર્મના નામ પર બનાવવામાં આવેલ વેશ્યા જ છે. જે પૂજારીની વાસનાપૂર્તિનું સાધન તો બને જ છે ઉપરાંત પૂજારીઓ દલાલોની જેમ આ દેવદાસીઓનું ગ્રાહકોને સપ્લાય પણ કરે છે! વેશ્યાઓ કરતા પણ દેવદાસીની સ્થિતિ બદતર છે. વેશ્યા પોતાના શરીરને પોતાની ઈચ્છા મુજબ બીજાને સોંપી શકે છે ને મનગમતી કિંમત લેવાનો અધિકાર ધરાવે છે જ્યારે દેવદાસીઓને તો પૂજારીઓની દાસી અથવા તો રખેલ બનીને રહેવું પડે છે. પ્રેમ કાપડિયાની આ વાર્તા હિંદુ ધર્મના એ દૂષિત ચહેરાને બહાર લાવે છે જે દલિત સ્ત્રીઓને ધર્મના નામ પર વેશ્યા બનાવે છે પણ કથા અભિધાના સ્તરે ચાલતી હોવાથી કલાત્મક બની શકતી નથી.

---

૧૩૫. हंस, संपादक, राजेन्द्र जादव, 1999, पृ.23

૧૩૬. दलित कहानी संचयन, संपादक, रमणिका गुप्ता, पृ.91

બીજી એક શરમજનક બાબત એ છે કે ઘણી બધી સવર્ણ સ્ત્રીઓ પણ ક્યારેક પોતાની વાસના પૂર્તિ માટે તો ક્યારેક સંતાન પ્રાપ્તિની ઈચ્છાથી દલિત પુરુષોની સાથે સહવાસ કરવા માટે મજબૂર બને છે. જો તે સરળતાથી આ કાર્ય માટે તૈયાર ન થાય તો તેને ક્યારેક લાલચ તો ક્યારેક ધાકધમકીથી તૈયાર કરે છે. જેમકે ચંદ્રભાન પ્રસાદની 'चमरिया मइया का श्राप'માં ઠાકુર સ્ત્રી પોતાના પતિની શારીરિક અક્ષમતાના કારણે સંતાન સુખથી વંચિત છે. તેને પુત્ર ઝંખના છે. તે પોતાની આ ઝંખના પૂર્ણ કરવા માટે દલિત પુરુષને કાકલુદી કરતા કહે છે– "मुझ पर दया करो। मुझे व्यकित दो। मुझे मा बनना है....."[૧૩૭] તો ઓમપ્રકાશ વાલ્મીકિની 'बिरम की बहु' માં પણ પતિની અક્ષમતાને કારણે પત્ની મા બનવાથી વંચિત છે. તે પણ બાળક માટે બેચૈની અનુભવે છે. સૂર્યગ્રહણની રાતે ઘરે અનાજ માંગવા આવેલ ભંગી યુવકને ઘરના એક ખૂણામાં લઈ જઈને તેની સાથે સહવાસ કરે છે અને ગર્ભવતી બને છે પરંતુ બાળક પ્રાપ્તિ પછી તે બાળકના અસલી પિતા ભંગી યુવકની સામે પણ જોતી નથી. સામે મળે છે તો જાણે તેને ઓળખતી પણ ન હોય એવો વ્યવહાર કરે છે, તેને તિરસ્કારે છે!

શિક્ષણ, જ્ઞાનના અભાવે ગામડામાં રહેતા દલિતો અંધવિશ્વાસમાં સબડાયેલા છે. ઓમપ્રકાશ વાલ્મીકિની 'હત્યારે' વાર્તા દલિત સમાજમાં વ્યાપેલા અજ્ઞાનતા અને અંધવિશ્વાસ પર પ્રહાર કરે છે. દલિતો અભણ હોવાને કારણે તેને બેવકૂફ બનાવીને તેમનું આર્થિક શોષણ કરવામાં આવે છે. ખાસ કરીને સામંતીયુગમાં વાણિયા, સાહુકારો, જમીનદારો દ્વારા કોળા કાગળ પર અભણ દલિતો પાસે અંગૂઠો લગાડાવીને તેમના ઘર-જમીન પચાવી પાડવાના ઘણાં દાખલા મળે છે. ઓમપ્રકાશ વાલ્મીકિની 'પચ્ચીસ ચોકા દોઢસો' આ વિષયની સશક્ત વાર્તા છે. 'अनपढ व्यकित को निरा बैल समझो, उसे चाहे जैसे हांक लो' કહેવત આ વાર્તાને લાગુ પાડી શકાય. વાર્તાનાયક સુદીપે બાળપણથી જ પોતાના પિતાને પચ્ચીસ ચોકા દોઢસો કહેતા સાંભળ્યા છે. સુદીપ ભણવા જાય છે ત્યારે તે પચ્ચીસનો ઘડિયો ભણે છે ત્યારે તેને ખબર પડે છે પચ્ચીસ ચોકા સો થાય છે. તે પોતાના પિતાને સમજાવવાનો ખૂબ જ પ્રયત્ન કરે છે કે પચ્ચીસ ચોકા દોઢસો નહિ પણ સો થાય પણ તેના પિતાને તો ચૌધરી પર વધારે વિશ્વાસ હોવાથી તે ચૌધરીને જ સાચો માને છે અને સુદીપને ધમકાવતા કહે છે કે "તારી ચોપડીમાં ખોટું હોઈ શકે... નહીં તો ચૌધરી જૂઠું બોલતો હશે? તારી ચોપડીથી તો કેટલાય મોટા માણહ ચૌધરીજી છે. એમની પાહે મોટાં મોટાં થોથા છે.... એ જે તારો આચાર્ય છે એ જ તો ચૌધરીના પગે લાગે છે. પછી હું એ ખોટું કહેશે..... માસ્તરને કે'જો સીધું-સીધું ભણાયા કરે!"[૧૩૮] પણ જયારે સુદીપ પોતાના પહેલાં પગારનાં રૂપિયા ગણીને પોતાના પિતાને સમજાવે છે ત્યારે તેની સમજમાં આવે છે કે પચ્ચીસ ચોકા દોઢસો નહિ સો થાય. અંતે ચૌધરી પરનો સુદીપના પિતાનો સદીયો જૂનો વિશ્વાસ તૂટે છે અને કહે છે કે– 'કીડા પડશે ચૌધરી.... કોઈ પાણી આપનારું પણ નહીં બચે.'"[૧૩૯] આમ, સુદીપ ભણીગણીને શિક્ષિત થવાથી પચ્ચીસ ચોકા દોઢસોની પરંપરાને તોડે છે અને એના વૃદ્ધ પિતા પણ વર્ષોથી વિકસેલા જમીનદાર ચૌધરી તરફનો પોતાનો જૂઠો વિશ્વાસ તોડે છે જે જમીનદાર ચૌધરીએ એના મનમાં મજબૂત

૧૩૭. हाशिए से बाहर, संपादक, डॉ. रजत रानी 'मीनु', पृ.97

૧૩૮. હયાતી, જૂન,૨૦૦૬, પૃ.૨૮

૧૩૯. એજન, પૃ.૩૨

કરી દીધો હતો. આ વાર્તા રચનારીતિની દૃષ્ટિએ પણ ધ્યાનપાત્ર છે. શિક્ષણનો લાભ મળતા દલિતો શોષણ અને અન્યાય, અત્યાચારનો પ્રતિકાર કરી રહ્યા છે. વારસાગત અથવા તો પરંપરાગત વ્યવસાય ઉપરાંત પરંપરાનો પણ વિરોધ કરે છે. આપણે સૌ જાણીએ છીએ કે દલિતોને અસ્પૃશ્ય માનવાનું અનેક કારણોમાનું એક કારણ એ છે કે તેઓ ગંદકી સાફ કરે છે. મરેલાં પશુઓ ઉપાડી જઈ તેના ચામડા ઉતારવાનો વ્યવસાય કરે છે તેમજ ગંદકી કરનારા સૂઅર-ભૂંડ-મરઘા પાલન જેવા પરંપરાગત વ્યવસાયો કરે છે પણ આજે શિક્ષણને પરિણામે કેટલાક દલિતોમાં ચેતના આવી છે, જાગૃતિ આવી છે. પરિણામે દલિત લોકો પણ આ પરંપરાગત ઘૃણાજનક વ્યવસાયોથી વિમુખ થતો જાય છે અને સમાજમાં આજે જેને સન્માનજનક માનવામાં આવે છે એવા વ્યવસાયો કરવાનો પ્રયાસ આદરે છે. સૂરજપાલ ચૌહાણની 'साजिस' જેનો 'ષડ્યંત્ર' નામે મે ગુજરાતી અનુવાદ કર્યો છે જે તાદર્થ્ય મે, ૨૦૦૫, ના અંકમાં પ્રગટ થયો છે. વાર્તાનાયક નત્થૂ બી.એ. પાસ છે, તે બાપદાદાનો પરંપરાગત વ્યવસાય કરવાને બદલે ટેમ્પો ખરીદવા માટે બેંક મેનેજર પાસે લોન લેવા જાય છે પણ બેંક મેનેજર શર્મા નત્થૂને યુક્તિપૂર્વક ટેમ્પાને બદલે 'સૂઅર ફાર્મ' ખોલવા માટે સમજાવે છે અને લોન આપે છે. નત્થૂ પણ પહેલાં તો બેંક મેનેજરની વાતોથી ખુશ થઈ જાય છે પણ અંતે નત્થૂ અને તેની પત્ની શાંતા બેંક મેનેજરના ષડ્યંત્રને સમજી જાય છે. વાર્તાન્તે આ દંપતી બાપદાદાનો પરંપરાગત વ્યવસાય 'સૂઅર પાલન' નહીં પણ ટેમ્પાની લોન લઈને ટેમ્પો ખરીદીને જંપે છે. કારણ કે તેઓ પોતાનું હિત હવે શામા રહેલું છે તે સમજી શકે છે. સર્જકે સવર્ણોની હીન માનસિકતા બેંક મેનેજર શર્મા અને હેડ કર્લાક સતીશના સંવાદમાં વેધક રીતે આલેખી છે. બેંક મેનેજર શર્મા કહે છેઃ "ભવિષ્યમાં ધ્યાન રાખજો કે કોઈ પણ અછૂત વર્ગનો યુવાન પોતાનો ધંધો શરૂ કરવા માટે બેંકમાંથી લોન માટે આવેદનપત્ર ભરીને આવે તો એને એના બાપ-દાદાનાં ધંધામાં જ રહેવા માટે પ્રેરિત કરવાનો છે...." સતીશ મેનેજર સાહેબનો અભિપ્રાય સમજતો નથી ત્યારે મેનેજર તેને સ્પષ્ટ શબ્દોમાં કહે છે- "જો સતીશ, જો આ અછૂત એમનો ખાનદાની ધંધો બંધ કરી કોઈ નવો ધંધો કરવા લાગશે તો આવનારી પેઢીઓ આપણાં ઘરોની ગંદકી કઈ રીતે સાફ કરશે? એવી સ્થિતિમાં ઘરની ગંદકી શું તમે પોતે સાફ કરશો?"[૧૪૦] વાર્તાનો અંત મુખર બની જાય છે. સૂરજપાલ ચૌહાણની 'પરિવર્તનની વાત' વાર્તા વિષયવસ્તુની દૃષ્ટિએ ગુજરાતી વાર્તાકાર ધીરજ બ્રહ્મભટ્ટની ૧૯૮૧ના અનામત વિરોધી આંદોલન વખતે લખાયેલી 'તમે પબાને જોયો?' વાર્તાની યાદ અપાવે છે. આ વાર્તામાં પણ દલિતો પરંપરાગત વ્યવસાય સામે વિરોધ કરે છે. વાર્તાનાયક કિસના ચમાર ગામમાં સવર્ણના ઘરે મરી ગયેલ ગાયને ઉપાડવા માટે તૈયાર નથી થતા. માત્ર કિસના ચમાર જ નહીં પણ ગામના બધા જ દલિતો જીવનમાં પરિવર્તન લાવવા માટે આ ઘૃણિત પરંપરાને ત્યાગવાનો દૃઢ સંકલ્પ કરે છે. મોહનદાસ નૈમિશરાયની 'આવાજે' પણ આવી જ વાર્તા છે. ગામના ઠાકુર ઔતારસિંહ વિરુદ્ધ પોતાનો વિરોધ દર્શાવતા વાર્તાનાયક ઈતવારી કહે છે- "हम जूठन न लेंगे और नहीं गंदगी साफ करेगे।"[૧૪૧] ઈતવારીના આ સંકલ્પને તોડવા માટે ઠાકુર મહેતર સમાજ પર જાતભાતના જુલ્મો કરે છે, આરોપો નાંખી તેને ફસાવવાના

૧૪૦. તાદર્થ્ય, મે,૨૦૦૫, પૃ.૧૯,૨૦
૧૪૧. आवाजे, मोहनदास नैमिशराय, पृ.23

કાવતરા ઘડે છે અને અંતે રાત્રે મહેતરોની વસ્તીને આગ લગાડી દે છે જેમાં બધુ જ બળીને ખાખ થઈ જાય છે પરંતુ મહેતરોનો આક્રોશ અને પરિવર્તનમય અવાજ દબાતો નથી..... ''फिर सन्नाटे को चीरती हुइ कुछ आवाजे सुनाइ दी। सब लोग चौकक़र इन आवाजो को सुनने लगे। रात के दूसरे पहर में जहा लोग गीली आंखे लिए आकाश की ओर निहार रहे थे। वही नइ पौध की आंखो में परिवर्तन के लिए अटूट विश्वास था। कलतक जो बच्चे जूठन पर लडते–झगडते थे उनके मन में कुछ कर गुजरने की चेतना जन्म ले चुकी थी।''[१४२] આમ, 'આવાજે' માં યુગોથી અન્યાય સહન કરતા આવતા મહેતરો અન્યાય, અત્યાચારના પ્રતીક સમા ઠાકુર ઔતારસિંહની વિરુદ્ધ જીવંત વિદ્રોહ કરે છે. મહેતરોના આંતરદ્વંદ્વને પણ આ વાર્તામાં ખુલ્લો પાડ્યો છે.

'ષડ્યંત્ર', 'પરિવર્તની વાત', 'આવાજે' વગેરેમાં દલિતો પરંપરાગત વ્યવસાયનો બહિષ્કાર કરે છે તો ઓમપ્રકાશ વાલ્મીકિની 'સલામ' ,મોહનદાસ નૈમિશરાયની 'રીત', ઉમેશકુમારસિંહની 'પહેલી રાતનો અંત', જયપ્રકાશ કર્દમની 'ચમાર' વગેરે વાર્તાઓમાં પરંપરાગત રિવાજ સામેનો વિરોધ જીવંતરૂપે આલેખાયો છે. 'સલામ' વાર્તામાં વાર્તાનાયક હરીશ ભંગી સમાજનો શિક્ષિત યુવક છે. ગામના નિયમ અનુસાર વાર્તાનાયક હરીશને 'સલામ' માટે વિદાય પહેલા રાંછડ પરિવારના દરવાજા પર 'સલામ' કરવા જવાનું હતું. આ એક સદીઓથી ચાલતો આવતો રિવાજ હતો પણ હરીશના પિતાજી તેનો ઈન્કાર કરતા કહે છે– ''हम 'सलाम' पर अपने लडके को नहीं भेजेंगे।''[१४३] રાંછડ પરિવારને ત્યાથી અનેક કહેણ આવ્યા. વળી હરીશના પરિવારના જ કેટલાક વડિલો તેમને સલામ મારવા માટે જવાનું સમજાવે છે. પાણીમાં રહીને મગરમચ્છ સાથે વેર ન રખાય. કપડા–લતાં, વાસણ વગેરે પણ નહી મળે. હરીશની સાસુ જુમ્મન પણ હરીશને સમજાવે છે પણ હરીશ તેની પરવાહ કર્યા વિના પિતાની જેમ સ્પષ્ટ જણાવી દે છે કે– ''आप चाहे जो समझे.... मैं इस रिवाज को आत्मविश्वास तोडने की साजिश मानता हुं। यह 'सलाम' की रस्म बंद होनी चाहिए।''[१४४] આ વાર્તામાં સર્જકે તત્કાલીન જાતિગત,વર્ણગત સમસ્યાને પણ યથાર્થપૂર્ણ રીતે આલેખી છે. 'રીત' વાર્તામાં પણ ગામમાં કોઈ પણ દલિત યુવકના લગ્ન થાય તો તેની પત્ની સાથે પહેલા સુહાગરાત તેનો પતિ નહીં પણ ગામનો જમીનદાર જોહુકમી, દાદાગીરીથી મનાવતો હતો. જેને 'રીત' માનીને બધા દલિતો નિભાવતા હતા. વાર્તાનાયક બુલાકીની દુલ્હન સાથે પણ એવું જ થયું પણ બુલાકી આને પોતાની નિયતિ માનીને બેસી નથી રહેતો. તે આ કુપરંપરાને તોડવા માટે પોતાની જાતને તૈયાર કરે છે. થોડા દિવસો પછી એક રાત્રે બુલાકી ઘોડા પર બેસીને ખંભા પર બન્દૂક લઈને ગામમાં આવે છે અને જમીનદારની હવેલીને આગ લગાવીને ખાખ કરી દે છે. તેમાં જમીનદાર સહિત તેનો આખો પરિવાર ખત્મ થઈ જાય છે. અંતે બુલાકી કહે છે– ''फुलो, अब कोई जमींदार गाँव की किसी औरत की इज्जत खराब नहीं करेंगे. मैने उसका वंश सदा–सदा के लिए खत्म कर दिया।''[१४५] આમ, આ વાર્તા દલિતોને અન્યાય, અત્યાચાર સામે વિરોધ પ્રગટ કરવાનો સંદેશો આપે છે. ઉમેશકુમાર સિંહની 'પહેલી રાતનો અંત' નો નાયક પણ મનુવાદી પરંપરાને પાળવા

---

१४२. आवाजे, मोहनदास नैमिशराय, पृ.24

१४३. सलाम, ओमप्रकाश, वाल्मीकि, प्र.आ.2004, पृ.16

૧૪૪. એજન, પૃ.૧૭

१४५. आवाजे, मोहनदास नैमिशराय, पृ.110

માટે તૈયાર થતો નથી. લગ્નની પહેલી રાતે તે પોતે જ પોતાની પત્નીના બદલે પત્નીના જ કપડા પહેરીને ઠાકુરની હવેલી પર જાય છે અને ઠાકુરનું ખૂન કરી દે છે. આ રીતે તે પહેલી રાતની સદીઓથી ચાલી આવતી પરંપરાગત રાતનો અંત લાવે છે. સ્વાભિમાનથી જીવન જીવવાની ભાવના એ દલિતોમાં એક નવી તાકાતને જન્મ આપ્યો છે. જેના કારણે તે સ્વાભિમાનની કિંમત પર કોઈ બાંધછોડ કરવા માટે તૈયાર નથી. જયપ્રકાશ કર્દમની 'ચમાર'માં વાર્તાનાયકનું દૃઢ મનોબળ પ્રગટ થતું જોઈ શકાય છે. દીકરાને ભણાવવાના જુલ્મમાં ગામના સવર્ણો સુખ્ખાનો બહિષ્કાર કરે છે પણ સુખ્ખો હિંમત હારતો નથી. તેનું સ્વાભિમાન જાગી ઊઠે છે. તેનામાં જાગૃતિ આવે છે. અત્યાર સુધી દલિતો ઝૂકી-ઝૂકીને સલામ ભરીને ચાલતા હતા, નસીબના સહારે જીવતા હતા ને જીવનભર સાથી બની સંતુષ્ટ રહેતા હતા પણ હવે તે એ રીતે ન રહેતા સ્વાભિમાનથી જીવવા લાગ્યા છે. પોતાનું ધાર્યું કરવા માટે પ્રતિબદ્ધ થયા છે. સુખ્ખા કહે છે– ''वह भुखा प्राण तक देनेको तैयार है, पर बेटे को नरक देने को नहीं।''[૧૪૬] રત્નકુમાર સાંભરિયાની 'शर्त' નો નાયક સ્વાભિમાનની કિંમત પર કોઈપણ પ્રકારની સમજૂતી કરવા તૈયાર નથી. ગામના મુખી જસબીરનો દીકરો દલિત પાનારામની દીકરી પર બળાત્કાર કરે છે. પાનારામ મુખી પાસે ન્યાયની માંગણી કરે છે. મુખી તેને પૈસા આપીને મોં બંધ રાખવા માટે સમજાવે છે પરંતુ પાનારામ સમજતો નથી. અંતમાં મુખી જયારે તેની કોઈ પણ શર્ત માનવા માટે તૈયાર થાય છે ત્યારે પાનારામે ''अपने बाहरी और भीतरी दोनों पक्षो को संभाल कर कहा, 'मुखिया साहब इज्जत का सवाल है यहा आपकी इज्जत सो मेरी इज्जत। आपकी लडकी हमारे समाज के किसी लडके के साथ एक रात विताएगी।''[૧૪૭] ઓમપ્રકાશ વાલ્મીકિની 'સપના' નો નાયક ગૌતમ મંદિર નિર્માણ માટે પૂરી નિષ્ઠા અને ધાર્મિક ભાવનાથી પૈસા એકઠા કરે છે ને તનતોડ મહેનત કરે છે પરંતુ મંદિરમાં ભગવાનની મૂર્તિના પ્રાણપ્રતિષ્ઠાના પ્રસંગે ગૌતમ અને તેનો પરિવાર આગળની લાઈનમાં બેસે છે જે કેટલાક સવર્ણોથી સહન નથી થતું. કારણ કે દલિત છે. ગૌતમનો મિત્ર ઋષિરાજ જયારે નટરાજ બ્રાહ્મણને કહે છે કે ગૌતમ દલિત છે તો શું થયું? તેનાથી શું ફરક પડવાનો છે? ત્યારે નટરાજ તેને કહે છે હા ફરક પડે છે- ''पुजा अनुष्ठानो में उन्हे आगे नहीं बैठाया जा सकता? यह रीत है। शास्त्रों की मान्यता है।''[૧૪૮] રૂઢિચુસ્ત હિન્દુઓની હીન માનસિકતા અહીં છતી થાય છે પણ ગૌતમ સ્વમાની છે. તે કહે છે- ''चलो भाई, हम लोग घर चलते है। ऐसे अनुष्ठानो में बैठकर क्या होगा, जहाँ आदमी को आदमी की तरह न समझा जाए।''[૧૪૯] મોહનદાસ નૈમિશરાયની 'अपना गाव' પણ દલિત ચેતનાની નોંધપાત્ર વાર્તા છે. વાર્તામાં દલિતો વિરુદ્ધ ઠાકોરોના જુલ્મ, અત્યાચારો ઉપરાંત દલિતોના સુખ-દુઃખ, આશા-નિરાશા, માન્યતા, સ્વાભિમાન, સન્માન, વિવેક અને અન્યાયની વિરુદ્ધ સામૂહિક પ્રતિકારને સર્જકે કલાત્મક રીતે આલેખ્યો છે. વાર્તામાં એક દલિત પરિવારની પૌત્રવધુનું ધોળા દિવસે વસ્ત્રહરણ કરે છે અને આખા ગામમાં તેને નગ્ન કરીને ફરાવે છે. આ શરમજનક ઘટનાને ગામના સવર્ણ લોકો ચૂપચાપ જોઈને બેસી રહે છે તો દલિતોમાં આ ઘટનાને લઈને ભયંકર આક્રોશ છે.

૧૪૬. चमार, जयप्रकाश कर्दम, पृ.81

૧૪૭. दुसरी दुनियाका यथार्थ, संपादक, रमणिका गुप्ता पृ.147

૧૪૮. सलाम, ओमप्रकाश वाल्मीकि, प्र.आ. 2004, पृ.29

૧૪૯. એજન, પૃ.૩૦

દલિતો ગામના મુખીથી માંડીને પોલીસ સુધી ન્યાય મેળવવા માટે અથાગ પ્રયાસો કરે છે પણ અંતે તો નિરાશા સાંપડે છે. મહાભારતમાં થયેલું દ્રૌપદીનું વસ્ત્રાહરણ અને રાજસભાની નિઃસહાય પરિસ્થિતિનું પુનરાવર્તન થયા કરતું હોય એવી ઘટના સમાજની આંખો કેમ ઉઘાડતી નહિ હોય? અંતે બધા દલિતો ભેગા મળીને પરંપરાગત ગામને છોડીને નવું ગામ વસાવવાનો નિર્ણય લે છે પણ મને નોંધપાત્ર બાબત એ લાગે છે કે આ નિર્ણય કોઈ જુવાન યુવક નહીં પણ એંસી વરસનો બુઢ્ઢો હરિયો લે છે. જેનામાં નવું લોહી નથી પણ નવી ચેતના છે. કથક નોંધે છે– ''हरिया से बुढे जिस्म से विद्रोह की भाषा उभर रही है।''[૧૫૦] અન્યાય, અત્યાચાર છતાં હરિયો વિવેક ગુમાવતો નથી. હુકમી કહે છે– 'मैंरी मानो तो उसकी बियरबानी को भी ऐसैइ नंग कर देना चइये.' ત્યારે હરિયો તેને કહે છે– ''होश की बात कर हुकमी। तू पगला गया है, म्हारी बियरबानी और उसकी बियरबानी क्या अलग–अलग है।''[૧૫૧] હરિયો પોતાના જ સમાજના મંત્રીની ઝાટકણી કાઢતા કહે છે– ''तुझे लाट गर्वनरने भेजा है। ठेर सारे रुपए लाया होगा। उससे म्हारी बउ का नंग जिस्म ढक जाएगा क्या? नई चइये हमे सरकार और पुलिस की मदद। हम अपनी मदद खुद कर लेंगे।''[૧૫૨] વાર્તામાં દલિતોની એકતાનું સ્વપ્ન સાકાર કરવાની કલ્પના કરવામાં આવી છે. હરિયાનું પાત્ર ચિરંજીવી બની રહે છે. આ વાર્તા દલિતોને વિવેકપૂર્ણ જીવન જીવવાનો સંકેત પણ કરે છે. આવો જ પ્રસંગ શ્યોરાજસિંહ 'બેચૈન'ની 'રાવળ' વાર્તામાં પણ છે. દલિતોમાં સન્માન અને સ્વાભિમાનથી જીવન જીવવાની ભાવનાની અસરકારક અભિવ્યક્તિ આ વાર્તાઓમાં જોવા મળે છે.

દલિત નારીચેતનાની પણ ઘણી વાર્તાઓ મળે છે. જેમાં ડૉ. કુસુમ વિયોગીની 'और वह पढ गयी', કર્મશીલ ભારતીની 'स्वाभिमान', ડૉ. કુસુમ મેઘવાલની 'अंगारा', રજતરાની'મીનૂ'ની 'सुनीता', સુશીલા ટાકભૌરેની 'सिलिया', બિપિન બિહારીની 'पहचान' નોંધપાત્ર છે. 'और वह पढ गयी' એક ભંગી છોકરીની કથા છે. જે પોતાની માની સાથે મહોલ્લામાં કમાવવા માટે હાથમાં ઝાડૂ પકડવા ઈચ્છતી નથી પણ ભણવા ઈચ્છે છે. કથાનાયક પણ છોકરીની માને છોકરીને આ ગંદા, ઘૃણિત કાર્ય ન કરવા માટે સમજાવે છે અને છોકરીને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે. અંતે આ છોકરી ભણીગણીને ઓફિસર બની જાય છે. 'स्वाभिमान'ની નાયિકા વીરવતી પોતાની નાની બહેન પર બળાત્કાર કરી તેમની હત્યા કરનારા બે રાજપૂત છોકરાઓને ગંડાસનાં કતલના જુલ્મનો બદલો લે છે. ગુજરાતી વાર્તાકાર બી.કેશરશિવમ્‌ની 'મંકોડા'ની નાયિકા સંતોક જેવી જ કુસુમ મેઘવાલની જમના છે. જમના અંગારા બનીને પોતાના પર બળાત્કાર કરનાર સુમેરસિંહનું અંગ કાપી નાખીને નપુંસક બનાવી દે છે. વાર્તા અંતે મુખર બની જાય છે.

આમ, અહીં ચર્ચેલ કેટલીક વાર્તાઓમાં દલિતોની દયનીય, કંગાળ સ્થિતિનું આબેહૂબ વર્ણન છે. દલિતો સવર્ણો દ્વારા થતા શોષણને પોતાની નિયતિ માનીને મૂંગા ઢોરની જેમ બેસી રહે છે. અન્યાય, અપમાન, અત્યાચાર સામે પ્રતિકાર કરતા નથી, લઘુતાગ્રંથિથી પીડાય છે. કેટલીક વાર્તાઓમાં

---

૧૫૦. आवाजे, मोहनदास नैमिशराय, पृ. 51
૧૫૧. એજન, પૃ.૫૬
૧૫૨. એજન, પૃ.૬૦

હિન્દુઓની વર્ણવ્યવસ્થાજનિત જાતિવાદની વિષમતાઓ, તેના કારણે દલિતોનું વેદનામય, દયનીય જીવન, દલિત મહિલાઓની સાથે અન્યાય, અત્યાચાર અને બળાત્કાર જેવી ઘટનાઓ, અભણ દલિતોનું આર્થિક શોષણ, દલિત સમાજમાં વ્યાપેલ આંતરદ્વંદ્વ ઉપરાંત તેમના સમાજમાં ઘર કરી ગયેલ અનેક ખરાબીઓ સમેત તેમના સમગ્ર દલિત જીવનનું જીવંત ચિત્રણ જોવા મળે છે. તો કેટલીક વાર્તાઓમાં સમાજ પરિવર્તનનો આદર્શ જુદા-જુદા રૂપે પ્રગટ થતો જોવા મળે છે. કેટલાક દલિત પાત્રો યુગોના યુગોથી સવર્ણોએ પોતાના અંગત સ્વાર્થ ખાતર પોતાની સત્તા કાયમી ટકાવી રાખવા ખાતર ઘડેલ રીત-રિવાજો ને માન્યતાઓ, પરંપરાઓનો બહિષ્કાર કરે છે. ટૂંકમાં સામાજિક , ધાર્મિક, આર્થિક, રાજકીય કે અન્ય કોઈપણ પ્રકારના શોષણનો ભોગ બનવા તૈયાર થતાં નથી. બ્રાહ્મણવાદી, સામંતવાદી અને જાતિવાદી વ્યવસ્થાની સામે કોઈ પણ પ્રકારના ભય વિના વિરોધનો સૂર પ્રગટ કરી માનવીય અધિકાર માંગી રહ્યા છે. રમણીકા ગુપ્તાએ નોંધ્યું છે કે-''ये बौखलाए हुए आदमी की कहानियां नहीं है, उस सताए हुए समाज की कहानियां है जो मनुष्यता का दावा करना सीख गया है और बराबरी का हक मांग रहा है..... उसके लिए धर्म भगवान, भाग्य, परंपराए, रुढियां, अंधविश्वास सब निरर्थक है, वह इन सबके विरुद्ध खडा हुआ है।''[૧૫૩]

હિન્દી દલિત વાર્તાઓની જેમ દલિત નવલકથાઓ પણ સારા પ્રમાણમાં લખાઈ છે. હિન્દી સાહિત્યના આરંભના નવલકથાકારો જેવાકે લાલા શ્રીનિવાસદાસ (પરીક્ષાગુરુ) રાધાકૃષ્ણ (નસ્સહાય હિન્દુ), કલાપ્રસાદ (કુલ કલંકિની),હજારીલાલ ( દો સ્ત્રી કા પતિ) વગેરેએ સમાજમાં વ્યાપેલા કુરિવાજો અને સમસ્યાઓ પર ઠીક-ઠીક પ્રહારો કરી સમાજસુધારણાના પ્રયત્નો કર્યા છે પણ કિશોરીલાલ ગોસ્વામી (અંગુઠા કી નગીના), લજ્જારામ મહેતા (આદર્શ હિન્દુ) વગેરેએ તો બ્રાહ્મણને બ્રાહ્મણ અને શૂદ્ર ને શૂદ્ર જ રાખી વર્ણવ્યવસ્થા અને જાતિવાદને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે પણ પ્રગતિશીલ સાહિત્યકાર પ્રેમચંદજીએ વાર્તા, નવલકથાઓમાં સમાજજીવનની નક્કર વાસ્તવિકતા તથા માનવ જીવનનું સચોટ આલેખન કર્યું. તેમણે જ સૌપ્રથમ ભારતીય સમાજમાં અને સાહિત્યમાં હાસિયામાં ધકેલાઈ ગયેલા ઉપેક્ષિત લોકોને પોતાની નવલકથાઓમાં સ્થાન આપ્યું. દલિત, પીડિત, ગરીબ, ખેડૂતવર્ગ વગેરેની વેદના-સંવેદના, સામાજિક, આર્થિક, ધાર્મિક વિષમતા, ધાર્મિક પાખંડ, વેશ્યા, વિધવા સ્ત્રીઓની સમસ્યાઓ વગેરેનું આલેખન કર્યું. પ્રેમચંદજીએ કહ્યું છે કે, ''જે દલિત છે, પીડિત છે, વંચિત છે પછી તે ભલે વ્યક્તિ હોય અગર સમૂહ.... તેની હિમાયત કરવી એ સાહિત્યકારની ફરજ છે.'' આ યુગધર્મ ખરેખર પ્રેમચંદજીએ બજાવ્યો છે. જાણીતા હિન્દી દલિત સાહિત્યકાર ઓમપ્રકાશ વાલ્મીકિએ નોંધ્યું છે કે, ''हिन्दी साहित्य को ब्राह्मणवादी पिंजरे से मुक्त कराने का यदि श्रेय किसी को जाता है तो केवल मुंशी प्रेमचंद को। उनकी कहानियो, उपन्यासो, हंस पत्रिका के सम्पादकीय लेखों आदि में दलित चेतना मुखर हुई है।''[૧૫૪] તેમની 'રંગભૂમિ'(૧૯૨૪), 'ગબન'(૧૯૨૯), 'કર્મભૂમિ'(૧૯૩૨), 'ગોદાન'(૧૯૩૬)વગેરે ઉલ્લેખનીય નવલકથાઓ છે.

૧૫૩. दुसरी दुनिया का यथार्थ, संपादक, रमणिका गुप्ता, पृ.6

૧૫૪. हम दलित, संपादक, प्रेम कपाडिया, नवम्बर,1993, अंक. 11, पृ. 8

બે ખંડમાં વિભક્ત 'રંગભૂમિ' સામાજિક પ્રતિબદ્ધતાનો પરિચય કરાવે છે. આ નવલકથામાં આઝાદી પૂર્વેની પરિસ્થિતિ અને સ્વતંત્રતા માટેના આંદોલનનું ચિત્રણ છે. કથાનાયક ચમાર સુરદાસ માત્ર દલિત જ નહીં પણ સમગ્ર પીડિતવર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. 'ગોદાન'માં પ્રેમચંદજી બ્રાહ્મણોના ધાર્મિક પાખંડ પર પ્રહાર કરે છે. દલિતોને બ્રાહ્મણના મોઢામાં હાડકાં નાખતા બતાવ્યા છે. ''તમે અમને બ્રાહ્મણ બનાવી શકો તે શક્ય નથી પણ અમે તમને ચમાર તો બનાવી જ શકીએ. અમારી આબરૂ લો છો તો તમારો ધર્મ અમને આપો.'' પ્રેમચંદજી સારી પેઠે જાણે છે કે બ્રાહ્મણ દલિતોને બ્રાહ્મણ બનાવી નહીં શકે કારણ કે બ્રાહ્મણોમાં એ સામર્થ્ય નથી જે દલિતોમાં છે અને એટલા માટે દલિત કહે છે તો તમે પણ ચમાર બની જાઓ. 'ગબન'માં પણ આ જ વાત છે. જલપા જાતિવાદનો વિરોધ કરતા કહે છે– ''मैं उस चमार को उस पंडित से अच्छा समझुंगी जो हंमेश दूसरो का धन खाया करता है।'' 'કર્મભૂમિ'નો નાયક અમરકાંત પણ આવી જ વાત કરે છે. તે કહે છેઃ ''जो सच्चा है वह चमार भी हो तो आदर योग्य है, जो दगाबाज, झुठा– लम्पट हो वह ब्राह्मण भी हो तो आदर के योग्य नहीं है।''[૧૫૫] કોઈ પણ વ્યક્તિનું મૂલ્યાંકન તેની જાતિને અધારે નહિ પણ ગુણના આધારે થવું જોઈએ એ વાત પર ભાર મૂકે છે. અહીં સ્વતંત્રતાના આંદોલનની સાથે-સાથે લેખકે ધર્મના આધારે સામાજિક ભેદભાવ, જાતિગત ભેદભાવ, દલિતોના મંદિર પ્રવેશ, શિક્ષણનું મહત્ત્વ, ધર્મની સાચી વ્યાખ્યા, આર્થિક અસમાનતા વગેરેનું યથાર્થ આલેખન કર્યું છે. અમરકાંત ચમાર જાતિનો ન હોવા છતાં દલિતોના ઉદ્ધાર માટે અવિરત મથામણ કરે છે. 'ગોદાન' પ્રેમચંદજીની ચિરંજીવી રચના છે. જેમાં ખેડૂતના જીવનનું મર્મસ્પર્શી આલેખન છે. ભારતીય ખેડૂતવર્ગનું પ્રતિનિધિત્વ કરતો હોરી નવલકથાના આરંભે મનુવાદી વર્ણવ્યવસ્થા પર કટાક્ષ કરે છે–''सोना बडे आदमियों के लिए है, हम गरीब आदमियों के लिए तो रुपा ही है। जैसे जौ को राजा कहते है, गेहुँ को चमार इसलिए न कि गेहुँ बडे आदमी खाते है, जो हमलोग खाते है।''[૧૫૬] પ્રેમચંદજીએ દલિતો-પીડિતોની સમસ્યાઓને વિવિધ દષ્ટિકોણથી ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. આંતરજ્ઞાતીય વિવાહ કરાવીને સામાજિક વિષમતાને તોડવાનો પ્રયત્ન પણ કર્યો છે. ટૂંકમાં ''प्रेमचंद शताब्दियों से पदलित, अपमानित और शोषित जनता की आवाज थे। इस जनता को वे आजादी की लडाई के लिए तैयार कर रहे थे– उसे हर प्रकारके शोषण से मुक्त करना चाहते थे और उसे खुशहाली देखने की तम्ना रखते थे।''[૧૫૭] પ્રેમચંદજીના સમકાલીન પાંડેય બેચેન શર્મા 'ઉગ્ર'ની 'મનુષ્યાનંદ' (બુધુઆ કી બેટી) પણ દલિત ચેતનાની નોંધપાત્ર નવલકથા છે. ''આ હિન્દી સાહિત્યની પ્રથમ નવલકથા છે જેમાં સમાજના સૌથી દલિત અને અછૂત ભંગી જાતિના પાત્રને નાયિકાનું સ્થાન પ્રાપ્ત થયું છે. અવર્ણ જાતિઓમાં સૌથી નીચી માનવામાં આવતી ભંગી જાતિના ચિત્રણની સાથે-સાથે સમાનતા અને તેની સેવા સંબંધી અધિકારોના સંઘર્ષનું ચિત્રણ પણ હિન્દી સાહિત્યમાં પ્રથમવાર આ નવલકથામાં થયું છે.''[૧૫૮] સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા'ની 'નિરૂપમાં' અને 'કુલ્લીભાટ' પણ ઉલ્લેખનીય છે. સ્વાતંત્ર્યોતર દલિતેતર લેખકોએ સહાનુભૂતિપૂર્વક દલિતોની

૧૫૫.कर्मभूमि, प्रेमचंद, पृ.122

૧૫૬. गोदान, प्रेमचंद, पृ.316

૧૫૭. ऐजन, पृ.311

૧૫૮. हिन्दी उपन्यासो में दलित वर्ग, कुसुम मेंघवाल, प्र.आ.1991, पृ.53

સમસ્યા, જીવન શૈલીને આલેખી છે. જેમાં નાગાર્જુન 'બલચનમાં' (૧૯૫૩), 'વરૂણ કે બેટે'(૧૯૫૭), રાંગેય રાઘવ 'કબ તક પુકારૂ' (૧૯૫૭), જગદીશ ચંદ્ર 'ધરતી ધન ન અપના' (૧૯૭૨) 'નરક કુંડ મેં બાસ' (૧૯૪૪), (જમીન અપનીતો થી), અમૃત નાગર- 'નાચ્યા બહુત ગોપાલ' (૧૯૭૯), મદન દીક્ષિત- 'મોરી કો ઈંટ', યાદવેન્દ્ર શર્મા- 'ચંદ્ર' 'આખિરી સાંસ તક', ગિરિરાજ કિશોર 'પરિશિષ્ટ', અબ્દુલ બિસ્મિલ્લાહની 'ઝીની ઝીની બીની ચદરિયા' (૧૯૮૬), યશપાલ 'દિવ્યા' (૧૯૮૪), શિવપ્રસાદ સિંહની 'અલગ-અલગ વૈતરણી', રામદશ મિશ્રની 'જલ ટૂટાતા હુઆ' મનુ ભંડારીની 'મહાભોજ' નોંધપાત્ર છે પણ જન્મે દલિત હિન્દી નવલકથાકારો ઉપરોકત નવલકથાકારોની નવલકથાઓને 'દલિત નવલકથા' તરીકે સ્વીકારવા તૈયાર નથી. સહાનુભૂતિ નહિ પણ સ્વાનુભૂતિ પૂર્વક દલિત સમાજની વેદના સંવેદના આલેખતી નવલકથાઓને જ દલિત નવલકથા માને છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણા અને મરાઠી દલિત સાહિત્યના સંપર્કથી દલિત લેખકોએ સમાજની વ્યથા, સંવેદના નવલકથામાં આલેખવા માંડ્યાં. હિન્દી દલિત લેખકો દ્વારા લખાયેલી દલિત નવલકથાઓ જૂજ પ્રમાણમાં જ મળે છે. જયપ્રકાશ કર્દમ દ્રારા લખાયેલી 'છપ્પર'(૧૯૯૪)ને હિન્દીની પહેલી દલિત નવલકથા માનવામાં આવે છે. પ્રેમ કપાડિયાની 'મિટ્ટી કી સૌગંધ'(૧૯૯૫), સત્યપ્રકાશની 'જસ તસ ભઈ સબેર'(૧૯૯૮), મોહનદાસ નૈમિશરાયની 'મુક્તિપર્વ'(૧૯૯૯), જલકારી બાઈ (૨૦૦૪) અને રમણિકા ગુપ્તાની 'સીતા મૌસી' ઉલ્લેખનીય છે.

જયપ્રકાશ કર્દમની 'છપ્પર' બહુ જ ચર્ચિત નવલકથા છે. નવલકથાકારે ગંગાના કિનારે વસતા પશ્ચિમ ઉતર પ્રદેશના એક માતાપુર ગામના ચમાર લોકોની સ્થિતિ પર પ્રકાશ પાડ્યો છે. સુખ્ખા અને ચંદન નવલકથાના મુખ્ય પાત્રો છે. ડૉ. બાબા સાહેબ આંબેડકરનાં જીવનમંત્ર 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો' પર આ નવલકથાનું કથાવસ્તુ આધારિત છે. 'છપ્પર'માં એક મજૂર પરિવારના યુવક ચંદનની શિક્ષણ માટેની લડત છે. નવલકથામાં ચંદનની મા રમિયા અને પિતા સુખ્ખા ગામના બ્રાહ્મણો, વાણિયા અને ઠાકુરોની પરવાહ કર્યા વગર દીકરા ચંદનને શહેરમાં ભણવા મોકલે છે. સુખ્ખા વર્ષોથી ચાલી આવતી પરંપરા તોડે છે જે ગામના સવર્ણોને માન્ય નથી. આથી ગામના સવર્ણો સુખ્ખા અને રમિયાને પરેશાન કરે છે પણ સુખ્ખા સવર્ણોની ધાક-ધમકીઓની પરવાહ કરતો નથી કે ઝૂકતો નથી. જેને કારણે તેને બેઘર થવું પડે છે. તે ગામની પાસેના એક નાનકડા કસ્બામાં મહેનત મજૂરી કરી ચંદનને ભણાવે છે. તેનાથી દલિતોમાં શિક્ષણ પ્રત્યે આકર્ષણ વધે છે. એક નવી ચેતના આવે છે. ધીમે-ધીમે ચંદન પોતાના આ કાર્યને શહેરથી ગામડા સુધી લઈ જાય છે. જે એક દિવસ લોક આંદોલનનું રૂપ લઈ લે છે અને દલિતો ભેગા મળીને ધાર્મિક, સામાજિક અને આર્થિક શોષણ વિરુદ્ધ વિદ્રોહ કરે છે. લેખકે માત્ર પુરુષોમાં જ નહીં પણ દલિત નારીઓમાં પણ નવી ચેતના જાગૃત કરી છે. ''पहले मैने सोचा कि यह गंदगी है और इस गंदगी को कहीं फेक दुं.... अब यही मेरा सहारा है। बडा होकर वह मेरे साथ हुए जुल्म और अत्याचार का बदला ले, यही मेरी कामना है।''[૧૫૯] 'છપ્પર' દલિતોની દયનીય સ્થિતિનું પ્રતીક છે છતાં પણ યથાસ્થિતિવાદ સુધી સીમિત ન રહેતા પરિવર્તનનો સંકેત પણ

૧૫૯. छप्पर, जयप्रकाश कदर्म, पृ.63

કરે છે. લેખકે સમતા, સમરસતા અને બંધુતા તરફ સંકેત કર્યો છે. ચૌધરી હરનામ કહે છે– ''देखो सुक्खा बराबरी का मतलब है हरक्षेत्रमें बराबरी। मान–सम्मान का ढंग भी बराबरी का होना चाहिए। ठाकुर साहब के सम्बोधन में अलगान और असमानता की गंध सी आती है। जब कि हरमान कहने में एकता और समानताकी खुश्बु का एहसास होता है।''[૧૬૦] નવલકથાના અંતમાં જમીનદાર હરમાનસિંહનું હૃદય પરિવર્તન અને સુખ્ખાને રિશ્તેદારના રૂપમાં સ્વીકારી દલિતોના સુખદ ભાવિનું સ્વપ્ન બતાવ્યું છે. લેખકે સવર્ણ રજની અને ચંદનના સંબંધના માધ્યમ દ્વારા સવર્ણ દલિત વચ્ચે એક નવો માનવીય સંબંધ સ્થાપિત કર્યો છે. જેને કારણે કદાચ સામાજિક વિષમતા તૂટશે એવું લેખકને અભિપ્રેત હશે. નવલકથાકારે માત્ર પોતાના સમાજની સમસ્યાઓ જ નથી આલેખી પણ તેનું સમાધાન કરવા માટે રચનાત્મક કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો છે. એક તરફ લેખકે શોષકોની વિરુદ્ધ દલિતોને વિદ્રોહ કરવા પ્રેર્યા છે તો બીજી તરફ દલિતોને તેમના આંતરિક મતભેદ ભૂલી હળીમળીને રહેવાનો સંદેશો આપે છે. તેમજ પ્રત્યેક ભણેલ–ગણેલ દલિતને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવીને 'અપ્પો દીપ ભવ' ને ચરિતાર્થ કરવાનો સંદેશો આપે છે. ટૂંકમાં સમાજવાદી સમાજની કલ્પના અહીં સર્જકે કરી છે.

પ્રસિદ્ધ દલિત સાહિત્યકાર અને પત્રકાર મોહનદાસ નૈમિશરાયની 'મુક્તિપર્વ' પણ નોંધપાત્ર નવલકથા છે. બંસી અને સુનીત નવલકથાના પ્રમુખ પાત્રો છે. મુક્તિપર્વ નવલકથા આઝાદી મળ્યા પછી દલિતોમાં આવેલા આત્મસન્માન, સ્વાભિમાન અને સ્વાધિકારની ભાવનાને આલેખે છે. નવલકથાકારે 'મેરી બાત'માં લખ્યું છે– ''बस इतना ही कह सकता हुं कि दलित समाज की अस्मिता और आत्मसम्मान को ध्यान में रखते हुए यह एक प्रयास है।''[૧૬૧] લેખકનો આ પ્રયાસ સિદ્ધ થતો જોવા મળે છે.

નવલકથાના આરંભે લેખકે સ્વતંત્રતા મળ્યા પછી ભારતીય દલિતોની વાસ્તવિકતા પર પ્રકાશ પાડયો છે.... ''हम मुक्तिपर्व किसे कहें? जब देश आजाद हुआ उसे या जब किसी जातिया कुछ जातियो को आजादी मिली उसे। मुक्ति से आखिर तात्पर्य क्या है. एक आदमी की मुक्ति या एक विशेष जाति की? यह सवाल पाठको के मन में बार–बार उठेगा। यही सवाल आजादी के बाद से लेकर अब तक दलितो के भीतर उठता रहा है, जो उनकी भावनाओ को समय– समय पर उद्रेलित करता रहा है''[૧૬૨] ભારતના દલિતો અંગ્રેજોની હકુમત માંથી તો મુકત થઈ ગયા ! પણ મૂળ ભારતીય એવા રૂઢિચુસ્ત બ્રાહ્મણો જેને ગુજરાતી સાહિત્કાર ચિનુ મોદી 'કાળા અંગ્રેજ' કહે છે તેમના સકંજામાંથી શું દલિતોને મુક્તિ મળી છે ખરી? દેશને મળેલ આઝાદી શું વાસ્તવમાં તેમને માટે આઝાદી છે ખરી? જેવા અનેક પ્રશ્નો આ નવલકથામાં આલેખાયા છે પણ નવલકથાના મુખ્ય પાત્રો બંસી, સુનીત ભારતીય સમાજની આ વિષમતાપૂર્ણ પરિસ્થિતિમાં દલિતોને આત્મવિશ્વાસપૂર્ણ જીવતાં શિખવાડે છે. દલિતો વિચારવા માટે મજબૂર થાય છે કે તેને કયારે મુક્તિ મળશે? તેનો મુક્તિપર્વ કયારે આવશે? ગુલામ બંસી તેના માલિક નવાબ અલીવર્દી ખાંની વિરુદ્ધ વિદ્રોહ કરે છે. તે માલિકની આજ્ઞાની અવહેલના કરતા કહે છે કે– ''जनाबे अली, हम न गुलाम थे, न

૧૬૦. એજન,પૃ.૧૦૭
૧૬૧.मुक्तिपर्व, मोहनदास नैमिशराय, पृ.5
૧૬૨. એજન, પૃ.૧૫

गुलाम है, और न गुलाम रहेंगें''[१६३] સુનીતને શાળામાં પ્રવેશ મેળવવા માટે, શાળામાં પીવાના પાણી માટે અને પરીક્ષા વખતે જાતિવાદનું ઝેર પીછો છોડતું નથી પણ તેનામાં જાગૃતી આવતા તે પીવાના પાણી માટે પંડિતને કહે છે– ''हा– हा पंडितजी हम ढेंढ– चमार है, पर अब देश आजाद है, इतना समझ लो कि ऐसाकरने पर जेल जाना भी पड सकता है।''[१६४] નવલકથામાં બંશી, સુનીત, કરતારા, સુમિત્રા, રામલાલ વગેરે પાત્રોના માધ્યમ વડે લેખકે દલિત સમાજમાં પ્રવર્તમાન, અંધશ્રદ્ધા, જડતા, રૂઢિઓ, કુસંસ્કાર, અજ્ઞાનતા, આંતરિક ભેદભાવ, સામાજિક વિષમતા, શોષણમાંથી મુક્તિનો માર્ગ બતાવ્યો છે તો સાથે-સાથે સવર્ણમાનસિકતા, ધર્માંધતા, અન્યાય, અત્યાચાર, શિક્ષણ જગતમાં છૂપાયેલા દ્રોણાચાર્ય વગેરેની સામે મુકાબલો કરવા પણ પ્રેર્યા છે. બાળકના જન્મ પર પંડિત દ્વારા થતા નામકરણની વર્ષો જૂની પરંપરાને બંસી તોડે છે ને પોતે જ નામકરણ કરે છે. બંશી દલિત ચેતનાનું પ્રતીક છે. જયપ્રકાશ કર્દમની જેમ મોહનદાસે પણ આંતરજ્ઞાતીય વિવાહને પ્રોત્સાહન આપી સામાજિક વિષમતાને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. ટૂંકમાં લેખકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારા અને જીવન દર્શન તથા બૌદ્ધ ધર્મને ચરિતાર્થ કરી દલિતોદ્ધાર કરવાનો પ્રયાસ કર્યો છે. 'મુક્તિપર્વ' દલિતોની બ્રાહ્ય તેમજ આંતરિક દ્વંદ્વ, મતભેદ, શોષણની જાળમાંથી મુક્તિનું પ્રતીક છે.

ડૉ. ભગવાનદાસ લિખિત 'मैं भंगी हुं' ને હિન્દી દલિત સાહિત્યની પ્રથમ આત્મકથા માનવામાં આવે છે. આ ઉપરાંત ઓમપ્રકાશ વાલ્મીકિની 'જૂઠન', મોહનદાસ નૈમિશરાયની 'અપને-અપને પિંજર', સૂરજપાલ ચૌહાણની 'તિરસ્કૃત', માતા પ્રસાદની 'જોપડી સે રાજભવન', ડી.આર.જાટવની 'મેરા સફર, મેરી મંજિલ', ડૉ. શ્યોરાજસિંહ 'બેચૈન'ની 'ચમાર કી', જય પ્રકાશ કર્દમની 'મેરી જાત' અને કૌશલ્યા બૈસંત્રીની 'દોહરા અભિશાપ' નોંધપાત્ર છે.

ગુજરાતીની જેમ હિન્દીમાં પણ જૂજ દલિત નાટકો લખાયા છે. જેમા માતા પ્રસાદનું 'તડપ-મુક્તિ કી', 'પ્રતિશોધ', ડૉ. એન.સિંહનું 'કઠૌતી મેં ગંગા', એન.આર.સાગરનું 'અંતિમ અવરોધ' ધ્યાનપાત્ર છે. શિવનાથનું 'શીલબાંધી અને સંકલ્પ', મનોજકુમારનું 'બારાત નહીં ચઢેગી' વગેરે એકાંકી પણ લખાયા છે.

### ૩. પંજાબી દલિત સાહિત્ય

મરાઠી, હિન્દી અને ગુજરાતી દલિત સાહિત્યની જેમ જ પંજાબી દલિત સાહિત્યના લેખકોએ પણ સાહિત્યની દરેક વિધાને અજમાવી છે. પંજાબી દલિત સાહિત્યમાં કવિતાનું સ્થાન સર્વોપરી છે. વાલ્મીકિ જાતિમાં જન્મેલા કવિ ગુરુદાસરામ 'આલમ' સમગ્ર પંજાબી જગતમાં પ્રગતિવાદી કાવ્યધારામાં અગ્રણી અને આદરણીય છે. તે પંજાબની 'લંબરદારી' (ગામ-ઠકુરાઈ) પરંપરા ઉપર વેધક પ્રહાર કરતા લખે છે-

---

૧૬૩. એજન, પૃ.૨૮
૧૬૪. એજન, પૃ.૫૪

લંબરદારોની વંડી ઠેકીને
છોકરો 'કાંટાજાળે'થી બોર તોડી લાવ્યો.
હથેળીમાં જીવ રાખીને
બોરડીના શરીરને એણે હાથ લગાવ્યો.[૧૬૫]

આમ, અહીં કવિએ સૂચવ્યું છે કે સામાન્ય દલિત પણ ગામડાની ઉચ્ચવર્ણની છોકરી સાથે પ્રેમ કરવાની હિંમત રાખે છે. દલિત પણ નીડર બનીને જોખમો ખેડી જાણે છે. કવિ સંતરામ 'ઉદાસી'નું 'ખૂન સે ભીગે બોલ', 'ચૌનુ કરી શલાખે', 'ક્રાંતિકારિયોની અથાહ કુરબાની' અને 'સામરાજ અને જાતિ', કવિ લાલ સિંહ 'દિલ' નો 'નાગલોક' કાવ્યસંગ્રહ, કવિ ચરણદાસ 'નિધડક', મોહનસિંહ લોહિયા, ચાનણલાલ 'માણક', કમલદેવ પાલ, છોટેલાલ, બલવીર માધોપુરી, સુરજિત કલસી, દ્વારકા ભારતી, મદન વીરા, કવિ પાસ, કુલવીર, પ્રકાશ હોશિયાર પુરી વગેરે ઉલ્લેખનીય નામો છે.

મદન મોહન બાબાનો 'અજાત સુંદરી' દલિત નવલિકાનું મૂળ છે. પ્રેમ ગોરખીના 'માટી રંગ્યા લોક', 'અરજણ સફેદીવાળો' નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. અતરજીતની 'વીંછી', ગુરમીત કડિયાલવીની 'ભીડ ભાડ અને રેંકડી' પણ જાણીતી વાર્તાઓ છે. 'વીંછી'માં દલિત વકીલ ઈન્દ્રસિંહ કટારિયાને સવર્ણ વીંછીની જેમ ડંખ મારે છે. વીંછી વાર્તામાં સવર્ણ મજૂરની આંખોમાં દેખાતી તુચ્છ નજર છે જે હંમેશા નીચો દેખાડવા જ તાકતી રહે છે અને કહે છે 'છેવટે તમે દલિત જ છો ને' એ નજર દેહને ઠંડો પાડી દે છે અને પાણી પણ લોહી જેવું દેખાવા લાગે છે. જુલ્લડ માંથી કટારિયા બની વકીલ બન્યા પછી અસ્પૃશ્યતા તેનો કેડો છોડતી નથી તો કડિયાલવીની 'ભીડ ભાડ અને રેંકડી' માં પ્રકાશ અધિકારી બની ગયો હોવા છતાં તેના ઘરમાં પડેલી રેંકડીને જોઈ કોઈ તેની દીકરી સાથે પરણાવવા નથી ઈચ્છતું, વ્યથિત પ્રકાશ જ્યારે રેંકડી સળગાવવા માટે તેના પર કેરોસીન છાંટે છે તો એની આંખો સામે બાળપણથી અધિકારી બનવા સુધીનાં બધા વર્ષો જીવંત થાય છે– જ્યારે એનો બાપ રેંકડી ખેંચતા થાક્યો પાક્યો પાછો ફરતો હતો અને એ જ રેંકડીની કમાણીથી તે સ્કૂલમાં ભણવા જતો હતો. એની મા સારવારના અભાવે મરી ગઈ હતી પણ એનું ભણવાનું ચાલુ રહ્યું હતું. રેંકડીનું ચાલવું અકબંધ રહ્યું અને તેને નોકરી મળી ગઈ. ઘરની ગરીબીમાં મરેલા ઢોર ઉપાડનારી આ રેંકડી જ તેને જીવવા અને ભણવા માટે સહાયરૂપ બની હતી. પિતાના કહેલા શબ્દો ''કોઈ કામ ભૂંડુ નથી હોતું, ભૂંડા તો માણસના મનના વિચારો હોય છે.''[૧૬૬] યાદ આવે છે અને પ્રકાશ માચીસ દૂર ફેંકી દે છે. એની હીન ભાવના અદૃશ્ય થઈ જાય છે. અનેક પીડા, યાતના, ગડમથલો, મૂંઝારાના અંતે 'ભીડ ભાડ અને રેંકડી' આંગણામાં જ રહે છે. પ્રિન્સિપાલ સુજાનસિંહ, સંતોખસિંહ, ગુરુદયાલસિંહ, કૃપાલ, ભૂરાસિંહ કલેર, મુખતિયારસિંહ, લાલસિંહ, અજમેરસિંહ, ભગવંત રસલપુરી, મોહનલાલ ફિલૌરિયા, બલવિંદર નસરાલી, સરુપ સિયાલવી વગેરેની વાર્તાઓમાં જાતિભેદના ડંખની પીડા અભિવ્યકત થઈ છે.

---

૧૬૫. શબ્દસૃષ્ટિ, નવેમ્બર, ૨૦૦૩, પૃ.૨૨૧
૧૬૬.दलित कहानी संचयन, संपादक, रमणिक गुप्ता, पृ.365

ગુરુદયાલ સિંહની 'મઢીકા દીવા' નવલકથા પંજાબી સાહિત્યની સિમાચિન્હરૂપ છે. તેમની 'અપાહોએ', 'પરસ', 'અણછોએ', 'ભોંરહત જીવન', 'વેખેં', 'આથણ ઉગણ'માં પણ દલિત જીવનના યર્થાર્થની ઝલક જોવા મળે છે. ગુરુચરણસિંહ દાઓની 'મશાલચી', નિંદર ગિલની 'દાસ્તા દલિતો દી', નછત્તરની 'બાકી દા સચ', મોહનસિંહ સીતલની 'તૂતાંવાલા ખૂહું' ઉપરાંત કરતારસિંહ દુગ્ગલ, જશવંતસિંહ કંવલ, સુરેન્દ્રસિંહ નરુલા વગેરેએ પંજાબના દલિત જીવનને આલેખ્યું છે.

બલબીર માધોપુરીની 'छांग्या रुक्ख' (काटा–छाटा वृक्ष) પહેલી પંજાબી દલિત આત્મકથા છે. આ આત્મકથા વિશે મોહનદાસ નૈમિશરાય નોંધે છે: ''इसका शीर्ष प्रतीकात्मक है। जिन लोंगो को लेखकने आत्मकथा में बयान किया है वे लोग 'छांगे गए दशरुत की भांति दर्शाए गए है। इस लिए यह यथार्थ की मिट्टी में अपनी जडे बनाती है। आत्मकथा का पूरा कलेवर, भाषा, शिल्प, रचना दृष्टि, देशकाल और अपने समकालीन साहित्य की चुनैतियों को पूरी ईमानदारी के साथ सामने रखता है। सामाजिक समाधान में इसकी भूमिका उस गवाह की तरह है, तो जाति–पाति और छुआछूत व सामाजिक असमानता के ढेकेदारो को कठघरे में खडा करके अपना हलकिया बयान दर्ज करता है।''[१६७] પ્રેમ ગોરખીની 'ગૈરહાજર આદમી' પણ મહત્ત્વની આત્મકથા છે.

પંજાબી નાટક–રંગમંચમાં દલિત ચેતનાનું આલેખન આઠમા દાયકાથી શરૂ થાય છે. ચરણદાસ સિદ્ધનું 'એમ્બિયોંકો તરસેંગી' નાટક દલિત મહિલાના જાતીય શોષણને આલેખે છે. એમના 'બાબા બન્તૂ', 'ઈન્દુમતી સત્યદેવ,' 'અનામત કી લાઠી' તથા 'જીતા ફાહે લગના' વગેરે ઉલ્લેખનીય છે. ગુરુ દયાલસિંહ 'ફૂલ ના પરખો સે પહેલે', 'કમ્બ દે ધૌલર', 'રત્થ અંગનીદા' તથા 'જિણ સચ્ચ પલૈ હોવે', બલવંત ગાર્ગીનુ 'કોહા કુટ્ટ', 'કેસરો' તથા 'કનક દી બલ્લી' ઉપરાંત અજમેરસિંહ, સનીન્દ્ર નંદા, ગુરુશરણ સિંહ, કેવલ ધાલીવાલા, સરદારજિત બાબા, સુમનલતા વગેરેએ નાટક અને રંગમંચ ક્ષેત્રમાં દલિત ચેતનાને ઉજાગર કરી છે. નિબંધો પણ લખાય છે, વિવેચનક્ષેત્રમાં ચમન લાલનું પણ નોંધપાત્ર પ્રદાન છે. પંજાબી દલિત સાહિત્યને વિકસાવવામાં 'નવા જમાના', 'પંજાબી ટ્રિબ્યુન', 'લકીર', 'શબ્દ', 'સિરજન' તથા 'ચિરાગ' વગેરે સામાયિકોનું યોગદાન છે.

## ૪. તેલુગુ દલિત સાહિત્ય

ડૉ. વીરેન્દ્ર નારાયણ સિંહના મત અનુસાર ''તેલુગુમાં દલિત ચેતનાનો પ્રથમ ઉન્મેષ આપણને સર્વપ્રથમ 'જાષુવા'માં નજરે પડે છે.''[૧૬૮] તેમની 'ગબ્બિતલમ' નામની રચનાથી તેલુગુ દલિત સાહિત્યનો આરંભ મનાય છે. તેમનું 'ચમગીદડ' જાણીતું ખંડકાવ્ય છે પણ આ ઉપરાંત સૂર્યવંશી, કવિખાજા, કોપી કોટેશ્વર રાવ, સ્કૈ બાબા, કલેકુરિપ્રસાદ વગેરેની કવિતાઓ ઉલ્લેખનીય છે. દલિત નારીએ પણ જાતિ, લિંગ તથા વર્ગીય શોષણના વિરોધમાં પોતાની અસ્મિતાને, અસ્તિત્વને સશક્ત રીતે વ્યક્ત કરી છે. દલિત પુરુષ પોતે જ જાતિગત શોષણનો શિકાર બનવા છતાં પણ તે વ્યવસ્થા

---

૧૬૭. बयान : संपादक, मोहनदास नैमिशराय, अंक.2, सितम्बर,2006, पृ.48

૧૬૮. શબ્દસૃષ્ટિ, નવેમ્બર-૨૦૦૩, પૃ.૨૨૮

પરંપરા દ્વારા મળેલી અધિકાર ભાવનાને છોડવા તૈયાર નથી. કેટલીક દલિત નારી લેખિકાઓએ દલિત સંઘર્ષના અંતવિરોધને પણ પ્રગટ કરે છે. જેમ કે સ્વરુપા રાની કહે છે–

> ''ઘરમાં પુરુષાહંકાર એક ગાલે થપ્પડ મારે છે,
> તો શેરીમાં વર્ણ આધિપત્ય બીજા ગાલે.''[૧૬૯]

તેલુગુ દલિત વાર્તાકારોમાં કણણકુમાર, ગોખલે જેવા આરંભકાળના અને કોલકલૂરી ઈનાકની, પી.રામકૃષ્ણ રેડ્ડી, કાલીપટ્ટનમ રામારાવ, કેશવ રેડ્ડી, ચિલુકુરી દેવપુત્ર, શિગમનેનિ નારાયણ, સી.એમ.રાવ, અલ્લમ રાજયયા, કાલુવા મલ્લયયા, બી.એસ.રામુલુ, કે.કે.મીનન, બોયા જંગ્યા, કાટગડ્ડ, દયાનંદ, દગ્ગુપાટિ, પદમાકરની વગેરેએ દલિત સમસ્યાઓને વાચા આપી છે. કોલકલૂરી ઈનાકની 'ગામનો કૂવો'માં ગામના મુખી અને જામીનદારો દ્વારા થતાં અપમાન, અત્યાચારનો વિરોધ કરવા માટે દલિત ચિદમ્બરમની પત્ની એક મરેલા બળદને કૂવામાં નાખી દે છે. જેથી એનું પાણી જ પીવા લાયક ન રહે. આ બદલા વૃત્તિની વાર્તા છે. કેશવ રેડ્ડીની 'ગુલામ' દલિતોના આંતર દ્વંદ્વની વાર્તા છે. સવર્ણો અને એમની ચાલમાં ફસાયેલાં કેટલાક દલિતો પરસ્પર દ્વેષના કારણે સુબ્બા રાયડુને સહકાર નથી આપતા. એ સૂચવે છે કે આંતરિક કુસંપ કઈ રીતે નિષ્ફળતાને નોંતરે છે. તો કાલીપટ્ટનમ રામારાવની 'યજ્ઞ'માં દલિત મજૂર દ્વારા પોતાના જ સંતાનને મારીને મુક્તિ માર્ગની શોધ જોવા મળે છે.

કવિતા, વાર્તાઓની જેમ નવલકથાઓમાં પણ વિષય વૈવિધ્ય જોવા મળે છે. ભી.ન. વણકર નોંધે છે કે, ''૧૯મી સદીના સાતમાં દાયકામાં ગોપાળ કૃષ્ણ શેટ્ટીની નવલકથા 'શ્રી રંગરાથુ ચરિત્ર'માં પ્રથમ વખત જ નિમ્નજાતિના જીવનનું ચિત્રણ મળે છે.''[૧૭૦] ત્યાર બાદ તલ્લા પ્રગડની 'હેલાવતી', વેંકટ પાર્વતીશ્વર કવુલુની 'માતૃમંદિર', ઉન્નવ લક્ષ્મીનારાયણની 'માલપલ્લી', એન.જી. રંગાની 'હરિજન નાયકુડુ', અડવિ બાપિ રાજુની 'નરુડ', નરસિંહમ્ની 'આદર્શ', ઈ. રંગનાયુકલની 'મલ્લિકા', મુપ્પલા રંગનાયકમ્માની 'બહિપીઠમ્', મલ્લાદી વસુન્ધરાની 'ત્રિવર્ણ પતાકા', ડૉ. કેશવ રેડ્ડીની 'બાનિસલુ', 'ચિવરી ગુડીસે', ક્રેડિબુલ ગાર્ડસની 'શ્મશાનાલુ દુન્તેરુ', અમુલ કાંટી જગન્નાથમ્ની 'અંટરાની જંટ', નંડૂરી સુબ્બારાવની 'વિરગિન કેટરાલું', આર્યરમ્ શેટ્ટીની 'ચિવરી મજીલી', ભૂપતિરાવની 'કુલ કન્યા', મહિધરની 'ગાનુ પાલેમ', દાશરધિ રંગાચાર્યની 'ચિલ્લુર દેવુલ્લુ', પોલ્કુમ પલ્લિ શાન્તા દેવીની 'પ્રેમાપિચ્ચી', ડૉ. નનુમાસ સ્વામીની 'મોહિની', કાલુવ મત્યાની 'સાંબ્યપા ચદુવુ', અરુણાની 'નીલી', 'એલ્લી' વગેરે નવલકથાઓમા દલિતોની અનેકવિધ સમસ્યાઓ આલેખાઈ છે.

## ૫. મલયાલમ દલિત સાહિત્ય

મલયાલમ દલિત સાહિત્યની વાત કરવાની હોય તો પહેલા પરંપરાગત ગીતોની વાત કરવી પડે કારણ કે મલયાલમ દલિત સાહિત્યને સમૃદ્ધ કરવામાં આ ગીતોનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

૧૬૯. એજન- પૃ-૨૩૧
૧૭૦. દલિત સાહિત્ય, ભી.ન.વણકર, પ્રથમ આવૃત્તિ,૨૦૦૫, પૃ.૧૧૬,૧૧૭

દલિત ગીતોની પુષ્ઠભૂમિના આધારે જ મલયાલમ દલિત સાહિત્યનો જન્મ થયો છે. આ ગીતોમાં દલિતોની જીવનશૈલી, વ્યથા, વેદના, મહત્વકાંક્ષા, સામાજિક વ્યવસ્થા વગેરેનું આલેખન જોવા મળે છે. છૂઆછૂતની પ્રથા પર એક ગીતમાં વ્યંગ કર્યો છે તે જોઈએ-

''આ કેવી છૂઆછૂત ?
અભિજાતોની આ છૂઆછૂત
હટ રે હટ – સામેથી હટ,
હટ રે હટ તુ હટ રે હટ,
પકડનાર સામેથી હટી જા તું....
વાવવાથી મીઠું શું ઊગશે !
એ તો પૂરમાં ફેલાશે
પછી આ કેવી છૂઆછૂત
જે ઘરમાં માછલી છે ત્યાં નાવાનું શું ?
અડવાથી કોઈ કાળો થઈ જશે....કોઈ ગોરો થઈ જશે,
કોઈ લાલ થઈ જશે
પછી કેવી છૂઆછૂત.....?
અભિજાતોની આ છૂઆછૂત''[૧૭૧]

મલયાલમમાં કવિતા, નવલિકા, નવલકથા, નાટક વગેરેમાં દલિત સંવેદના આલેખાય છે. ડૉ. એ.અચ્યુતને નોંધ્યું છે કે, ''પં.કે.પી. કરુપ્પને સૌ પ્રથમ તેમના સર્જન દ્વારા દલિત અસ્મિતાનો પરિચય કરાવ્યો છે.''[૧૭૨] તેમનું 'જાતિકકુમ્મિ' કુમ્મિ નામના દ્રવિડ છંદમાં લખાયેલું ખૂબ જ લોકપ્રિય દલિત કાવ્ય છે. તેમાં શંકરાચાર્ય કૃત 'મનિષા પંચકમ્' ની કથા છે. આ વાર્તા દ્વારા તેમણે તત્કાલીન કેરલની સામાજિક વ્યવસ્થા અને દલિતોના જીવન પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. નિરણમ એમ.પી. કેશવનની 'પત્નિમ'(પ્રેમશ્રૃંખલા) જાણીતું પ્રેમકાવ્ય છે. ભાસ્કર નામના પુલય યુવક અને પત્મિની નામની નાયર યુવતીનો પ્રેમ આ કાવ્યનો વિષય છે. આ કાવ્યમાં જાતિભેદની વિરુદ્ધ આક્રોશ અને દલિતો પર આચરવામાં આવેલા અત્યાચારોનું ચિત્રણ છે પરંતુ ૧૯૬૦ પછી કલ્લડ શશી, કે.કે.એસ.દાસ કે તન્કપ્પન, બી.શ.શી રાઘવન, અતોલી, કક્કિકાડ વગેરે દ્વારા આંદોલન સ્વરૂપે કવિતાઓ લખાવા માંડી. કામાસકત આક્રમણો સામે દલિત નારી લેખિકાઓ પણ પોતાનો આક્રોશ પ્રગટ કરે છે.

''એ કાળા હાથે પાલવ પકડ્યો હતો
દાંત કચકચાવીને પરંતુ લોક લજ્જાનો ગંદો
કિનખાબ ઉતારીને કહું છું– મારી કમર
તારા કામાસકત આક્રમણની શય્યા નથી....
તારા મોઢાં ઉપર થૂંકવા માટે શક્તિમાન છું નીચ !''[૧૭૩]

---

૧૭૧. दलित साहित्य,2003 (वार्षिकी) संपादक : जयप्रकाश कर्दम पृ.15
૧૭૨. એજન, પૃ.૧૬
૧૭૩. એજન, પૃ.૨૦

ડૉ. એ.અચ્યુતમના મત અનુસાર ''ટી.કે.ચાતન વડુતલા (૧૯૨૧-૧૯૮૮) ના આગમન સાથે જ મલયાલમ દલિત કથાસાહિત્ય પૂર્ણરૂપે અસ્તિત્વમાં આવ્યું''[૧૭૪] તેમની 'દો પીઢિયા', 'જાતિ કયાં હૈ', 'સંક્રાંતિ કે પુએ', 'ગીલી મિટ્ટી', 'તું ઔર મૈં', 'ઉસકા પ્રતિશોધ', 'નઈ ચાલ', 'હમ ઊંચી જાતિ કા હૈ' વગેરે ઉલ્લેખનીય વાર્તાઓ છે. 'કયાં હૈ જાતિ' વાર્તામાં તત્કાલીન જાતિવાદી ધુરન્ધરોને ઝકઝોર્યા છે. લોહાર જાતિનો કૃષ્ણ અને વેલન જાતિની કમલાક્ષી બંને એક બીજાથી પરિચિત છે. આ બંને વચ્ચે પ્રેમી-પ્રેમિકાનો સંબંધ નથી છતાં પણ લોકોએ અફવા ફેલાવી કે બંને પ્રેમી છે. કમલાક્ષીની ઈજ્જત બચાવવા માટે કૃષ્ણ તેની સાથે લગ્ન કરી લે છે. મહોલ્લાના પ્રગતિશીલ લોકોએ તેમની આગેવાની હેઠળ જલસો મનાવ્યો. ત્યાના બધા જ ભાષણો એ લોકોના દુશ્મનોની વિરુદ્ધ હતા પરંતુ એક વર્ષ પછી કમલાક્ષીએ એક બાળકને જન્મ આપ્યો તો તે બાળક ગામના લોકો માટે એક અન્તહીન કરિશ્મ બન્યો. તેમણે પૂછયું, બાળકની જાતિ શું છે ? આ સવાલ માત્ર એ જમાનામાં જ નહીં આજે પણ પૂછવામાં આવે છે. આ ઉપરાંત સી.અપ્યુપ્પનનો 'ઉચ્ચ યુરકકતિલે સ્વ પ્રગલ' (બપોરની ઊંઘ) નોંધપાત્ર વાર્તા સંગ્રહ છે. રમણિકા ગુપ્તા સંપાદિત-દલિત કહાની સંચયનમાં નારાયણની 'પ્રવાચકનો જન્મ' મહત્ત્વની દલિત વાર્તા છે.

ટી.કે ચાતન વડુતલાની 'જંજીરે જકડતે હૈ', ડી.રાજનની 'મકકુણણી', ચિરક્કડની 'પુલયતરા', નારાયણની 'ઉરાલી કુડિ' અને શિવશંકર પિલ્લેની 'ટોટિથુટે મકન' (ભંગીનો છોકરો) વગેરે નવલકથાઓમાં દલિત જીવનનું વાસ્તવિક ચિત્રણ છે.

મલયાલમ દલિત સાહિત્યમાં નાટક અને રંગભૂમિનું પણ યોગદાન રહેલું છે. પોતેરી કુન્જૂ ના 'સરસ્વતી વિજયમ્' (૧૮૯૨)ને પહેલું મલયાલમ દલિત નાટક માનવામાં આવે છે પરંતુ મલયાલમ દલિત નાટકનો આરંભ તો પં. કરુપ્પનના 'બાલાકલેશમ' (૧૯૧૩) થી માનવામાં આવે છે. ડૉ. અચ્યુતનનું 'માવેલી', 'સૂતપૂત્ર' વગેરે પણ જાણીતા દલિત નાટકો છે. અંતે ડૉ. એ.અચ્યુતન નોંધે છે કે ''આજે મલયાલમના દલિત સાહિત્યકારો એવું માને છે કે- શૂદ્ર હવે પગ નથી, રાષ્ટ્રની આધારશીલા છે.''[૧૭૫]

## ૬. ભારતીય અંગ્રેજી દલિત સાહિત્ય

ભારતીય અંગ્રેજી લેખકોમાં મુલ્કરાજ આનંદનું નામ અત્યંત જાણીતું છે. તેમની 'અનટચેબલ'(૧૯૩૫)ને અંગ્રેજી ભાષાની પહેલી દલિત નવલકથા માનવામાં આવે છે. ઓગણીસવાર 'અસ્વીકાર્ય' લખાઈને પાછી આવેલ આ નવલકથાનો આજે ત્રીસેક ભાષામાં અનુવાદ થયો છે. તેનો ગુજરાતી અનુવાદ રંજના હરીશ દ્વિવેદીએ 'અછૂત'નામે કર્યો છે. આ નવલકથામાં બકખા નામના ભંગી છોકરાના જીવનના એક દિવસની આપવીતી આલેખાય છે. કથા અછૂતોની વસ્તી અને લશ્કરી છાવણીની આસપાસ વણાયેલી છે. બકખો માંડ મીઠાઈ ખરીદે પણ માર્ગમાં કોઈ હિન્દુ એને અડકી

---

૧૭૪. એજન, પૃ.૨૨
૧૭૫. એજન, પૃ.૨૭

જતાં ગુસ્સે થઈને બકખાને તમાચો મારે, બાળસહજ નિર્દોષતાથી–અજાણતામાં મંદિરના ગર્ભદ્વારમાં ડોકિયું કરવા જાય ને પૂજારી તેને ધિક્કારે, પૂજારીનો તેની બહેન પ્રત્યેનો મોહ અને પછી 'મને અભડાવ્યો' એવી બૂમ સાથે બહાર આવે ને છતાંય લોકો તેને જ દોષી ઠેરવે, બકખો દાનમાં અપાતાં રોટલાના ટુકડા વીણવા જાય અને એંઠો રોટલો તિરસ્કારથી એના તરફ ફેંકાય, તે ઘવાયેલા બાળકને ઊંચકીને તેની મા પાસે લઈ જાય પણ એની મા 'દીકરાને અભડાવ્યો' એવી બૂમ પાડે, આવા અનેક પ્રસંગોએ બકખો હડધૂત થાય છે, અપમાનિત થાય છે તો હકીમ તેને પ્રેમથી હોકી–સ્ટિક આપે છે. તેના માનવીય વ્યવહારથી બકખો તેના તરફ આકર્ષાય છે.

બકખો ગોરાઓની જીવનશૈલીથી આકર્ષાયને તે મુજબ જીવન જીવવાના સ્વપ્ન જૂએ છે. બકખાના વાસના જ બે છોકરા છોટે અને રામચરણ પણ ગોરાઓની જીવનશૈલીની નકલ કરતા પણ આ ત્રણ સિવાયના વસ્તીના બધા જ અછૂતો પોતાના ભાગ્ય તથા જીવનથી સંતુષ્ટ હતા, તેઓ નસીબને દોષ આપી બેઠા રહે છે. ટૂંકમાં આ નવલકથામાં એક તરફ યુગોથી ચાલી આવેલી વર્ણવ્યવસ્થા–સમાજવ્યવસ્થા પ્રમાણે જીવવાની અને પોતાને તુચ્છમાં તુચ્છ ગણાવવાની વૃત્તિ છે તો બીજી તરફ અપમાન, અવહેલના વગેરે સહતા–સહતા સ્વમાનને ઓળખવાની અને માનવીય અધિકારને સમજવા માટેની સંવેદના જોવા મળે છે. અહીં લેખકનો બકખાના પાત્ર દ્વારા તત્કાલીન સમાજ, અંગ્રેજી સરકાર તેમજ ગાંધીજીની વિચારધારાને આલેખવાનો પ્રયત્ન જોવા મળે છે.

મુલ્કરાજ આનંદની 'કુલી' (૧૯૩૬), 'ધી વિલેજ' (૧૯૩૯), 'ધ રોડ' (૧૯૬૧)માં પણ દલિત વર્ગનું ચિત્રણ છે. આ ઉપરાંત માર્કંડેયની 'Handful of Rice', ડૉ.ભવાની ભટ્ટાચાર્યની 'He who Rides a tiger', આર.કે.નારાયણની 'માલગુડી', અરૂંધતી રોયની 'ધ રોડ ઓફ સ્મોલ થિંગ્સ' વગેરે નવલકથાઓમાં દલિત સમાજનું આલેખન થયું છે.

## ૭. કન્નડ દલિત સાહિત્ય

ડૉ. તેજસ્વી કુટ્ટીમનિ નોંધે છે કે : "1975 के बाद कन्नड का 'नव्य काव्य' अंतिम कगार पर खडा हुआ था । तभी एक प्रमुख कवि चन्द्रशेखर पाटील ने यह घोषणा कर दी कि 'नव्य काव्य मर चुका ।' उनका मतलब यह था कि नव्य–काव्य में युग के ताप को वहन करने की और आम जनता की पीड़ा को अभिव्यक्ति देने की क्षमता नहीं हैं.....तभी दलित साहित्य के नवीन धारा फूट निकली ।"[૧૭૬]

કન્નડ દલિત સાહિત્યનો આરંભ 'દલિત'નામની પત્રિકાથી થયો એવું માનવામાં આવે છે. તેના સંપાદક ડૉ.બુદ્દણ્ણા હિંગમિરે, પ્રો.ચેન્નણ્ણા વાલીકાર અને ડૉ.સોમશેખર ઈમ્રાપુર હતા. આ ત્રણે કવિ હતા. કન્નડ દલિત સાહિત્ય આંદોલનને ગતિ આપવામાં 'સંક્રમણ', 'શૂદ્ર', 'આંદોલન', 'પઞ્ચમ' વગેરે સાહિત્યિક સામયિકોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. કન્નડ દલિત સાહિત્યમાં 'દલિત'

---

૧૭૬. दलित साहित्य,2003 (वार्षिकी) संपादक : जयप्रकाश कर्दम, लेख– कन्नड का दलित साहित्य–
डॉ. तेजस्वी कुट्टी मनि पृ.29

અને 'બંડાપા' જેવી બે ધારાઓ પ્રવર્તમાન છે. દલિત સર્જકો દ્વારા લખાતા સાહિત્યને 'દલિત' અને દલિતેતર સર્જકો દ્વારા લખતા સાહિત્યને 'બંડાપા' કહેવામાં આવે છે.

કન્નડ દલિત સાહિત્ય દલિત અને દલિતેતર સર્જકો દ્વારા લખાયું છે. દલિત વર્ગના સાહિત્યકારોમાં ચેન્નણ્ણા વાલીકાર, સિદ્ધ લિંગપ્પા, દેવનુર મહાદેવ, વરગૂર રામચંદ્રપ્પા, ગંગાધર મુદલિયાર, ગોવિંદય્યા, ઈંદૂધર હોન્નાપુર, સરજૂ કાટકર, બાલ રાજૂ, રમજાન દર્ગા, તેજસ્વી કુટ્ટીમની વગેરે મુખ્ય છે. દલિતેતર વર્ગના રચનાકારોમાં ડૉ.બુદ્દણ્ણા હિંગમિરે, ચંદ્રશેખર પાટિલ, વી.ટીત્ર રાજશેખર શેટ્ટી, સિદ્ધ લિંગ દેસાઈ, જગદીશ મંગલ્પ્રભુ, અલ્લમપ્રભુ બેટદૂર, વિજય પાટીલ, વિજય મંગલૂર ઉલ્લેખનીય છે.

ચેન્નણ્ણા વાલીકાર કન્નડના જાણીતા દલિત કવિ, વાર્તાકાર, નાટકકાર છે. 'करि तेलि मानवन जीपद' અને 'हाडक्की हाडु हागू इतर पद्यगलु' તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે. તેમનું 'टोंकद केलगिन जन' અતી ચર્ચિત નાટક છે. તેમનો 'कप्पु कथेगलु (Black stories)' વાર્તાસંગ્રહ છે. ડૉ. તેજસ્વી તેમના સાહિત્યસર્જન વિશે જણાવે છે કે 'वालीकारजी के साहित्य में ऐसी क्रांति–चेतना है जो हारे हुए व्यक्ति में भी योद्धा का हौसला उत्पन्न करती है ।'[૧૭૭]

સિદ્ધિ લિંગપ્પા ના 'होले मादिगर हाडु' (હરિજનોના ગીત), 'साविरुरु नदिगलु' જાણીતા કાવ્યસંગ્રહો છે. 'નન્ન જન ગળું મારા સ્વજન' તેમની જાણીતી રચના છે. તેમાં દલિતોની યાતના અને અન્યાય સામે આક્રોશપૂર્ણ નિરૂપણ છે. શ્રદ્ધાથી ટળવળતા પણ માથા પર પથ્થર લઈ ગાળો ને લાત સહી જીવે છે. મારા સ્વજન હાથ જોડી કાકલૂદી કરી પગે પડતાં ભકતોના ય ભકત છે મારા સ્વજન''[૧૭૮] આ ઉપરાંત તેમણે 'बेल्चि' નામનું નાટક પણ લખ્યું છે. આ નાટક સંદર્ભે ડૉ.તેજસ્વી લખે છે: ''सिद्धिलिंगप्पा का गीतनाट्य 'बेल्चि' ने कन्नड रंगमंच के क्षेत्र में तहलका मचाया । इसमें बिहार के बेल्चि गांव मे घटित हरिजनो की सामूहिक हत्या की दिलदहलानेवाली अमानवीय घटना को नाट्य रुपांतर द्वारा प्रस्तुत किया गया है। जनजागृति पैदा करने के लिए 'समुदाय' नाट्य मंडली ने 'बेल्चि' के असंख्य प्रयोग बिना किसी रंगसज्जा से सफलता पूर्वक किया है ।''[૧૭૯]

દેવનુર મહાદેવનો 'घावनूर' વાર્તાસંગ્રહ છે. જેમાં દલિતોના સંઘર્ષમય જીવનનું આલેખન છે. બરગુરુ રામચંદ્રપ્પાની 'वंदु बुरिन कथे' ચર્ચિત નવલકથા છે.

કર્ણાટકમાં દલિત આંદોલનનો આરંભ 'દલિત' પત્રિકા દ્વારા કરનાર દલિતેતર સાહિત્યકાર ડૉ.બુદ્દણ્ણા હિંગમિરે પ્રગતિશીલ કવિ અને પ્રતિભાશાળી નાટકકાર છે. તેમની પાસેથી 'हुलुगज्जे' અને 'हद्दुगल हाडु' કાવ્ય સંગ્રહો મળે છે.

કર્ણાટકમાં 'ચંપા' નામથી ઓળખાતા ચંદ્રશેખર પાટીલ માત્ર ક્રાંતિકારી સાહિત્યકાર જ નથી પણ તેમણે કર્ણાટકમાં શૂદ્ર આંદોલનની શરૂઆત કરી અને તેના દ્વારા શોષકવર્ગ પર પ્રહાર કરી

---

૧૭૭. એજન, પૃ.૩૨

૧૭૮. દલિત સાહિત્ય, ભી.ન.વણકર, પ્રથમ આવૃત્તિ.૨૦૦૫, પૃ.૧૦૦

૧૭૯. दलित साहित्य, 2003 (वार्षिकी) संपादक : जयप्रकाश कर्दम, पृ.33

પછાત વર્ગમાં જાગૃતિ પેદા કરવાના પ્રયાસો કર્યા. ડૉ.તેજસ્વી નોંધે છે કે-''आज दलित आंदोलन के प्रमुख कार्यकर्ताओ में सबसे क्रियाशील व्यक्ति पाटील रहे है । इस प्रकार साहित्य को आंदोलन का क्रियात्मक एवं व्यावहारिक रुप देने वालो में कवि पाटील का प्रमुख स्थान है ।''[१८०] પાટીલ પાસેથી 'गांधीस्मरण', 'ओ एन्न देशबांधवरे' (કાવ્યસંગ્રહો) 'बुरडीबाबा न लक्षापहरण प्रकरण', 'जगदंबी' 'गोकर्णद गोडझानी टिंगर बुडुब्जा', 'अप्पा' (નાટક) વગેરે મળે છે.

તમિલ દલિત સાહિત્યમાં સુંદરમૂર્તિ નયનાર, નંદન, ગોપાલકૃષ્ણ ભારતીય, સુબ્રમણ્યમ ભારતીય, શિવકામી, પદ્દુમાઈ પિટટન, પેરૂમલ મુદુગન, ઉજાઈ રાજન, વિઝહીપ પા ઈડિયા વેન્દાન, ઈન્દિરા પાર્થ સારથી, વીગરઈયા ઈદાયાવેન્દાન, બામા, ચોધર્મન વગેરેએ દલિતોની વેદના-સંવેદનાને આલેખી છે. પુમાણીની 'પિચાસુ' તમિલ દલિત સાહિત્યની સિમાચિન્હ રૂપ નવલકથા મનાય છે. યુ.અનંતમૂર્તિની 'ઘટશ્રાદ્ધ' જાણીતી વાર્તા છે. આ વાર્તા પરથી 'દીક્ષા' નામે ફિલ્મ પણ બની છે. 'ઘટશ્રાદ્ધ' માં એક બ્રાહ્મણ ગુરુ અને તેમની પુત્રીની કથા છે. ગુરુકુળમાં ગુરુનો પ્રિય શિષ્ય કોગા પણ સાથે રહે છે. એ દલિત છે પણ ધર્મશાસ્ત્રોમાં પારંગત થવા માટે ઉત્સુક છે. એક વખત ગુરુ બહારગામ જાય છે એ દરમિયાન સ્કૂલનો એક શિક્ષક ગુરુની દીકરીને પ્રેમ કરે છે ને પુત્રી સગર્ભા બને છે. શિક્ષકમાં ગુરુની વિધવા પુત્રી સાથે લગ્ન કરવાની હિંમત નથી એટલે ગુરુપુત્રીને ગર્ભપાત કરાવવો પડે છે. શિક્ષક અને ગુરુપુત્રીના અનૈતિક સંબંધ અંગે આખા ગામમાં હોબાળો મચી જાય છે. અંતે ગુરુ પાછા આશ્રમમાં ફર્યા ત્યારે તેમણે પુત્રીને પોતાના માટે મરેલી જાહેર કરીને તેનું જીવતા જ શ્રાદ્ધ કરવાનો નિર્ણય જાહેર કરે છે. રૂઢિચુસ્ત, પાખંડી બ્રાહ્મણોએ તેમના નિર્ણયને વધાવી લીધો ! પણ શિષ્યોએ બળવો કર્યો. બળવાખોર શિષ્યોમાં કોગા પણ છે. કોગાને દીક્ષાની જરૂર ન લાગતા આશ્રમ છોડીને જતો રહે છે. તેમનો સંવાદ ગુરુપુત્રીને જંગલથી બચાવી પણ બ્રાહ્મણથી ન બચાવી શકયો વેધક છે. પ્રેમચંદજીની 'સદ્દગતિ' વાર્તાની જેમ 'ઘટશ્રાદ્ધ' કર્મકાંડી બ્રાહ્મણોના પાખંડ સામે આંગળી ચીંધતી હોવા છતાં તેમા જ્ઞાતિવ્યવસ્થામાંથી મુક્તિનો માર્ગ દેખાતો નથી.

બંગાળીમાં રવીન્દ્રનાથ ટાગોર પાસેથી 'સંસ્કાર' વાર્તા, 'ચંડાલિકા' નાટક અને 'ભારતવર્ષની ઈતિહાસધારા' નામે ચિંતનાત્મક નિબંધ મળે છે તો શરદબાબુની 'અભાગીનું સ્વર્ગ'માં દલિત સંવેદના આલેખાઈ છે. ટાગોરની 'સંસ્કાર' (૧૮૮૪)વાર્તા સવર્ણના કથન કેન્દ્ર દ્વારા કહેવાઈ છે. અહીં કથાનાયક ગિરીન્દ્ર અને તેની પત્ની કલિકાને મિત્ર નયન મોહનના ઘરે રહાનું આમંત્રણ હોવાથી ગાડીમાં બેસી તેને ઘેર જવા નીકળે છે. રસ્તામાં એક દુર્ઘટના બને છે. માર્ગમાં મારવાડીઓ સામાન લઈને સરઘસાકારે નીકળ્યા હતા. હાથમાં ઝારુ લઈને જતો ભંગી એક સવર્ણને અડકી ગયો આથી બધા જ ભેગા થઈને ભંગી પર તૂટી પડે છે ! ભંગીનો પૌત્ર દાદાને ન મારવા માટે આજીજી કરે છે પણ કોણ સાંભળે ? માત્ર ગિરીન્દ્રનું લોહી ઉકળી ઊઠે છે પણ તે બધાની સાથે ઝઘડો વહોરી શકે તેમ તો નહતા તેથી ભંગીને પોતાની મોટરમાં બેસાડીને તેને બચાવવાનું વિચારે છે પણ પત્ની કલિકા માનતી નથી.

---

૧૮૦. એજન, પૃ.૩૫

જે ખાદી ને ગાંધી વિચારની પેરવી કરે છે, જેના વિશે નાયકને ભાષણ આપે છે તે કલિકા વર્ણભેદની વાત વ્યવહારમાં આવતા પોતે ઠાવકી થઈ જાય છે અને વૃદ્ધ ભંગીને મદદ કરવાની ના પાડી દે છે ! કથાનાયક ભંગીને મદદ ન કરી શકવા બદલ અપરાધભાવ અનુભવે છે. નાયકનાયિકાના સંસ્કાર વિશેના દષ્ટિકોણ જુદા છે. ગિરીન્દ્રને બાહ્ય દેખાડો કરવામાં રસ નથી, નયન મોહનના ઘેર ચા પીવા જવાનું તેને મન અર્થહીન સંસ્કાર છે. નાયકને મન સંસ્કાર એટલે મનમાંથી ઉઠતી ભાવના જેમાં અંતઃસ્ફૂરણા પણ હોય. જ્યારે કલિકા વાત ભલે ખાદીની કરે પણ આચાર-વ્યવહાર અંગ્રેજોના. કલિકાને મન સંસ્કાર એટલે લોકોએ જે આચરણમાં મૂક્યું તે આંખ મીચીને અપનાવી લેવું ! 'ખાદી' અહીં દંભનું પ્રતીક છે. વાર્તામાં લેખકે ધારદાર કટાક્ષ કર્યો છે.

શરદબાબુની 'અભાગીનું સ્વર્ગ' બંગાળમાં અત્યંત હીન મનાતી 'દુલે' વર્ગની સ્ત્રીની કરુણ કથની છે. સન્નિધિકરણની પ્રયુક્તિ દ્વારા લેખકે અભાગીનીની વેદનાને વળ ચઢાવ્યો છે. ગામના ધનિક મુખોપાધ્યાયની પત્ની મૃત્યુ પામી ત્યારે ચંદન, અક્ષત, ધુપ વગેરે વૈભવી રીતે રથમાં લઈ જઈને અંતિમવિધિ કરાય છે. આ જોઈને આજીવન કુટુંબકાજે અસહ્ય દુઃખ સહતી અભાગીનીને થાય છે કે મારી અંતિમયાત્રા પણ રથમાં નીકળીને પુત્રના હાથે અગ્નિ દાહ થાય, પતિની ચરણ રજ અને પગમાં અળતો મળે એવી ઈચ્છા છે પરંતુ તેનું મૃત્યું થાય છે ત્યારે તેના પગે લગાવવા અળતો કે માથામાં ભરવા સિંદુર પણ ઉધાર મંગાવવું પડે છે. કરુણતા તો ત્યાં છે કે અભાગીએ જ ઉગાડેલા ઝાડને તેનો પતિ અભાગીની અંતિમવિધિ માટે કાપી શકતો નથી અને અંતે લાકડા ન મળતા તેને નદીના ભાઠામાં દાટવી પડે છે. મુખુર્જેના ઘરમાં શ્રાદ્ધ પણ સમારોહ જેવું અને કાંગલીના ઘરમાં માને બાળવા માટે લાકડા ખરીદવા એક પૈસો પણ નહીં ! વાર્તાનો અંત કરુણ છે.

ઉર્દુમાં પણ દલિત સાહિત્ય લખાયું છે પણ ખૂબ જ ઓછું. પંજાબમાં જન્મેલા પ્રસિદ્ધ ઉર્દુ લેખક કૃશન ચન્દરેએ દલિતોના જીવન પર એક બે વાર્તાઓ લખી છે. આ ઉપરાંત સહાદત હસન મંટો અને ઈસમત ચુગતાઈએ દલિત સમસ્યાને વાચા આપી છે.

આમ, આપણે મરાઠી,હિન્દી, પંજાબી, તેલુગુ, મલયાલમ, કન્નડ, ભારતીય અંગ્રેજી, તમિલ, બંગાળી, ઉર્દુ વગેરે ભાષાઓના દલિત સાહિત્યમાં ભારતના ખૂણે-ખૂણામાં વસતા દલિત સમાજના પ્રાણ પ્રશ્નો, પીડા, યાતના, ભોગવ્યાનું વૃતાંત, સ્મૃતિઓના ડંખ, સામંતયુગીન સમસ્યાઓ, જીવન શૈલી, રહેણી-કરણી, રીત-રિવાજો, ખાણી-પીણી, તેઓની આશા-આશંકાઓ, તેમના પોતાના સ્વપ્નો, તેમનું પોતાનું અસ્તિત્વ, ઉકળાટ અને ઉદ્વેગ, પડકાર અને ચેતવણીઓ, આત્મવિશ્વાસ તો ક્યાંક સંતોષનો ભાવ, ક્યાંક બિકળપણું તો ક્યાંક નીડરપણું, એમનો સંઘર્ષ તો વળી ક્યાંક સમરસતાની વાત છે. તો કેટલીક રચનાઓમાં સાંપ્રત સમાજમાં દલિતોની શી સ્થિતિ છે તેનો ચિતાર આલેખાયેલો જોવા મળે છે. આમ ભારતીય દલિત સાહિત્યમાંથી પસાર થતાં વિષય વૈવિધ્ય ધ્યાનપાત્ર બની રહે છે.

## ૨.૭ : ગાંધીયુગનું ગુજરાતી સાહિત્ય : દલિત ચેતના સંદર્ભે

ગાંધીયુગ પૂર્વે શોષિત, પીડિત, દરિદ્ર, કંગાલ, દલિત વર્ગની સમસ્યાઓ, વેદના-સંવેદના, જીવનશૈલી, આશા-અરમાનો વગેરેનું આલેખન થયું નથી. જેમ સમાજમાં તેમ સાહિત્યમાં પણ આ વર્ગ હાંસિયામાં જ હતો પણ આફ્રિકાથી ગાંધીજીના ભારત આગમન પછી ભારતભરમાં બદલાયેલા સામાજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક વલણો અને વ્યવહારોને ધ્યાનમાં રાખીએ તો પ્રજા સમસ્તની વિચારસરણીમાં આમૂલ પરિવર્તન જોવા મળે છે અને સાહિત્યે સુપેરે આ પરિવર્તન ઝીલ્યું છે. તેથી જ દલિતો, વંચિતો, હજારો વર્ષોથી અન્યાયને વેઠતા આવેલા નીચલા થરના લોકોને અપનાવી સામાન્ય લોકો સાથે આદરપૂર્વક ભેળવી એમની પીડાને દૂર કરવાનું અભિયાન જે ગાંધીજીએ જગાવ્યું તેમાં મનેકમને અનેક જોડાયા અને સમાજ વ્યવસ્થામાં આંખે ઊડીને વળગે તેવા ફેરફારો નજરે ચડવા લાગ્યા. સમાજનું પ્રતિબિંબ ઝીલતા સાહિત્યમાં આ વંચિતોની અવદશાનું નિરૂપણ આયાસે-અનાયાસે અને સહાનુભૂતિપૂર્વક થવા માંડ્યું. વર્ષોથી ખૂણામાં હડસેલાઈ ગયેલા વર્ગ પ્રત્યે ઘણા સાહિત્યકારોએ સહાનુભૂતિ, સમભાવ દાખવીને દલિત સંવેદન-જીવનવિષયક કવિતા, વાર્તા, નવલકથા, એકાંકી વગેરે લખી. દલિત વર્ગનો વ્યક્તિ તેમની રચનાઓનો નાયક બન્યો. ધીરુભાઈ ઠાકર જણાવે છે તેમ :

''પહેલાં ઘણું ખરું ઉપલા અને મધ્યમ ગણાતા વર્ગનું જીવન જ સાહિત્યમાં નિરૂપણ પામતું. રજવાડી શ્રીમંત અને શિક્ષિત સમાજના પ્રતિનિધિઓ જ બહુધા નાટક અને વાર્તાનું નાયકપદ શોભાવતા. સંયુકત હિંદુ કુટુંબના પ્રશ્નો, દેશી રાજ્યની ખટપટ, ભણેલાં યુવક યુવતીનો પ્રેમ વ્યવહાર અને પરંપરાગત તત્ત્વજ્ઞાનની ચર્ચામાં ગુજરાતી નવલકથાની સૃષ્ટિ મર્યાદિત હતી... ગાંધીજીના પ્રભાવથી પંડિતયુગે લાદેલી આ સીમાઓનો લોપ થયો. તેમણે દલિત, પતિત, ગ્રામીણ, શ્રમજીવ અને અસ્પૃશ્ય ગણાતા વર્ગની શિષ્ટ સમાજ તરીકે પ્રતિષ્ઠા કરી એટલે સાહિત્યમાં તેમના જીવનના પ્રશ્નો અને પ્રસંગો રોજિંદી ભાષામાં વાસ્તવિક પધ્ધતિએ નિરૂપાવા લાગ્યા. તેમણે પ્રવર્તાવેલી સ્વદેશી અને ગ્રામોધ્ધારની ભાવનાએ તેમજ તેમનાં અસ્પૃશ્યતા નિવારણ અને અસહકારના આંદોલનોએ અનેક કવિઓ, વાર્તાકારો અને નાટકકારોના ચેતન તંત્રને હચમચાવી મૂક્યાં હતા.''[૧૮૧] આમ, ગાંધીજીની દરિદ્રનારાયણની સેવા, ગ્રામોધ્ધાર અને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિથી પ્રેરાઈને ઘણા સાહિત્યકારોએ ફક્ત શહેરના ભદ્રવર્ગના કે સુશિક્ષિત વર્ગ પર પોતાનું લક્ષ કેન્દ્રિત ન કરતાં ગામડાના છેવાડાના નીચલા થરના લોકોને પોતાની રચનામાં સ્થાન આપ્યું.

હું ગાંધીયુગની વાર્તાઓ અને નવલકથાઓમાં ઝીલાયેલ દલિત સંવેદના, ચેતનાનો સમીક્ષાત્મક અભ્યાસ અનુક્રમે પ્રકરણ ૩.૧ અને ૪.૧ માં સવિગત કરવાનો છું માટે અહીં દલિત કેન્દ્રી કાવ્યો અને એકાંકીની આછી રૂપરેખા તપાસીએ.

---

૧૮૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા (ગાંધીયુગ) : ધીરુભાઈ ઠાકર, સંશોધન સંવર્ધિત સંસ્કરણ,૧૯૯૪, પૃ.૨૧, ૨૨

ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્‌, ઉમાશંકર જોશી, રા.વિ.પાઠક, કરસનદાસ માણેક, સ્નેહરશ્મિ વગેરેની કેટલીક રચનાઓમાં ગાંધીજીના સમાજવાદના પ્રભાવ હેઠળ ગરીબો, કંગાળ, શ્રમિકો, પીડિતો, દલિતો પ્રત્યેનો પ્રેમ, સહાનુભૂતિ પ્રગટ થતી જોવા મળે છે. સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું નિરૂપણ છે. તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન વિષમતા, વિરુપતા અને વિરોધાભાસો વિશેની અકળામણ પ્રગટ કરે છે. ઝવેરચંદ મેઘાણીને અંત્યજ વિદ્યાર્થીઓએ આપેલા પાનનાં બીડાં ખાવા બદલ સજા થઈ હતી. આ સંદર્ભે ધીરુભાઈ ઠાકર નોંધે છે : ''ભાવનગર કોલેજમાં (મેઘાણીની) કપિલભાઈ ઠક્કરની મિત્રતા બંધાયેલી. કપિલભાઈના નિમંત્રણથી તેમની અંત્યજ શાળાના ઉત્સવમાં કોલેજિયનો ગયેલા ત્યાં અંત્યજ વિદ્યાર્થીઓએ આપેલ પાનના બીડાં ખાનાર ઝવેરચંદ મેઘાણી અને પરમાનંદ જોશીને કોલેજ છાત્રાલયમાં બે વર્ષ પંક્તિ બહાર બેસીને જમવું પડેલું ...'' [૧૮૨] સમાજમાં પ્રવર્તમાન સામાજિક વિષમતા, વર્ગભેદ ને દલિતોના દુઃખ જોઈને મેઘાણીનું કવિ હૃદય હચમચી ઊઠે છે. તેમણે ગાયું -

''ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાના બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે,
અહોરાત કરોડ-કરોડ ગરીબોના પ્રાણ ધનિકોના હાથ રમે,
ત્યારે હાય રે હાય કવિ ! તને પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે?'' [૧૮૩]

કવિ કટોકટીના સમયમાં પ્રકૃતિની સુંદરતાના ગાન કરતા કવિને ઠપકો આપે છે.તેની આ બુલંદ ગર્જના શું 'અસ્મિતા' ની વાતો કરનારાઓને શરમાવી દે તેવી નથી ? 'ઘણ રે બોલ ને' કાવ્યમાં નિઃશસ્ત્રીકરણ અને નવસર્જનનો સંદેશ આપ્યો છે. તો 'દૂધવાળો', 'કોદાળીવાળો' 'બીડીઓવાળો' વગેરેમાં દીન-દરિદ્ર પ્રત્યેની સહાનુભૂતિ પ્રગટ થઈ છે.

સુંદરમે્‌ ગરીબીના પ્રતીકસમાં કેટલાક પાત્રો કંડાર્યા છે. જેમાં માકોરડોશી, ભંગડી, રૂડકી, પાંદડી, તલાવણી ધ્યાન ખેંચે છે. સુંદરમે્‌ 'ત્રણ પાડોશી'માં રામનું મંદિર, શેઠની મેડી અને માકોરડોશી - આ ત્રણ જુદી-જુદી પરિસ્થિતિને એક સાથે મૂકી સામાજિક વિષમતા પર આંગળી મૂકી આપી છે :

''શેઠ હસે બેઠા આઠમે માળે, રામ રમે રણવાસ,
રામને મંદિર ઝાલર બાજે, શેઠને મહેલ હુલાસ,
માકોરની મૂચ્છા ટાણે રે
ઘંટીના મોતના ગાણે રે
કાળો એક કાગ કળેળે નિસાસ'' [૧૮૪]

---

૧૮૨. એજન,પૃ.૧૧૦, ૧૧૧
૧૮૩. યુગવંદના, ઝવેરચંદ મેઘાણી, પ્રસાર, પુનર્મુદ્રણ, ૧૯૯૩, (કવિ, તને કેમ ગમે?), પૃ.૭૦
૧૮૪. ચૂંટેલી કવિતા : સુંદરમ્‌, ચયન, ચંદ્રકાન્તભાઈ શેઠ, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ-૨૦૦૦, પૃ.૬

અહીં કરસનદાસ માણેકની 'શાને આવું થાય છે?' ગઝલનું સ્મરણ થાય છે. ગઝલની અંતિમ પંક્તિમાં સામાજિક વિષમતા વેધક રીતે આલેખી છે. ગઝલમાનો કરુણ આપણા હૃદયની આરપાર નીકળી જાય છે. જૂઓ :

'છે ગરીબોના કૂબામાં તેલ ટીપું ય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !' [૧૮૫]

એક તરફ ગરીબોના કૂબામાં તેલનું ટીપુંએ નથી અને બીજી તરફ શ્રીમંતોની કબર ઉપર ઘીના દીવા!! ખાવા માટે તેલ નહિ અને બાળવા માટે ઘી ... કવિને સામાજિક વિષમતાની અસહ્ય વેદના છે. કવિની દીન દુખિયા, દરિદ્રના આંસુ લૂછવાની સદ્ભાવના અભિવ્યક્ત થઈ છે.

સુંદરમ્‌ની 'ભંગડી'માં નવરંગ ચૂંદડી ઓઢી સ્મશાને જતી શેઠાણી અને ઉતારરૂપે મળેલી એ જ ચૂંદડી ઓઢી દીકરાને પરણાવવા જતી ભંગડીની સહોપસ્થિતિથી કલાત્મકતા સચોટતા ધારણ કરે છે.

''બામણા ગામની ભંગડી રે,
એક ભંગડી રે, એની આંખમાં આંજેલ મેશ,
... ગામના શેઠની સુન્દરી રે,
રૂપ સુન્દરી રે, ત્યાં પોઢી અગન સાથ,
હીરની નવરંગ ચૂંદડી રે,
    રંગચૂંદડી રે, ત્યાં ભંગીને આવી હાથ.
શેઠાણી પહેરે ચૂંદડી રે,
    રંગચૂંદડી રે, જ્યારે નીકળે એના પ્રાણ,
ભંગડી પહેરે ચૂંદડી રે,
    રંગચૂંદડી રે, જ્યારે નીકળે છૈયાની જાન.'' [૧૮૬]

'રૂડકી'માં પણ કોયાભગત વિષમ પરિસ્થિતિને આલેખે છે :

''પાનબીડાં લઈ નાત ઊઠે રૂડકી ખંખેરે હાથ,
દુનિયા કેરી દોરંગી લીલા દેખે દીનનો નાથ,
    ભૂખી ડાંસ રૂડકી રે.'' [૧૮૭]

'વેરણ મીંદડી'માં એક ગરીબ પીંજારાને મન હાંડલીનું શું મૂલ્ય છે તેનું કરુણ કટાક્ષમય ચિત્ર આલેખાયું છે.

---

૧૮૫. કાવ્ય કોડિયા, કરસનદાસ માણેક
૧૮૬. ચૂંટેલી કવિતા : સુંદરમ્, ચયન, ચંદ્રકાન્તભાઈ શેઠ, પૃ.૩,૪
૧૮૭. કોયાભગતની કડવી વાણી, સુંદરમ્, પૃ.૧૦

''હાંડલી ભાંગી, ઘર તો ભાંગ્યું, વાસણ ન રહ્યું કંઈ,
કાલ શું મેલવું રાંધવા વાસણ ચિત્તમાં ચિંતા થઈ,
આદમને નીંદરા વેરણ થઈ. આદમ.'' [૧૮૮]

અહીં પીંજારા આદમીની હાંડલી ફૂટી જતાં આવતી કાલની ચિંતામાં ઊંઘ ઊડી જાય છે.

'પાંદડી' ભજનના ઢાળમાં મુકાયેલું નાનકડું કથાકાવ્ય છે. આ કાવ્યમાં પાંચ વરસની પાંદડી, એનો દોઢ વરસનો ભાઈ અને માતા કમાવવા જાય- માત્ર અઢી પંક્તિઓમાં કવિ આખા કાવ્યનો મર્મ કેવો નીચોવી લે છે તે જોઈએ. :

''એકને રમવું, એકને ઊંઘવું, એક કમાવા જાય,
બે બિલાડાને લડવું, એમાં કહો શું નું શું ન થાય?
ભલા ભગવાન, આ શું કહેવાય ?'' [૧૮૯]

અહીં કરુણ ચિત્ર રચાયું છે. આ કાવ્યમાં નાની બાળકીને માથે નાના ભાઈને સાચવવાની જવાબદારી કેમ આવી પડી એ વ્યંગ પ્રશ્ન અછતો રહેતો નથી. આવા વાસ્તવદર્શી ચિત્રો દ્વારા કવિ અંતે તો સમાજને તેનું આત્મદર્શન કરવા તરફ પ્રેરે છે. ઈશ્વર પણ જ્યારે અન્યાય કરી બેસે છે ત્યારે સુંદરમ્ તેની સામે રીતસર બંડ પોકારે છે. 'હરિના વિદાય' કાવ્યમાં તે કહે છે :

''કોયા ભગત એના
આંખના ડોળા ફાડી ફાડી તને પૂછે
જુગના જુગ તને રાખી જોયો
હવે કામ અહીં તારું શું છે
... હરિ તારાં વંગિયાં
આવાં કેમ ચાલે ?
ભૂખ્યાને છોડી ધરાયાને કેમ આલે?'' [૧૯૦]

કવિ ઉમાશંકર જોશીનું 'કર્ણ-કૃષ્ણ', 'પહેરણનું ગીત', 'હથોડાનું ગીત', 'દળણાના દાણા', 'બુલબુલ અને ભિખારણ', 'ઘાણીનું ગીત', 'ગુલામી', 'વાંસળી વેચનારો', 'જઠરાગ્નિ' વગેરે દલિત વિષયની રચનાઓમાં દલિતો-શોષિતો પ્રત્યેની કવિની સહાનુભૂતિ વ્યકત થઈ છે. 'કર્ણ-કૃષ્ણ'નું વસ્તુ કવિએ 'મહાભારત'માંથી લીધેલું છે. પુરાણકથાઓનું તે પોતાની રીતે અર્થઘટન કરે છે. કાવ્યમાં દુર્યોધનના દરબારમાં નિષ્ફળ સમાધાનની વાટાઘાટ પછી મુત્સદ્દી કૃષ્ણ કર્ણને પોતાના રથમાં

૧૮૮. ચૂંટેલી કવિતા : સુંદરમ્, ચયન,ચંદ્રકાન્તભાઈ શેઠ, પૃ.૩,
૧૮૯. એજન, પૃ.૭
૧૯૦. કેટલાંક કાવ્યો, સુંદરમ્, સંપાદક : નિરંજન ભગત, વોરા પ્રકાશન, ૧૯૯૦, પૃ.૩

બેસાડી એના જન્મનું રહસ્ય જણાવે છે કે તું કુંતીપુત્ર છે, માટે પાંડવો સાથે આવી જા. તને રાજગાદી મળશે, દ્રૌપદી પાંચ ભાઈની સાથે તારી પણ પત્ની બનશે પરંતુ કર્ણ આ બધી જ લાલચો ઠુકરાવી દે છે. કારણ કે દ્રૌપદીના સ્વયંવરમાં પોતાનું થયું હતું તેવું અપમાન ભવિષ્યમાં જીવનસુંદરીના સ્વયંવરમાં બીજા કોઈનું ન થાય. કર્ણ કહે છે :

'હું કર્ણ, હું કર્ણ ન પાંડુપુત્ર.'[૧૯૧]

કર્ણ સમાજમાં એ સિધ્ધ કરવા માંગે છે–

"કે હીન જન્મે નવ હીન માનવ
કે હીન કર્મે કરી હીન માનવ."[૧૯૨]

અહીં કર્ણનું વીરત્વ અને સ્વાભિમાનથી ઝળકતું વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે.

'પહેરણનું ગીત'માં કવિએ ગરીબો, શોષિતોના જીવન કરતાં રોટલા મોંઘા છે તેનો નિર્દેશ કર્યો છે. ગરીબોનાં લોહીમાંસના બદલામાં પેટનો ખાડો પૂરવા પૂરતું ભોજન પણ ન મળે એટલા તે સોંઘા છે. :

"રામજીકાં રોટલા મોંઘા ?
લોહીમાંસ આટલાં સોંઘા ?"[૧૯૩]

સુંદરમ્‌ના 'ત્રણ પાડોશી' સાથે સરખાવી શકાય તેવું 'દળણાના દાણા' છે. આ કાવ્યમાં કવિએ ગરીબો તરફની સમભાવશીલતા દર્શાવી છે. ખરા બપોરે દાણા કાઢવાં કોઠીમાં પેઠેલાં ડોશીની વેદના અહીં કેવી સમભાવપૂર્વક રજૂ કરી છે તે જોઈએ :

'ખરા બપોરે ચઢયે દાણા રે કાઢવા
ઊંડી કોઠીમાં ડોશી પેઠાં રે લોલ.
કોઠીમાં પેઠાં ને બૂંધે જઈ બેઠાં,
ભૂંસી–લૂછીને દાણા કાઢયા રે લોલ.
સાઠ સાઠ વર્ષ લગી કોઠી રે ઠાલવી
પેટની કોઠી ના ભરાણી રે લોલ.'[૧૯૪]

'રે લોલ' નું આવર્તન ગીતમાં ગૂંથાયેલી કરુણતાને લય અને હળવાશ અર્પે છે. ડોશીનું કાયટું કરવા આ ઘર વેચી દેજો એમ સૂચવતા કવિ આ વિષમતાનો ઓથાર (કાવ્યાંતે) કેવી હૃદયદ્રાવક રીતે મૂકે છે !

---

૧૯૧. ચૂંટેલી કવિતા : ઉમાશંકર જોશી, સંપાદક :ભોળાભાઈ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ ૧૯૯૯, પૃ.૭૫
૧૯૨. એજન, પૃ.૭૬
૧૯૩. એજન, પૃ.૮૧
૧૯૪. ચૂંટેલી કવિતા : ઉમાશંકર જોશી, સંપાદક : ભોળાભાઈ પટેલ, પૃ.૨૪

'છેલ્લુંય ઢેબરું તાણી ગ્યો કૂતરો
દયણું પાશેર માંડ બાકી રે લોલ.'
'એ રે પાશેર કણ પંખીડાં કાજે
મારી પછાડે નખાવજો રે લોલ.
કોઠી ભાંગીને એના ચૂલા તે માંડજો
કરજો વેચીને ઘર, કાયટું રે લોલ.' [૧૯૫]

કાચબા કાચબીના ભજનના ઢાળમાં રચાયેલ 'હથોડાનું ગીત'માં માનવીની જીવનદશાને કવિએ ગાઈ છે :

''હાડનો કીધો હથોડો ભાઈ ! હાડનો કીધો હથોડો,
રાત ને દા'ડે જોયા વિના પેટનાં પાતાળ ફોડો !
ભાઈ ! હાડનો કીધો હથોડો ! '' [૧૯૬]

આ ઉપરાંત ચાર-ચાર આને અમીની હેલી વરસાવનારો 'વાંસળી વેચનારો', 'ગુંદર વીણનાર', 'સાબરનો ગોઠિયો', 'ધોબી', 'મોચી' આવા અનેક નાના માણસોને કાવ્યમાં મઢી લઈને તેમની મોટાઈનો મહિમા કર્યો છે. જેલમાં લખાયેલ 'એક ચુસાયેલા ગોટલા'માં ગુલામીની વેદના અને સ્વાતંત્ર્યની ઉત્કટ ઝંખના મૂર્ત થઈ છે. પ્રકૃતિની સ્વતંત્રતાને જોઈને માનવજીવનની ગુલામીના સંદર્ભમાં ઉમાશંકર કહે છે:

'હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમૂલફૂલ માનવી ગુલામ ?
... સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ ?' [૧૯૭]

આ બધી રચનાઓમાં કવિનો સમાજવાદી વિચારસરણી તરફનો ઝોક વિશેષ જોવા મળે છે. જગતમાં પ્રવર્તતી વિષમતા સામે આ યુગના કવિઓએ પ્રહારો કર્યા છે. કવિઓ તો યુગન્યાયના પ્રહરી છે. તે સૃષ્ટિના દુર્બળોને, દલિતોનેય જગવે છે અને શોષકોનેય જગવે છે. ઝવેરચંદ મેઘાણીએ ૧૯૨૯માં બુલંદ અવાજે બળબળતી સહાનુભૂતિ ઉત્કટતાથી ગાઈ છે. :

'જાગો જગના ક્ષુધાર્ત ! જાગો દુર્બલ અશક્ત !
ઈન્સાફી તખ્ત કરાલ કાલ જાગે' [૧૯૮]

કવિ ઉમાશંકર જોશી પણ આવો જ ઉત્કટ રોષ ૧૯૩૨માં લખાયેલ 'જઠરાગ્નિ'

---

૧૯૫. એજન, પૃ.૨૫
૧૯૬. એજન, પૃ.૩૫
૧૯૭. ચૂંટેલી કવિતા : ઉમાશંકર જોશી: ચયન, ભોળાભાઈ પટેલ, પૃ.૧૩
૧૯૮. યુગવંદના, ઝવેરચંદ મેઘાણી, પ્રસાર, પૃ.૬૮

સોનેટમાં પ્રગટ કરે છે. આ સોનેટમાં કવિનો દરિદ્રો, શોષિતો પ્રત્યેની સહાનુભૂતિ અને શોષકો સામેનો ઉગ્ર અણગમો વેધક સૂરમાં પ્રગટ થતો જોવા મળે છે :

'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે ;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !' [૧૯૯]

દરિદ્રોની ઉપહાસ લીલાને સંકેલવા કરોડો કરોડો ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, કોટિક જીભ ફેલતો, ફૂંફાડા મારતી અગ્નિની જ્વાળાઓ ભરખી જશે... ૧૯૩૪માં રચાયેલું કવિ સુંદરમ્‌નું 'ફૂટપાથના સુનાર' કાવ્ય પણ અહીં યાદ આવે છે. કવિ કહે છે :

'દરિદ્રારણ્યથી રે હા દાવાનળ ભભૂકશે
સુખિયાં હર્મ્યવાસીઓને ચણાની જેમ ભૂંજશે.
ગુંજશે કારમા ગીતો સોણલે મિષ્ટ ભાંગશે
જાગેલું સત્ત્વ સૃષ્ટિનું ના પછી ભીખ માંગશે.' [૨૦૦]

જ્યારે ગરીબીના જંગલમાં દાવાનળ ભભૂકી ઉઠશે ત્યારે મહેલવાસીઓને ચણાની જેમ ભૂંજી નાખશે. ટૂંકમાં અહીં દરિદ્રોની પીડાની પરાકાષ્ઠા આવશે ત્યારે શી સ્થિતિ સર્જાશે તેની કવિની કલ્પના છે. કંગાલોના, ભૂખ્યાજનોના ટોળા વલખા મારતા શેરીઓમાં આવશે ત્યારે કંગાલોમાં રહેલી કરાલતા વિસ્ફોટક બને અને લોકપ્રકોપનું આંદોલન જાગે એવો સૂર કવિ શ્રીધરાણીએ પણ પ્રગટ કર્યો છે :

'કંગાલ, ઓ કંગાલ ! થા, કરાલ
પ્રકોપનો ન કાં ચડે જુવાળ ઓ, તને?' [૨૦૧]

જાણે કે આધુનિકોત્તર સમયગાળામાં આરંભાયેલા દલિતવાદનાં બીજ સમાજમાં ખૂબ જ ઊંડાણે ગાંધીયુગમાં વવાઈ ચૂક્યાં હતાં જે આજે વાવાઝોડાની જેમ તોફાન મચાવે છે એમ કેટલાકને લાગે છે પરંતુ વર્ષોથી સંકોરાતી રહેલી ચેતના હવે પડખું ફરીને બેઠી થઈ છે તેથી સમગ્ર સમાજે પોતાની ગતિવિધિ બદલ્યે જ છૂટકો.

રામનારાયણ વિ. પાઠકના 'વૈશાખનો બપોર', સ્નેહરશ્મિનું 'વણકરોનું ગીત', પ્રહલાદ પારેખનું 'લાગેરે નવાઈ' વગેરેમાં દલિત સંવેદના ઝીલાયેલી જોવા મળે છે. અહીં ચર્ચેલ રચનાઓમાં સમતા-મૂલક સમાજ ઝંખનાનો ઉદ્‌ઘોષ સંભળાય છે. મનુષ્ય જીવનની કઠોર વાસ્તવિકતાની અનુભૂતિ પણ થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે આ યુગમાં લખાયેલ કવિતાઓના સર્જક સવર્ણ છે, તેમણે સહાનુભૂતિપૂર્વક શોષિતો, પીડિતો, શ્રમિકોની વેદના-સંવેદનાને વાચા આપી છે પણ દલિતોની

---

૧૯૯. ચૂંટેલી કવિતા : ઉમાશંકર જોશી, ચયન, ભોળાભાઈ પટેલ, પૃ.૧૬
૨૦૦. વસુધા, સુંદરમ્, પ્રથમ આવૃત્તિ,૧૯૩૯, પૃ.૨૪
૨૦૧. શ્રીધરાણીના કાવ્યો, સંપાદક : રમણ સોની, પૃ.૧૭

પોતીકી, નીજીવેદના, વ્યથા, સમસ્યાઓ, પરંપરા અને સામાજિક અસમાનતા સામેનો ઉગ્ર આક્રોશ તો ડૉ. બાબાસાહેબના પ્રભાવ અને ૧૯૮૧ અને ૧૯૮૫ ના ગુજરાતના અનામત વિરોધી આંદોલન પછી લખાયેલ કવિતામાં જોવા મળે છે.

ગાંધીયુગના કવિતા, વાર્તા અને નવલકથામાં જેટલા તીવ્રતમ સાદે દલિતચેતના પડઘાઈ છે એટલી તીવ્રતા અન્ય સાહિત્ય સ્વરૂપોમાં જોવા મળતી નથી. છતાં અહીં ઉમાશંકર જોશી લિખિત 'સાપના ભારા' (૧૯૩૩) એકાંકીસંગ્રહમાનું 'ઢેઢના ઢેઢ ભંગી'નો ઉલ્લેખ કરવો જ પડે. 'ઢેઢના ઢેઢ ભંગી' માં દલિતોની પશુતુલ્ય જિંદગીનું આલેખન છે. આ એકાંકી ત્રણ દશ્યોમાં વિભાજિત છે. અહીં સવર્ણ, દલિત ને દલિતમાં પણ દલિત એમ ત્રણ વર્ગની વાત લેખકે ગૂંથી છે. પ્રથમ દશ્યમાં ઢેઢ લોકો સવર્ણોના તળાવમાં ચોરીછૂપીથી પાણી ભરવા માટે આવે છે ત્યારે બ્રાહ્મણ ઓમકાર ડોસો તેમને ગાળો ભાંડીને તગેડી મૂકે છે. બીજા દશ્યમાં જેને ઢેઢ કરતા ઉતરતા માનવામાં આવે છે તે ભંગી ઢેઢના કૂવામાં ચોરી છૂપીને પાણી ભરવા માટે આવે છે.જેમ ઢેઢને સવર્ણોના કૂવામાંથી પાણી ભરવાનો અધિકાર નથી તેમ ભંગીને પણ ઢેઢના કૂવામાંથી પાણી ભરવાનો અધિકાર નથી ! વૃદ્ધ ઓમકાર અકસ્માતે ઢેઢના કૂવામાં પડી જાય છે. બોલો ભંગી તેને કૂવામાંથી બહાર કાઢે છે. ભંગીના આ ઉપકારનો બદલો ઓમકાર અપકારથી આપે છે. ઓમકાર ગાળો ભાંડે છે – ''તું તરી ગયો, પણ મારી તો ઈકોતેર પેઢી પાતાળે ડૂબી તો ! મને અડતાં તને શરમ નથી આવતી ? હર ! હર ! હર ! શિવ ! શિવ ! શિવ !''[૨૦૨] એટલું જ નહીં તે ભંગીના માટલાં પણ ફોડી નાખે છે. આમ, અહીં કહેવાતા ભગવાનના ભક્તોની હીનવૃત્તિ છતી થાય છે તો સાથે-સાથે દલિત વર્ગમાં રહેલા આંતર દ્વંદ્વને પણ લેખકે ઉપસાવ્યો છે. વિનોદ જોશી નોંધે છે કે ''ઢેઢના ઢેઢ ભંગી''માં વર્ણવ્યવસ્થાના બે અંતિમો વચ્ચે ચેરાઈ જતી માણસાઈનું બિહામણું ચિત્ર લેખક આલેખે છે.... લેખકનું કવિ વ્યક્તિત્વ પણ આ એકાંકીમાં ઠેર-ઠેર ઝળકયું છે. [૨૦૩]

## ૨.૮ : ૧૯૭૫ પછી કથા સાહિત્ય સિવાય અન્ય ગુજરાતી સાહિત્ય સ્વરૂપોમાં નિરૂપિત દલિતચેતના

ગાંધીયુગ પછી અનુગાંધી યુગ અને આધુનિક યુગમાં આછા-આછા સ્વરે દલિત ચેતના સાહિત્ય સ્વરૂપોમાં કયાંક-કયાંક દષ્ટે પડે છે પરંતુ ૧૯૭૫ પછી દલિત આંદોલનના પરિણામ સ્વરૂપ સર્જન કૃતિઓની રચના થવા લાગી. જેનાં તોડફોડ અને વિદ્રોહના જ્વાળામુખીનો લાવારસ સમાજમાં સૌને દઝાડતો પ્રસરી ચૂકયો-પ્રસરવા લાગ્યો. કાવ્યોમાં આ વિરોધ કઈ પેરે ઝીલાયો તે જોઈએ.

ગુજરાતી દલિત કવિતાનો પ્રથમ સબળ આવિષ્કાર ૧૪મી એપ્રિલ ૧૯૭૮ના રોજ પ્રગટ થયેલ દલિત પેંથરના ઋતુપત્ર 'આક્રોશ' દ્વારા થયો. આરંભમાં દલિત કવિતાના સંપાદનો થયા

---

૨૦૨. સાપના ભારા, ઉમાશંકર જોશી, પૃ.૧૫૭

૨૦૩. સન્નિધાન-૨, તંત્રી : સુમન શાહ, પ્રથમ આવૃત્તિ,૧૯૯૨, પૃ.૫૬

છે. ગુજરાતી દલિત કવિતાનું પ્રથમ સંપાદન ગણપત પરમાર, મનીષી જાની દ્વારા ૧૯૮૧માં 'દલિત કવિતા' પ્રગટ થયું. ત્યાર પછી 'વિસ્ફોટ' (૧૯૮૨) સંપાદક : ચંદુ મહેરિયા, બાલકૃષ્ણ આનંદ, 'અસ્મિતા' (૧૯૮૩) સંપાદક : ચંદુ મહેરિયા, 'બૂંગિયો વાગે' (૧૯૮૪) સંપાદક : હરીશ મંગલમ્, 'સંકલન ગીત' (૧૯૮૬) સંપાદક–રાજુ સોલંકી, 'એકલવ્યનો અંગૂઠો'(૧૯૮૭) સં : નીલેશ કાથડ, 'માણસ' (૧૯૯૨) સં. વસંત પુરાણી, 'ગોરંભો' (૧૯૯૪) સં. ચંદ્રાબેન શ્રીમાળી, 'દુંદુભિ' (૨૦૦૧) સં. દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, પ્રવીણ ગઢવી, દલિત ગીત– ગઝલ (૨૦૦૬) સં. પથિક પરમાર, હરીશ મંગલમ્, દલિતવાણી, સં.હરીશ મંગલમ્ જેવા દલિત કવિતાના મહત્વના સંપાદનો સમયાંતરે પ્રગટ થતા રહ્યા છે. સ્વતંત્ર કાવ્યસંગ્રહો પણ વિપુલ પ્રમાણમાં મળ્યા છે. જેમાં કે.બી.પંડ્યાનો 'ચિનગારી' (૧૯૮૨), દલપત ચૌહાણ – 'તો પછી' (૧૯૮૩)'ક્યાં છે સૂરજ ?' (૨૦૦૦), સાહિલ પરમાર 'વ્યથા પચીસી' (૧૯૮૪), 'મથામણ', બબલદાસ ચાવડા 'અત્યાચાર થવા દો' (૧૯૮૪) 'બતીના અજવાળે' (૧૯૯૧), રમણ વાઘેલા 'સ્પર્શની મ્હેક' (૧૯૮૪), પ્રવીણ ગઢવી 'બેયોનેટ' (૧૯૮૫), 'પડછાયો' (૧૯૮૬),'આસવદ્વીપ' (૧૯૯૬), રાજુ સોલંકી–'મશાલ' (૧૯૮૭), ગણેશ સિંધવ 'વિષાદિતા' (૧૯૮૭), હરીશ મંગલમ્ 'પ્રકંપ', યશવંત વાઘેલા 'અમે અંધારે ઊગેલા પડછાયા', શિવજી રૂખડા 'ફૂલનો પર્યાય' (૧૯૯૦), બિપિન ગોહિલ–'ભૂંસાતા માણસને ઘૂંટુ છું'(૧૯૯૨), 'ઉઘાડ જેવો ઉઘડતો માણસ'(૨૦૦૦), નરસિંહ ઉજમ્બા 'ધમ્મવંશ' (૧૯૯૬) નીલેશ કાથડ 'અગ્નિકણ' (૧૯૯૯) મહેશ ચંદ્ર પંડ્યા 'માણસ કરડે છે', કાતિલ–કાંતિલાલ મકવાણા 'સત રે બોલો નહિ તો મત બોલો'(૧૯૯૯), શામત પરમાર 'જ્વાળામુખી'(૧૯૯૯) ચંદ્રાબહેન શ્રીમાળી 'ઓવારણા' (૨૦૦૦), 'મિજાજ' (૨૦૦૧), ભી.ન.વણકર 'ઓવરબ્રિજ' (૨૦૦૧), રમેશ દેવમણિ 'સરોજ', કે.કે વૈષ્ણવ 'આંખ', એ.કે.ડોડિયા' 'સૂર્યોન્મુખ', કિસન સોસા 'અનૌરસ સૂર્ય', 'અનાશ્રિત સૂર્ય', પથિક પરમાર 'બહિષ્કૃત'(૨૦૦૩), નીરવ પટેલ 'બહિષ્કૃત ફુલો'(૨૦૦૬), નરેન્દ્ર વેગડા 'તત્ક્ષણ'' સરૂપ ધ્રુવ 'સળગતી હવા'. ડૉ.ભીખુ વેગડાનો ' અપનો પારસ આપ'(૨૦૦૬) આ ઉપરાંત જેમના સ્વતંત્ર કાવ્યસંગ્રહ પ્રગટ થયા નથી તેમા મોહન પરમાર, ચંદુ મહેરિયા, હરિપાર, ઉજમશી પરમાર, મંગળ રાઠોડ, જીવણ ઠાકોર, મધુકાંત કલ્પિત, જયંત પરમાર, દાન વાઘેલા, મૌન બલોલી, શ્યામ સાધુ, કરસનદાસ લુહાણ, હિમ્મત ખાટસૂરિયા, મનીષ પરમાર, બાલકૃષ્ણ આનંદ, પુરુષોતમ જાદવ, વિનોદ ગાંધી, સંજુ વાળા વગેરે.

મોટા ભાગના દલિત કવિઓએ દલિતોના અમાનવીય દમન અને હત્યાકાંડ પર કવિતાઓ લખી. તેમની રચનાઓમાં વ્યથા, વેદના, પીડા, દુઃખ, દર્દ, સામાજિક અસમાનતા, મનુવાદી વર્ણવ્યવસ્થા પ્રત્યે આક્રોશ, પરંપરાનો વિરોધ વળી કેટલીક રચનાઓમાં સ્વમાન અને અસ્મિતાની પણ ઝાંખી થાય છે. કેટલીક કૃતિઓમાં સ્વાતંત્ર્યોતર ગુલામગીરીમાંથી જન્મેલી અસહ્ય વેદનાને પણ વાચા આપી છે. દલપત ચૌહાણની 'ગુલામી' કાવ્યમાં આઝાદ ભારતના દલિતવર્ગની ગુલામગીરી અને બરબાદીનું વાસ્તવિક ચિત્રણ યથાર્થ રૂપે થયું છે. :

''ગુલામીની બેડીઓ
કેવી હોય છે? દોસ્તો.
નજરે જોઈ નથી
રાજમાર્ગ પર ચાલતાં ચાલતાં
હૃદય થડકો ચૂકી જાય.
પૂજા માટે ઝૂકેલું મસ્તક છેદાઈ જાય.
ક્ષિતિજને સ્પર્શવા હાથ,
ઊપડે નહીં,
નજર સામે સંભોગાતી સ્ત્રીની ચીસ
સંભળાય,
તોય
મૌનનો કિલ્લો તૂટે નહીં
તેને શું કહીશું? દોસ્તો.''[૨૦૪]

આઝાદ ભારતમાં ગુલામ કરતા પણ દલિતોની સ્થિતિ બદતર છે તેની અનુભૂતિ બબલદાસ ચાવડાની રચનામાં પણ થાય છે-

'' હું પણ ગુલામ હોત તો
કેવું સારું?
લોકો મને અડકી તો શકત !''[૨૦૫]

અસ્પૃશ્ય બાળકને શાળા પ્રવેશ વખતે થતી અનુભૂતિની તીવ્રતા વેધક રીતે દલપત ચૌહાણની 'અસ્પૃશ્ય' રચનામાં અનુભવાય છે.

''શાળામાં પ્રથમ પ્રવેશ
હતો સાક્ષાત પ્રલયનો
ધ્રૂજતા હાથે પાટીમાં એકડો નહીં,
બળબળતા સહરાની અંગાર ભૂમિ શી ધબકતી છાતીમાં લખી મારી જાત.
ત્યારથી હું અછૂત છું. અસ્પૃશ્ય છું.:.. અસ્પર્શ્ય છું.
પડઘાતું રહ્યું હયાતીના અણુએ અણુમાં
સહસ્ત્ર વીંછી ડંખ વેદનાનો પરિચય
હિમાળાની દુર્ગમ ઊંચાઈ-શો ઓળંગ્યો તો વર્ગનો ઉંબર,
બધાથી દૂર એ...... ખૂણાની ધારે,
શંકરની એકલતા- શો મળ્યો આવાસ.
નેત્રમાં તો ત્રિપુરારિનું તાંડવ ત્યારે જ જન્મ્યું તું.''[૨૦૬]

---

૨૦૪. ક્યાં છે સૂરજ, દલપત ચૌહાણ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ.૭૨
૨૦૫. અત્યાચાર થવા દો, બબલદાસ ચાવડા, પૃ.૨૯
૨૦૬. પણછઃ (દલિત કવિતા આસ્વાદ) હરીશ મંગલમ્, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ,૨૦૦૧, પૃ.૧૪

આ કાવ્ય સંદર્ભે હરીશ મંગલમ્ નોંધે છે કે- ''અસ્પૃશ્ય વ્યક્તિને શાળા પ્રવેશ વખતે થતી અનુભૂતિની તીવ્રતા અહી વેધક રીતે- પારધીના તીરની જેમ સનનન કરતીક્ હૈયા સોંસરવી નીકળી જાય છે. દલિત અસ્મિતાનું પ્રાગટ્ય ખૂબ જ કુશળતાથી થયું છે. આ વેદના કવિ જે સમાજમાંથી આવે છે તે સમાજની હયાતીના અણુએ અણુમાં વીંછીના ડંખની જેમ પ્રસરી જાય છે. શાળાના વર્ગનો ઉંબર ઓળંગતાં આનંદ થવો જોઈએ એના બદલે હિમાલય ચઢતાં જે થાક લાગે એટલો થાક કવિને લાગે છે. શાળાના વર્ગમાં પણ એને ખૂણામાં છેલ્લે બેસાડવામાં આવે છે ત્યારે જ કવિને ત્રિપુરારિની જેમ આક્રોશ પ્રકટ્યો હતો.''[૨૦૭] અહીં દલિત જીવનનો વાસ્તવિક ચિતાર છે.

દલિત સમાજની સ્થિતિ ક્રિકેટ મેચના બારમા ખેલાડી જેવી છે એવો કટાક્ષનો સૂર કવિ કાતિલ (કાંતિલાલ મકવાણા)ની 'બારમા ખેલાડી' માંથી પ્રગટ થાય છે.

''રાષ્ટ્રીય મેચમાં
કેપ્ટન કે વાઈસ કેપ્ટનના
ખ્વાબ જોતા
આઝાદીના ચાલીસમાં વર્ષે
ઊભા છીએ અમે
બાઉન્ડરી બહાર
બારમા ખેલાડીની જેમ.''[૨૦૮]

દાન વાઘેલા મુકતક દ્વારા દલિત જીવનની વાસ્તવિક સ્થિતિને દર્શાવતા કહે છે:

''આશા જૂની છે !
પ્યાસ જૂની છે !
કોણ ઊંચકશે !
લાશ જૂની છે !''[૨૦૯]

અહીં દાન વાઘેલા દલિત વર્ગની તુલના લાશ સાથે કરે છે.

કવિ મૌન બલોલીએ જાતિપ્રથાને કારણે થતાં સામાજિક અન્યાયનું નિરૂપણ યથાર્થ રીતે આલેખ્યું છે:

''પ્રત્યેક જણની જેમ હું ચિક્કાર છું
છું માનવી ને માનવીની બહાર છું''[૨૧૦]

હરીશ મંગલમ્‌ની 'અર્થ' મહત્ત્વની રચના છે. લલિત સાહિત્યની ક્ષુલ્લક મનોરંજન ખાતર સર્જાતી કે નિજાનંદ ખાતર સ્વકેન્દ્રી રચનાઓની હેતુવિહીનતા, દિશાવિહીનતા અને અર્થહીનતા

---

૨૦૭. પણછ, હરીશ મંગલમ્, પૃ.૨૦૧
૨૦૮. સતરે બોલો નહીં તો મત બોલો, કાતિલ (કાંતિલાલ મકવાણા), પૃ.૧૭
૨૦૯. પણછ, હરીશ મંગલમ્, પૃ.૭૬
૨૧૦. શબ્દસૃષ્ટિ, સંપાદક હર્ષદ ત્રિવેદી, નવેમ્બર-૨૦૦૩, પૃ.૧૫૧

કવિહૃદયને ખટકે છે. કલ્પનોડ્ડયન ખરું પણ ધરતી સાથે પગ ટેકવેલા જરૂરી છે. ફિલોસોફી ખરી પણ એનાં મૂળિયાં વાસ્તવભૂમિમાં ઊંડે સુધી પ્રસરેલાં હોવાં જોઈએ નહિ તો એનો કોઈ અર્થ નથી. હવાના ફુગ્ગા કયાં સુધી ટકવાના ? ગુબ્બારાનો શો ભરોસો ? ઈન્દ્રરાજ્યની સ્વપ્નસૃષ્ટિમાંથી કવિ કવિતા દેવીને વાસ્તવિકતાની ધરતી પર અવતરવાનું કહે છે. જેથી, સુંવાળાં આહ્‌લાદક મેઘધનુષી સપ્તરંગોની ક્ષણિક આનંદ આપતી સ્વપ્નસૃષ્ટિને બદલે, ધરતી પર લીંપણની ઓકળિયોમાં ટળવળતાં ટેરવાંનાં સંવેદનોની નવી, મૌલિક અનુભૂતિ પામવાનું આહ્‌વાન આપે છે. અહીં, તૂટીફૂટી ઝૂંપડીનાં છાપરાનાં નળિયાં આઘાં કરીને આ વલવલતાં ટેરવાં યુગોથી તારા આગમનની પ્રતીક્ષામાં ઝૂરી રહ્યાં છે. તું તો શરૂઆતથી જ સ્વર્ગમાં મ્હાલે છે. સ્વર્ગમાં તને મજો મજો છે. તું ઉડાઉડ કરે છે-અત્ર-તત્ર-સવર્ત્ર. આ બધું સ્વાભાવિક છે, કારણ કે સુખ જતું કરવું કોને ગમે? તેથી કવિ કવિતા દેવીને કાંટાળી જમીન પર, ધરતી પર ચાલવાની ચેલેન્જ ફેંકે છે. વાદળઘોડા પર સવારીની મોજ સૌને હરખ ઊપજાવે પણ કંટકસભર પથ પર તું ચાલે તો ખરી ! અહીં તો, સ્લેટપેન- દફતર વગર અભાવોથી પીડાતાં બાળકોની એકધારી ટગર ટગર દૃષ્ટિમાં દયા-કરુણાના સાગર હિલ્લોળાય છે. અત્યાર સુધી તારા શબ્દબધ્ધ દેહમાંથી એમના પ્રત્યે કેમ વાચા ફૂટી નથી ? કવિનો પ્રશ્ન એક યુગપ્રશ્ન બની રહે છે. કવિ થોડીક પળો માટે સાશંક થઈ આશ્ચર્ય વ્યકત કરે છે, જુઓ :

અહીં, સ્લેટપેન દફતર વિહોણાં બાળકો
એકીટશે સામું તાકી રહ્યાં છે : ટગર ટગર
તારા શબ્દબધ્ધ દેહમાંથી એની વાચા ફૂટશે ?
કે, અગરમગર !'[૨૧૧]

અહીં કાવ્યનો પૂર્વાર્ધ પૂરો થાય છે. પછી એના ઉત્તરાર્ધમાં કાવ્યનું લક્ષ્ય વેધક બને છે. મુશાયરા, રાજઘરાના, મહેફિલો, કાર્યક્રમો કે કલબોમાં શ્રીમંતોની તાળીઓના અવાજ અને 'વાહ ! વાહ ! કયા બાત હૈ !' જેવા શબ્દો સાંભળવા માટે તારા કાન ટેવાઈ ગયા છે. કવિ, સાવ સહજ-સરળ પરન્તુ નક્કર વાસ્તવિક સવાલ કરે છે : માનવચીસ સાંભળી છે, કદી ? તું તો માત્ર ને માત્ર સૌંદર્યના અદધિમાં ગળાડૂબ છે, ત્યારે અમારા શબ્દોના ગળામાં ડૂમા ભરાય છે. અમને જાણે તુંન્દગો દેતી હોય તેવું લાગે છે. તું પેલી અમીરીની ખોખલી, દંભી, પ્રપંચી,' દીવાલોને ભેદીને તું માણસાઈ, દયાભાવી, કરુણામયી દુનિયા પર આવ. તું તો પેલા તાળીઓના ક્ષણિકજીવી બોદા પડઘાઓ અને 'વાહ ! વાહ!' ની છેતરામણી પ્રશંસાથી ફૂલણજીની જેમ ફુલાઈ ગઈ છે. ચકલી ફુડુકે ચડે તેમ પોમાઈ ગઈ છે. સ્વપ્નરંગી દુનિયામાં રંગોળી જોઈ છકી ગઈ છે. પરન્તુ, યાદ રાખ ! હું તને વાસ્તવધરા પર ખેંચી લાવીશ અને ખીલું ખીલું કરતી વેલીઓ અકાળે મુરઝાઈ રહી છે તેનો અર્થ સમજાવીશ.

આખી રચનામાં કવિની પ્રતિબધ્ધતા નવી જ શબ્દાવલિમાં વ્યકત થઈ છે. અછાંદસમાંનો લય પણ રચના વાંચવામાં સરળતા બક્ષે છે. કયાંક કયાંક અન્ત્યાનુપ્રાસ પણ સહજ

૨૧૧. પ્રકંપ, હરીશ મંગલમ્, પૃ.૨૮

રીતે વણાઈ ગયો છે. 'હે, કવિતા દેવી !'ના સંબોધનથી શરૂ થતી કવિતાની પ્રથમ પંક્તિમાંનો સૂક્ષ્મ સેટાયર પણ જોઈ શકાય છે અને છેલ્લી પંક્તિમાં વ્યકત થતા છૂપા ભાવમાં કવિ મનોબળની દઢતા છતી થયા વગર રહેતી નથી. પરોક્ષ રીતે, કવિ પ્રતિબદ્ધતાના રાહ પર ચાલવાનું મુનાસિબ લેખે છે. છેવટે તો એ જ સાહિત્યસર્જન લાંબુ ટકવાનું છે એવું આ કવિ જ કહેતા નથી જગતના સાહિત્યનો ઈતિહાસ બોલે છે.

દલિતોનું જીવન પશુથીએ બદતર છે એવો સૂર શામત પરમાની 'છાણના પોદળા' કાવ્યમાંથી પ્રગટ થાય છે:

''મચ્છર પેદા થાય ને મરે તો ઈતિહાસ લખાતા નથી,
સિંહ જો આળસ મરડે તો હવા બદલાઈ જાય છે.''[૨૧૨]

નીરવ પટેલની 'જેતલપુર હત્યાકાંડ'માં દલિત જીવનનું જીવંત નિરૂપણ અત્યાચારોના પ્રતીકરૂપે કરે છે:

રે એમાં શું?
રામે શંબૂકને નહોતો માર્યો?
કૃષ્ણે જરાસંઘને નહોતો ચીર્યો?
ભગલપુરમાં ન'તી ખોતરી કાઢી આંખો?
ઝાંઝમેર ને રમણપુરને દસાડા લ્યાં ભૂલી ગયા?
મને બહેરા ભગવાનને
પીડાનો પરિચય કરાવવા દે, ભગવાન !''[૨૧૩]

સગવડો વધી, ટેકનોલોજી સુધરે છે પરંતુ સામાજિક ભેદભાવ યથાતથ છે એવો સૂર નીરવ પટેલની 'ઓપરેશન ઈકવાલિટી' કાવ્યમાંથી પ્રગટ થાય છે

'રેસ્કયુ- રિલીફ- રિહેબિલિટેશન
બધુ વર્ણાશ્રમના શાસ્ત્રીય ક્રમાનુસાર થાય છે અહીં.
....ભલા ભાઈ ભૂકંપ !
તારુ 'ઓપરેશન ઈકવાલિટી' ફેલ
તું નહીં મિટાવી શકે
ભારતવર્ષની સામાજિક પ્રકૃતિ ને પર્યાવરણ'[૨૧૪]

દલિત નારીનું જાતીય શોષણ એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. દલિત સ્ત્રીના જાતીય શોષણની ઘણી કવિતાઓ લખાઈ છે. જેમાં યશવન્ત વાઘેલાની 'દેવદાસી', ગોવિંદ પરમારની 'ઈલોકો',

૨૧૨. જ્વાળામુખી, શામત પરમાર, પૃ.૧૯
૨૧૩. બહિષ્કૃત ફૂલો, નીરવ પટેલ, પૃ.૬૮
૨૧૪. એજન, પૃ.૭૦

જયંતી મકવાણાની 'મને થાયછે'. પુરુ સોલંકીની 'હવે તો હદ થાય છે', હિંમત ખાટસૂરિયાની 'હું હવે એકવીસની થઈ' માં દલિત નારી પર થતાં બળાત્કારની ઘટના આલેખાઈ છે. યશવન્ત વાઘેલાની 'દેવદાસી'માં દલિત સ્ત્રીઓની વેદનાનું ચિત્રણ છે સાથે-સાથે ભાવિક્રાંતિ અર્થે આહ્‌વાન પણ છે.

''પથ્થર સાથે લગ્નવિધિ પછી
પથ્થરોએ
તેના ઉપર
સામૂહિક બળાત્કાર કર્યો
લોહી લુહાણ કણસતી દેવદાસી
ચીસતી બબડી ઊઠી
કયાં છો? બેટા ભરત !
પુત્ર કુશ !
દીકરા કર્ણ !
બેટા એકલવ્ય !
ઉઠાવો ધનુષ્ય
વીંધી નાંખો પેલા કૌંચ યુગલને-
જે જોઈને વાલ્મીકિ રડી પડ્યા હતા.
...... તસ્મૈ કાલાયૈ નમઃ
અકાલ સત!''[૨૧૫]

પથિક પરમારના 'ગોકુળ ગામ અને કાનિયો' ગીતમાં સન્નિધિકરણની પ્રયુક્તિથી દલિત કાનિયાના વ્યવસાયનું સઘન-સબળ ચિત્રણ થયું છે. કવિ સમડીને જોઈને ઉત્પન્ન થનારા સામૂહિક ઉલ્લાસની જે વ્યંજના કથે છે તેમાં માનવ અસ્તિત્વની કેવી કરુણતા છે-

''વાસના માથે સમડી ઊડાઊડ કરે તો
ઢોર મર્યાનો ગામ આખાને થઈ જતો આભાસ...
વાસ આખામાં માંસ બફાતું હોય તો આવે ગંધ
એ સૂંઘી લોક ઊંચાને ચીતરી ચડે...''[૨૧૬]

કવિ કાતિલ (કાંતિ મકવાણા)ની 'ગટર ઉભરાણી' પ્રાસંગિક કાવ્યમાં પણ સવર્ણોની દંભી, સ્વાર્થી માનસિકતાના દર્શન થાય છે. સાંજના વાળુ માંગવા આવતાં સફાઈ કામદારની થાળીમાં કાળું મોં કરીને ઢેફાની જેમ વાળુ ફેંકતી અને ઘરમાં પગ પણ મૂકવા ન દેતી ગોરાણી પોતાના જ ઘરની ગટર ઉભરાઈ ત્યારે તેને કાલાવાલા કરીને રસોડા સુધી લઈ જાય છે !

---

૨૧૫. અમે અંધારે ઊગેલા પડછાયા, યશવંત વાઘેલા, પૃ.૨૧
૨૧૬. બહિષ્કૃત, પથિક પરમાર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૩, પૃ.૨

''ગંધાતી ગંધાતી બાસ બધે ફેલાણી
'ભઈ' કઈનઅ બોલાયો જારે ગટર ઉભરાણી.
નાક દબાવી રાંધી રાંધી ગોરાણી સલવાણી.
ઠેઠ લઈ જઈ રસોડામ્ જારે ગટર ઉભરાણી.
'આંપ જો માયબાપ' કહીન માંગતો તો વાળુ
ઢેફાં જીમ ઈ ફેંકતી તી ન મોઢું કરતી કાળું.
ખિસકોલી જીમ થોરના છીંડે ભેરવાણી
ઠેઠ લઈ જઈ રસોડામ્ જારે ગટર ઉભરાણી....''[૨૧૭]

'ગરજ હોય તો ગધેડાનેય બાપ કહેવો પડે' એ કહેવતને સાર્થક કરતી આ રચનામાં રહેલો વ્યંગ્ય ધારદાર છે. અભણ દલિતોને જાગૃત કરવાના છે માટે લોકબોલીમાં અભિવ્યક્તિ જ સબળ માધ્યમ બની શકે.

સુંદરમ્‌ની 'ભંગડી' કાવ્યનું સ્મરણ કરાવતી હિંમત ખાટસૂરિયાની 'ગાય મરી ગઈ, બાઈ મરી ગઈ' એક ગાય તથા એક દલિત સ્ત્રીના મૃત્યુને સાથે-સાથે દર્શાવતી માર્મિક કવિતા છે. ગાય અને બાયના મૃત્યુની બે સ્થિતિ પાસે-પાસે મુકી વક્રોક્તિ સાધી છે. એક શેઠના તિલકધારી દીકરાએ એક દલિત સ્ત્રી પર બળાત્કાર કર્યો જેના પરિણામે તે સ્ત્રી અંતે લાચારીથી આત્મહત્યા કરે છે. દરમિયાન જ યોગાનુયોગ એક ગાય પણ મૃત્યુ પામે છે. ગાયના મૃત્યુને વિશેષ મહત્ત્વ આપીને તેને અંતિમ સંસ્કાર અપાય છે જયારે દલિત સ્ત્રીના મૃત્યુ પર તેના પ્રત્યે સંવેદના કે સહાનુભૂતિ દર્શાવવાને બદલે કૂવામાં પડીને પાણીને અપવિત્ર કર્યાનો આરોપ લગાવે છે અને તેની નિંદા કરે છે! ટૂંકમાં આ કાવ્યમાં કવિ હિન્દુ ધર્મમાં પ્રવર્તતી સ્વાર્થી, દંભીવૃત્તિને ખુલ્લી પાડી છે. ધર્મના નામે પશુઓની પૂજા કરતાં અને માણસોને ધિક્કારતા સમાજ પ્રત્યે આક્રોશ વ્યકત કરે છે. સામાજિક સમરસતાની પોકળ, ખોખલી વાતો કરનારા દંભીઓ પર કવિએ જનોઈ વેધક પ્રહાર કર્યો છે.

''ગાય મરી ગઈ
અરે મરી ગઈ
ભર બજારમાં લથડી લથડી
ભૂખે પેટે તફડી તફડી
પેટ પાંસળા ચોંટલા લઈ
પોળ પોળમાં રખડી રખડી
અરે, રામ છેવટ જુઓ
આ ગાય મરી ગઈ
અને જુઓ

૨૧૭. દુંદુભિ, દલિત કવિતા, સંપાદકો : દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, પ્રવીણ ગઢવી, રંગદ્વાર પ્રકાશન, ૨૦૦૧, પૃ.૮૫

આ મંદિરમાંથી સરઘસ નીકળ્યું
ધજા પતાકા ઢોલ ધડૂકતા
અબીલ-ગુલાલે ગાય મરેલી
ઢંકાઈ ગઈ
ને અંતિમ સંસ્કાર કાજ
લો ચાલી જાતરા
ઘડી જીવનની આજ સફળ થઈ
મહાજન ઉમટ્યું
બજાર સઘળી બંધ કરીને
રામધૂનની રમઝટ જાગી
ધૂમ મચી ગઈ
ધરમ નામની ધૂમ મચી ગઈ
......
અરે મરી ગઈ એક મજૂરણ
ભારત કેરી એક મજૂરણ
નહિ મંદિરે સરઘસ નીકળ્યું
નહિ શેઠનાં હૈયાં હાલ્યાં
નહિ ભગતને ભાવ મટયા
દેશ તણી દૂબળી દુહિતાને
ચોગરદમ છે આગ ફરી ગઈ
ગાય મરી ગઈ!
હાય! બિચારી ગાય મરી ગઈ
બાઈ મરી ગઈ!
હાય! બિચારી બાઈ મરી ગઈ!''[૨૧૮]

અહીં ગાય અને બાઈના મૃત્યુને સાથે-સાથે દર્શાવીને વક્રોક્તિ સાધી છે.

આમ તો ધર્મના કારણે જ દલિતોને ઘણું બધું વેઠવાનું આવ્યું છે. ઈશ્વર જો અન્યાયી હોય તો તેનો પણ દલિત કવિ નકાર કરે છે. પ્રવીણ ગઢવી 'મંદિર- પ્રવેશ ન કરો દોસ્તો'માં મંદિરને કસાઈખાના તરીકે ઓળખાવે છે. અંધશ્રધ્ધા, અંધધાર્મિકતાનો સંપૂર્ણ વિરોધ કવિ આ કાવ્યમાં કરે છે. :

આપણા પિતૃઓના દેહ
એ શિલાઓના અસહ્ય ભારથી દટાયા છે.
પ્રવેશ ન કરો દોસ્તો,
થંભી જાઓ
કસાઈ ખાનામાં એક ડગ પણ ન માંડશો, દોસ્તો[૨૧૯]

---

૨૧૮. પણછ , હરીશ મંગલમ્, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧, પૃ.૫૪,૫૫
૨૧૯. બેયોનેટ, પ્રવીણ ગઢવી, કુમકુમ પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ,૨૦૦૦, પૃ.૫૭

રાજુ સોલંકીની 'માફ કરજે દોસ્ત રઘલા'માં ધાર્મિક પરંપરા પર કરેલો કટાક્ષ વેધક છે. કવિ કહે છે–

''માફ કરજે દોસ્ત રઘલા
કાચા કુંવારા મારા કાનમાં
ધગધગતું સીસું રેડાયું ત્યારથી
આંખોને ઘેરી વળ્યું છે,
ઉપનિષદોનું આધ્યાત્મિક અંધારું
બોલ, કહે, પછી
કાળા અક્ષર કુહાડે કેમ ન મારું''[૨૨૦]

દલિત કવિઓએ પરંપરિત–પુરાણ પાત્રોનો, મીથનો જુદી રીતે મૂલ્યાંકન કર્યું છે. દલપત ચૌહાણની 'એકલવ્ય'માં અંગૂઠા છેદનની ક્રિયાને ધિક્કારે છે. દલપત ચૌહાણનો એકલવ્ય અંગૂઠો તો શું ચપટી ધૂળ આપવાની પણ સ્પષ્ટ ઈન્કાર કરે છે:

''..... હું અસ્તિત્વ માટે તૈયાર યોદ્ધો
મારા હાથ તરફ ન જોશો (દ્રોણ)
અંગૂઠો હવે નહીં જ મળે,
હું એકલવ્ય ખરો....પણ....
છેતરનારને કશું જ ન આપું
ચપટી ધૂળ પણ નહીં''[૨૨૧]

આ ઉપરાંત પ્રવીણ ગઢવીની 'શૂદ્ર શકુંતલાની સ્વગતોક્તિ', 'આભાર તમારો રામ', 'અમે થયાં કાળા તમે થયાં શ્વેત', 'શસ્ત્ર સન્યાસ', યશવંત વાઘેલાની 'પુનરાવર્તન' વગેરે મીથ સાથે સંકળાયેલી કવિતાઓ છે.

કેટલીક રચનાઓમાં ભાવિ ક્રાતિનો ઉદ્દઘોષ પણ જોવા મળે છે. મનુવાદી વર્ણવ્યવસ્થા સામે વિદ્રોહ કરી પરંપરિત ઈતિહાસને મરોડવા માંગે છે. કવિ શંકર પેન્ટર કહે છે:

''તોડ ચપણિયા 'ચા'ના ભઈલા
હાથ હવે ના જોડ
માંગ ભીખ ના હક્ક મળે
ઈતિહાસ હવે મરોડ''[૨૨૨]

---

૨૨૦. દુંદુભિ, દલિત કવિતા, સંપાદનઃ દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, પ્રવીણ ગઢવી, રંગદ્વાર પ્રકાશન,૨૦૦૧, પ્રથમ આવૃત્તિ, પૃ.૭૮

૨૨૧. ક્યાં છે સૂરજ ?, દલપત ચૌહાણ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ.૨૬

૨૨૨. શબ્દ સૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, નવેમ્બર,૨૦૦૩, પૃ.૧૭૧

કવિ કરસનદાસ લુહાર પણ 'મારો હાથ' કાવ્યમાં ક્રાંતિના મશાલચી બનીને કહે છે:

''મારા હાથમાં મશાલ નથી
પણ મારો હાથ ખુદ મશાલ છે,
.......
હવે કોઈ ફૂંક જ નહિ મારી શકે
મારા હાથને
મારો હાથ ક્યારેય ન બુઝાતી મશાલ છે.''[૨૨૩]

કવિ નીરવ પટેલ પણ સમાનધર્મની જેહાદ જગાડી લોકોને આહ્વાન કરતા કહે છે:

''સોગંદ ખાઈને સાથી બનો......
તમે જ ઘડો.....
નવો કરાર: સમતા કરાર
ન્યાયી કરાર: અસ્મિતા કરાર''[૨૨૪]

આઝાદીના ૫૮ વર્ષ પછી પણ આપણો સમાજ છેવાડાના માનવીને એની કારી મહેનતના બદલામાં 'ખળાનો અર્ધો ભાગ આપી શક્યા છીએ ખરા?' 'ના' અને એટલે જ 'શસ્ત્ર સન્યાસ' કાવ્યમાં કવિ પ્રવીણ ગઢવી ખળાના અર્ધાભાગની માંગણી તાર્કિક રીતે કરી, અનામત લાભનો પણ અસ્વીકાર કરી માનવીય હક્કની માંગણી કરે છે. ટૂંકમાં દલિતો અને સવર્ણો વચ્ચેની ભેદરેખા તોડીને સમાન અધિકારની માંગણી તાર્કિક રીતે કરે છે:

ચાલો આપણે શસ્ત્રો હેઠાં મુકીએ
અને ગોળમેજી પરિષદ ભરીએ
અમારે કોઈ દેશ નથી, વેશ નથી.
ખેડવા ખેતર નથી, રહેવા ખોરડું નથી.
આર્યાવર્તના કાળથી તે આજ સુધી તમે
ઘાસનું તણખલું અમારે માટે રહેવા દીધું નથી.
ચાલો અમે તે બધું ભૂલી જઈએ,
તમે ગામમાં ચણેલી દીવાલો તોડી નાખવા તૈયાર છો?
અમે દૂધમાં સાકરની જેમ ભળી જવા તૈયાર છીએ.
તમારી દ્રૌપદી જો સ્વયંવરમાં અમારા ગલિયાને
વરમાળા પહેરાવે તે સહી શકશો?
અને અમારી રૈલી જો ચિત્રાંગદાની જેમ નવ વેશે આવે તો તમારો અર્જુન એને સ્વીકારશે?
ચાલો, આપણે મરેલાં ઢોર ખેંચવા વારા કાઢીએ, રાજી છો?
ચાલો, અમે તમારું એઠું ખાવા રાજી.

---

૨૨૩. શબ્દ સૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, નવેમ્બર,૨૦૦૩, પૃ.૧૫૧
૨૨૪. બહિષ્કૃત ફૂલો, નીરવ પટેલ, ૨૦૦૬, પૃ.૧૭

તમે અમારે ઘેર વિવા હોય ત્યારે એઠું ખાવા આવશો?
ચાલો, બંધારણમાંથી રિઝર્વેશનની કલમો ભૂંસી નાખીએ.
અમારા મગનીયા, છગનીયા open compete કરશે.
પણ તેમને કોન્વેન્ટ સ્કૂલોમાં દાખલ થવા દેશો?
ચાલો શેડયુલનાં પાનાં ફાડી નાખીએ.
ચાલો, આપણે શસ્ત્રો હેઠાં મૂકીએ.
અને દેશની રસાળ ભૂમિને સાથે મળીને ખેડીએ
પણ અમને ખળાનો અર્ધો ભાગ આપશો?[૨૨૫]

આમ, અહીં પ્રવીણ ગઢવીએ દ્રૌપદી અને ચિત્રાંગદાના પૌરાણિક પાત્રોની મદદથી વર્ગભેદ-વર્ણભેદને ધારદાર રીતે વ્યકત કર્યો છે. અનામત વિરોધીઓને આ કાવ્ય પડકારે છે. ટૂંકમાં અહીં કવિએ માત્ર દલિત સમાજની જ નહીં પણ સમગ્ર માનવજાતના કલ્યાણની વાત કરી છે.

કવિ નીરવ પટેલ પક્ષીલ બન્યા વિના પોતાના બહિષ્કૃત સમાજને આત્મનિરીક્ષણ કરવાનું કહે છે- 'મા મેં ભલા કે મેરા ભાઈ'[૨૨૬] માં. આ સરળ છતાં માર્મિક કવિતા છે.

આમ, ગુજરાતી દલિત કવિતામાં સ્વાનુભૂતિ-ભાવાભિવ્યક્તિની સચ્ચાઈ, દલિતોની વ્યાવસાયિક પ્રવૃત્તિના શબ્દ ચિત્રો, દલિત જીવનનો વાસ્તવિક ચિતાર, દલિતોના પ્રશ્નો, આપસના સંબંધો, વિડંબનાઓ, પીડા, વ્યથા, મનુવાદી વર્ણવ્યવસ્થાનો વિરોધ, ઈશ્વર જો અન્યાયી હોય તો તેનો પણ વિરોધ, સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય અસમાનતા સામે સંઘર્ષ, અંધશ્રદ્ધા, કુરિવાજોને જાકારો, પરંપરાનો વિરોધ, પુરાણ પાત્રો અને પુરાણકથાઓનું નવીન અર્થઘટન, અનામતના પ્રશ્નો, મૂળગામી ક્રાંતિ અર્થે લલકાર, અસ્તિત્વ અને અસ્મિતાનો સંઘર્ષ, સમાનતા-સમરસતા, ન્યાયી સમાજરચનાની માંગણી વગેરે જોવા મળે છે. દલિત કવિતામાં દલિત સમાજનું સાંગોપાંગ દર્શન થાય છે. દલિત કવિતામાં અનુભૂતિનું વૈવિધ્ય જોવા મળે છે. દલપત ચૌહાણ કહે છે તેમ, ''મૂળ તો સમાજ સાથે નાળ સંબંધે જોડાયેલી કવિતાઓ છે''[૨૨૭] જોસેફ મેકવાને 'અસ્મિતા' કાવ્યસંગ્રહની પ્રસ્તાવના 'ખમતીધર ભાથાને ભરોંસે' માં સાચું જ કહ્યું છે કે, ''દલિત કવિતા પંડ્યની પીડાનું અવતરણ છે.''[૨૨૮] દલિતોના પંડની આ પીડા દલિત કવિતામાં વિદ્રોહાત્મક સ્વરૂપે પ્રગટી છે. દલિત કવિતાની મુખ્ય વિશેષતા એ છે કે મુખ્ય ધારાના કવિ જે કેટલુક ચૂકી ગયા હતા તેનું નિરૂપણ દલિત કવિઓએ કર્યુ છે. મોટાભાગની કવિતાઓમાં તળબોલી જોવા મળે છે. પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, અલંકાર, સંનિધિકરણ, આરૂઢ શબ્દાવલી વગરે કવિતામાં જોવા મળે છે. નીરવ પટેલ, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્ સાહિલ પરમાર, પથિક પરમાર, મૌન બલોલી, રાજુ સોલંકી, કવિ કાતિલ વગેરેની કેટલીક કવિતાઓમાં સંયત અને સંકુલતા જોવા મળે છે. કવિતાના સંદર્ભે અભિવ્યક્તિની નવી તરાહો, નવી સંરચનાઓ પ્રગટાવી

૨૨૫. બેયોનેટ, પ્રવીણ ગઢવી, કુમકુમ પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ,૨૦૦૦ પૃ.૫૫
૨૨૬. નીરવ પટેલ,બહિષ્કૃત ફૂલો, પ્રથમ આવૃત્તિ,૨૦૦૬, પૃ.૭૦
૨૨૭. દલપત ચૌહાણ, પદ્દચિન્હ, ૨૦૦૪, પૃ.૧૭
૨૨૮. ચંદુ મહેરિયા, અસ્મિતા,૧૯૮૩, પ્રસ્તાવના લેખ, જોસેફ મેકવાન

શક્યા છે. તેમ છતાં પણ આરંભકાળે જેમ મોટા ભાગની કવિતાઓમાં આક્રોશ, પ્રતિકાર, વિદ્રોહ જેવી વૃત્તિઓ મુખ્યત્વે પ્રગટી હતી તેવી આજે પણ ઘણા બધા કવિઓની રચનાઓમાં જોવા મળે છે. અભિવ્યક્તિના સંદર્ભમાં ક્યાંક-ક્યાંક સીધુ સપાટ પ્રસંગ કથન છે. બોલકાપણું છે. અભિધાના સ્તરે અટકી જતી વાચાળ અભિવ્યક્તિ ખાસ પ્રભાવક જણાતી નથી. વાર્તા, નવલકથાની સરખામણીમાં કવિતા વિપુલ માત્રામાં લખાઈ છે.

## ગુજરાતી દલિત નાટક

ગુજરાતી દલિત સાહિત્યમાં નાટક, એકાંકી ક્ષેત્રે ખૂબ જ નહિવત્ કામ થયું છે. દલપત ચૌહાણના 'અનાર્યાવર્ત' (૨૦૦૦), 'હરીફાઈ'(૨૦૦૩), અને ડૉ. મોહન પરમાર પાસેથી 'બહિષ્કાર' મળે છે.

'અનાર્યાવર્ત'નાટકમાં મહાભારતની પ્રસિદ્ધ કથાને નવીન અર્થઘટન સાથે આલેખે છે. કૃષ્ણ દ્વૈપાયન અનાર્યાવર્ત રચવાનું સ્વપ્ન જૂએ છે પરંતુ નિષ્ઠુરકાળ એનું સ્વપ્ન પૂર્ણ થવા દેતો નથી.દલપત ચૌહાણનું 'અંતિમ ધ્યેય' દ્વિઅંકી નાટક છે. તેમાં પણ પુરાકથાને નવીન અર્થઘટન સાથે રજૂ કર્યું છે. 'પાટણ ને ગોંદર' તેમનું ત્રીઅંકી નાટક છે. તેમાં દલિતોના પ્રથમ વિદ્રોહી વીરમાયાની ગાથા છે. આ નાટક સંદર્ભે દલપત ચૌહાણ નોંધે છેઃ ''મૂળકથામાં એણે માનવીય દષ્ટિકોણથી બલિદાન આપ્યુ હતું એ સર્વ વિદિત વાત છે. હું ય એ વાતને સ્વીકારું છું પરંતુ મને 'માયા' માં આપણે (દલિતો માનવી છીએની ચિનગારી જોવા મળી, પ્રથમ સમર્પણ સાથેનો વિદ્રોહ વીર માયાના બલિદાનથી શરૂ થાય છે. એ વીર પુરુષના બલિદાન સાથે રાજા અને પ્રજાએ કરેલ છેતરપિંડી મને હચમચાવે છે. વીર માયાએ માગીને છોડાવેલ પાંચવાનાં (ગળે કુલડી, ત્રીજી બાંય, કમરે ઝાંખરું, ગામ બહાર વસવાટ અને ગામ પ્રવેશે પોશ પોશ બોલવું) ગઈકાલ સુધી યથાવત રહ્યાં, રાજા, પ્રજાનો વિશ્વાસઘાત, પરિણામે ગઈકાલ (આઝાદી પૂર્વેના વર્ષો) સુધી મારા પિતા સિદ્ધપુરના ભાટવાડામાં કાપડ વેચવા જતાં પોશ.....પોશ....બોલતા હતા, મારા વડિલ વસંતલાલ ચૌહાણ સયાજી મિલમા કામે જતા, સિદ્ધપુર ગામ વીંધતા પોશ.....પોશ.... બોલતા. આ બધુ આવ્યું ક્યાંથી ? આ વિશ્વાસઘાતની કથા અને દલિતોની પ્રથમ આળસ મરડવાની કથા 'પાટણને ગોંદરે' ઘટી''[૨૨૯] 'અનાર્યવર્ત' નાટક સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ મળ્યો છે.

દલપત ચૌહાણના 'હરીફાઈ' એકાંકી સંગ્રહમાના 'દીવાલો'માં હિંદુ વર્ણવ્યવસ્થાને કારણે સવર્ણ અને દલિત સમાજ વચ્ચે ચણાયેલી દીવાલની વાત વણેલી છે. 'અંતિમ ચરણ' અને 'સંજય અને છગન' એકાંકી મહાભારતના કથાનકને લેખક નવા અર્થઘટનો સાથે લખ્યા છે. લેખકે નોંધે છે તેન ''પાત્ર મહાભારતનું અને સંદર્ભે આજનો સાચો સંદર્ભે.''

૨૨૯. અનાર્યાવર્ત, દલપત ચૌહાણ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ.૭

ડૉ.મોહન પરમારનું 'બહિષ્કાર' એકાંકી સંગ્રહમાનાં 'બહિષ્કાર' 'શાપ મુક્તિ' 'સત્યનારાયણની કથા', 'ઉદરશૂળ' એકાંકીઓનું વિષય વસ્તુ દલિત છે. 'બહિષ્કાર' આઠ દશ્યમાં વહેંચાયેલું નારી પ્રધાન એકાંકી છે. આ એકાંકી મુખ્ય ત્રણ સ્ત્રી પાત્રો સવર્ણ વર્ગની હસુમતી, કનકલતા અને દલિત વર્ગની મોંઘીની આસપાસ ગતિ કરે છે. એક જ સોસાયટીમાં રહેતી હસુમતી અને કનકલતા વચ્ચે નાની-સરખીવાતે ઝઘડો થાય છે અને વાતનું વતેસર થાય છે. આ ઘટનાની સાક્ષી કચરો વાળનારી મોંઘી બને છે. હસમુતી અને કનકલતા હાથા તરીકે મોંઘીનો ઉપયોગ કરે છે. મોંઘી આજીવિકા માટે લાચાર બની આ બધું સહન કરી લે છે પણ જ્યારે તેને કનકલતાના કંજુસ, વહેમી સ્વભાવની ખબર પડે છે ત્યારે તે અંદરથી સમસમી ઊઠે છે. કનકલતાના અમાનવીય વ્યવહાર સામે મોંઘીનું સ્વમાન જાગી ઊઠે છે ને તેના ઘરનો બહિષ્કાર કરે છે : જુઓ -

મોંઘી કહે છે : ''એને બહુ ચરબી ચડી સે. મીંજ એના ઘરનો બહિષ્કાર કર્યો સે. મારે તો એના ઘરનું વાળું ય લેવું નથી કે એના મહિનાના દસ રૂપિયા ય લેવા નથી''[૨૩૦]

અંતે મોંઘી નવા વર્ષના દિવસે કનકલતાના પશ્ચાતાપ આગળ નમતું જોખી સમાધાન સ્વીકારી લે છે કારણકે લેખકને અંતે તો સમરસતાનો જ નાદ પ્રગટ કરવો છે. આ એકાંકીમાં ધ્યાનપાત્ર બાબત તો એ છે કે કહેવાતા શિક્ષિત સંસ્કારી એવા હસુમતી અને કનકલતા વચ્ચેનો બહિષ્કાર તો ચાલું જ રહે છે. અહીં હલકી વરણની મોંઘીના સ્વાભિમાનની સંવેદના, ઉદારતાની સામે ભદ્રવર્ગની બંને સ્ત્રીઓ કેવી વામણી લાગે છે ! અહીં પાત્રોચિત બોલીનો વિનિયોગ થયો છે. એકાંકીના સંવાદોમાં માર્મિકતા અને સચોટતા છે પણ બિનજરૂરી પ્રસ્તાર ન કર્યો હોત તો એકાંકી વધારે કલાત્મક બની શક્યું હોત. ચાર દશ્યોમાં વહેંચાયેલા 'ઉદરશૂળ' સવર્ણ-દલિતો વચ્ચેના વર્ગસંઘર્ષને આલેખે છે. 'સત્યનારાયણની સત્યકથા' એકાંકી ભગવાન સત્યનારાયણ, કરૂણાશંકર અને દલિત રવલાની આસપાસ ગૂંથાયેલું છે. કરૂણાશંકર ભગવાનનો પ્રચાર-પ્રસારક છે. ભગવાન સત્યનારાયણને કથાના પ્રસાદને ન ખાનારને દંડ કરવાની ઈચ્છા થાય છે. જ્યારે ભગવાન કરૂણાશંકરને પ્રસાદનો અનાદાર કરનાર વ્યક્તિનું નામ સૂચવવાનું કહે છે ત્યારે કરૂણાશંકર જાણી જોઈને રવલાનું નામ આપે છે. ભગવાન કરૂણાશંકરની વાત સાચી માની લઈ રવલાની એકમાત્ર મૂડી 'ખાટલી' ગુમ કરી દે છે. રવલો ભગવાન પાસે સાચી હકીકત જણાવે છે પણ ભગવાન તેની વાતમાં વિશ્વાસ કરતા નથી ને તેને શાપમુક્તિ માટે કથા કરવાનો હુકમ આપે છે. ગરીબ રવલો કથા કરે છે અને 'ખાટલી' પાછી મેળવે છે. ભગવાન સત્યનારાયણ ફરી પ્રગટ થાય છે ને કથાનો પ્રસાદ કોણે નથી ખાધો એવું પૂછે છે ત્યારે રવલો ભગવાનના સેવક કરૂણાશંકર નામ લેતા કહે છે -

રવલો : ''બધાંયે પરસાદ લીધો. હું એમને આપવા ગયો એટલે મારો હાથ ઠેલીને બોલ્યાં, તું અછૂત સે, તારો પરસાદ ના ખવાય''[૨૩૧]

---

૨૩૦. 'બહિષ્કાર' ડૉ.મોહન પરમાર,૨૦૦૨, પૃ.૧૪૩

૨૩૧. એજન, પૃ.૬૬

હવે પરસાદ ન ખાવાના અપરાધનો પૂર્વે ભોગ બનેલો રવલો ભગવાનને કરૂણાશંકરને સજા કરવાની વિનંતી કરે છે પણ ભગવાન જ્યારે કરૂણાશંકરને સજા ન કરવાની વાત કરે છે ત્યારે રવલાની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા ઊઠી જાય છે ને ભગવાનને પડકાર ફેંકતા કહે છે – 'તારામાં હેંમત હોય તો કર ખાટલી ગુમ ! ચેવો બી જ્યો દિયોર !' અહીં રવલાનું સ્વાભિમાની ને નીડર વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે. વિષયવસ્તુ રસપ્રદ છે. દલિતોને પણ અન્યાય, અપમાનને ધારદાર રીતે વ્યક્ત કરવા લેખકે ફેન્ટસીનો કરેલો વિનિયોગ નોંધપાત્ર છે. સંવાદો ધારદાર છે. પાત્રોચિત ભાષા પણ છે. આ એકાંકી પૂરેપૂરી મંચનક્ષમતા ધરાવે છે. 'શાપમુક્તિ' એકાંકીમાં પણ મોહન પરમારે મનુ કથીત વર્ણવ્યવસ્થા, સવર્ણોના અત્યાચારને પૂતળીની ફેન્ટસીના વિનિયોગ દ્વારા આલેખી છે. આ એકાંકીમાં સમરસતાનો મુદ્દો ઉપસાવાયો છે. આ એકાંકી પણ મંચન ક્ષમ છે.

આ ઉપરાંત 'હયાતી'નો જૂન–સપ્ટેમ્બર–૨૦૦૨ નો એકાંકી વિશેષાંક પણ પ્રગટ થયો છે. જેમાં કુલ બાર એકાંકીઓ છે. મોહન પરમારની 'નકલંક' વાર્તાનું નાટ્ય રૂપાંતર ડૉ.રાજેન્દ્ર મહેતાએ કર્યું છે 'લ્યો, ચોપ પાડો !'– હરીશ મંગલમ્, 'ગળ ફાંસો' દલપત ચૌહાણ, 'શોધ' રાઘવજી માધડ, 'મૂઠી ઊંચેરી બાળા' વિઠ્ઠલરાય શ્રીમાળી, 'અંગ્રેજ' લક્ષ્મણ પરમાર, 'રામની મૂર્તિ' બી.કેશરશિવમ્, 'તિરંગા' સીતારામ બારોટ, 'કેસરી', 'આભડ છેટ' કાન્તિલાલ ડી. મકવાણા, 'કાતિલ', 'સ્વપ્ન' મીતા બાપોદરા, 'મહેફીલ' મૌલિક બોરીજા, 'ગોબર ગોડાજી' ડૉ.કેશુભાઈ દેસાઈ છે.

'હયાતી' ડિસેમ્બર–૨૦૦૪માં પ્રગટ થયેલ રૂપાલી જે. બર્કનું 'ગંધ બંધ કરો !' પણ ઉલ્લેખનીય છે. શેરી નાટક, રેડિયો નાટક, એકાંકી પણ લખાયા છે જેમાં 'હું માણસ', 'ભેદભાવનો ભૂંસનાર'–દલપત ચૌહાણ, 'બામણવાદની બારખડી'–રાજુ સોલંકી, 'ત્રિવેણી સંગમ'માનાં ત્રણ નાટકો (અ) 'વીરમાયો,' (બ) 'સંત રોહિતદાસ' (ક) 'સ્વામી નેજાનંદ', 'ટીંપે ટીંપે શોણિત આપ્યાં'– શ્રી કૃષ્ણચંદ્ર પરમાર, 'અશોકસ્તંભ' અને બીજા નાટકોમાંના ત્રણ નાટકો (અ)'મારે શીખવું શું ?' (બ) 'એકલવ્ય' (ક) 'માનવીનું મૂલ્ય' વિગેરે પ્રગટ થયાં છે. દલિત સમાજના વિવિધ વિષયવસ્તુ, પ્રશ્નોને આ નાટક, એકાંકીઓમાં આલેખવામાં આવ્યાં છે. સામાજિક જાગૃતિ લાવવા માટે નાટક, એકાંકી વધારે મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

જોસેફ મેકવાન પાસેથી 'વ્યથાના વીતક', 'વહાલનાં વલખાં', 'મારી ભિલ્લું' અને 'જનમ જલાં', માણસ હોવાની યંત્રણા, 'ન યે ચાંદ હોગા' અને 'રામનાં રખોપા' જેવા રેખાચિત્રોનાં સંગ્રહો મળે છે. જોસેફભાઈ પાસે અનુભવોનું ભાથુ છે. તેમનું 'વ્યથાના વીતક' તો માત્ર દલિત સાહિત્યમાં જ નહીં પણ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં અવિસ્મરણીય સંગ્રહ છે. લેખક પોતે જે કુટુંબમાં–સમાજમાં જન્મ્યા, ઉછર્યા તે સમાજના હેતા–લાડુ , ગોરધન–પાની, મગન–લક્ષ્મી, દેવો હેઝલ, શામળી ભગત, પીરૂ –લલી, આશીમા–પશી, પટાકકાકા, જસ્યો નેપાડો, રૂથ મેજરકાકા વગેરે જીવંત અને સાચુકલા માણસો લાગે છે. આ પાત્રો લેખકના સગા–સંબંધી, સ્વજનો, મિત્રો વિગેરેના છે. લેખકે પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે : ''મારી સામે એમનાં જીવતર હતાં, એ જીવતરે વેઠેલાં દુઃખ ધ્વલાં હતાં, એમનાં પડખાં સેવતાં, એમની

પ્રતી પાંગતે ખેલતાં, એ પોતીકી વ્યથાઓ વાગોળતાં હોય ત્યારે એના એક કાન સાક્ષી બની રહેતાં, એમના પ્રાકૃત મનોવ્યાપાર અને જગ-વ્યવહાર ન્યાળતાં મારા કલેજે કશુંક ડોલતું જતું હતું, કણસતું જતું હતું. આજે એ જ મારા શબ્દોમાં ને મળી રહ્યું છે. શોષાતાં, રિબાતાં, રવરવતાં, વલવલતાં ને તોયે ખુમારી ના છોડતાં આ જીવતરોને મેં એમના જીવન-પ્રણયનમાં રસાઈને અનુભવ્યા છે. ...હું જે છું તે મારા સર્જનમાં જ વ્યકત થઈ રહ્યો છુ''[૨૩૨] આ રેખાચિત્રો લેખકને તેમ વાચકને પણ સ્પર્શી જાય છે. આ પાત્રો પોતાનું આગવું વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવે છે. લેખકને જેના પ્રત્યે વિશેષ લાગણી છે તેવા વાત્સલ્યભરા સ્નેહમૂર્તિ સમા લાડુભાભી, સ્નેહની પ્રતિમા સમી લક્ષ્મી, વટનો કટકો હેઝલ, દીકરીની વહુ પાસે ગદ્ધા મજૂરી કરાવી કરાવી તેને મોતને ઘાટ ઉતારનાર જીવીકાચી અને પનાભાભી, ન્યાયના નાટક વખતે બગલમાં બાઈબલ રાખી સાચા સાક્ષી રૂપે ઊભેલા દંભી પાદરી સાહેબ, બહેરું આયખું અને મૂંગી વ્યથા ધરાવતી ડાહી, ગરીબ છતાં ઉદાર દિલના રૂપભાભી, તબલાવાદનમાં નિષ્ણાંત છતાંય જિંદગીના તાલ ચૂકી જનાર પીરૂ ભગત, નિષ્ઠુર ગોરધન, ટી.બી થયેલ સ્વપત્નીને છત્રીએ છત્રીએ ઝુડનાર અને સગીમાને દફનાવી તુરત જ પરણવા જનાર મિશન માસ્તર-લેખકના પિતા છે વગેરે પાત્રો પોત-પોતાનું પોતીકું વ્યક્તિત્વ ધરાવે છે. લેખકે અહીં કોઈ મહાન માણસોના નહીં પણ દીન-દરિદ્ર, સામાન્ય માણસમાં રહેલા અસામાન્યને શબ્દસ્થ કર્યા છે. માણસોના વિવિધ પાસાઓ તાદર્શ કર્યાં છે. આ પાત્રો પ્રત્યેની સર્જકની લાગણી અને સંવેદનશીલતા ઘણા પ્રસંગોમાં જોવા મળે છે. દા.ત લાડુભાભી વિશે તે લખે છે. ''મને એ લોકો મળે તો હું મારી જન્મદાત્રીને પરહરી, મારી મા તરીકે લાડુને જ બોટી લઉં'' [૨૩૩] અહીં સર્જકની નિખાલસતા પ્રગટ થતી જોઈ શકાય છે.

વર્ણનોમાં સર્જકની સર્જકપ્રતિભાના દર્શન થાય છે. લક્ષ્મીની ચાંલ્લોમાં ફારગતી લીધેલ પતિનાં મૃત્યુના સમાચાર વર્ષો પછી જાણ્યા પછીયે જાહેર માર્ગ પર બંગડી ફોડનાર, ચાંદલો ભૂંસનાર-પ્રેમની પ્રતિમા સમી લક્ષ્મીનું વર્ણન જોઈએ ''મગો કરગરતો રહ્યો ને એક દા'ડો' એનો ભારાડી બાપ આગવો જઈને, બે પાંધિયા સાધીને લખમીના ભાઈ કનેથી ફારગતિ લખાવી લાવ્યો, જાસા ને ત્રાગડાથી લખમીનો ભાઈ ત્રાસેલો, છોકરીને કયાંક આઘે ઘરઘાવું તો આ કાયમની લમણાઝીંકથી છૂટું એવો એનોય ઈરાદો, એટલે મગનના બાપે કાગળિયું ધર્યું, રડતી કકળતી લખમીનો એણે અંગૂઠો લઈ લીધો. એ જ કાગળ પથારીવશ મગનની હાંમે નાખતો એનો બાપ બોલેલો 'લે મૂરખ ! જો તારી વાલેશણીનો અંગૂઠો ને કર્ય દસ્તખત !''' [૨૩૪]

હેતાનું વર્ણન પણ લેખકે કુશળતાથી કર્યું છે

''પંદરેક વર્ષની વયે પહોંચતાં તો હેતાનું રૂપ ઉંબરો ઓળંગી ગયું. આવળના ફૂલથી એની કાયા પરે મેરુદંડ સમી લાંબી ડોક અને એને ઢાંકતો છાબડી જેવડો અંબોડો કરબડીના પાસિયા સમા સુડોળ કપાળને વચ્ચે વીંધતી ઘેરી ભ્રમરો નીચે આસમાની ઝાંપવાળી લંબોતરી આંખો એને નીરખનારને બે ઘડી વિસ્મિત કરી દેતી.''[૨૩૫]

---

૨૩૨. વ્યથાના વીતક, જોસેફ મેકવાન, પ્રસ્તાવના

૨૩૩. એજન, પૃ.૨૧

૨૩૪. એજન, પૃ.૩૯

૨૩૫. એજન, પૃ.૧૭

પ્રસન્ન દામ્પત્ય નંદવાયાની વ્યથાકથાને લેખકે તેના જ મુખે કેટલા ઓછા શબ્દોમાં આલેખી છે:

"હું ખરડાઈ ગઈ, રતન ? હું અભડાઈ ગઈ. હું કયાંયની ના રહી, રતન ! મારું અંગ અંગ મન પરાયું થૈન ચટકા ભર છ, રતન મારાથી નહિ જિવાય, ભૂંડી ! તે મન ચ્યાં નરકમાં ઢચેલી?"[૨૩૬] લેખકની વર્ણનશૈલી ચિત્રાત્મક અને જીવંત છે. પાત્રોચિત ભાષા છે. ચરોતર પ્રદેશની તળપદી બોલી પાત્રોને જીવંતતા બક્ષે છે. દા.ત.

'ખળીના ધણીની ખંધી નજરે ય રૂપ નજરાણું'[૨૩૭]

'હાથે ચઢયું હણકે ઘલાય'[૨૩૮]

ભગવતીકુમાર શર્મા 'વ્યથાનાં વીતક' ને આવકારતા નોંધે છે કે : "ગુજરાતી ભાષામાં રેખાચિત્રોના થોડાંક ઉમદા પુસ્તકો છે જ. સ્વામી આનંદનાં તેવા પુસ્તકો અવિસ્મરણીય બનેલાં છે. શ્રી જોસેફભાઈનું 'વ્યથાનાં વીતક' તેવા જ માન અને સ્થાનનું અધિકારી બન્યું છે."[૨૩૯] તો ઈતિહાસકાર ધીરુભાઈ ઠાકર જણાવે છે કે, "બળકટ અભિવ્યકિત અને સ્વાનુભૂતિનું સત્ય આ રેખાચિત્રોની વિશિષ્ટતા છે."[૨૪૦]

ચંદુ મહેરિયા સંપાદિત 'માડી મને સાંભરે રે' (૧૯૯૪)માં દલિત સર્જકોએ પોતાની 'મા' વિશે લખેલા રેખાચિત્રો છે તો 'દલિત શક્તિ' માં પણ દલિત સર્જકોનાં 'પિતા' વિશેના રેખાચિત્રો પ્રગટ થયા છે. આ ઉપરાંત 'સમાજમિત્ર'નો 'દીકરી હેતની હેલી' વિશેષાંક પ્રગટ થયો છે.

મરાઠી અને હિન્દી ભાષામાં વિપુલ પ્રમાણમાં દલિત આત્મકથાઓ લખાઈ છે. જ્યારે ગુજરાતીમાં માત્ર બી.કેશરશિવમ્ ની 'પૂર્ણ સત્ય' આત્મકથા મળે છે.

આ આત્મકથામાં લેખકના જન્મ, બાળપણ, શિક્ષણથી માંડી સરકારી નોકરીની નિવૃત્તિ સુધીની કારકિર્દી અને સાહિત્યિક કારકિર્દીની વાત છે. જન્મે દલિત હોવાને કારણે તેમના વિકાસમાં કેવા-કેવા અંતરાયો આવ્યાં, કેવા-કેવા કષ્ટો પડયા, કલાસવન ઓફિસર થયા છતાં અવારનવાર હડધૂત થવું પડેલું વગેરેની વીતકકથા છે.

ભીખામાંથી બી. કેશરશિવમ્ બનેલા આ આત્મકથાકારે ડગલે ને પગલે શંબૂકના વધની વેદના વેઠી છે. એક-બે દૃષ્ટાંતો જોઈએ :

"ખોબે પાણી પીવાની જાણે બધાને આદત પડી ગઈ હતી. મહોલ્લાની બહાર જ્યાં

---

૨૩૬. વ્યથાના વીતક, જોસેફ મેકવાન, પૃ.૮

૨૩૭. એજન, પૃ.૧૮

૨૩૮. એજન, પૃ.૭૮

૨૩૯. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદકો : મોહન પરમાર, હરીશ મંગલમ્, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧, પૃ.૧૮૧

૨૪૦. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા : આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરુભાઈ ઠાકર, ગૂર્જર પ્રકાશન, સંશોધિત- સંવર્ધિત સંસ્કરણ, ૨૦૦૬, પૃ.૩૩૪

પણ તરસ લાગતી ત્યાં હંમેશાં ખોબેથી જ પાણી પીતા. હું નિશાળમાં પણ ખોબેથી પાણી પીતો હતો. ખોબો જ જાણે અમારું પ્યાલું હતું.''[૨૪૧]

''કેટલાક ગામોમાં જ્યાંથી ઢોર પાણી પીતાં તેવા હવાડા કે તળાવમાંથી પણ દલિતોને પાણી લેવાની બંધી હતી. કદાચ ઢોર અભડાઈ જાય ! હવાડો અભડાઈ જાય !''[૨૪૨]

''.... તરસ લાગતી ત્યારે થૂંક ગળી તરસ મટાડવા પ્રયત્ન કરતો''[૨૪૩]

''...એક ભિખારણે મારા પતરાળામાંથી એઁઠવાડ ભેગો કરી લીધો. ત્યાં એની નજર મારા પર પડી....જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય તેમ એણે તરત જ મારું પતરાળું જોરથી ફેંકી દીધું ને એકદમ બોલી ઊઠી, હાય હાય અલી, આ તો ઢે...સ !''[૨૪૪]

''...અમારા મહોલ્લામાં સારા-મંગળ પ્રસંગે ઢોલ વગાડી શકાતો નહિ. દિવાળીએ માતાજીના ગરબા વખતે ઢોલ વગાડ્યા વિના જ બધા ગરબાની ફરતે ફરીને ગાતાં હતા. એક દિવાળીએ મહોલ્લામાં ઢોલ વગાડવાની શરૂઆત કરી. મહોલ્લા પર પથ્થરો પડ્યા હતા છતાં ઢોલ વગાડવાનો ચાલું રાખ્યો હતો. ચોરે ચૌટે પટેલ, રબારી અને ઠાકોરની ગાળો સાંભળવી પડતી...''[૨૪૫] બી.કેશરશિવમ્ જેવી જ સ્થિતિ આખા દલિત સમાજની છે. અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે આ લેખક મજૂરી કરી, સંઘર્ષ કરી, અપમાન, અવહેલના, સહતા-સહતા ભીખામાથી સરકારી અધિકારી બી. કેશરશિવમ્ બને છે.

આત્મકથાની ભાષા સપાટ છે. પ્રસંગની ગૂંથણી થઈ શકી નથી પણ કેટલાક પ્રસંગોનું હૃદયદ્રાવક ચિત્રણ ભાવકની આંખ ભીજવે એવાતો છે જ . આ આત્મકથાને ગુજરાત સરકારનો 'દાસીજીવણ' એવોર્ડ મળ્યો છે.

નાટક, એકાંકી, આત્મકથાની જેમ નિબંધ ક્ષેત્રે પણ નહિવત્ કામ થયું છે તેમ છતાં બી.કેશરશિવમ્નો 'ગાય-જો ડેરો' નિબંધ સંગ્રહ મળ્યો છે. આ ઉપરાંત હરીશ મંગલમ્ના 'એકવચન' પુસ્તકમાંનો 'પ્રેમ કરું કે નફરત', ધરમાભાઈ શ્રીમાળીનો 'દલિત કૂવો' (હયાતી-ડિસેમ્બર-૦૩) અને 'ભંડારિયો' મહત્ત્વના છે.

વિવેચનમાં હરીશ મંગલમ્ના 'સંવિત્તિ', 'વિદિત',મોહન પરમાર સાથે 'એકવચન', 'પ્રતિધ્વનિ', મોહન પરમારના 'અણસાર', ભી.ન.વણકરનાં 'પ્રત્યાયન', 'અનસંધાન','નવોન્મેષ', 'પર્યાય', 'દલિત સાહિત્ય' દલપત ચૌહાણનું 'પદ્ચિહ્ન', ભરત મહેતાનું 'પ્રતિબદ્ધ', પથિક પરમારનું, 'સાંપ્રત દલિત સાહિત્ય પ્રવાહ', અરવિંદ વેગડાનો 'દર્પણ' મળે છે પણ મરાઠીમાં જેમ શરળકુમાર લિંબાલેનું 'દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર' અને ઓમપ્રકાશ વાલ્મીકિનું 'દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર' જેવા સિંદ્ધાંતલક્ષી ગ્રંથો ગુજરાતીમાં મળતા નથી ! આ ઉપરાંત કેટલાક અનુવાદો પણ મળ્યા છે.' દલિત વાર્તાઓ અને નવલકથાઓનો અભ્યાસ આગલા પ્રકરણમાં વિગતે કરવાનો હોવાથી આ પ્રકરણમાં તેની ચર્ચા કરતો નથી.

---

૨૪૧. પૂર્ણ સત્ય, બી . કેશરશિવમ્, પૃ.૭૫
૨૪૨. એજન, પૃ.૭૭
૨૪૩. એજન, પૃ.૧૧૦
૨૪૪. એજન, પૃ.૧૯૦
૨૪૫. એજન, પૃ.૧૯૫